
શ્રી ધનંજયકવિવિરચિતા

# ધનંજય નામમાલા

(સાર્થ અને સપરિશિષ્ટ) સં. મુનિશ્રી હિતવિજયજી



અર્હં નમઃ

આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-રવિચન્દ્રસૂરિસદ્ગુરુભ્યો નમઃ

# ધનંજય નામમાલા

## (સાર્થ અને સપરિશિષ્ટ)

(શબ્દ પરથી શબ્દાંતર બનાવવાની અનેક રીતોને કારણે 'ગાગરમાં સાગર' જેવો સંસ્કૃત શબ્દકોશ, વિવિધ શબ્દવર્ગો તથા છન્દઃ શાસ્ત્ર, અલંકાર, અંકસંજ્ઞા આદિથી અલંકૃત પરિશિષ્ટ વડે શબ્દોના મહાસાગરની ઉપમાને યોગ્ય અભિનવ સંસ્કૃત શબ્દકોશ)

: સંપાદક :

*પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ* ગચ્છાધિપતિ

વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટપ્રભાવક સમાધિનિષ્ઠ નીડર વક્તા સ્વ.પ.પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **રવિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન

**પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ**

: પ્રકાશક :

સંઘવી અંબાલાલ રતનચંદ

C/o. બી. એ. શાહ એન્ડ બ્રધર્સ

૭૬, ઝવેરી બજાર

મુંબઈ-૪૦૦ ૦૦૨

મૂલ્ય : રૂ. ૮૦=૦૦

દ્વિતીય આવૃત્તિ
નકલ : ૧૦૦૦
વીર સંવત ૨૫૨૭, વિક્રમ સંવત ૨૦૫૭, ઈ.સ. ૨૦૦૧

સંપાદકની લિખિત પરવાનગી સિવાય આ પુસ્તકની કોઈ પણ બાબતનો
પ્રસિદ્ધિ માટે ઉપયોગ કરવો નહિ.

પ્રાપ્તિસ્થાન
અલકા ટ્રેડર્સ
૧૫૫૪, કાળુપુર રોડ, જ્ઞાનમંદિર પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૩૧૬૧૩ (O), ૬૬૦૨૯૫૬ (R)
(૧૧થી ૮) (૯થી ૯)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રોડ, રતનપોળનાકા સામે, અમદાવાદ-૧
ફોન : ૨૧૪૪૬૬૩, ૨૧૪૯૬૬૦

સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ-૧

લેસર કંપોઝ
અંકન ગ્રાફિક્સ
૫૦, કૉમર્સ હાઉસ, ઘીકાંટા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૨૩૯૮૭

મુદ્રક
ભગવતી ઑફસેટ
બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪
ફોન : ૨૧૬૭૬૦૩

# પ્રકાશકીય

પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોને શાસ્ત્રાભ્યાસમાં સહાયક બને એવો આ શબ્દકોશ પ્રગટ કરતાં અમે અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

આ શબ્દકોશનું સંપાદન સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રવિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી **હિતવિજયજી** મહારાજ સાહેબે ખૂબ જ ખંતથી કર્યું છે.

અંકન ગ્રાફિક્સવાળા શ્રી મનીષભાઈએ લેસર કંપોઝ કરતી વખતે શુદ્ધિ જાળવવામાં અમને ખૂબ સહકાર આપ્યો છે. એ બદલ એઓશ્રીના તેમ જ આ પુસ્તકના પ્રકાશનમાં અમને સહકાર આપનારા સૌના પણ અમે આભારી છીએ.

— **પ્રકાશક**

# આમુખ

આશા છે કે શબ્દ પરથી શબ્દાંતર બનાવવાની અનેક રીતોને કારણે **'ગાગરમાં સાગર'** જેવો તેમજ વિવિધ શબ્દવર્ગો તથા છન્દ : શાસ્ત્ર, અલંકાર, અંકસંજ્ઞા આદિથી અલંકૃત પરિશિષ્ટ વડે શબ્દોના મહાસાગરની ઉપમાને યોગ્ય એવો આ અભિનવ સંસ્કૃત શબ્દકોશ સાધુ-સાધ્વીજી મહારાજોને ભણવાની સરળતા-સુગમતા વધારવા સાથે શ્રીજિનાગમોનાં અધ્યયન-અધ્યાપનમાં ઉપયોગી બનશે.

આ શબ્દકોશ સંબંધી કાર્યમાં મને વિશેષ પ્રકારે આ. શ્રી જયસુંદરસૂરિજી, ડૉ. અરુણોદય ન. જાની, પ્રા. રતિલાલ ચિ. દોશી, શ્રી કે. કા. શાસ્ત્રી, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, વગેરે ખ્યાતનામ વિદ્વાનોનો નિઃસ્વાર્થભાવે સુંદર સહકાર સાંપડ્યો છે એની મારે સાદર નોંધ લેવી ઘટે છે.

વિ. સં. ૨૦૫૭, અ.શુ.૬
વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર,
કાળુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂ.આ. શ્રી રવિચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
**હિતવિજય**

## સર્જકની સુવાસ : મહાકવિ ધનંજય

"દ્વિસંધાન કવિ !"

મહાકવિ ધનંજયને મળેલું આ બિરુદ છે ! અને એનાથી કવિ ધનંજયની સ્મૃતિ થાય છે.

કવિની કલમમાંથી ઢોળાયેલી શાહીમાંથી **'દ્વિસંધાન-કાવ્ય'** ઊભું થયું ! એની ખ્યાતિ દિગ-દિગંતમાં ઘૂમી વળી ! અને એ સર્જને કવિના દેહ ઉપર નવું અભિધાન આલેખ્યું 'દ્વિસંધાન-કવિ !'

મહાકવિ ધનંજયની કમનીય કલમે જે જે સર્જનો ઊભાં કર્યાં એમાંથી બે સર્જનોને દુનિયાએ ખૂબ જ સત્કાર્યાં !

એક **'દ્વિસંધાન કાવ્ય !'** અને બીજું **'નામમાલા !'**

કવિ ધનંજય આજે નથી છતાંય એમની જે કીર્તિ ઘૂમી રહી છે ! એમાં આ બે સર્જનોનો ફાળો વિશેષ કહી શકાય !

આ રહ્યાં એમની પ્રશંસાનાં પુષ્પો !

**अनेकभेदसन्धानाः, खनन्तो हृदये मुहुः ।**
**बाणा धनञ्जयोन्मुक्ताः, कर्णस्येव प्रियाः कथम् ! ॥ १ ॥**

**द्विसन्धाने निपुणतां, स तां चक्रे धनञ्जयः ।**
**यया जातं फलं तस्य, सतां चक्रे धनञ्जयः ॥ २ ॥**

ઇતિહાસની આંખે કવિનાં દર્શન કરતાં એમની જીવન-ઝરમર આડે પડદો પડેલો દેખાય છે !

છતાંય કેટલાંક પ્રબળ પ્રમાણો એ પડદા પાછળનું આંશિક રહસ્ય ઉકેલવા સમર્થ બન્યાં છે ! અને અનુમાનોના માપદંડે કવિનો કાળ માપવાની મહેનત લીધી છે !

ઈસ્વીસનની આઠમી સદીની સંધ્યા પછીની નિશા ! ને નવમી સદીના ઉદય પહેલાંની ઉષા ! બસ ! નિશા-ઉષાના આ દ્વિભેટે કવિ સદેહે ઘૂમતા હશે ! પ્રવર્તી રહેલા મતભેદોને પીછેહઠ કરાવીને પ્રબળ પ્રમાણો આટલું જ નક્કી કરી શકે છે.

**વસુદેવ** અને **શ્રીદેવી** ! આ છે એમનાં જનક જનેતાનાં નામ !

—આચાર્ય વિજય પૂર્ણચંદ્રસૂરિ

नमो नमः श्रीगुरुनेमिसूरये ।

# મુનિશ્રીના પુરુષાર્થને સફળ બનાવીએ !

મુનિશ્રી હિતવિજયજીની વિદ્યાર્થીઓ માટેની લગની, ધગશ અને પુરુષાર્થ ખરેખર દાદ માગી લે એવાં છે. તેઓ આ દિશામાં સતત પુરુષાર્થ કરતા જ રહે છે. એટલું જ નહિ, એમનું પ્રત્યેક કાર્ય એવું ચીવટવાળું, શુદ્ધ ને સર્વાંગસુંદર હોય છે કે એ વિદ્યાવિમુખ થયેલાઓને પણ વિદ્યાસમ્મુખ કરી દે.

આજકાલ અન્ય ક્ષેત્રોની જેમ વિદ્યાના ક્ષેત્રમાં પણ યુગપલટો આવ્યો છે. શાળા-મહાશાળાઓમાં જેમ શિક્ષણની નવી નવી પદ્ધતિઓ પ્રચલિત બનતી જાય છે તેમ સંસ્કૃત ભાષાના અધ્યયન ક્ષેત્રે પણ ઘણાં પરિવર્તનો દષ્ટિગોચર થાય છે.

મુનિશ્રીએ આ **'ધનંજય નામમાલા સાર્થ અને સપરિશિષ્ટ'** ગ્રંથમાં એવો જ્ઞાનખજાનો ભરી દીધો છે અને એવી સુંદર શૈલીમાં એનું સંપાદન કર્યું છે કે સંસ્કૃત ભાષા ભણવાના કંટાળાવાળાને પણ સંસ્કૃત ભાષા ભણવાનું મન થઈ જાય એટલું જ નહિ, એના હૃદયમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અત્યંત આદર પેદા થઈ જાય.

સાધુ-સાધ્વીજીને તથા મુમુક્ષુગણને અધ્યયન-અધ્યાપનમાં આ ગ્રંથ ખૂબ ખૂબ ઉપયોગી નીવડશે.

આપણે ઇચ્છીએ કે શહેરની નવી પેઢી પ્રભુના ધર્મ પ્રત્યે આકર્ષાય, ધર્મના રહસ્યને પામે અને ધર્મશ્રદ્ધાળુ બને એવા પણ પ્રયાસો મુનિશ્રી હિતવિજયજી દ્વારા થતા રહે !

– **વિજય પ્રદ્યુમ્નસૂરિ**

શ્રાવણી પૂનમ
વિ.સં. ૨૦૫૭
અમદાવાદ

❖

# નામમાલા સાર્થ-સપરિશિષ્ટ : શબ્દોનો સાગર

આ એક પર્યાય શબ્દોનો વ્યાવહારિક કોશ છે. આ લઘુકાય કોશ હોવા છતાં એમાં આપેલી શબ્દ પરથી શબ્દાંતર બનાવવાની અનેક રીતોને કારણે એ **'ગાગરમાં સાગર'** જેવી ઉપમાને યોગ્ય અને અતિ ઉપયોગી બન્યો છે; જેમકે પૃથ્વીના પર્યાય આપ્યા પછી તેને **'धर'** શબ્દ જોડવાથી પર્વતના પર્યાય બને છે, પૃથ્વીના પર્યાયોને **'पति'** શબ્દ જોડવાથી રાજાના પર્યાય બને છે અને **'रुह'** શબ્દ જોડવાથી વૃક્ષના પર્યાય બને છે. આમ આ નામમાલારૂપી ગાગરમાં શબ્દસાગર સમાયો છે.

પૂ.મુનિશ્રી તરફથી **'ધનંજય નામમાલા સાર્થ'** પ્રકાશિત કરાયા બાદ હવે એ પરિશિષ્ટ સાથે પ્રકાશિત કરાય છે એ આનંદનો વિષય છે. સંસ્કૃત ભાષા ભણનાર-

ભણાવનાર મુમુક્ષુઓને ખૂબ ખૂબ ઉપયોગી થાય તે માટે અથાગ પરિશ્રમ લઈને પરિશિષ્ટમાં એકાક્ષર કોશ, શબ્દો બનાવવાની રીત, લૌકિક ન્યાયમાલા, વિવિધ વૃત્તિઓ અને અવલોકનો તથા વિવિધ શબ્દ વર્ગો મૂકવા ઉપરાંત મારી પાસે છન્દ : શાસ્ત્રનું લખાણ તથા પૂ.શ્રી કે.કા. શાસ્ત્રી પાસે અલંકારનું લખાણ તૈયાર કરાવીને આમાં જોડવામાં આવ્યું છે. વળી મુનિશ્રીએ જાતે જ ઘણી મહેનતે વિષિષ્ટ રીતે તૈયાર કરેલો અંકસંજ્ઞા વિષય પણ આમાં જોડ્યો છે. વળી આમાં વિવિધ વિષયોની માહિતી પણ સંગૃહીત કરવામાં આવી છે. પરિશિષ્ટમાં આવા મહત્ત્વના ઘણા વિષયોનો સમાવેશ થવાને કારણે મુનિશ્રીનો આ ગ્રંથ શબ્દોના મહાસાગર જેવો બન્યો છે.

પોતાની કૃતિને નિર્દોષ બનાવવા માટેની મુનિશ્રીની ચીવટ અતીવ પ્રશસ્ય છે. મુનિશ્રી જેવી ચીવટ, ખંત અને ધીરજ આજના લેખકોએ અપનાવવા યોગ્ય છે.

પોતાના રૂપાળા ચહેરા ઉપરનો એક નાનકડો ડાઘ પણ જો કોઈ બતાવે તો રૂપના પ્રેમીને એ વાત અમૃત જેવી મીઠી લાગે છે. સાથે ડાઘ બતાવનાર વ્યક્તિ પણ એને અત્યંત પ્રિય અને આદરણીય લાગે છે. એવી જ રીતે પોતાના કાર્યને નિર્દોષ બનાવવાના આગ્રહી મુનિશ્રીને પણ પોતે તૈયાર કરેલા લખાણમાં કોઈ વિદ્વાન જ્યારે એક નાનકડી ભૂલ પણ બતાવે છે ત્યારે તેઓશ્રી અત્યંત પ્રસન્ન થવા સાથે ભૂલ બતાવનાર વિદ્વાન પ્રત્યે પણ અત્યંત આદરભાવ વ્યક્ત કરે છે. મુનિશ્રીના આ સ્વાભાવિક ગુણને કારણે જ અમારી વચ્ચે વર્ષો પૂર્વે રચાયેલો સ્નેહતંતુ અદ્યાવધિ અખંડ રહેવા પામ્યો છે.

જબરી મહેનત અને ખંતથી તૈયાર થયેલો આ ગ્રંથ કેવળ છાત્રવર્ગમાં જ નહિ, વિદ્વદ્‌વર્ગમાં પણ અતિશય આવકાર્ય બની રહેશે.

આવા અત્યંત ઉપયોગી અને માહિતીસભર પ્રકાશન માટે મુનિશ્રીને ભાવપૂર્ણ નતિતતિ (વંદનમાલા) અર્પણ કરી, એમનું આ પ્રકાશન સર્વત્ર આદરભાવ પામવા સાથે ખૂબ ખૂબ ઉપયોગી બની રહે એવી પરમકૃપાળુ પરમાત્માને હાર્દિક પ્રાર્થના કરી વિરમુ છું.

**— અ. ન. જાની** (વડોદરા)

❉

# આમુખ

આમ તો આ ગ્રંથનું શીર્ષક **'ધનંજય નામમાલા (સાર્થ પર્યાયકોશ)'** એટલું જ જોવા મળે છે, પરંતુ જ્યારે એ વાંચવા માંડિયે છિયે ત્યારે ૬૭મા પાને મોટા અક્ષરોમાં **'પરિશિષ્ટ'** છપાયેલું આંખ સામે આવે છે અને એનું સ્વરૂપ ૨૮૮મા પાના સુધીમાંનું જોવા મળે છે ત્યારે આશ્ચર્યમુગ્ધ થઈ જવાય છે. ડૉ. અરુણોદય ન. જાનીનો **'સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા'** (પૃ. ૧૯૪-૧૯૭) એ નાનો લેખ, પછી **'છન્દઃશાસ્ત્ર'** (પૃ. ૧૯૮-૨૩૧) જેટલો વિસ્તૃત લક્ષ્ય અને લક્ષણવાળો મોટો લેખ - વાસ્તવમાં

લઘુ ગ્રંથ, તેમ **'અલંકાર'** (પૃ. ૨૩૨-૨૪૪) અને **'અંકસંજ્ઞા'** (પૃ. ૨૪૫-૨૮૪) એ વિસ્તૃત લેખો તો **'પરિશિષ્ટ'**ને સાર્થક કરતા જોવા મળે જ છે. વાસ્તવમાં તો જાણે કે આટલું જ પૂરતું હોય અને એટલો જ ગ્રંથ પ્રસિદ્ધ થયો હોત તો એ પૂ. મુનિશ્રીને યશ અપાવનારો બની રહેત. આમાં પણ વિવિધ અંકસંખ્યાવાચક ૨૦૦૦ સુધીના પસંદ કરેલા અંક કયા વિશેષ નામો અને કયા સામાન્ય નામોના જોડાણથી બની શકે છે એ કરી બતાવ્યું છે એ પ્રશંસા માગી લે છે.

જાણે કે આ હજી પૂર્ણ થઈ જતું નથી એવી પ્રબળ ભાવનાથી **'વિવિધ વૃત્તિઓ'** (પૃ. ૧૭૫-૧૮૨), **'વિવિધ અવલોકનો'** (પૃ. ૧૮૨-૧૮૩) અને વિવિધ શબ્દ વર્ગો (પૃ. ૧૮૪-૧૯૩) આપીને મુનિશ્રી જિજ્ઞાસુઓને અથાણું પીરસતા હોય એમ લાગ્યા વિના રહેતું નથી.

આટલું બધું આપ્યા પછી પણ એઓશ્રીના મનમાં અસંતોષ રહ્યો છે. આવડો ગ્રંથ પણ એમને અધુરો લાગ્યો છે અને તેથી **'એકાક્ષર કોશ'** (પૃ. ૬૮-૭૧), જુદા જુદા સંબંધમાં બનતા શબ્દો (પૃ. ૭૨-૧૦૧), અસામાન્ય કહી શકાય એવો **'લૌકિક ન્યાયમાલા'** (પૃ. ૧૦૨-૧૧૦) લેખ, વધારામાં હોય એમ **'પ્રહેલિકા'** (પૃ. ૧૧૧), **'एवकार'** (પૃ. ૧૧૨), **'નિષેધવાચક नकार'** (પૃ. ૧૧૩) પણ આપ્યા છતાંય સંતોષ ન થતાં અનેક નાના લઘુકોશ (પૃ. ૧૧૪-૧૭૪) આપીને તો હદ વાળી નાખી છે. જિજ્ઞાસુઓને માટે જ નહિ, વિદ્વાનોને પણ આ લઘુકોશો ઉપકારક થઈ પડે એ રીતે સાર્થ આપવામાં આવ્યા છે. એ બધાની યાદી અહીં આપવા બેસું તો માત્ર એનાં શીર્ષકોથી આખું પૃષ્ઠ ભરાઈ જાય.

પૂ. મુનિશ્રીએ પોતાના સમયનો આવો સદુપયોગ કર્યો છે એ માત્ર સરાહનીય છે એટલું જ પૂરતું નથી, પરમ ધન્યવાદને પાત્ર છે. **'धनंजय नाममाला'** ના પરિશિષ્ટમાં આટલું પ્રબળ સંકલન કરનાર વિદ્વાન દુર્લભ છે એમ અનુભવથી કહી શકું છું.

પૂ. મુનિશ્રી વિરક્ત છે, તપસ્વી છે એટલે સર્વથા વંદ્ય છે, છતાં વૃદ્ધ છું (૯૭મા વર્ષમાં પ્રવેશ છે), બ્રાહ્મણ છું એ અપેક્ષાએ એઓશ્રીને હાર્દિક અભિનંદન સાથે શુભાશીર્વાદ આપી આનંદ અનુભવું છું.

મધુવન, એલિસબ્રિજ
અમદાવાદ-૩૮૦૦૦૬

**– કેશવરામ કા. શાસ્ત્રી**

# પ્રાસ્તાવિકમ્

આ **'ધનંજય નામમાલા'**ના રચયિતા કવિ **ધનંજય** પોતાની બે કૃતિઓ માટે પ્રસિદ્ધ છે. એમાં એક છે **'राघवपाण्डवीय'** નામે દ્વિસંધાન કાવ્ય, જેમાં કવિએ ૧૮ સર્ગોમાં શ્લેષ પદ્ધતિ દ્વારા એક બાજુ **'રામાયણ'**માંના રાઘવ રામની કથાના અને બીજી બાજુ **'મહાભારત'**માંના પાંડવોની કથાના તાણાવાણા ગૂંથી લીધા છે. આથી ધનંજય

**'દ્વિસંધાન કવિ'** તરીકે નામાંકિત થયા છે. આ નામમાલાના શ્લોક ૨૦૪માં કવિ પોતાના આ કાવ્યને **'રત્નત્રય'**માં સ્થાન આપે છે. રાજા ભોજે **'સરસ્વતીકણ્ઠાભરણ'**માં આ કાવ્યનો નિર્દેશ કર્યો છે. રાજશેખરે પણ નોંધ્યું છે કે **द्विसंधाने निपुणतां सतां चक्रे धनंजयः ।** આમાં ધનંજયે દ્વિસંધાન કાવ્યમાં પ્રાપ્ત કરેલ નિપુણતાની પ્રશંસા કરેલી છે. કવિ ધનંજયની બીજી પ્રસિદ્ધ કૃતિ છે **'नाममाला'**. શબ્દકોશના આ નાનકડા પણ લોકપ્રિય ગ્રંથના કારણે કવિ **'नैघण्टुक धनंजय'** તરીકે નામના પામ્યા છે. એમના પિતાનું નામ **'વસુદેવ'**, માતાનું નામ **'શ્રીદેવી'** અને ગુરુનું નામ **'દશરથ'** હતું. કવિ ધનંજય જૈન હતા. આથી તેઓ **'રામાયણ'** અને **'મહાભારત'**ના વિષયમાં પણ જૈન કથાઓનો આધાર લે છે. બહિરંગ પ્રમાણોથી કવિ ધનંજયનો સમય ઈસ્વી ૮મી સદીનો અંતભાગ અને ૯મી સદીનો પૂર્વાર્ધ માનવામાં આવે છે.

**'धनंजय नाममाला'** એ સંસ્કૃત બાષાના અભ્યાસીઓ માટે એક ઉપયોગી અને લોકપ્રિય શબ્દકોષ છે. આ શબ્દકોષમાં કુલ ૨૦૫ શ્લોક છે. આરંભમાં યુગલ, મુનિ, શિષ્ય, શાસ્ત્ર, પૃથ્વી, પર્વત, રાજા, વાનર, વન, જલ, મેઘ, લતા, નદી, સમુદ્ર, મનુષ્ય, સ્ત્રી, પત્ની, પતિ, માતા, પિતા, મિત્ર, શત્રુ ઇત્યાદિના પર્યાય આપ્યા છે (શ્લો. ૨-૪૪). એમાંના કેટલાક શબ્દો પરથી અન્ય શબ્દો બનાવવાની રીત પણ આપી છે, જેમકે પૃથ્વીવાચક શબ્દોથી પાછળ **'धर'** શબ્દ જોડવાથી પર્વત, **'पति'** શબ્દ જોડવાથી રાજા અને **'रुह'** શબ્દ જોડવાથી વૃક્ષનાં નામ બને છે. પછી કિરણ, સૂર્ય, ચંદ્ર, રાક્ષસ, દેવ, ઇન્દ્ર, દિશા, પવન, અગ્નિ, શંકર, બ્રહ્મા, કૃષ્ણ, લક્ષ્મી, કામદેવ, ખડ્ગ, સેના, યુદ્ધ, વરાહ, ઉષ્ટ્ર, શ્વાન, સુવર્ણ, ધન, નગર, મુખ, કર્ણ, નયન, હસ્ત, કંઠ, પાદ, મસ્તક, નૂપુર, કોપ, હર્ષ, દયા, પંડિત, ઇત્યાદિના પર્યાય આપ્યા છે. (શ્લો. ૪૫-૧૧૨). એ પછી તીર્થંકર, આદિનાથ, મહાવીર, કેસર, કસ્તૂરી, મેખલા, મદિરા, દુગ્ધ, કુલ, હંસ, મયૂર, મૃગ, સર્પ, ગરુડ, પ્રાકાર, વાતાયન ઇત્યાદિ શબ્દોના પર્યાય આવે છે (શ્લો. ૧૧૩-૧૩૬). આગળ જતાં અર્જુન, ભીમ, યુધિષ્ઠિર, શ્વેત, કૃષ્ણ, પશુ, ગંગા, મૂર્ખ, ચૌર, વ્રીહિ, શીઘ્ર, ગુપ્તચર ઇત્યાદિ શબ્દોના પર્યાય આવે છે (શ્લો. ૧૪૪-૧૮૦). એ પછી અવ્યયો, ઉદ્યમ, કૃપણ, વૃત્ત, મૈત્રી, વિવાહ, સંસાર, કવચ, કેશ, ચૂડાપાશ અને કલ્યાણ જેવા વિવિધ શબ્દોના પર્યાય પ્રયોજાયા છે. (શ્લો. ૧૮૧-૨૦૦). ગ્રંથના અંતે કવિ ધનંજયે, 'નામમાલા' શીર્ષક અને શ્લોક સંખ્યાનો નિર્દેશ કરેલો છે (શ્લો. ૨૦૧). અંતિમ શ્લોકમાં કવિ કહે છે, જ્યાં વક્તા વાચસ્પતિ અને શ્રોતા શક્ર શબ્દોની સમગ્રતાનો પાર પામી શક્યા નથી, ત્યાં અમે કોણ ? અકલંકનું પ્રમાણ, પૂજ્યપાદનું લક્ષણ અને દ્વિસંધાન કવિ ધનંજયનું કાવ્ય એ ત્રણ અપૂર્વ રત્નો છે. કવિ ધનંજયના ભયથી પીડિત શબ્દો બ્રહ્મા, શિવ અને વિષ્ણુની પાસે જઈ પોતાનું દુઃખ વ્યક્ત કરી રહ્યા છે (શ્લો. ૨૦૧-૨૦૫).

આ શબ્દકોશમાં અનેક પ્રચલિત શબ્દોના વિવિધ પર્યાય આપવામાં આવ્યા છે, પરંતુ એમાં એ શબ્દોના વર્ગીકરણ તથા ક્રમને ઝાઝું મહત્ત્વ અપાયું નથી. વળી એમાં

શબ્દોના આદ્ય કે અંત્ય અક્ષરને અથવા અક્ષરોની સંખ્યાને કંઈ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. પરંતુ કેટલાક શબ્દોમાં અન્ય શબ્દો જોડી બીજા કેટલાક શબ્દો બનાવવાનું સૂચવવામાં આવ્યું છે. એ ખાસ નોંધપાત્ર છે. કવિ ધનંજયની નામમાલા આમ નાનકડો કોશ છે, પરંતુ મુનિશ્રી હિતવિજયજી મહારાજ જેવા ઉત્સાહી અને ઉદ્યમશીલ સંપાદકે આ ગ્રંથના સંપાદન તથા અનુવાદ અને વિવરણથી સંતોષ ન માનતાં, એમાં અનેક ઉપયોગી વિષયોનાં પરિશિષ્ટોનો સમાવેશ કર્યો છે. આથી આ પ્રકાશન સંસ્કૃત ભાષા તથા સાહિત્યના અભ્યાસીઓને એનાં અનેક અન્ય આનુષંગિક અંગોનો પણ સુરેખ પરિચય પૂરો પાડે છે.

અક્ષરોની સંખ્યા પર આધારિત શબ્દકોશમાં એકાક્ષર શબ્દો વિરલ સ્થાન ધરાવે છે. સંપાદકશ્રીએ પ્રથમ પરિશિષ્ટમાં લગભગ ૧૫૦ જેટલા એકાક્ષર શબ્દોને અકારાદિ ક્રમે ગોઠવી એના અર્થ આપ્યા છે.

**'ધનંજય નામમાલા'**માં જુદાજુદા શબ્દોના સંયોજન દ્વારા અન્ય શબ્દો બનાવવાનાં અનેક ઉદાહરણ આપ્યાં છે. અહીં સંપાદકશ્રીએ આ રીતે શબ્દો બનાવવામાં પ્રયોજાતા વિવિધ સંબંધોનું વર્ગીકરણ કરી આ વિષયનો સુપેરે વિસ્તાર કર્યો છે. એમાં એમણે સ્વસ્વામિભાવ, જન્યજનકભાવ, ધાર્યધારકભાવ, ભોજ્યભોજકભાવ પતિ-પત્નીભાવ, ઇત્યાદિ અનેક ભાવ વર્ગીકૃત કર્યા છે. પછી જિનેશ્વર, બ્રહ્મા, સરસ્વતી, નારદ, રામ, સીતા, હનુમાન, રાવણ, કૃષ્ણ, લક્ષ્મી ઇત્યાદિ ૯૨ જેટલા વિષયોનાં નામ બનાવવાની રીતો આપી છે. (પૃ. ૭૬-૧૦૧).

લલિત સાહિત્ય તથા દાર્શનિક સાહિત્યમાં અનેકવિધ લૌકિક ન્યાય પ્રયોજાય છે, જેમકે, અજાગલસ્તનન્યાય, અંધગજન્યાય, અંધપંગુન્યાય ઇત્યાદિ. કાકતાલીયન્યાય, કૂપમણ્ડૂકન્યાય, ઘુણાક્ષરન્યાય, દેહલીદીપન્યાય, નીરક્ષીરન્યાય, બીજાંકુરન્યાય વન્ધ્યાસુતન્યાય, સ્થાલિપુલાકન્યાય અને હસ્તામલકન્યાય જેવા અન્ય અનેક ન્યાય પણ પ્રચલિત છે. સંપાદકશ્રીએ અહીં આવા ૪૫ લૌકિક ન્યાયોની સમજૂતી આપી છે. પછી પ્રહેલિકા, એવકાર અને નિષેધવાચક નકારનું વિવરણ કરી સંપાદકશ્રી અનેકાનેક અગત્યના શબ્દોના અર્થ આપે છે (પૃ. ૧૧૪-૧૨૯). એ પછી અનેકાર્થ શબ્દો, વિવિધ સમૂહવાચક શબ્દો, અવ્યયો, અવયવવાચક શબ્દો, ખાદ્યપદાર્થવાચક શબ્દો, ધાન્યવાચક શબ્દો, રોગવાચક શબ્દો, વસ્ત્રવાચક શબ્દો, અલંકારવાચક શબ્દો , સગપણવાચક શબ્દો, વ્યવસાયદર્શક શબ્દો, પશુવાચક શબ્દો, પક્ષીવાચક શબ્દો અને ઇચ્છાદર્શક શબ્દો જેવા અનેક પ્રકારના શબ્દોની સાર્થ સૂચિઓ આપી છે (પૃ. ૧૩૦-૧૭૪). એ પછી શ્વાન, ગજ, ચાતક, વગેરેના જેવી વૃત્તિઓ તથા વિહંગ, સિંહ ઇત્યાદિનાં અવલોકનોનું વિવરણ કર્યું છે. પછી વળી રંગો, ધાતુઓ, માપો, વચનો, ઉત્સવો, દેવો, વેપાર, સ્ત્રીઓ, શસ્ત્રો, ભાષાઓ, વ્યસનો, રસો, વિદ્યાઓ જેવા અનેકવિધ પદાર્થોની સૂચિઓ આપી છે (પૃ. ૧૮૪-૧૯૩).

આ પછી ડૉ. અરુણોદય ન. જાનીએ લખેલ **'સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા'** (પૃ. ૧૯૪-૧૯૭) તેમજ સંસ્કૃત છન્દઃશાસ્ત્રનું વિદ્વત્તાપૂર્ણ લખાણ આપવામાં આવ્યું છે.

છંદોમાં ત્રણેય પ્રકારના અક્ષરમેળ છંદો તથા માત્રામેળ છંદો વિશે અહીં જે વિગતવાર માહિતી આપવામાં આવી છે તે છંદઃશાસ્ત્રના સારદોહનની દૃષ્ટિએ અત્યુપયોગી છે. (પૃ. ૨૦૫-૨૩૧).

સાહિત્યના અભ્યાસીઓ માટે છંદોની જેમ અલંકારો પણ મહત્ત્વ ધરાવે છે. સંપાદકશ્રીએ અહીં અધ્યાપકશ્રી કે.કા. શાસ્ત્રીની **'વૃત્તમંજરી'**ના એક પરિશિષ્ટને આધારે આ વિષયનો સંક્ષેપમાં સમાવેશ કર્યો છે (પૃ. ૨૩૨-૨૪૪). સંપાદકશ્રીએ આ બે વિષયોમાં વિનયપૂર્વક અનધિકાર ચેષ્ટા ન કરતાં આ બે શ્રદ્ધેય વિદ્વાનોનો લાભ લઈ ઉપયોગી માહિતી પૂરી પાડી છે એ એમની પ્રશસ્ત વિચારસરણીનું દ્યોતક છે.

છેલ્લું મોટું અને મહત્ત્વનું પરિશિષ્ટ છે અંકસંજ્ઞા (પૃ. ૨૪૫-૨૮૪). પદ્ય સાહિત્યમાં જ્યારે નાનીમોટી સંખ્યાઓ દર્શાવવાની હોય છે ત્યારે તેમાં વિવિધ સંખ્યાઓ માટે એક, દ્વિ, ત્રિ, ઇત્યાદિ માત્ર એકેક શબ્દ જ ઉપલબ્ધ હોઈ ગ્રંથકારને નાનીમોટી સંખ્યાઓ દર્શાવવા માટે ઘણી મુશ્કેલી પડે છે. આથી ગ્રંથકારે સાંકેતિક સંખ્યાદર્શક શબ્દો પ્રયોજવાનું યોજ્યું, જેથી એમાં અનેક નાનીમોટી સંખ્યાઓ દર્શાવવા માટે વિવિધ સાંકેતિક શબ્દોના અનેકાનેક પર્યાય ઉપલબ્ધ થાય ને એમાં એ નિયત છંદની આવશ્યકતા મુજબ એમાંથી જરૂરી સંખ્યા અને માત્રા ધરાવતા પર્યાય પસંદ કરી પ્રયોજી શકાય. આ સાંકેતિક શબ્દો ઊલટી દિશામાં અર્થાત્ જમણેથી ડાબી બાજુ તરફ મુકાય છે. દા.ત. गुण-नयन-रस-इन्दु = ૧૬૨૩. સંપાદકશ્રીએ આ પરિશિષ્ટમાં શૂન્યથી માંડીને ૩૬ અને એ પછી ૪૦, ૪૫, ૪૮થી માંડીને ૨૦૦૦ સુધીની અમુક મોટી સંખ્યાઓના સાંકેતિક શબ્દોની યાદીઓ આપી છે. છેલ્લે વળી કટપયાદિ ગણની પણ સમજૂતી આપી છે. પરમ ઉત્સાહી સંપાદકશ્રીએ જાણે આટલા બધાથીય સંતોષ ન હોય તેમ અંતે પ્રાણવાયુઓ તથા આધુનિક શબ્દો તેમજ દિક્પાલો વિશે વિગતવાર માહિતી પૂરી પાડી છે.

**'ધનંજયનામમાલા'** ગ્રંથ સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા વિશેષતઃ જૈન સાધુ-સાધ્વીઓ માટે ઘણો ઉપયોગી નીવડ્યો છે. આ મૂળ સાર્થ ગ્રંથ તો માત્ર ૬૬ પૃષ્ઠોનો છે, પરંતુ મુનિશ્રી હિતવિજયજીએ એમાં ૨૨૨ પૃષ્ઠોનો વિસ્તાર ધરાવતાં વિવિધ પરિશિષ્ટો ઉમેરીને આ પ્રકાશનને અધિક ઉપયોગી બનાવ્યું છે. સંપાદક મુનિશ્રી પોતાનાં સર્વ લખાણો તથા પ્રકાશનોમાં ભારે જહેમત ઉઠાવે છે અને જબરી ચીવટ રાખે છે. આ ગ્રંથના સંપાદન-પ્રકાશન માટે એમણે જે પરિશ્રમ ઉઠાવ્યો છે એનો હું સાક્ષી છું.

**'ધનંજય નામમાલા'**ના સુરેખ સાર્થ સંપાદનની સાથે અનેક ઉપયોગી પરિશિષ્ટો આપવા માટે મુનિશ્રીને ધન્યવાદ ઘટે છે. કંપોઝીટર, મુદ્રક અને પ્રકાશક પણ આવા ઉત્સાહી અને પરિશ્રમશીલ સંપાદકશ્રીને સક્રિય સહયોગ આપે એ પણ સ્વાભાવિક છે. **'ધનંજય નામમાલા'**ના આ સાર્થ-સપરિશિષ્ટ પુસ્તકનો મુમુક્ષુ અભ્યાસીઓ જરૂર લાભ લેશે એવી શ્રદ્ધા છે.

અમદાવાદ — **હરિપ્રસાદ શં. શાસ્ત્રી**

૩૦-૭-૨૦૦૧ નિવૃત્ત નિયામક, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

સંસારના વ્યવહારોમાં જેવું સ્થાન અર્થકોશનું છે તેવું જ સ્થાન સાહિત્ય જગતમાં શબ્દકોશોનું છે. શબ્દભંડોળ વિના કોઈ પણ જિજ્ઞાસુ સાહિત્ય ક્ષેત્રમાં પાદાર્પણ કરી શકતો નથી. સંસ્કૃત સાહિત્યનું ખેડાણ, ઊંડાણ કે નિર્માણ કરવા માટે શબ્દકોશ-શબ્દભંડોળ એ અનિવાર્ય અંગ મનાયું છે.

— **પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય** (જામનગર)

❄

**यद्यपि बहुनाधीषे तथापि, पठ पुत्र ! व्याकरणम् ।**
**स्वजनः श्वजनो मा भूत्, सकलं शकलं सकृच्छकृत् ॥**

**અર્થ** : હે પુત્ર, તારે બહુ ન ભણવું હોય તો ભલે, પણ તું વ્યાકરણ તો (અવશ્ય) ભણ; જેથી **સ્વજન** (સગાંવહલાં) - **'શ્વજન'** (કૂતરું) ન થાય, **સકલ** (બધું) - **'શકલ'** (ટુકડો) ન થાય અને **સકૃત્** (એકવાર) **'શકૃત્'** (છાણ) ન થાય.

ભાવાર્થ : વ્યાકરણ ભણવાથી જોડણીની તથા ઉચ્ચારની ભૂલો ન થાય અને તેથી થતા અર્થના અનર્થ ન થાય.

(આ શ્લોકમાં **'સ'**ને બદલે **'શ'** બોલનાર પર કટાક્ષ છે.)

❄

## કૃતજ્ઞભાવ

મારા આ પુસ્તક સંબંધી પુણ્યકાર્યમાં મને વિશેષ પ્રકારે ડૉ. અરુણોદય ન. જાની, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી તથા ૯૭મા વર્ષે પણ યુવાન જેવી તંદુરસ્તી અને યુવાનને પણ શરમાવે એવી કાર્યશક્તિ ધરાવનારા શ્રી કે. કા. શાસ્ત્રી - આ ત્રણેય ગુજરાતના પ્રથમ હરોળના ખ્યાતનામ વિદ્વાનોનો નિઃસ્વાર્થભાવે જે સુંદર સહકાર મળ્યો છે તે અવિસ્મરણીય છે.

— સંપાદક

# અનુક્રમણિકા


| પૃષ્ઠ | વિષય |
| --- | --- |
| ૧થી ૬૬ | ધનંજય નામમાલા સાર્થ |
| ૬૮થી ૭૧ | એકાક્ષર કોશ |
| ૭૨થી ૧૦૧ | શબ્દો બનાવવાની રીત |
| ૧૦૨થી ૧૧૦ | લૌકિક ન્યાયમાલા |
| ૧૧૧ | પ્રહેલિકા |
| ૧૧૨ | એવકાર |
| ૧૧૩ | નિષેધવાચક 'ન'કાર |
| ૧૧૪થી ૧૨૯ | અગત્યના શબ્દો |
| ૧૩૦થી ૧૩૫ | અનેકાર્થ શબ્દો |
| ૧૩૬થી ૧૩૯ | સંખ્યાવાચક શબ્દો |
| ૧૪૦ | સંખ્યાપૂરક શબ્દો |
| ૧૪૧ | આવૃત્તિદર્શક શબ્દો |
| ૧૪૧ | પ્રકારદર્શક શબ્દો |
| ૧૪૨થી ૧૪૩ | 'दुस्' ઉપસર્ગવાળા શબ્દો |
| ૧૪૪થી ૧૪૫ | વિવિધ સમૂહ બતાવનારા શબ્દો |
| ૧૪૬થી ૧૫૦ | અવ્યય |
| ૧૫૧ | વિવિધ વૃક્ષવાચક શબ્દો |
| ૧૫૨થી ૧૫૪ | શરીરના અવયવવાચક શબ્દો |
| ૧૫૫ | શરીરની ખોડખાંપણવાચક શબ્દો |
| ૧૫૫થી ૧૫૭ | ખાદ્ય પદાર્થવાચક શબ્દો |
| ૧૫૮ | શાકભાજીવાચક શબ્દો |
| ૧૫૮ | મરીમસાલાવાચક શબ્દો |
| ૧૫૯થી ૧૬૦ | રોગવાચક શબ્દો |
| ૧૬૧ | વસ્ત્રવાચક શબ્દો |
| ૧૬૧ | અલંકારવાચક શબ્દો |
| ૧૬૨થી ૧૬૩ | ગૃહોપયોગીવસ્તુવાચક શબ્દો |
| ૧૬૪થી ૧૬૫ | સગપણવાચક શબ્દો |
| ૧૬૬થી ૧૬૭ | વ્યવસાયદર્શક શબ્દો |
| ૧૬૮ | વાજિંત્રવાચક શબ્દો |
| ૧૬૮ | ઓજારવાચક શબ્દો |
| ૧૬૯ | પશુવાચક શબ્દો |
| ૧૭૦ | પક્ષીવાચક શબ્દો |
| ૧૭૧ | જીવજંતૂવાચક શબ્દો |
| ૧૭૨થી ૧૭૪ | ઇચ્છાદર્શક શબ્દો |
| ૧૭૫થી ૧૮૨ | વિવિધવૃત્તિઓ |
| ૧૮૨થી ૧૮૩ | વિવિધ અવલોકનો |
| ૧૮૪ | રંગવાચક-મેલવાચક-માપવાચક શબ્દો |
| ૧૮૫ | ધાતુવાચક-રસવાચક-પ્રમાણવાચક શબ્દો |
| ૧૮૬ | અવાજવાચક-વચનવાચક શબ્દો |
| ૧૮૭ | સ્વરવાચક-હાસ્યવાચક-મહોત્સવવાચક શબ્દો |
| ૧૮૮ | સ્વર્ગ-વિષ્ણુ-શંકર-ઈન્દ્ર સંબંધી |
| ૧૮૯ | કામદેવ- યમદેવ-કુબેર-પુષ્પ સંબંધી |
| ૧૯૦ | નગર-વેપાર-વહાણ સંબંધી |
| ૧૯૧થી ૧૯૩ | વિવિધ શબ્દવર્ગો |
| ૧૯૪થી ૧૯૭ | સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા |
| ૧૯૮થી ૨૩૧ | છન્દઃશાસ્ત્ર |
| ૨૩૨થી ૨૪૪ | અલંકાર |
| ૨૪૫થી ૨૮૨ | અંકસંજ્ઞા |
| ૨૮૩થી ૨૮૪ | કટપયાદિ ગણ દ્વારા સંખ્યા નિર્દેશ |
| ૨૮૫ | પ્રાણવાયુ |
| ૨૮૬થી ૨૮૭ | આધુનિક શબ્દો |
| ૨૮૮ | દિક્પાલો અંગે વિગતવાર માહિતી |

# ધનંજય નામમાલા

## (સાર્થ=પર્યાય કોશ)

### મંગલાચરણ

**तन्नमामि परं ज्योति-रवाङ्मनसगोचरम् ।**
**उन्मूलयत्यविद्यां यद्, विद्यामुन्मीलयत्यपि ॥ १ ॥**

**હું (કવિરાજ ધનંજય) વચન તથા મનને અગોચર એવા પરમ જ્યોતિસ્વરૂપ કેવલજ્ઞાનને નમસ્કાર કરું છું કે જે (ભવ્ય જીવોના) અજ્ઞાનનો નાશ કરે છે અને જ્ઞાનને પ્રગટ પણ કરે છે. ॥ ૧ ॥**

[નોંધ : વ્યાકરણ પ્રમાણે अचतुर्, वाङ्मनस् જેવા ૨૫ વ્યંજનાંત શબ્દોને ભાષાની સરળતા ખાતર સ્વરાંત(અકારાંત) બનાવાય છે. આવા ફેરફારોને વ્યાકરણની ભાષામાં **'निपातन'** કહેવાય છે. પાણિનિ સૂત્ર(૫-૪-૭૭) દ્વારા નિપાતનથી 'वाङ्मनस्'નું 'वाङ्मनस' (અકારાંત) કરાયું છે. 'अवाङ्मनसगोचर' એ 'वाङ्मनसगोचर'નું નકારાત્મક રૂપ છે.

वाक् च मनश्च = (નિયમ પ્રમાણે) 'वाङ्मनसी' (વ્યં. 'मनस्'નું નપું. દ્વિ.વ.) થાય, પણ ભાષામાં 'मनस' શબ્દ અકારાંત થવાથી 'वाङ्मनसे' (અકા. નપું. દ્વિ.વ.) એવો સમાસ થાય છે. 'वाङ्मनस' એ પ્રાતિપદિક(મૂળરૂપ) છે. 'वाङ्मनसाभ्यां गोचरम् = वाङ्मनसगोचरम्; 'न वाङ्मनसगोचरम् = अवाङ्मनस गोचरम्' થાય છે. (આથી અહીં 'मनस'નું 'मानस' કરવું જરૂરી નથી.) **'જે વાણી અને મનનો વિષય નથી'** એવો એનો અર્થ થાય છે.

— વ્યાકરણવિશારદ ડૉ. **અ. ન. જાની**]

## યુગલ-જોડલાના પર્યાય

**द्वयं द्वितय-मुभयं, यमलं युगलं युगम् ।**
**युग्मं द्वन्द्वं यमं द्वैतं, पादयोः पातु जैनयोः ॥ २ ॥**

૧. દ્વય, દ્વિતય, ઉભય, યમલ, યુગલ, યુગ, યુગ્મ, દ્વન્દ્વ, યમ, દ્વૈત (૧૦-ન.) આ યુગલ-જોડલાના પર્યાય છે.

શ્રીજિનેશ્વરદેવનાં ચરણોનું યુગલ રક્ષા કરો. ॥ ૨ ॥

(નોંધ : जिनस्य इमौ जैनौ (पादौ) । પાદ(ચરણ) બે હોવાથી દ્વિવચન, પણ 'જિન' એક જ હોવાથી કવિએ 'जैन'(જિનસંબંધી) એમ તદ્ધિત શબ્દ બનાવી એનું દ્વિવચનનું રૂપ મૂક્યું છે. તેથી 'जैनयोः पादयोः'નો અર્થ 'જિનેશ્વરદેવને લગતાં બે ચરણો' એવો થાય છે.)

## મુનિના પર્યાય

**ऋषिर्यतिर्मुनिर्भिक्षु-स्तापसः संयतो व्रती ।**
**तपस्वी संयमी योगी, वर्णी साधुश्च पातु वः ॥ ३ ॥**

૧. ઋષિ, યતિ, મુનિ, ભિક્ષુ, તાપસ, સંયત, વ્રતિન્, તપસ્વિન્, સંયમિન્, યોગિન્, વર્ણિન્, સાધુ (૧૨-પું.) આ મુનિના પર્યાય છે. સાધુ ભગવંત તમારી રક્ષા કરો. ॥ ૩ ॥

## શિષ્ય અને શાસ્ત્રના પર્યાય

**दीक्षितं शैक्षं शिष्यं च, तमन्तेवासिनं विदुः ।**
**कृतान्ताऽऽगमसिद्धान्ताः, ग्रन्थः शास्त्रमतः परम् ॥ ४ ॥**

૧. દીક્ષિત, શૈક્ષ, શિષ્ય, અન્તેવાસિન્ (૪-પું.) આ શિષ્યના પર્યાય છે.

૨. કૃતાન્ત, આગમ, સિદ્ધાન્ત, ગ્રન્થ (૪-પું.), શાસ્ત્ર (ન.) આ શાસ્ત્રના પર્યાય છે. ॥ ૪ ॥

પૃથ્વીના પર્યાય

**भूमिर्भूः पृथिवी पृथ्वी, गह्वरी मेदिनी मही ।**
**धरा वसुमती धात्री, क्ष्मा विश्वंभराऽवनिः ॥ ५ ॥**

**वसुधा धरणी क्षोणी, क्ष्मा धरित्री क्षितिश्च कुः ।**
**कुम्भिनीलोर्वरा चोर्वी, जगती गौर्वसुन्धरा ॥ ६ ॥**

૧. ભૂમિ, ભૂ, પૃથિવી, પૃથ્વી, ગહ્વરી, મેદિની, મહી, ધરા, વસુમતી, ધાત્રી, ક્ષ્મા, વિશ્વંભરા, અવનિ, વસુધા, ધરણી, ક્ષોણી, ક્ષ્મા, ધરિત્રી, ક્ષિતિ, કુ, કુમ્ભિની, ઇલા, ઉર્વરા, ઉર્વી, જગતી, ગો, વસુન્ધરા (૨૭-સ્ત્રી.) આ પૃથ્વીના પર્યાય છે. ॥ ૫-૬ ॥

પર્વત, રાજા તથા વૃક્ષનાં નામ બનાવવાની રીત

**तत्पर्याय-धरः शैलस्तत्पर्याय-पतिर्नृपः ।**
**तत्पर्याय-रुहो वृक्षः, शब्दमन्यं च योजयेत् ॥ ७ ॥**

૧. **પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **धर** શબ્દ જોડવાથી પર્વતનાં નામ બને છે; જેમ કે, भूमिधरः, भूधरः (૨-પું.)

૨. **પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી રાજાનાં નામ બને છે; જેમ કે, भूमिपतिः, भूपतिः (૨-પું.)

૩. **પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **रुह** શબ્દ જોડવાથી વૃક્ષનાં નામ બને છે; જેમ કે, भूमिरुहः, भूरुहः (૨-પું.) આમ બીજા શબ્દો પણ જોડવા ॥ ૭ ॥

[धर, पति અને रुह ના સ્થાને સમાનાર્થી અન્ય શબ્દો પણ જોડી શકાય છે; જેમ કે, भूमिभृत्, भूध्रः, पृथ्वीनाथः, महीरुह्, क्षितिजः (પું.)]

પર્વતના પર્યાય

**दरीभृदचलः शृङ्गी, पर्वतः सानुमान् गिरिः ।**
**नगः शिलोच्चयोऽद्रिश्च, शिखरी त्रिककुन् मरुः ॥ ८ ॥**

૧. દરીભૃત્, અચલ, શૃંગિન્, પર્વત, સાનુમત્, ગિરિ, નગ, શિલોચ્ચય, અદ્રિ, શિખરિન્, ત્રિકકુદ્, મરુ (૧૨-પું.) આ પર્વતના પર્યાય છે. ॥ ૮ ॥

### પર્વતના ભાગોના પર્યાય અને પર્વતનાં નામ બનાવવાની રીત

**प्रस्थं पार्श्वं तटं सानु-र्मेखलोपत्यका तटी ।**
**नितम्बमन्तो दन्तश्च, तद्वानपि गिरिः स्मृतः ॥ ९ ॥**

(૧) **प्रस्थ** (પું.ન.)=શિખર-પર્વતનો ઉપરનો સરખો ભૂમિભાગ,
(૨) **पार्श्व** (ન.) = પડખું, પર્વતની સમીપનો પ્રદેશ,
(૩) **तट** (ત્રિ.) = કિનારો, ઢોળાવ,
(૪) **सानु** (પું.ન.) = શિખર, પર્વતનો ઉપરનો સરખો ભૂમિભાગ,
(૫) **मेखला** (સ્ત્રી.) પર્વતનો મધ્યભાગ,
(૬) **उपत्यका** (સ્ત્રી.) = તળેટી-પર્વતની નીચેની બાજુની ભૂમિ,
(૭) **तटी** (સ્ત્રી.) = કાંઠો, કિનારો,
(૮) **नितम्ब** (પું.ન.) = પર્વતનો મધ્યભાગ,
(૯) **अन्त** (પું.) = પર્વતનો છેડો, હદ,
(૧૦) **दन्त** (પું.) = પર્વતનો મધ્યભાગ, શિખર, દાઢા

આ પર્વતના ભાગોનાં નામોને मतुप् (वत्) પ્રત્યય લગાડવાથી પર્વતનાં નામ બને છે; જેમ કે, प्रस्थवान्, पार्श्ववान्, तटवान्, सानुमान् (૪-પું.) આ બધા શબ્દો ગિરિ(પર્વત)ના વાચક છે. ॥ ૯ ॥

### રાજા અથવા સ્વામીના પર્યાય

**राजाऽधिपः पतिः स्वामी, नाथः परिवृढः प्रभुः ।**
**ईश्वरो विभुरीशानो, भर्तेन्द्र इन ईशिता ॥ १० ॥**

૧. રાજન્, અધિપ, પતિ, સ્વામિન્, નાથ, પરિવૃઢ, પ્રભુ, ઈશ્વર, વિભુ, ઈશાન, ભર્તૃ, ઇન્દ્ર, ઇન, ઈશિતૃ (૧૪-પું.) આ રાજા અથવા સ્વામીના પર્યાય છે. ॥ ૧૦ ॥

વૃક્ષના પર્યાય

**अनोकहस्तरुः शाखी, विटपी फलिनो नगः ।**
**द्रुमोऽङ्घ्रिपः फलेग्राही, पादपोऽगो वनस्पतिः ॥ ११ ॥**

૧. અનોકહ, તરુ, શાખિન્, વિટપિન્, ફલિન, નગ, દ્રુમ, અંઘ્રિપ, ફલેગ્રાહિન્, પાદપ, અગ, વનસ્પતિ (૧૨-પું.) આ વૃક્ષના પર્યાય છે. ॥ ૧૧ ॥

વાનરનાં નામ બનાવવાની રીત તથા વાનરના પર્યાય

**तत्पर्याय-चरो ज्ञेयो, हरिर्बलिमुखः कपिः ।**
**वानरः प्लवगश्चैव, गोलाङ्गूलोऽथ मर्कटः ॥ १२ ॥**

૧. વૃક્ષવાચક શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી વાનરનાં નામ બને છે; જેમ કે, अनोकहचरः, तरुचरः (૨-પું.) તથા હરિ, બલિમુખ, કપિ, વાનર, પ્લવગ, ગોલાંગૂલ, મર્કટ (૭-પું.) આ વાનરના પર્યાય છે. ॥ ૧૨ ॥

જંગલના પર્યાય અને ભીલનાં નામ બનાવવાની રીત

**विपिनं गहनं कक्ष-मरण्यं काननं वनम् ।**
**कान्तारमटवी दुर्गं, तच्चरः स्याद् वनेचरः ॥ १३ ॥**

૧. વિપિન, ગહન, કક્ષ, અરણ્ય (૪-પું.ન.), કાનન, વન (૨-ન.), કાન્તાર (પું.ન.), અટવી (સ્ત્રી.), દુર્ગ (ન.) આ જંગલના પર્યાય છે.

૨. જંગલવાચક શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી વનેચર એટલે ભીલનાં નામ બને છે; જેમ કે, विपिनचरः, गहनचरः (૨-પું.) ॥ ૧૩ ॥

ભીલના પર્યાય

**पुलिन्दः शबरो दस्यु-र्निषादो व्याधलुब्धकौ ।**
**धानुष्कोऽथ किरातश्च, सोऽरण्यानीचरः स्मृतः ॥ १४ ॥**

૧. પુલિન્દ, શબર, દસ્યુ, નિષાદ, વ્યાધ, લુબ્ધક, ધાનુષ્ક, કિરાત, અરણ્યાનીચર (૯-પું.) આ ભીલના પર્યાય છે. ॥ ૧૪ ॥

પાણીના પર્યાય

**वार्वारि कं पयोऽम्भोऽम्बु, पाथोऽर्णः सलिलं जलम् ।**
**शरं वनं कुशं नीरं, तोयं जीवनमब्विषम् ॥ १५ ॥**

૧. વાર્, વારિ, ક, પયસ્, અમ્ભસ્, અમ્બુ, પાથસ્, અર્ણસ્, સલિલ, જલ, શર, વન, કુશ, નીર, તોય, જીવન (૧૬-ન.), અપ્ (સ્ત્રી.બ.વ.), વિષ (ન.) આ પાણીના પર્યાય છે. ॥ ૧૫ ॥

મત્સ્ય, મેઘ, કમળ તથા સમુદ્રનાં નામ બનાવવાની રીત અને માછલાના પર્યાય

**तत्पर्याय-चरो मत्स्य-स्तत्पर्याय-प्रदो घनः ।**
**तत्पर्यायोद्भवं पद्मं, तत्पर्याय-धिरम्बुधिः ॥ १६ ॥**

૧. **જલવાચક** શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી માછલાનાં નામ બને છે; જેમ કે, जलचरः, अम्बुचरः (૨-પું.)

**જલવાચક** શબ્દોની પાછળ **प्रद** શબ્દ જોડવાથી મેઘનાં નામ બને છે; જેમ કે, जलप्रदः, अम्बुप्रदः (૨-પું.)

[प्रदના સ્થાને द પણ જોડી શકાય છે; જેમ કે, जलदः, अम्बुदः, नीरदः, तोयदः (૪-પું.)]

જલવાચક શબ્દોની પાછળ **उद्भव** શબ્દ જોડવાથી કમળનાં નામ બને છે; જેમ કે, जलोद्भवम्, सलिलोद्भवम् (૨-ન.)

[**उद्भव**ના સ્થાને '**ज**' પણ જોડાય; જેમ કે, वारिजम्, नीरजम् (૨-ન.)]

જલવાચક શબ્દોની પાછળ **धि** શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે; જેમ કે, जलधिः, अम्बुधिः (૨-પું.) ॥ ૧૬ ॥

માછલાના પર્યાય

**पृथुरोमा षडक्षीणो, यादो वैसारिणो झषः ।**
**विसारी शफरो मीनः, पाठीनोऽनिमिषस्तिमिः ॥ १७ ॥**

૧. પૃથુરોમન્, ષડક્ષીણ (૨-પું.), યાદસ્ (ન.), વૈસારિણ, ઝષ, વિસારિન્ (૩-પું.), શફર (પું.સ્ત્રી.), મીન, પાઠીન, અનિમિષ, તિમિ (૪-પું.) આ માછલાના પર્યાય છે. ॥ ૧૭ ॥

મેઘ-વાદળ અને વીજળીના પર્યાય તથા મેઘનાં નામ બનાવવાની રીત

**घनाघनो घनो मेघो, जीमूतोऽभ्रं बलाहकः ।**
**पर्जन्यो मुदिरो नभ्राट्, शम्पा सौदामनी तडित् ॥ १८ ॥**

**आकालिकी क्षणंरुचि-र्विद्युत् तत्-पतिरम्बुदः ।**
**निर्घातमशनिर्वज्र-मुल्काशब्दं च योजयेत् ॥ १९ ॥**

૧. ઘનાઘન, ઘન, મેઘ, જીમૂત (૪-પું.), અભ્ર (ન.), બલાહક, પર્જન્ય, મુદિર, નભ્રાજ્ (૪-પું.) આ મેઘના પર્યાય છે.

૨. શમ્પા, સૌદામની, તડિત્, આકાલિકી, ક્ષણરુચિ, વિદ્યુત્ (૬-સ્ત્રી.) આ વીજળીના પર્યાય છે.

૩. વીજળીવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી મેઘનાં નામ બને છે; જેમ કે, **शम्पापतिः** (પું.)

निर्घात (પું.ન.) = ગડગડાટ । અશનિ (પું.સ્ત્રી.) અને વજ્ર (પું.ન.) = વીજળી, વજ્ર । ઉલ્કા (સ્ત્રી.) = આકાશમાંથી પડતો અમંગળસૂચક તેજનો સમૂહ [વજ્રવાચક નામો હીરાવાચક પણ બને છે.]

૪. આ શબ્દોની પાછળ पति શબ્દ જોડવાથી પણ મેઘનાં નામ બને છે; જેમ કે, निर्घातपतिः (પું.) ॥ ૧૮-૧૯ ॥

**કાદવના પર્યાય, કમળનાં નામ બનાવવાની રીત અને કમળના પર્યાય**

**जम्बालः कर्दमः पङ्क -स्तज्जं तामरसं विदुः ।**
**कमलं नलिनं पद्मं, सरोजं सरसीरुहम् ॥ २० ॥**

**खरदण्डं कोकनदं, पुण्डरीकं महोत्पलम् ।**
**इन्दीवरमरविन्दं, शतपत्रं च पुष्करम् ॥ २१ ॥**

**स्यादुत्पलं कुवलय-मथ नीलाम्बुजन्म च ।**
**इन्दीवरं च नीलेऽस्मिन्, सिते कुमुदकैरवे ॥ २२ ॥**

૧. જમ્બાલ (પું. ન.), કર્દમ (પું.), પંક (પું. ન.) આ કાદવના પર્યાય છે.

૨. **કાદવવાચક** શબ્દોની પાછળ **ज** શબ્દ જોડવાથી કમળનાં નામ બને છે; જેમ કે, पङ्कजम् (ન.)

૩. તથા તામરસ (ન.), કમલ, નલિન, પદ્મ (૩-પું.ન.), સરોજ, સરસીરુહ, ખરદંડ, કોકનદ (રાતું કમળ), પુંડરીક (શ્વેત કમળ), મહોત્પલ, ઇન્દીવર, અરવિંદ, શતપત્ર, પુષ્કર (૧૦-ન.), ઉત્પલ (પું.ન.), કુવલય (ન.) આ કમળના પર્યાય છે. નીલામ્બુજન્મન્, ઇન્દીવર (૨-ન.) આ બે નીલ (કાળા) કમળના પર્યાય છે. કુમુદ (પું.ન.), કૈરવ (ન.) આ બે ચંદ્રવિકાસી શ્વેત કમળના પર્યાય છે. ॥ ૨૦-૨૨ ॥

**કમળવેલ અને લતાના પર્યાય તથા કમળવેલનાં નામ બનાવવાની રીત**

**तद्-वती बिसिनी ज्ञेया, व्रततिर्वल्लरी लता ।**
**वल्लीनामानि योज्यानि, वारिधिर्वर्ण्यतेऽधुना ॥ २३ ॥**

૧. **કમલવાચક** શબ્દોની પાછળ **वती** (मतुप् પ્રત્યય) જોડવાથી બિસિની એટલે કમળવેલનાં નામ બને છે; જેમ કે, कमलवती (સ્ત્રી.)

૨. **કમળવાચક** શબ્દોની પાછળ **વેલનાં** નામ જોડવાથી પણ કમળવેલનાં નામ બને છે; જેમ કે, कमलव्रतती (સ્ત્રી.) હવે (નદીના પર્યાય કહીને) સમુદ્રનું વર્ણન કરે છે. ॥ ૨૩ ॥

**નદીના પર્યાય**

**स्रोतस्विनी धुनी सिन्धुः, स्रवन्ती निम्नगाऽऽपगा ।**
**नदी नदो द्विरेफश्च, सरिन्नाम्नी तरङ्गिणी ॥ २४ ॥**

૧. સ્રોતસ્વિની, ધુની (૨-સ્ત્રી.), સિન્ધુ (પું.સ્ત્રી.), સ્રવન્તી, નિમ્નગા, આપગા, નદી (૪-સ્ત્રી.), નદ, દ્વિરેફ (૨-પું.), સરિત્, તરંગિણી (૨-સ્ત્રી.) આ નદીના પર્યાય છે. ॥ ૨૪ ॥

**સમુદ્રનાં નામ બનાવવાની રીત તથા સમુદ્ર અને કિનારાના પર્યાય**

**तत्-पतिश्च भवत्यब्धिः, पारावारोऽमृतोद्भवः ।**
**अवारपारोऽकूपारो, रत्नमीनाऽभिधाऽऽकरः ॥ २५ ॥**

**समुद्रो वारिराशिश्च, सरस्वान् सागरोऽर्णवः ।**
**सीमोपकण्ठं तीरं च, पारं रोधोऽवधिस्तटम् ॥ २६ ॥**

૧. **નદીવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે; જેમ કે, स्रोतस्विनीपतिः (પું.)

[पतिના સ્થાને તેના પર્યાયવાચી શબ્દો પણ જોડી શકાય છે; જેમ કે, नदीशः, नदीनः, नदीनाथः (૩-પું.)]

૨. તથા અબ્ધિ, પારાવાર, અમૃતોદ્ભવ, અવારપાર, અકૂપાર (૫-પું.) આ સમુદ્રના પર્યાય છે.

૩. તેમ જ **રત્નવાચક** અને **મત્સ્યવાચક** શબ્દોની પાછળ **आकर** શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે; જેમ કે, रत्नाकरः, मीनाकरः, मत्स्याकरः, शफराकरः (૪-પું.) તથા સમુદ્ર, વારિરાશિ, સરસ્વત્, સાગર, અર્ણવ (૫-પું.) આ પણ સમુદ્રના પર્યાય છે.

૪. સીમા (સ્ત્રી.), ઉપકંઠ, તીર, પાર (સામો કિનારો), રોધસ્ (૪-ન.), અવધિ (પું.), તટ (ત્રિ.) આ કિનારાના પર્યાય છે. ॥ ૨૫-૨૬ ॥

**તરંગ-મોજા અને સમુદ્રવિલાસના પર્યાય**

**भङ्गस्तरङ्गकल्लोलौ, वीचिरुत्कलिकाऽवलिः ।**
**पाली वेला तटोच्छ्वासो, विभ्रमोऽयमुदन्वतः ॥ २७ ॥**

૧. ભંગ, તરંગ, કલ્લોલ(૩-પું.), વીચિ, ઉત્કલિકા, આવલિ (૩-સ્ત્રી.) આ તરંગ-મોજાના પર્યાય છે.

૨. પાલી, વેલા(૨-સ્ત્રી.), તટોચ્છ્વાસ, વિભ્રમ(૨-પું.) આ સમુદ્રના વિલાસના પર્યાય છે. ॥ ૨૭ ॥

**મનુષ્યના પર્યાય અને રાજાનાં નામ બનાવવાની રીત**

**मनुष्यो मानुषो मर्त्यो, मनुजो मानवो नरः ।**
**ना पुमान् पुरुषो गोधो, धवः स्यात् तत्-पतिर्नृपः ॥ २८ ॥**

૧. મનુષ્ય, માનુષ, મર્ત્ય, મનુજ, માનવ, નર, નૃ, પુંસ્, પુરુષ, ગોધ (૧૦-પું.) આ મનુષ્યના પર્યાય છે.

૨. **મનુષ્યવાચક** શબ્દોની પાછળ **धव** કે **पति** શબ્દ જોડવાથી રાજાનાં નામ બને છે; જેમ કે, मनुष्यधवः, मानुषपतिः (૨-પું.) ॥ ૨૮ ॥

**દાસ અથવા પગે ચાલનાર સુભટના પર્યાય**

**भृत्योऽथ भृतकः पत्तिः, पदातिः पदगोऽनुगः ।**
**भटोऽनुजीव्यनुचरः, शस्त्रजीवी च किङ्करः ॥ २९ ॥**

૧. ભૃત્ય, ભૃતક, પત્તિ, પદાતિ, પદગ, અનુગ, ભટ, અનુજીવિન્, અનુચર, શસ્ત્રજીવિન્, કિંકર (૧૧-પું.) આ દાસ અથવા પગે ચાલનાર સુભટના પર્યાય છે. ॥ ૨૯ ॥

### સ્ત્રીના પર્યાય

**स्त्री नारी वनिता मुग्धा, भामिनी भीरुरङ्गना ।**
**ललना कामिनी योषिद्, योषा सीमन्तिनी वधूः ॥ ३०॥**

**नितम्बिन्यबला बाला, कामुकी वामलोचना ।**
**भामा तनूदरी रामा, सुन्दरी युवतिश्चला ॥ ३१ ॥**

૧. સ્ત્રી, નારી, વનિતા, મુગ્ધા, ભામિની, ભીરુ, અંગના, લલના, કામિની, યોષિત્, યોષા, સીમન્તિની, વધૂ, નિતમ્બિની, અબલા, બાલા, કામુકી, વામલોચના, ભામા, તનૂદરી, રામા, સુંદરી, યુવતિ, ચલા (૨૪-સ્ત્રી.) આ સ્ત્રીના પર્યાય છે. ॥ ૩૦-૩૧ ॥

### પત્નીના પર્યાય

**भार्या जाया जनिः कुल्या, कलत्रं गेहिनी गृहम् ।**
**महिला मानिनी पत्नी, तथा दाराः पुरन्ध्रयः ॥ ३२ ॥**

૧. ભાર્યા, જાયા, જનિ, કુલ્યા(૪-સ્ત્રી.), કલત્ર (ન.), ગેહિની (સ્ત્રી.), ગૃહ (ન.), મહિલા, માનિની, પત્ની(૩-સ્ત્રી.), દાર (નિત્ય પું.બ.વ.), પુરન્ધ્રિ (સ્ત્રી.) આ પત્નીના પર્યાય છે. ॥ ૩૨ ॥

### વહાલી સ્ત્રીના પર્યાય

**वल्लभा प्रेयसी प्रेष्ठा, रमणी दयिता प्रिया ।**
**इष्टा च प्रमदा कान्ता, चण्डी प्रणयिनी तथा ॥ ३३ ॥**

૧. વલ્લભા, પ્રેયસી, પ્રેષ્ઠા, રમણી, દયિતા, પ્રિયા, ઈષ્ટા, પ્રમદા, કાન્તા, ચંડી, પ્રણયિની (૧૧-સ્ત્રી.) આ વહાલી સ્ત્રીના પર્યાય છે. ॥ ૩૩ ॥

**સતી - પતિવ્રતા સ્ત્રીના પર્યાય**

**सती पतिव्रता साध्वी, पतिवत्न्येकपत्न्यपि ।**
**मनस्विनी भवत्यार्या, विपरीता निरूप्यते ॥ ३४ ॥**

૧. સતી, પતિવ્રતા, સાધ્વી, પતિવત્ની, એકપત્ની, મનસ્વિની, આર્યા (૭-સ્ત્રી.) આ પતિવ્રતા-શીલવતી સ્ત્રીના પર્યાય છે. હવે કુલટા સ્ત્રીના પર્યાય કહે છે. ॥ ૩૪ ॥

**કુલટા સ્ત્રીના પર્યાય**

**बन्धकी कुलटा मुक्ता, पुनर्भूः पुंश्चली खला ।**
**स्पर्शाऽभिसारिका दूती, स्वैरिणी शम्भली तथा ॥ ३५ ॥**

૧. બન્ધકી, કુલટા, મુક્તા, પુનર્ભૂ, પુંશ્ચલી, ખલા, સ્પર્શા, અભિસારિકા, દૂતી, સ્વૈરિણી, શંભલી (૧૧-સ્ત્રી.) આ કુલટા સ્ત્રીના પર્યાય છે. ॥ ૩૫ ॥

**વેશ્યા સ્ત્રીના પર્યાય**

**गणिका लञ्जिका वेश्या, रूपाजीवा विलासिनी ।**
**पण्यस्त्री दारिका दासी, कामुकी सर्ववल्लभा ॥ ३६ ॥**

૧. ગણિકા, લંજિકા, વેશ્યા, રૂપાજીવા, વિલાસિની, પણ્યસ્ત્રી, દારિકા, દાસી, કામુકી, સર્વવલ્લભા (૧૦-સ્ત્રી.) આ વેશ્યા સ્ત્રીનાં પર્યાય છે. ॥ ૩૬ ॥

**વહાલા પતિના પર્યાય**

**कान्तेष्टौ दयितः प्रीतः, प्रियः कामी च कामुकः ।**
**वल्लभोऽसुपतिः प्रेयान्, विटश्च रमणो वरः ॥ ३७ ॥**

૧. કાન્ત, ઈષ્ટ, દયિત, પ્રીત, પ્રિય, કામિન્, કામુક, વલ્લભ, અસુપતિ, પ્રેયસ્, વિટ, રમણ, વર (૧૩-પું.) આ વહાલા પતિના પર્યાય છે. ॥ ૩૭ ॥

માતા, પિતા, શરીર, પુત્ર અને પુત્રીના પર્યાય તથા પુત્રનાં નામ બનાવવાની રીત

सवित्री जननी माता, जनकः सविता पिता ।
देहोऽपघनकायाङ्गं, वपुः संहननं तनुः ॥ ३८ ॥

कलेवरं शरीरं च, मूर्तिरस्माद्-भवः सुतः ।
पुत्रः सूनुरपत्यं च, तुक् तोकं चात्मजः प्रजा ॥ ३९ ॥

उद्वहस्तनयः पोतो, दारको नन्दनोऽर्भकः ।
स्तनन्धयोत्तानशयौ, स्त्रीत्वे दुहितरं विदुः ॥ ४० ॥

૧. સવિત્રી, જનની, માતૃ (૩-સ્ત્રી.) આ માતાના પર્યાય છે.

જનક, સવિતૃ, પિતૃ (૩-પું.) આ પિતાના પર્યાય છે.

૨. દેહ (પું.ન.), અપઘન, કાય (૨-પું.), અંગ, વપુષ્, સંહનન (૩-ન.), તનુ (સ્ત્રી.), કલેવર (ન.), શરીર (પું.ન.), મૂર્તિ (સ્ત્રી.) આ શરીરના પર્યાય છે.

૩. **શરીરવાચક** શબ્દોની પાછળ **भव** શબ્દ જોડવાથી પુત્રનાં નામ બને છે; જેમ કે, देहभवः, कायभवः (૨-પું.)

૪. તથા સુત, પુત્ર, સૂનુ (૩-પું.), અપત્ય (ન.), તુક્ (પું.), તોક (ન.), આત્મજ (પું.), પ્રજા (સ્ત્રી.), ઉદ્વહ, તનય, પોત, દારક, નંદન, અર્ભક, સ્તનન્ધય, ઉત્તાનશય (૮-પું.) આ પુત્રના પર્યાય છે.

૫. **પુત્રવાચક** શબ્દોને **સ્ત્રીલિંગબોધક** પ્રત્યયો લગાડવાથી દુહિતૃ એટલે પુત્રીનાં નામ બને છે; જેમ કે, सुता, पुत्री, सूनुः-नूः (૩-સ્ત્રી.) ॥ ૩૮-૪૦ ॥ [अपत्य અને तोक આ બે શબ્દો સમાનરૂપમાં જ પુત્ર-પુત્રી બંનેના બોધક છે.]

**સખી અને મિત્રના પર્યાય**

**वयस्याऽऽली सहचरी, सध्रीची सवयाः सखी ।**
**आलीविवर्जितं मित्रं, सम्बन्धो मित्रयुः सुहृत् ॥ ४१ ॥**

૧. વયસ્યા, આલી, સહચરી, સધ્રીચી, સવયસ્, સખી (૬-સ્ત્રી.) આ સખીના પર્યાય છે.

૨. આલી શબ્દ વિના બાકીના શબ્દોમાંથી સ્ત્રીલિંગબોધક પ્રત્યયો કાઢી નાખવાથી મિત્રના પર્યાય બને છે; જેમ કે, વયસ્ય, સહચર, સધ્ર્યઙ્, સવયસ્, સખિ (૫-પું.)

તથા મિત્ર(ન.), સમ્બન્ધ, મિત્રયુ, સુહૃત્ (૩-પું.) આ પણ મિત્રના પર્યાય છે. ॥ ૪૧ ॥

**સહાયક, સ્વજન, ભાઈ, બહેન, નણંદ અને મામીના પર્યાય**

**सहकृत्वा सहकारी, सहायः सामवायिकः ।**
**सनाभिः सगोत्रो बन्धुः, सोदर्योऽवरजोऽनुजः ॥ ४२ ॥**

**कनीयानग्रजो ज्येष्ठो, भ्राता जामी स्वसाऽनुजा ।**
**भर्तुः स्वसा ननान्दा स्याद्, मातुलानी प्रियाम्बिका ॥ ४३ ॥**

૧. સહકૃત્વન્ (પું.), સહકારિન્, સહાય(૨-ત્રિ.), સામવાયિક (પું.) આ સહાયક-મદદ કરનારના પર્યાય છે.

૨. સનાભિ, સગોત્ર, બન્ધુ (૩-પું.) આ સ્વજન - એક ગોત્ર-વંશના કુટુંબીજનના પર્યાય છે.

૩. સોદર્ય (પું.) આ સગા ભાઈનું નામ છે.

૪. અવરજ, અનુજ, કનીયસ્ (૩-પું.) આ નાના ભાઈના પર્યાય છે.

૫. અગ્રજ, જ્યેષ્ઠ (૨-પું.) આ મોટા ભાઈના પર્યાય છે.

૬. ભ્રાતૃ (પું.) એ ભાઈનું નામ છે.

૭. જામી, સ્વસૃ, અનુજા (નાની બહેન) (૩-સ્ત્રી.) આ બહેનના પર્યાય છે. નનાન્દ (સ્ત્રી.) આ પતિની બહેન(નણંદ)નું નામ છે. માતુલાની, પ્રિયામ્બિકા (૨-સ્ત્રી.) આ મામીના પર્યાય છે. ॥ ૪૨-૪૩ ॥

[ નોંધ : ભારતીય જ્ઞાનપીઠ કાશીથી જ્ઞાનપીઠ મૂર્તિદેવી જૈન ગ્રંથમાલા(નં.૬)માં અમરકીર્તિ ભાષ્યસહિત ૧૮-૨-૪૪ના રોજ છપાયેલ નામમાલામાંથી ભાઈ અને બહેનના પર્યાયવાળા શ્લોકની ચર્ચા અત્રે રજૂ કરું છું.

**सनाभिः सगोत्रो बन्धुश्च, सोदर्योऽवरजोऽनुजः ।**

**कनीयानग्रजो ज्येष्ठो, भ्रातृजानी स्वसाऽनुजा ॥ ४२ ॥**

આ શ્લોકમાં અમરકીર્તિ ભાષ્યકારના જણાવ્યા મુજબ –

(૧) सनाभिः, सगोत्रः, बन्धुः અને सोदर्यः આ ચાર નામો 'ભાઈ'ના પર્યાય છે.

(૨) **अवरजोऽनुजः कनीयान् ।** અમરકીર્તિ કહે છે **द्वौ लघुभ्रातरि** આ બે શબ્દો નાનાભાઈ વાચક છે. આમાં **कनीयान्**નો અર્થ **'નાનોભાઈ'** એમ ગણી **अवरजः** અને **अनुजः** એ બે એના પર્યાયો છે એમ ભાષ્યકાર માને છે; જ્યારે ટિપ્પણીકાર શ્રી શંભુનાથ ત્રિપાઠી અમરકીર્તિના **द्वौ** પછી કૌંસમાં (त्रयः) ઉમેરે છે, તેથી એમના મતે ધનંજયે નાના ભાઈ માટે ત્રણ પર્યાય આપ્યા છે.

(૩) **अग्रजो ज्येष्ठः ।** અહીં ભાષ્યકાર પર્યાયની સંખ્યા લખતા નથી. એમના મતે આગળ **कनीयान्** શબ્દથી જેમ નાનાભાઈના પર્યાય આપ્યા છે તેમ ધનંજય અહીં **ज्येष्ठः** એટલે **'મોટોભાઈ'** શબ્દ છે એમ માનતા હોય એમ લાગે છે.

**भ्रातृजानी स्वसाऽनुजा ।** ભાષ્યકાર કહે છે त्रयो भगिन्याम् । અને **भ्रातृजामी=भ्रातुर्जाता** એવો ખુલાસો આપે છે, પરંતુ બહેન ભાઈથી ઉત્પન્ન થયેલી હોતી નથી તેથી ટિપ્પણીકાર **भ्रात्रा सह मातुर्जाता** ભાઈની સાથે માતા દ્વારા જન્મેલી એમ "**यथाकथंचित्**" સમાધાન કરે છે.

ગુજરાતી અનુવાદક પં. ત્રિભુવન અમરચંદ્ર નાનાભાઈના ત્રણ પર્યાયો અને મોટાભાઈના બે પર્યાય માને છે. બહેનના પર્યાયોમાં **भ्रातृजानी, स्वसा** અને **अनुजा** એ ત્રણ બહેનનાં નામ છે એમ લખે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે એ જ અનુવાદક નામમાલાની બીજી આવૃત્તિમાં **भ्रातृजामी स्वसाऽनुजा** એમ **'जानी'**ને બદલે **'जामी'** પાઠ સ્વીકારી અનુવાદમાં પણ ફેરફાર કરી લખે છે : "હવે મોટાભાઈનાં નામ કહે છે : **અગ્રજ, જ્યેષ્ઠ, ભ્રાતૃ** । હવે બહેનનાં નામ કહે છે : **જામિ, સ્વસૃ** તથા **અનુજા** (નાની બહેન અર્થમાં છે)બહેનનાં નામ છે."

તાત્પર્ય એ નીકળે છે કે અનુવાદકની દૃષ્ટિએ **कनीयानग्रजो ज्येष्ठो भ्राता जामी स्वसाऽनुजा** એવો પાઠ છે, પરંતુ મૂળ શ્લોકમાં **भ्रातृ-जामी** એમ સમસ્ત પદ લે છે અને '**जानी**'ને બદલે '**जामी**' જોડે છે.

આ એમ સૂચવે છે કે અનુવાદકે મૂળગ્રંથની અને પોતાની પ્રથમ અનુવાદની ભૂલ અહીં સુધારી છે.

**जामि** શબ્દનો અર્થ કુટુંબની સ્ત્રી-બહેન, દિકરી, પુત્રવધૂ એવો થાય છે. મનુસ્મૃતિમાં મનુ મહારાજે **शोचन्ति जामयो यत्र** (૩/૫૭)માં જણાવ્યું છે કે જે કુટુંબમાં બહેન, દીકરી કે પુત્રવધૂ જેવી સ્ત્રીઓ દુઃખી(શોકાતુર) હોય છે તે કુટુંબમાં કલ્યાણ હોતું નથી.

આ ચર્ચા એમ જણાવે છે કે આપણી પાસે નામમાલા શુદ્ધ સ્વરૂપમાં આવી નથી. આવા અશુદ્ધ ભ્રષ્ટ પાઠો દૂર કરવા નામમાલાની સમીક્ષિત આવૃત્તિની તાતી જરૂર છે.

ઉપરની ચર્ચાને અંતે મને લાગે છે કે ખરો પાઠ નીચે પ્રમાણે હોવો જોઈએ.

**अवरजोऽनुजः कनीयान्; अग्रजो ज्येष्ठो भ्राता; जामिः स्वसाऽनुजा ।**

અર્થ : अवरजोऽनुजः शब्दाभ्याम् कनीयान् भ्राता कथ्यते । अग्रजशब्देन ज्येष्ठो भ्राता कथ्यते । जामिः शब्देन अनुजा स्वसा कथ्यते । (**जामि**=નાની બહેન)આમ આ શ્લોકમાં નાના-મોટા ભાઈ અને નાની બહેન માટેના શબ્દો રજૂ થયા છે.

સમીક્ષિત આવૃત્તિ બહાર પડશે ત્યારે સત્યની પ્રતીતિ થશે.

— ડૉ. અ. ન. જાની]

**શત્રુના પર્યાય**

**वैर्यरातिरमित्रोऽरि-र्द्विट् सपत्नो द्विषद् रिपुः ।**
**असेव्यो दुर्जनः शत्रु-र्दुष्टो द्वेषी खलोऽहितः ॥ ४४ ॥**

૧. વૈરિન્, અરાતિ, અમિત્ર, અરિ, દ્વિષ્, સપત્ન, દ્વિષત્, રિપુ, અસેવ્ય, દુર્જન, શત્રુ, દુષ્ટ, દ્વેષિન્, ખલ, અહિત (૧૫-પું.) આ શત્રુના પર્યાય છે. ॥ ૪૪ ॥

કિરણના પર્યાય અને સૂર્યનાં નામ બનાવવાની રીત

**दीधितिर्भानुरुस्त्रोंऽशु-र्गभस्तिः किरणः करः ।**
**पादो रुचिर्मरीचिर्भास्, तेजोऽर्चिर्गौर्द्युतिः प्रभा ॥ ४५ ॥**

**दीप्तिर्ज्योतिर्महो धाम, रश्मिरूर्जो विभा वसुः ।**
**शीतोष्णप्रायपूर्वत्वे, तद्-वन्ताविन्दुभास्करौ ॥ ४६ ॥**

૧. દીધિતિ (સ્ત્રી.), ભાનુ, ઉસ્ર, અંશુ, ગભસ્તિ, કિરણ, કર, પાદ (૭-પું.), રુચિ (સ્ત્રી.), મરીચિ, ભાસ્ (૨-પું. સ્ત્રી.), તેજસ્ (ન.), અર્ચિસ્ (સ્ત્રી.ન.), ગો (પું.સ્ત્રી.), દ્યુતિ, પ્રભા, દીપ્તિ (૩-સ્ત્રી.), જ્યોતિષ્, મહસ્, ધામન્ (૩-ન.), રશ્મિ (પું.), ઊર્જ (પું.), વિભા (સ્ત્રી.), વસુ (પું.) આ કિરણના પર્યાય છે.

૨. પ્રાયઃ **કિરણવાચક** શબ્દોની **પૂર્વે શીત** શબ્દ જોડવાથી शीतदीधितिः, शीतभानुः (પું.) ઇત્યાદિ શીતકિરણવાળા ઇન્દુ એટલે ચંદ્રનાં અને **उष्ण** શબ્દ જોડવાથી उष्णदीधितिः, उष्णभानुः (પું.) ઇત્યાદિ ઉષ્ણકિરણવાળા ભાસ્કર એટલે સૂર્યનાં નામ બને છે. ॥ ૪૫-૪૬ ॥

ચંદ્રના પર્યાય

**शशी विधुः सुधासूतिः, कौमुदीकुमुदप्रियः ।**
**कलाभृच्चन्द्रमाश्चन्द्रः, कान्तिमानोषधीश्वरः ॥ ४७ ॥**

૧. શશિન્, વિધુ, સુધાસૂતિ, કૌમુદીપ્રિય, કુમુદપ્રિય, કલાભૃત્, ચન્દ્રમસ્, ચન્દ્ર, કાન્તિમત્, ઓષધીશ્વર (૧૦-પું.) આ ચન્દ્રના પર્યાય છે. ॥ ૪૭ ॥ [ચંદ્રવાચક નામો કપૂરવાચક પણ બને છે.]

નક્ષત્રના પર્યાય, ચંદ્રનાં નામ બનાવવાની રીત અને રાત્રિના પર્યાય

**उडूनि भानि तारर्क्षं, नक्षत्रं तत्-पतिर्निशा ।**
**क्षणदा रजनी नक्तं, दोषा श्यामा क्षपा-करः ॥ ४८ ॥**

૧. ઉડુ (સ્ત્રી.ન.), ભ (ન.), તારા (સ્ત્રી.) અથવા તાર (ન.), ઋક્ષ, નક્ષત્ર (૨-ન.) આ નક્ષત્ર-તારાના પર્યાય છે.

૨. **નક્ષત્રવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, उडुपतिः, भपतिः (૨-પું.)

[કોશકારે જ્યાં જ્યાં શબ્દ પરથી શબ્દાંતર બનાવવાની રીત બતાવી છે અને ત્યાં ત્યાં જે જે શબ્દ યોજવા જણાવ્યું છે તે તે શબ્દના સ્થાને સમાનાર્થી અન્ય શબ્દો પણ યોજી શકાય છે; જેમ કે, उडुनाथः, उडुराजः, भेनः, भस्वामी 'इन्', ताराधिपः, ताराधिपतिः, ऋक्षेशः, नक्षत्रपः, ग्रहेशः, ग्रहराजः, ज्योतिरिन्द्रः (૧૧-પું.)= ચંદ્ર. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું.]

૩. નિશા, ક્ષણદા, રજની (૩-સ્ત્રી.), નક્તમ્ (અ.), દોષા (સ્ત્રી. અ.), શ્યામા, ક્ષપા (૨-સ્ત્રી.) આ રાત્રિના પર્યાય છે. (રાત્રિવાચક નામો હળદરવાચક પણ બને છે.)

૪. **રાત્રિવાચક** શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, निशाकरः, क्षणदाकरः (૨-પું.) ॥ ૪૮ ॥

**સૂર્યના પર્યાય, દિવસના પર્યાય અને સૂર્યનાં નામ બનાવવાની રીત**

**तरणिस्तपनो भानु-र्ब्रध्नः पूषाऽर्यमा रविः ।**
**तिग्मः पतङ्गो द्युमणि-र्मार्तण्डोऽर्को ग्रहाधिपः ॥ ४९ ॥**

**इनः सूर्यस्तमोध्वान्त-तिमिराऽरिर्विरोचनः ।**
**दिनं दिवाऽहर्दिवसो, वासरस्तत्-करश्च सः ॥ ५० ॥**

૧. તરણિ (પું. સ્ત્રી.), તપન, ભાનુ, બ્રધ્ન, પૂષન્, અર્યમન્, રવિ, તિગ્મ, પતંગ, દ્યુમણિ, માર્તંડ, અર્ક, ગ્રહાધિપ, ઇન, સૂર્ય, તમોરિ, ધ્વાન્તારિ, તિમિરારિ, વિરોચન (૧૮-પું.) આ સૂર્યના પર્યાય છે.

૨. દિન (પું.ન.), દિવા (અ.), અહન્ (ન.), દિવસ, વાસર (૨-પું.ન.) આ દિવસના પર્યાય છે.

૩. **દિવસવાચક** શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, दिनकरः, दिवाकरः (૨-પું.) ॥ ૪૯-૫૦ ॥

**સૂર્યનાં નામ બનાવવાની રીત અને સૂર્યના પર્યાય**

**चक्रवाकाऽब्जपर्याय-बन्धुः कुमुदविप्रियः ।**
**यमुनायमकानीन-जनकः सविता मतः ॥ ५१ ॥**

૧. **ચક્રવાકપક્ષીવાચક** અને **કમળવાચક** શબ્દોની પાછળ **बन्धु** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, चक्रवाकबन्धुः, रथाङ्गबन्धुः, अब्जबन्धुः, पद्मबन्धुः (૪-પું.)

૨. તથા કુમુદવિપ્રિય, યમુનાજનક, યમજનક, કાનીનજનક, સવિતૃ (૫-પું.) આ સૂર્યના પર્યાય છે. ॥ ૫૧ ॥

[સૂર્યવાચક નામો આકડાનાં ઝાડવાચક પણ બને છે.]

**અશ્વના પર્યાય અને સૂર્યનાં નામ બનાવવાની રીત**

**वाहोऽश्वस्तुरगो वाजी, हयो धुर्यस्तुरङ्गमः ।**
**सप्तिरर्वा हरी रथ्यः, सप्ताद्यश्वो मयूखवान् ॥ ५२ ॥**

૧. વાહ, અશ્વ, તુરગ, વાજિન્, હય, ધુર્ય, તુરંગમ, સપ્તિ, અર્વન્, હરિ, રથ્ય (૧૧-પું.) આ અશ્વના પર્યાય છે.

૨. **અશ્વવાચક** શબ્દોની પૂર્વે **सप्त** શબ્દ જોડવાથી મયૂખવાન્ એટલે સૂર્યનાં નામ બને છે; જેમ કે, सप्तवाहः, सप्ताश्वः (૨-પું.) ॥ ૫૨ ॥

**આકાશના પર્યાય**

**खं विहायो वियद् व्योम, गगनाऽऽकाशमम्बरम् ।**
**द्यौर्नभोऽभ्रान्तरिक्षं च, मेघवायु-पथोऽप्यथ ॥ ५३ ॥**

૧. ખ, વિહાયસ્, વિયત્, વ્યોમન્, ગગન (૫-ન.), આકાશ (પું. ન.), અમ્બર (ન.), દ્યો અથવા દિવ્ (સ્ત્રી.), નભસ્, અભ્ર, અન્તરિક્ષ (૩-ન.) આ આકાશના પર્યાય છે.

૨. **મેઘવાચક** અને **વાયુવાચક** શબ્દોની પાછળ **માર્ગવાચક** શબ્દો જોડવાથી આકાશનાં નામ બને છે; જેમ કે, मेघपथः, घनमार्गः (૨-પું.), अभ्रवर्त्म 'अन्' (ન.), वातमार्गः, मरुत्पथः (૨-પું.), वायुवर्त्म 'अन्' (ન.) ॥ ૫૩ ॥

[દેવવાચક અને નક્ષત્રવાચક શબ્દોની પાછળ માર્ગવાચક શબ્દો જોડવાથી પણ આકાશનાં નામ બને છે; જેમ કે, सुरपथः, उडुपथः (પું.), देववर्त्म 'अन्', नक्षत्रवर्त्म 'अन्' (ન.)]

## વિદ્યાધર અને પક્ષીનાં નામ બનાવવાની રીત તથા પક્ષીના પર્યાય

**तच्-चरः खेचरस्तद्-गः, पक्षी पत्री पतत्र्यपि ।**
**शकुन्तिः शकुनिर्विश्च, पतङ्गो विष्किरो वयः ॥ ५४ ॥**

૧. **આકાશવાચક** શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી ખેચર એટલે વિદ્યાધરનાં નામ બને છે; જેમ કે, गगनचरः, व्योमचरः (૨-પું.)

૨. **આકાશવાચક** શબ્દોની પાછળ **ग** શબ્દ જોડવાથી પક્ષીનાં નામ બને છે; જેમ કે, खगः, नभोगः (૨-પું.)

૩. તથા પક્ષિન્, પત્રિન્, પતત્રિન્, શકુન્તિ, શકુનિ, વિ, પતંગ, વિષ્કિર (૮-પું.), વયસ્ (ન.) આ પક્ષીના પર્યાય છે. ॥ ૫૪ ॥

## માંસ અને રાક્ષસના પર્યાય તથા રાક્ષસનાં નામ બનાવવાની રીત

**जाङ्गलं पिशितं मांसं, पलं पेशी च तत्-प्रियः ।**
**यातुधानस्तथा रक्षो, रात्र्यादि-चर इष्यते ॥ ५५ ॥**

૧. જાંગલ, પિશિત (૨-ન.), માંસ, પલ (૨-પું. ન.), પેશી (સ્ત્રી.) આ માંસના પર્યાય છે.

૨. **માંસવાચક** શબ્દોની પાછળ **प्रिय** શબ્દ જોડવાથી રાક્ષસનાં નામ બને છે; જેમ કે, जाङ्गलप्रियः (પું.) તથા યાતુધાન (પું.), રક્ષસ્ (ન.) આ પણ રાક્ષસના પર્યાય છે.

૩. **રાત્રિવાચક** શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી રાક્ષસનાં નામ બને છે; જેમ કે, रात्रिचरः, निशाचरः (૨-પું.) ॥ ૫૫ ॥

### દેવ અને સ્વર્ગના પર્યાય તથા દેવનાં નામ બનાવવાની રીત

**सुतोऽदितेस्तडिद्धन्वा, सेन्द्रो देवः सुरोऽमरः ।**
**स्वर्द्यौः स्वर्गोऽथ नाकश्च, तद्-वासस्त्रिदशो मतः ॥५६॥**

૧. **અદિતિ** (દેવોની માતા) શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે; જેમ કે, अदितिसुतः, अदितिनन्दनः, अदितितनयः (૩-પું.) તથા તડિદ્ધન્વન્, સેન્દ્ર, દેવ, સુર, અમર (૫-પું.) આ પણ દેવના પર્યાય છે.

૨. સ્વર્ (અ.), દ્યો અથવા દિવ્ (સ્ત્રી.), સ્વર્ગ (પું.), નાક (પું. ન.) આ સ્વર્ગના પર્યાય છે.

૩. **સ્વર્ગવાચક** શબ્દોની પાછળ **वास** શબ્દ જોડવાથી ત્રિદશ એટલે દેવનાં નામ બને છે; જેમ કે, स्वर्वासः, स्वर्गवासः (૨-પું.) ॥ ૫૬ ॥

### ઇન્દ્રનાં નામ બનાવવાની રીત તથા ઇન્દ્રના પર્યાય

**तत्-पतिः शक्र इन्द्रश्च, सुनासीरः शतक्रतुः ।**
**प्राचीनबर्हिः सुत्रामा, वज्री चाऽऽखण्डलो हरिः ॥ ५७ ॥**
**शत्रुर्बलस्य गोत्रस्य, पाकस्य नमुचेरपि ।**
**वृत्रहा च सहस्राक्षो, गीर्वाणेशः पुरन्दरः ॥ ५८ ॥**
**बिडौजाश्चाऽप्सरोनाथो, वासवो हरिवाहनः ।**
**मरुतश्च मरुत्वांश्च, वृषा चैरावणाधिपः ॥ ५९ ॥**
**शतमन्युस्तुराषाट् च, पुरुहूतश्च कौशिकः ।**
**सङ्क्रन्दनोऽथ मघवा, पुलोमारिर्मरुत्सखः ॥ ६० ॥**

**દેવવાચક** અને **સ્વર્ગવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી ઇન્દ્રનાં નામ બને છે; જેમ કે, सुरपतिः, स्वर्गपतिः (૨-પું.)

૨. તથા શક્ર, ઇન્દ્ર, સુનાસીર, શતક્રતુ, પ્રાચીનબર્હિસ્, સુત્રામન્, વજ્રિન્, આખંડલ, હરિ, બલશત્રુ, ગોત્રશત્રુ, પાકશત્રુ, નમુચિશત્રુ, વૃત્રહન્, સહસ્રાક્ષ, ગીર્વાણેશ, પુરન્દર, બિડૌજસ્, અપ્સરોનાથ, વાસવ, હરિવાહન, મરુત, મરુત્વત્, વૃષન્, ઐરાવણાધિપ, શતમન્યુ, તુરાષાહ્, પુરુહૂત, કૌશિક, સંક્રન્દન, મઘવન્, પુલોમારિ, મરુત્સખ (૩૩-પું.) આ ઇન્દ્રના પર્યાય છે. ॥ ૫૭-૬૦ ॥

દિશાના પર્યાય તથા દિક્પાલ, દિગ્ગજ અને દિગમ્બરનાં નામ બનાવવાની રીત

**काष्ठा ककुब् दिगाशा च, दक्षकन्या तथा हरित् ।**
**तत्पर्यायपरं योज्यं, प्राज्ञैः पालगजाऽम्बरम् ॥ ६१ ॥**

૧. કાષ્ઠા, કકુભ્, દિશ્, આશા, દક્ષકન્યા, હરિત્ (૬-સ્ત્રી.) આ દિશાના પર્યાય છે.

૨. **દિશાવાચક** શબ્દોની પાછળ **पाल** શબ્દ જોડવાથી દિક્પાલનાં નામ બને છે; જેમ કે, दिक्पालः, काष्ठापालः (૨-પું.)

૩. **દિશાવાચક** શબ્દોની પાછળ **गज** શબ્દ જોડવાથી દિગ્ગજનાં નામ બને છે; જેમ કે, दिग्गजः, काष्ठागजः (૨-પું.)

૪. **દિશાવાચક** શબ્દોની પાછળ **अम्बर** શબ્દ જોડવાથી દિગમ્બરનાં નામ બને છે; જેમ કે, दिगम्बरः, काष्ठाम्बरः (૨-પું.) ॥ ૬૧ ॥

પવનના પર્યાય તથા ભીમ અને હનુમાનનાં નામ બનાવવાની રીત

**पवनः पवमानश्च, वायुर्वातोऽनिलो मरुत् ।**
**समीरणो गन्धवाहः, श्वसनश्च सदागतिः ॥ ६२ ॥**

**नभस्वान् मातरिश्वा च, चरण्युर्जवनश्चलः ।**
**प्रभञ्जनोऽस्य पर्याय-पुत्रौ भीमाऽञ्जनात्मजौ ॥ ६३ ॥**

૧. પવન, પવમાન, વાયુ, વાત, અનિલ, મરુત્, સમીરણ, ગન્ધવાહ, શ્વસન, સદાગતિ, નભસ્વત્, માતરિશ્વન્, ચરણ્યુ, જવન, ચલ, પ્રભંજન (૧૬-પું.) આ પવનના પર્યાય છે.

૨. **પવનવાચક** શબ્દોની પાછળ **पुत्र** શબ્દ જોડવાથી ભીમ અને હનુમાનનાં નામ બને છે; જેમ કે, पवनपुत्रः, पवमानपुत्रः, वायुपुत्रः (૩-પું.) ॥ ૬૨-૬૩ ॥

**અગ્નિનાં નામ બનાવવાની રીત, અગ્નિના પર્યાય, કાર્ત્તિકસ્વામીનાં નામ બનાવવાની રીત તથા કાર્ત્તિકસ્વામીના પર્યાય**

**तत्सखोऽग्निः शिखी वह्निः, पावकश्चाऽऽशुशुक्षणिः ।**
**हिरण्यरेताः सप्तार्चि-र्जातवेदास्तनूनपात् ॥ ६४ ॥**

**स्वाहापतिर्हुताशश्च, ज्वलनो दहनोऽनलः ।**
**वैश्वानरः कृशानुश्च, रोहिताश्वो विभावसुः ॥ ६५ ॥**

**वृषाकपिः शमीगर्भो, हव्यवाहो हुताशनः ।**
**तदादि-सूनुः सेनानीः, स्कन्दश्च शिखिवाहनः ॥ ६६ ॥**

**कार्त्तिकेयो विशाखश्च, कुमारः षण्मुखो गुहः ।**
**शक्तिमान् क्रौञ्चभेदी च, स्वामी शरवणोद्भवः ॥ ६७ ॥**

૧. **પવનવાચક** શબ્દોની પાછળ **सख** શબ્દ જોડવાથી અગ્નિનાં નામ બને છે; જેમ કે, पवनसखः, वायुसखः, मरुत्सखः (૩-પું.)

૨. તથા અગ્નિ, શિખિન્, વહ્નિ, પાવક, આશુશુક્ષણિ, હિરણ્યરેતસ્, સપ્તાર્ચિસ્, જાતવેદસ્, તનૂનપાત્, સ્વાહાપતિ, હુતાશ, જ્વલન, દહન, અનલ, વૈશ્વાનર, કૃશાનુ, રોહિતાશ્વ, વિભાવસુ, વૃષાકપિ, શમીગર્ભ, હવ્યવાહ, હુતાશન (૨૨-પું.) આ અગ્નિના પર્યાય છે. [અગ્નિવાચક નામો ચિત્રાનાં ઝાડવાચક પણ બને છે.]

૩. **અગ્નિવાચક** શબ્દોની પાછળ **सूनु** શબ્દ જોડવાથી કાર્ત્તિક સ્વામીનાં નામ બને છે; જેમ કે, अग्निसूनुः, शिखिसूनुः, वह्निसूनुः (૩-પું.)

૪. તથા સેનાની, સ્કન્દ, શિખિવાહન, કાર્ત્તિકેય, વિશાખ, કુમાર, ષણ્મુખ, ગુહ, શક્તિમત્, ક્રૌંચભેદિન્, સ્વામિન્, શરવણોદ્ભવ (૧૨-પું.) આ કાર્ત્તિકસ્વામિના પર્યાય છે. ॥ ૬૪-૬૭ ॥

### શંકરનાં નામ બનાવવાની રીત અને શંકરના પર્યાય

**तत्पिता शङ्करः शम्भुः, शिवः स्थाणुर्महेश्वरः ।**
**त्र्यम्बको धूर्जटिः शर्वः, पिनाकी प्रमथाधिपः ॥ ६८ ॥**

**त्रिपुरारिर्विशालाक्षो, गिरीशो नीललोहितः ।**
**रुद्रेन्दुमौलियज्ञारि - त्रिनेत्रा वृषभध्वजः ॥ ६९ ॥**

**उग्रः शूली कपाली च, शिपिविष्टो भवो हरः ।**
**उमापतिर्विरूपाक्षो, विश्वरूपः कपर्द्यपि ॥ ७० ॥**

૧. **कार्त्तिकस्वामी**નાં નામોની પાછળ **पितृ** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, सेनानीपिता 'तृ', स्कन्दपिता 'तृ', कार्त्तिकेयपिता 'तृ' (૩-પું.)

૨. તથા શંકર, શંભુ, શિવ, સ્થાણુ, મહેશ્વર, ત્ર્યંબક, ધૂર્જટિ, શર્વ, પિનાકિન્, પ્રમથાધિપ, ત્રિપુરારિ, વિશાલાક્ષ, ગિરીશ, નીલલોહિત, રુદ્ર, ઇન્દુમૌલિ, યજ્ઞારિ, ત્રિનેત્ર, વૃષભધ્વજ, ઉગ્ર, શૂલિન્, કપાલિન્, શિપિવિષ્ટ, ભવ, હર, ઉમાપતિ, વિરૂપાક્ષ, વિશ્વરૂપ, કપર્દિન્ (૨૯-પું.) આ મહાદેવના પર્યાય છે. ॥ ૬૮-૭૦ ॥

### ગંગા નદીના પર્યાય અને મહાદેવનાં નામ બનાવવાની રીત

**भागीरथी त्रिपथगा, जाह्नवी हिमवत्सुता ।**
**मन्दाकिनी द्युपर्याय-धुनी गङ्गा नदीश्वरः ॥ ७१ ॥**

૧. ભાગીરથી, ત્રિપથગા, જાહ્નવી, હિમવત્સુતા, મન્દાકિની (૫-સ્ત્રી.) આ ગંગા નદીના પર્યાય છે.

૨. તથા **સ્વર્ગવાચક** શબ્દોની પાછળ **धुनी** શબ્દ જોડવાથી ગંગા નદીનાં નામ બને છે; જેમ કે, स्वर्धुनी, स्वर्गधुनी, व्योमधुनी (૩-સ્ત્રી.)

૩. **ગંગાવાચક** શબ્દોની પાછળ **ईश्वर** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, भागीरथीश्वरः, त्रिपथगेश्वरः, जाह्नवीश्वरः (૩-પું.) ॥ ૭૧ ॥

બ્રહ્માના પર્યાય, બ્રહ્મા તથા નારદનાં નામ બનાવવાની રીત

**विधिर्वेधा विधाता च, द्रुहिणोऽजश्चतुर्मुखः ।**
**पद्मपर्याय-योनिश्च, पितामहविरञ्चिनौ ॥ ७२ ॥**

**हिरण्यगर्भः स्त्रष्टा च, प्रजापतिः सहस्त्रपात् ।**
**ब्रह्मात्मभूरनन्तात्मा, कस्तत्पुत्रो हि नारदः ॥ ७३ ॥**

૧. વિધિ, વેધસ્, વિધાતૃ, દ્રુહિણ, અજ, ચતુર્મુખ (૬-પું.) આ બ્રહ્માના પર્યાય છે.

૨. તથા **કમળવાચક** શબ્દોની પાછળ **योनि** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, पद्मयोनिः, कमलयोनिः (૨-પું.)

૩. તથા પિતામહ, વિરંચિ, હિરણ્યગર્ભ, સ્રષ્ટૃ, પ્રજાપતિ, સહસ્રપાદ્, બ્રહ્મન્, આત્મભૂ, અનન્તાત્મન્, ક (૧૦-પું.) આ બ્રહ્માના પર્યાય છે.

૪. **બ્રહ્માવાચક** શબ્દોની પાછળ **पुत्र** શબ્દ જોડવાથી નારદનાં નામ બને છે; જેમ કે, विधिपुत्रः, अजपुत्रः (૨-પું.) ॥ ૭૨-૭૩ ॥

કૃષ્ણ અને લક્ષ્મીના પર્યાય તથા કૃષ્ણનાં નામ બનાવવાની રીત

**कृष्णो दामोदरो विष्णु-रुपेन्द्रः पुरुषोत्तमः ।**
**केशवश्च हृषीकेशः, शार्ङ्गी नारायणो हरिः ॥ ७४ ॥**

**केशी मधुर्बलिर्बाणो, हिरण्यकशिपुर्मुरः ।**
**तदादि-सूदनः शौरिः, पद्मनाभोऽप्यधोक्षजः ॥ ७५ ॥**

**गोविन्दो वासुदेवश्च, लक्ष्मीः श्रीर्गोमिनीन्दिरा ।**
**तत्पतिः शैलभूम्यादि-धरश्चक्रधरस्तथा ॥ ७६ ॥**

૧. કૃષ્ણ, દામોદર, વિષ્ણુ, ઉપેન્દ્ર, પુરુષોત્તમ, કેશવ, હૃષીકેશ, શાર્ઙ્ગિન્, નારાયણ, હરિ, કેશિસૂદન, મધુસૂદન, બલિસૂદન, બાણસૂદન, હિરણ્યકશિપુસૂદન, મુરસૂદન, શૌરિ, પદ્મનાભ, અધોક્ષજ, ગોવિન્દ, વાસુદેવ (૨૧-પું.) આ કૃષ્ણના પર્યાય છે.

૨. લક્ષ્મી, શ્રી, ગોમિની, ઇન્દિરા (૪-સ્ત્રી.) આ લક્ષ્મીના પર્યાય છે.

૩. **લક્ષ્મીવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, लक्ष्मीपतिः, श्रीपतिः (૨-પું.)

૪. તથા **પર્વતવાચક** અને **પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **धर** શબ્દ જોડવાથી ચક્રધર એટલે કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, पर्वतधरः, गिरिधरः, पृथ्वीधरः, भूधरः (૪-પું.) ॥ ૭૪-૭૬ ॥

**કામદેવનાં નામ બનાવવાની રીત અને કામદેવના પર્યાય**

**तत्पुत्रो मन्मथः कामः, शूर्पकारिरनन्यजः ।**
**कायपर्याय-रहितो, मदनो मकरध्वजः ॥ ७७ ॥**

૧. **કૃષ્ણવાચક** શબ્દોની પાછળ **पुत्र** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, कृष्णपुत्रः, विष्णुपुत्रः (૨-પું.)

૨. તથા મન્મથ, કામ, શૂર્પકારિ, અનન્યજ (૪-પું.) આ કામદેવના પર્યાય છે.

તથા **શરીરવાચક** શબ્દોની પાછળ **रहित** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, शरीररहितः, कायरहितः (૨-પું.) તથા મદન, મકરધ્વજ (૨-પું.) આ કામદેવના પર્યાય છે. ॥ ૭૭ ॥

**બાણ અને ધનુષ્યના પર્યાય તથા ધનુષ્યનાં નામ બનાવવાની રીત**

**शिलीमुखः शरो बाणो, मार्गणो रोपणः कणः ।**
**इषुः काण्डं क्षुरप्रं च, नाराचं तोमरं खगः ॥ ७८ ॥**

**कार्मुकं धन्व चापं च, धर्मं कोदण्डकं धनुः ।**
**शिलीमुखादेरासनं, तत्कोटिमटनीं विदुः ॥ ७९ ॥**

૧. શિલીમુખ (પું.), શર, બાણ (૨-પું.ન.), માર્ગણ, રોપણ, કાણ (૩-પું.), ઈષુ (ત્રિ.), કાંડ (ન.), ક્ષુરપ્ર, નારાચ, તોમર (૩-પું.ન.), ખગ (પું.) આ બાણના પર્યાય છે.

૨. કાર્મુક, ધન્વન્ (૨-ન.), ચાપ, ધર્મ, કોદંડક, ધનુષ્ (૪-પું.ન.) આ ધનુષ્યના પર્યાય છે.

૩. **શિલીમુખ** વગેરે **બાણવાચક** શબ્દોની પાછળ **आसन** શબ્દ જોડવાથી ધનુષ્યનાં નામ બને છે; જેમ કે, शिलीमुखासनः, शरासनः (૨-પું.) ધનુષ્યના અગ્રભાગને અટની કહે છે. ॥ ૭૮-૭૯ ॥

## પુષ્પના પર્યાય અને કામદેવનાં નામ બનાવવાની રીત

**पुष्पं सुमनसः फुल्लं, लतान्तं प्रसवोद्गमौ ।**
**प्रसूनं कुसुमं ज्ञेयं, तदाद्यस्त्रशरः स्मरः ॥ ८० ॥**

૧. પુષ્પ (પું.ન.), સુમનસ્ (સ્ત્રી.બ.વ.), ફુલ્લ, લતાન્ત (૨-ન.), પ્રસવ, ઉદ્ગમ (૨-પું.), પ્રસૂન (ન.), કુસુમ (પું.ન.) આ પુષ્પના પર્યાય છે.

૨. **પુષ્પવાચક** શબ્દોની પાછળ **अस्त्र** કે **शर** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, पुष्पास्त्रः, पुष्पशरः (૨-પું.) ॥ ૮૦ ॥

## મનના પર્યાય અને કામદેવનાં નામ બનાવવાની રીત

**स्वान्तमास्वनितं चित्तं, चेतोऽन्तःकरणं मनः ।**
**हृदयं विशिखाऽऽकूतं, मारस्तत्रोद्भवो मतः ॥ ८१ ॥**

૧. સ્વાન્ત, આસ્વનિત, ચિત્ત, ચેતસ્, અન્તઃકરણ, મનસ્, હૃદય, વિશિખ, આકૂત (૯-ન.) આ મનના પર્યાય છે.

૨. **મનવાચક** શબ્દોની પાછળ **उद्भव** શબ્દ જોડવાથી માર એટલે કામદેવનાં નામ બને છે; જેમ કે, स्वान्तोद्भवः, आस्वनितोद्भवः (૨-પું.) ॥ ૮૧ ॥

### ધનુષ્યની દોરી અને ભમરાના પર્યાય

**मौर्वी जीवा गुणो गव्या, ज्याऽलिर्भृङ्गः शिलीमुखः ।**
**भ्रमरः षट्पदो ज्ञेयो, द्विरेफश्च मधुव्रतः ॥ ८२ ॥**

૧. મૌર્વી, જીવા (૨-સ્ત્રી.), ગુણ (પું.), ગવ્યા (સ્ત્રી. ન.), જ્યા (સ્ત્રી.) આ ધનુષ્યની દોરી-પણછના પર્યાય છે.

૨. અલિ, ભૃંગ, શિલીમુખ, ભ્રમર, ષટ્પદ, દ્વિરેફ, મધુવ્રત (૭-પું.) આ ભમરાના પર્યાય છે. ॥ ૮૨ ॥

### કામદેવના ધનુષ્યનાં નામ બનાવવાની રીત, શસ્ત્રના પર્યાય અને કામદેવનાં નામ બનાવવાની રીત

**मौर्व्यादिप्रान्तमल्यादि, कन्दर्पस्यैक्षवं धनुः ।**
**हेतिरस्त्राऽऽयुधं शस्त्रं, पुष्पाद्यस्त्रः स्मरो मतः ॥ ८३ ॥**

૧. 'अलि' વગેરે **ભમરાવાચક** શબ્દોની પાછળ '**मौर्वी**' વગેરે **ધનુષ્યની દોરીવાચક** શબ્દો જોડવાથી કામદેવના '**ઐક્ષવ**' એટલે શેરડીના બનેલાં ધનુષ્યનાં નામ બને છે; જેમ કે, अलिमौर्वीकम्, भृङ्गमौर्वीकम्, षट्पदजीवकम्, शिलीमुखजीवकम्, मधुव्रतगुणकम् (૫-ન.)

(નોંધ : આવા શબ્દોને રૂપાખ્યાનની સરળતા માટે અંતમાં સ્વાર્થે **क** પ્રત્યય લગાડાય છે.)

૨. હેતિ (સ્ત્રી.), અસ્ત્ર (ન.), આયુધ (પું. ન.), શસ્ત્ર (ન. સ્ત્રી.) આ શસ્ત્રના પર્યાય છે.

૩. **શસ્ત્રવાચક** શબ્દોની પૂર્વે **પુષ્પવાચક** શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, पुष्पहेतिः, प्रसूनास्त्रः, कुसुमायुधः (૩-પું.) ॥ ૮૩ ॥

### ધ્વજના પર્યાય અને કામદેવનાં નામ બનાવવાની રીત

**ध्वजं पताका केतुश्च, चिह्नं तद्वैजयन्त्यपि ।**
**तत्तदन्तो झषाद्यादिः, शम्भोर्विघ्नकरः स्मरः ॥ ८४ ॥**

૧. ધ્વજ (પું. ન.), પતાકા (સ્ત્રી.), કેતુ (પું.), ચિહ્ન (ન.), વૈજયન્તી (સ્ત્રી.) આ ધ્વજના પર્યાય છે.

૨. **ધ્વજવાચક** શબ્દોની પૂર્વે **મત્સ્યવાચક** શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, झषध्वजः, शफरपताकः, मीनकेतुः, षडक्षीणचिह्नः, पाठीनवैजयन्तिः (૫-પું.)

૩. **શંકરવાચક** શબ્દોની પાછળ **विघ्नकर** શબ્દ જોડવાથી સ્મર એટલે કામદેવનાં નામ બને છે; જેમ કે, हरविघ्नकरः, शम्भुविघ्नकरः (૨-પું.) ॥ ૮૪ ॥

**તરવારના પર્યાય**

**कौक्षेयकोऽसिर्निस्त्रिंशः, कृपाणः करवालकः ।**
**तरवारिर्मण्डलाग्रं, खड्गनामावलिं विदुः ॥ ८५ ॥**

૧. કૌક્ષેયક, અસિ, નિસ્ત્રિંશ, કૃપાણ, કરવાલક, તરવારિ, મંડલાગ્ર (૭-પું.) આ ખડ્ગ(તરવાર)ના પર્યાય છે. ॥ ૮૫ ॥

**સેનાના પર્યાય**

**अक्षौहिणी बलाऽनीकं, वाहिनी साधनं चमूः ।**
**ध्वजिनी पृतना सेना, सैन्यं दण्डो वरूथिनी ॥ ८६ ॥**

૧. અક્ષૌહિણી (સ્ત્રી.), બલ (ન.), અનીક (પું.ન.), વાહિની (સ્ત્રી.), સાધન (ન.), ચમૂ, ધ્વજિની, પૃતના, સેના (૪-સ્ત્રી.), સૈન્ય (ન.), દંડ (પું.ન.), વરૂથિની (સ્ત્રી.) આ સેનાના પર્યાય છે. ॥ ૮૬ ॥

**યુદ્ધના પર્યાય**

**कदनं समरं युद्धं, संयुगं कलहं रणम् ।**
**संग्रामं संपरायाऽऽजी, संयदाहुर्महाहवम् ॥ ८७ ॥**

૧. કદન (ન.), સમર (પું.ન.), યુદ્ધ (ન.), સંયુગ (પું.ન.), કલહ (પું.), રણ (પું.ન.), સંગ્રામ (પું.), સંપરાય (પું.ન.), આજિ (સ્ત્રી.), સંયત્ (સ્ત્રી.ન.), મહાહવ (પું.) આ યુદ્ધના પર્યાય છે. ॥ ૮૭ ॥

**હાથીના પર્યાય અને મહાવતનાં નામ બનાવવાની રીત**

**गजो मतङ्गजो हस्ती, वारणोऽनेकपः करी ।**
**दन्ती स्तम्बेरमः कुम्भी, द्विरदेभ-मतङ्गमाः ॥ ८८ ॥**

**शुण्डालः सामजो नागो, मातङ्गः पुष्करी द्विपः ।**
**करेणुः सिन्धुरस्तेषु, यन्ता याता निषाद्यपि ॥ ८९ ॥**

૧. ગજ, મતંગજ, હસ્તિન્, વારણ, અનેકપ, કરિન્, દન્તિન્, સ્તમ્બેરમ, કુમ્ભિન્, દ્વિરદ, ઇભ, મતંગમ, શુંડાલ, સામજ, નાગ, માતંગ, પુષ્કરિન્, દ્વિપ, કરેણુ, સિન્ધુર (૨૦-પું.) આ હાથીના પર્યાય છે.

૨. **હસ્તિવાચક** શબ્દોની પાછળ **यन्तृ** કે **यातृ** શબ્દ જોડવાથી નિષાદિન્ એટલે મહાવતનાં નામ બને છે; જેમ કે, गजयन्ता 'तृ', गजयाता 'तृ', हस्तियन्ता 'तृ', हस्तियाता 'तृ' (૪-પું.) ॥ ૮૮-૮૯ ॥

**સિંહનાં નામ બનાવવાની રીત તથા સિંહ, વાઘ અને અષ્ટાપદ પ્રાણીના પર્યાય**

**नागाद्यरिः कण्ठीरवो, मृगेन्द्रः केसरी हरिः ।**
**व्याघ्रश्चमूरुः शार्दूलः, शरभोऽष्टापदोऽष्टपात् ॥ ९० ॥**

૧. **હસ્તિવાચક** શબ્દોની પાછળ **अरि** શબ્દ જોડવાથી સિંહનાં નામ બને છે; જેમ કે, नागारिः, गजारिः, इभारिः (૩-પું.)

૨. તથા કંઠીરવ, મૃગેન્દ્ર, કેસરિન્, હરિ (૪-પું.) આ સિંહના પર્યાય છે.

૩. વ્યાઘ્ર, ચમૂરુ, શાર્દૂલ (૩-પું.) આ વાઘના પર્યાય છે.

૪. શરભ, અષ્ટાપદ, અષ્ટપાદ્ (૩-પું.) આ અષ્ટાપદ પ્રાણીના પર્યાય છે. (જે સિંહ કરતાં પણ વધારે બળવાન હોય છે.) ॥ ૯૦ ॥

ડુક્કર(ભૂંડ) અને ઊંટના પર્યાય

**क्रोडो वराहो दंष्ट्री च, घृष्टिः पोत्री च शूकरः ।**
**उष्ट्रो मयः शृङ्खलकः, करभः शीघ्रगामुकः ॥ ९१ ॥**

૧. ક્રોડ, વરાહ, દંષ્ટ્રિન્, ઘૃષ્ટિ, પોત્રિન્, શૂકર (૬-પું.) આ ડુક્કરના પર્યાય છે.

૨. ઉષ્ટ્ર, મય, શૃંખલક, કરભ, શીઘ્રગામુક (૫-પું.) આ ઊંટના પર્યાય છે. ॥ ૯૧ ॥

કૂતરાના પર્યાય

**कौलेयकः सारमेयो, मण्डलः श्वा पुरोगतिः ।**
**जिह्वापो ग्रामशार्दूलः, कुक्कुरो रात्रिजागरः ॥ ९२ ॥**

૧. કૌલેયક, સારમેય, મંડલ, શ્વન્, પુરોગતિ, જિહ્વાપ, ગ્રામશાર્દૂલ, કુક્કુર, રાત્રિજાગર (૯-પું.) આ કૂતરાના પર્યાય છે. ॥ ૯૨ ॥

સોનું, રૂપું અને મોતીના પર્યાય

**हेम चाऽष्टापदं स्वर्णं, कनकाऽर्जुनकाञ्चनम् ।**
**सुवर्णं हिरण्यं भर्म, जातरूपं च हाटकम् ॥ ९३ ॥**
**तपनीयं कलधौतं, कार्तस्वरं शिलोद्भवम् ।**
**रूप्यं रजतं गुलिका, शुक्तिजं मौक्तिकं तथा ॥ ९४ ॥**

૧. હેમન્ (ન.), અષ્ટાપદ, સ્વર્ણ (૨-પું.ન.), કનક, અર્જુન, કાંચન (૩-ન.), સુવર્ણ, હિરણ્ય (૨-પું.ન.), ભર્મન્, જાતરૂપ (૨-ન.), હાટક (પું.ન.), તપનીય, કલધૌત, કાર્તસ્વર, શિલોદ્ભવ (૪-ન.) આ સોનાના પર્યાય છે.

૨. રૂપ્ય, રજત (૨-ન.), ગુલિકા (સ્ત્રી.) આ રૂપાના પર્યાય છે.

૩. શુક્તિજ, મૌક્તિક (૨-ન.) આ મોતીના પર્યાય છે. ॥ ૯૩-૯૪ ॥

ધનના પર્યાય, કુબેરનાં નામ બનાવવાની રીત અને કુબેરના પર્યાય

**वित्तं वस्तु वसु द्रव्यं, स्वार्थं रा द्रविणं धनम् ।**
**कस्वरं तत्पतिं प्राहुः, कुबेरं चैकपिङ्गलम् ॥ ९५ ॥**

**वैश्रवणं राजराज - मुत्तराशापतिं तथा ।**
**अलकानिलयं श्रीदं, धनपर्यायदायकम् ॥ ९६ ॥**

૧. વિત્ત, વસ્તુ, વસુ, દ્રવ્ય (૪-ન.), સ્વ (પું.ન.), અર્થ (પું.), રૈ (પું.સ્ત્રી.), દ્રવિણ, ધન, કસ્વર (૩-ન.) આ ધનના પર્યાય છે.

૨. **ધનવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી કુબેરનાં નામ બને છે; જેમ કે, वित्तपतिः, वस्तुपतिः, वसुपतिः, धनपतिः (૪-પું.) તથા કુબેર, એકપિંગલ, વૈશ્રવણ, રાજરાજ, ઉત્તરાશાપતિ, અલકાનિલય, શ્રીદ (૭-પું.) આ કુબેરના પર્યાય છે.

૩. તથા **ધનવાચક** શબ્દોની પાછળ **दाय** કે **द** શબ્દ જોડવાથી પણ કુબેરનાં નામ બને છે; જેમ કે, वित्तदायः, वित्तदः, धनदायः, धनदः (૪-પું.) ॥ ૯૫-૯૬ ॥

## દેશ અને નગરના પર્યાય

**राष्ट्रं जनपदो निर्गो, जनान्तो विषयः स्मृतः ।**
**पूः पुरं पुरी नगरी, पत्तनं पुटभेदनम् ॥ ९७ ॥**

૧. રાષ્ટ્ર (ન.), જનપદ, નિર્ગ, જનાન્ત, વિષય (૪-પું.) આ દેશના પર્યાય છે.

૨. પુર્ (સ્ત્રી.), પુર (ન.), પુરી, નગરી (૨-સ્ત્રી.), પત્તન, પુટભેદન (૨-ન.) આ નગરના પર્યાય છે. ॥ ૯૭ ॥

## મુખ અને કાનના પર્યાય

**वक्त्रं लपनमास्यं च, वदनं मुखमाननम् ।**
**श्रवणं श्रोत्रं श्रवश्चापि, कर्णं चैव श्रुतिं विदुः ॥ ९८ ॥**

૧. વક્ત્ર, લપન, આસ્ય, વદન (૪-ન.), મુખ (પું.ન.), આનન (ન.) આ મુખના પર્યાય છે.

૨. શ્રવણ, શ્રોત્ર, શ્રવસ્ (૩-ન.), કર્ણ (પું.), શ્રુતિ (સ્ત્રી.) આ કાનના પર્યાય છે. ॥ ૯૮ ॥

**આંખ અને એના વિકારના પર્યાય**

**दृगक्षि चक्षुर्नयनं, दृष्टिर्नेत्रं विलोचनम् ।**
**कटाक्षं केकराऽपाङ्गं, विभ्रमस्तस्य वैकृतम् ॥ ९९ ॥**

૧. દશ્ (સ્ત્રી.), અક્ષિ, ચક્ષુષ્, નયન (૩-ન.), દષ્ટિ (સ્ત્રી.), નેત્ર, વિલોચન (૨-ન.) આ આંખના પર્યાય છે.

૨. કટાક્ષ, કેકર, અપાંગ, વિભ્રમ (૪-પું.) આ શબ્દો 'વૈકૃત' એટલે આંખના વિવિધ વિકારો બતાવનારા છે. ॥ ૯૯ ॥

**ભુજા, હાથ, ખભો અને આંગળીના પર્યાય**

**दोर्दोषा च भुजो बाहुः, पाणिर्हस्तः करस्तथा ।**
**प्राहुर्बाहुशिरोंऽसं च, हस्तशाखा कराङ्गुलिः ॥ १०० ॥**

૧. દોસ્ (પું.ન.), દોષા (સ્ત્રી.), ભુજ, બાહુ (૨-પું.) આ ભુજાના પર્યાય છે.

૨. પાણિ, હસ્ત, કર (૩-પું.) આ હાથના પર્યાય છે.

૩. બાહુશિરસ્ (ન.), અંસ (પું.) આ ખભાના પર્યાય છે.

૪. હસ્તશાખા, કરાંગુલિ (૨-સ્ત્રી.) આ હાથની આંગળીના પર્યાય છે. ॥ ૧૦૦ ॥

**ઓષ્ઠ અને ગળાના પર્યાય**

**दन्तवासोऽधरोऽप्योष्ठो, वर्णितो दशनच्छदः ।**
**शिरोधरा गलो ग्रीवा, कण्ठश्च धमनी धमः ॥ १०१ ॥**

૧. દન્તવાસ, અધર, ઓષ્ઠ, દશનચ્છદ (૪-પું.) આ ઓષ્ઠના પર્યાય છે.

૨. શિરોધરા (સ્ત્રી.), ગલ (પું.), ગ્રીવા (સ્ત્રી.), કંઠ (પું.), ધમની (સ્ત્રી.), ધમ (પું.) આ ગળાના પર્યાય છે. ॥ ૧૦૧ ॥

**નાક, છાતી, પેટ અને સ્તનના પર્યાય**

**नासा घ्राणमुरो वक्षः कुक्षिः स्याज्जठरोदरम् ।**
**स्तनः पयोधरः कुचो, वक्षोज इति वर्णितः ॥ १०२ ॥**

૧. નાસા (સ્ત્રી.), ઘ્રાણ (ન.) આ નાકના પર્યાય છે.

૨. ઉરસ્, વક્ષસ્ (૨-ન.) આ છાતીના પર્યાય છે.

૩. કુક્ષિ (પું.સ્ત્રી.), જઠર, ઉદર (૨-પું.ન.) આ પેટના પર્યાય છે.

૪. સ્તન, પયોધર, કુચ, વક્ષોજ (૪-પું.) આ સ્તનના પર્યાય છે. ॥ ૧૦૨ ॥

**કેડ, ગોઠણ અને પગના પર્યાય**

**कटिर्नितम्बः श्रोणिश्च, जघनं जानु जह्नु च ।**
**चलनं चरणं पादं, क्रमोऽङ्घ्रिश्च पदं विदुः ॥ १०३ ॥**

૧. કટિ (સ્ત્રી.), નિતમ્બ (પું.), શ્રોણિ (સ્ત્રી.), જઘન (ન.) આ કૂલા(થાપા)ના પર્યાય છે.

૨. જાનુ (પું. ન.), જહ્નુ (ન.) આ ગોઠણ-ઘૂંટણના પર્યાય છે.

૩. ચલન, ચરણ (૨-પું. ન.), પાદ, ક્રમ, અંઘ્રિ, પદ્ (૪-પું.) [અથવા પદ (ન.)] આ પગના પર્યાય છે. ॥ ૧૦૩ ॥

**મસ્તક, પ્રેરણા કરાયેલ અને વાણીના પર્યાય**

**शिरो मूर्धोत्तमाङ्गं कं, प्रारभ्यं प्रेरितेरितम् ।**
**वाग् वचो वचनं वाणी, भारती गीः सरस्वती ॥ १०४ ॥**

૧. શિરસ્ (ન.), મૂર્ધન્ (પું.), ઉત્તમાંગ, ક (૨-ન.) આ મસ્તકના પર્યાય છે.

૨. પ્રારભ્ય, પ્રેરિત, ઈરિત (ત્રિ.) આ પ્રેરણા કરાયેલના પર્યાય છે.

૩. વાચ્ (સ્ત્રી.), વચસ્, વચન (૨-ન.), વાણી, ભારતી, ગિર્, સરસ્વતી (૪-સ્ત્રી.) આ વાણી-ગિરાના પર્યાય છે. ॥ ૧૦૪ ॥

### સિંહ, હાથી વગેરેના અવાજના પર્યાય

**सिंहद्विपघने गर्जो, हेषाऽश्वे बृंहितं गजे ।**
**स्फीत्कृतं धेनुकलभे, स्तनितं जलदे तथा ॥ १०५ ॥**

૧. સિંહ, હાથી અને મેઘના અવાજને **'ગર્જ'**(ગર્જના) (પું.) કહે છે.
૨. ઘોડાના હણહણાટને **'હેષા'** (સ્ત્રી.) કહે છે.
૩. હાથીના અવાજને **'બૃંહિત'** (ન.) પણ કહે છે.
૪. ગાય અને હાથીના બચ્ચાના અવાજને **'સ્ફીત્કૃત'** (ન.) કહે છે.
૫. તેમ જ મેઘની ગર્જનાને **'સ્તનિત'** (ન.) કહે છે. ॥ ૧૦૫ ॥

### રથ વગેરેના અવાજના પર્યાય

**स्यन्दने चीत्कृतं मन्त्रे, भटे च हुङ्कृतम् तथा ।**
**सीत्कृतं मणितं कामे, खन्कृतं शृङ्खलाऽऽयुधे ॥ १०६ ॥**

૧. રથના અવાજને **'ચીત્કૃત'**(ચીત્કાર) (ન.) કહે છે.
૨. મન્ત્ર અને સુભટના અવાજને **'હુંકૃત'**(હુંકાર) (ન.) કહે છે.
૩. મૈથુનના અવાજને **'સીત્કૃત'**(સીત્કાર) અને **'મણિત'** (૨-ન.) કહે છે.
૪. સાંકળ અને શસ્ત્રના ખણખણાટને **'ખન્કૃત'**(ખણકાર) (ન.) કહે છે. ॥ ૧૦૬ ॥

### ઝાંઝરના પર્યાય તથા ઝાંઝર, વાયુ વગેરેના અવાજના પર્યાય

**मञ्जीरकं तुलाकोटि-र्नूपुरं तत्र झङ्कृतम् ।**
**झाङ्कृतं चाथ मरुति, क्रेङ्कृतं क्रौञ्चहंसयोः ॥ १०७ ॥**

૧. મંજીરક (ન.), તુલાકોટિ, નૂપુર (૨-પું.ન.) આ ઝાંઝરના પર્યાય છે.
૨. ઝાંઝરના ઝણકારને **'ઝંકૃત'** (ઝંકાર) (ન.) કહે છે.
૩. વાયુના અવાજને **'ઝાંકૃત'**(ઝાંકાર) (ન.) કહે છે.
૪. ક્રૌંચ અને હંસ પક્ષીના અવાજને **'ક્રેંકૃત'**(ક્રેંકાર) (ન.) કહે છે. ॥ ૧૦૭ ॥

## પરિચિત અને મૃત્યુ પામેલાના પર્યાય

**प्रतीतं संस्तुतं लब्धं, दृष्टं परिचितं स्मृतम् ।**
**संस्थितं दशमीस्थं च, परासुं च मृतं विदुः ॥ १०८ ॥**

૧. પ્રતીત, સંસ્તુત, લબ્ધ, દૃષ્ટ, પરિચિત, સ્મૃત (૬-ત્રિ.) આ પરિચિતના પર્યાય છે.

૨. **સંસ્થિત = દશમીસ્થ** (નેવુથી સો વર્ષ સુધીના આયુષ્યમાં રહેલ), **પરાસુ** (= જેના પ્રાણ ચાલ્યા ગયા છે), મૃત (૪-ત્રિ.) આ ચાર **'મૃત્યુ પામેલ'** એવા અર્થને બતાવનાર છે. ॥ ૧૦૮ ॥

## ક્રોધ અને હર્ષના પર્યાય

**खेदो द्वेषोऽप्यमर्षश्च, रुट् कोपक्रोधमन्यवः ।**
**हर्षः प्रमोदः प्रमदो, मुत्तोषाऽऽनन्द उत्सवः ॥ १०९ ॥**

૧. ખેદ, દ્વેષ, અમર્ષ (૩-પું.), રુષ્ (સ્ત્રી.), કોપ, ક્રોધ, મન્યુ (૩-પું.) આ ક્રોધના પર્યાય છે.

૨. હર્ષ, પ્રમોદ, પ્રમદ (૩-પું.), મુદ્ (સ્ત્રી.), તોષ, આનંદ, ઉત્સવ (૩-પું.) આ હર્ષના પર્યાય છે. ॥ ૧૦૯ ॥

## દયા અને બુદ્ધિના પર્યાય

**कृपाऽनुकम्पाऽनुक्रोशो हन्तोक्तिः करुणा दया ।**
**शेमुषी धिषणा प्रज्ञा, मनीषा धीस्तथाऽऽशयः ॥ ११० ॥**

૧. કૃપા, અનુકમ્પા (૨-સ્ત્રી.), અનુક્રોશ (પું.), હન્તોક્તિ (અરેરે! એવી ઉક્તિ), કરુણા, દયા (૩-સ્ત્રી.) આ દયાના પર્યાય છે.

૨. શેમુષી, ધિષણા, પ્રજ્ઞા, મનીષા, ધી (૫-સ્ત્રી.), આશય (પું.) આ બુદ્ધિના પર્યાય છે. ॥ ૧૧૦ ॥

**પંડિતનાં નામ બનાવવાની રીત અને પંડિતના પર્યાય**

**प्राज्ञो मेधादिमान् विद्वा-नभिरूपो विचक्षणः ।**
**पण्डितः सूरिराचार्यो, वाग्मी नैयायिकः स्मृतः ॥ १११ ॥**

૧. પ્રાજ્ઞ (પું.)=પંડિત તથા **બુદ્ધિવાચક** શબ્દોને **મત્વર્થક પ્રત્યયો** જોડવાથી પંડિતનાં નામ બને છે; જેમ કે, **बुद्धिमान्** 'मत्', **धीमान्** 'मत्', **प्रज्ञावान्** 'वत्', **मनीषी** 'इन्' (૪-પું.)

૨. તથા વિદ્વસ્, અભિરૂપ, વિચક્ષણ, પંડિત, સૂરિ, આચાર્ય, વાગ્મિન્, નૈયાયિક (૮-પું.) આ પંડિતના પર્યાય છે. ॥ ૧૧૧ ॥

**સભાજનના પર્યાય, રાજાનાં નામ બનાવવાની રીત અને રાજયજ્ઞના પર્યાય**

**पारिषद्यो बुधः सभ्यः, सदस्यः सन् सभोचितः ।**
**आस्थानाधिपती राजा, राजसूयो नृपक्रतुः ॥ ११२ ॥**

૧. પારિષદ્ય, બુધ, સભ્ય, સદસ્ય, સત્, સભોચિત (૬-પું.) આ સભાજનના પર્યાય છે.

૨. **સભાવાચક** શબ્દોની પાછળ **पति** કે **अधिपति** શબ્દ જોડવાથી રાજાનાં નામ બને છે; જેમ કે, परिषत्पतिः, परिषदधिपतिः, *सभापतिः, सभाधिपतिः, आस्थानपतिः, आस्थानाधिपतिः (૬-પું.)*

૩. રાજસૂય, નૃપક્રતુ (૨-પું.) આ રાજયજ્ઞના પર્યાય છે. ॥ ૧૧૨ ॥

**આસન અને જગતના પર્યાય તથા શ્રીજિનેશ્વરદેવનાં નામ બનાવવાની રીત**

**विष्टरं मल्लिकां पीठ-मासन्दीमासनं विदुः ।**
**विष्टपं भुवनं लोको, जगत्तस्य पतिर्जिनः ॥ ११३ ॥**

૧. વિષ્ટર (પું.ન.), મલ્લિકા (સ્ત્રી.), પીઠ (ન.), આસન્દી (સ્ત્રી.), આસન (ન.) આ આસનના પર્યાય છે.

૨. વિષ્ટપ, ભુવન (૨-ન.), લોક (પું.), જગત્ (ન.) આ જગતના પર્યાય છે.

૩. **જગતવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી શ્રીજિનેશ્વરદેવનાં નામ બને છે; જેમ કે, विष्टपपतिः, जगत्पतिः (૨-પું.) ॥ ૧૧૩ ॥

**શ્રીજિનેશ્વરદેવના પર્યાય**

**सर्वज्ञो वीतरागोऽर्हन् केवली धर्मचक्रभृत् ।**
**तीर्थङ्करस्तीर्थकर-स्तीर्थकृद् दिव्यवाक्पतिः ॥ ११४ ॥**

૧. સર્વજ્ઞ, વીતરાગ, અર્હત્, કેવલિન્, ધર્મચક્રભૃત્, તીર્થંકર, તીર્થકર, તીર્થકૃત્, દિવ્યવાક્પતિ (૯-પું.) આ શ્રીજિનેશ્વરદેવના પર્યાય છે. ॥ ૧૧૪ ॥

**શ્રીઆદિનાથ ભગવાનના પર્યાય**

**वर्षीयान् वृषभो ज्यायान्, पुरुषाद्यः प्रजापतिः ।**
**ऐक्ष्वाकः काश्यपो ब्रह्मा, गौतमो नाभिजोऽग्रजः ॥ ११५ ॥**

૧. વર્ષીયસ્, વૃષભ, જ્યાયસ્, પુરુષાદ્ય, પ્રજાપતિ, ઐક્ષ્વાક, કાશ્યપ, બ્રહ્મન્, ગૌતમ, નાભિજ, અગ્રજ (૧૧-પું.) આ શ્રીઆદિનાથ ભગવાનના પર્યાય છે. ॥ ૧૧૫ ॥

**ચરમતીર્થપતિ શ્રીમહાવીરસ્વામી ભગવાનના પર્યાય**

**सन्मतिर्महतिर्वीरो, महावीरोऽन्त्यकाश्यपः ।**
**ज्ञातान्वयो वर्धमानो, यत्तीर्थमिह साम्प्रतम् ॥ ११६ ॥**

૧. સન્મતિ, મહતિ, વીર, મહાવીર, અન્ત્યકાશ્યપ, જ્ઞાતાન્વય, વર્ધમાન (૭-પું.) આ શ્રીમહાવીરસ્વામી ભગવાનના પર્યાય છે, કે જેમનું તીર્થ-શાસન અહીં ભરતક્ષેત્રમાં પ્રવર્તે છે. ॥ ૧૧૬ ॥

**વસ્ત્રના પર્યાય અને શ્રીઋષભદેવ ભગવાનનાં નામ બનાવવાની રીત**

**चेलं निवसनं वास-श्चीरमम्बरमंशुकम् ।**
**वस्त्राद्यन्तदिगाद्यादि-संज्ञितो वृषभेश्वरः ॥ ११७ ॥**

૧. ચેલ, નિવસન, વાસસ્, ચીર, અમ્બર, અંશુક (૬-ન.) આ વસ્ત્રના પર્યાય છે.

૨. **વસ્ત્રવાચક** શબ્દોની પૂર્વે **દિશાવાચક** શબ્દો જોડવાથી વૃષભેશ્વર એટલે શ્રીઋષભદેવ પ્રભુનાં (અથવા દિગમ્બરનાં) નામ બને છે; જેમ કે, दिगम्बरः, दिक्चेलः, हरिन्निवसनः, ककुब्वासाः 'असु', आशांशुकः (૫-પું.) ॥ ૧૧૭ ॥

### કેસર, કસ્તૂરી અને કપૂરના પર્યાય

**कुङ्कुमं रुधिरं रक्तं, कस्तूरी मृगनाभिजा ।**
**कर्पूरं घनसारं च, हिमं सेवेत पुण्यवान् ॥ ११८ ॥**

૧. કુંકુમ, રુધિર, રક્ત (૩-ન.) આ કેસરના પર્યાય છે.

૨. કસ્તૂરી, મૃગનાભિજા (૨-સ્ત્રી.) આ કસ્તૂરીના પર્યાય છે.

૩. કર્પૂર (પું.ન.), ઘનસાર, હિમ (૨-પું.) આ કપૂરના પર્યાય છે, એનું સેવન પુણ્યશાળી કરે છે. ॥ ૧૧૮ ॥

### વિલેપન, અલંકાર અને પુષ્પની માળાના પર્યાય

**समालम्भोऽङ्गरागश्च, प्रसाधनविलेपनम् ।**
**भूषणाऽऽभरणं रुच्यं, माल्यं मालागुणस्रजः ॥ ११९ ॥**

૧. સમાલમ્ભ, અંગરાગ (૨-પું.), પ્રસાધન, વિલેપન (૨-ન.) આ વિલેપનના પર્યાય છે.

૨. ભૂષણ, આભરણ, રુચ્ય (૩-ન.) આ અંલકારના પર્યાય છે.

૩. માલ્ય (ન.), માલા (સ્ત્રી.), ગુણ (પું.), સ્રજ્ (સ્ત્રી.) આ ગળામાં પહેરવાની માળાના પર્યાય છે. ॥ ૧૧૯ ॥

### કંદોરાના પર્યાય અને કંદોરાનાં નામ બનાવવાની રીત

**मेखला रसना काञ्ची, हेमपर्यायसूत्रकम् ।**
**श्रोणीबिम्बं कटिसूत्रं, मानसूत्रमिवाहितम् ॥ १२० ॥**

૧. મેખલા, રસના, કાંચી (૩-સ્ત્રી.) આ કંદોરાના પર્યાય છે.

૨. તથા **સુવર્ણવાચક** શબ્દોની પાછળ **सूत्र** શબ્દ જોડવાથી કંદોરાનાં નામ બને છે; જેમ કે, हेमसूत्रम्, स्वर्णसूत्रम्, सुवर्णसूत्रम्, कनकसूत्रम् (૪-ન.) (સોનાનો કંદોરો) તથા શ્રોણીબિંબ, કટિસૂત્ર (૨-ન.) આ પણ કંદોરાના પર્યાય છે. એ કંદોરો કેડમાં એવી રીતે શોભે છે કે જાણે કેડને માપવાનો દોરો જ ન હોય ! ॥ ૧૨૦ ॥

**મદિરાના પર્યાય**

**मदिरां मद्यमैरेयं, सीधुं कादम्बरीमिराम् ।**
**प्रसन्नां वारुणीं हालां, मधुवारां सुरां विदुः ॥ १२१ ॥**

૧. મદિરા (સ્ત્રી.), મદ્ય (ન.), મૈરેય, સીધુ (૨-પું.ન.), કાદમ્બરી, ઈરા, પ્રસન્ના, વારુણી, હાલા, મધુવારા, સુરા (૭-સ્ત્રી.) આ મદિરા-દારૂના પર્યાય છે. ॥ ૧૨૧ ॥

**મદિરા, મદિરા બનાવનાર અને મદિરા પીનારના પર્યાય**

**शुण्डाऽऽसवस्तद्विधायी, शौण्डो गद्येत मद्यपः ।**
**शक्तोऽक्षद्यूतपानेषु, विचित्रा शब्दपद्धतिः ॥ १२२ ॥**

૧. શુંડા (સ્ત્રી.) અને આસવ (પું.) આ બે મદિરાના પર્યાય છે. મદિરા બનાવનારને 'શૌંડ' કહેવાય છે. પાસા ખેલવામાં, જુગાર રમવામાં અને મદિરાપાનમાં કુશળ એવા મદ્યપને(દારૂડિયાને) પણ 'શૌંડ' કહે છે. આમ 'શૌંડ'ના ભિન્નભિન્ન અર્થ હોવાથી શબ્દ-પદ્ધતિ(રીત) વિચિત્ર છે. ॥ ૧૨૨ ॥

**ઘી, દૂધ અને છાશના પર્યાય**

**सर्पिर्हैयङ्गवीनाज्यं, दुग्धं क्षीराऽमृतं पयः ।**
**उदश्विन्मथितं तक्रं, कालशेयं पिबेद् गुरुः ॥ १२३ ॥**

૧. સર્પિસ્, હૈયંગવીન, આજ્ય (૩-ન.) આ ઘીના પર્યાય છે.

૨. દુગ્ધ (ન.), ક્ષીર (પું.ન.), અમૃત, પયસ્ (૨-ન.) આ દૂધના પર્યાય છે.

૩. ઉદશ્વિત્, મથિત, તક્ર, કાલશેય (૪-ન.) આ છાશના પર્યાય છે. મેદવાળા માણસે છાશ પીવી જોઈએ. ॥ ૧૨૩ ॥

**અવસ્થા, યુવાન, યુવાની અને વૃદ્ધના પર્યાય**

**प्रायो वयो दशाऽनेहा, पूर्णं यौवनकं विदुः ।**
**तारुण्यं यौवनं चान्त्यो, वार्द्धीनः स्थविरो मतः ॥ १२४ ॥**

૧. પ્રાયસ્, વયસ્ (૨-ન.), દશા (સ્ત્રી.), અનેહા (પું.), પૂર્ણ, યૌવનક, તારુણ્ય અને યૌવન (૪-ન.) આ આઠ શબ્દો **'તરુણપણું'**(યૌવન) અર્થને બતાવનારા છે.

૨. અન્ત્ય, વાર્દ્ધીન, સ્થવિર (૩-પું.) આ વૃદ્ધ પુરુષના પર્યાય છે. ॥ ૧૨૪ ॥

**વંશ-કુળના પર્યાય**

**वंशोऽन्वयोऽन्ववायः स्या-दाम्नायः सन्ततिः कुलम् ।**
**ओघो वर्गश्च सन्तानः, काव्यमेव कवेः स्थितिः ॥ १२५ ॥**

૧. વંશ, અન્વય, અન્વવાય, આમ્નાય (૪-પું.), સન્તતિ (સ્ત્રી.), કુલ (ન.), ઓઘ, વર્ગ, સન્તાન (૩-પું.) આ વંશ અથવા કુળના પર્યાય છે. કાવ્ય (ન.) અને કવિસ્થિતિ (સ્ત્રી.) આ બે શબ્દો 'કવિતા' અર્થ બતાવનાર છે. ॥ ૧૨૫ ॥

**હંસના પર્યાય, બ્રહ્માનાં નામ બનાવવાની રીત તથા હંસી અને વરુના પર્યાય**

**हंसो मरालश्चक्राङ्गो, हंसवाहः सनातनः ।**
**वरटा वारला हंसी, कोक ईहामृगो वृकः ॥ १२६ ॥**

૧. હંસ, મરાલ, ચક્રાંગ (૩-પું.) આ હંસના પર્યાય છે.

૨. હંસવાચક શબ્દોની પાછળ **वाह** શબ્દ જોડવાથી સનાતન એટલે બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, हंसवाहः, मरालवाहः (૨-પું.)

૩. વરટા, વારલા, હંસી (૩-સ્ત્રી.) આ હંસીના પર્યાય છે.

૪. કોક, ઈહામૃગ, વૃક (૩-પું.) આ વરુના પર્યાય છે. ॥ ૧૨૬ ॥

**મોરના પર્યાય અને કાર્તિકસ્વામીનાં નામ બનાવવાની રીત**

**मयूरो बर्हिणः केकी, शिखी प्रावृषिकस्तथा ।**
**नीलकण्ठः कलापी च, शिखण्डी तत्पतिर्गुहः ॥ १२७ ॥**

૧. મયૂર, બર્હિણ, કેકિન્, શિખિન્, પ્રાવૃષિક, નીલકંઠ, કલાપિન્, શિખંડિન્ (૮-પું.) આ મોરના પર્યાય છે.

૨. **મયૂરવાચક** શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી ગુહ એટલે કાર્ત્તિકસ્વામીનાં નામ બને છે; જેમ કે, मयूरपतिः, बर्हिणपतिः, केकिपतिः (૩-પું.) ॥ ૧૨૭ ॥

**હરણના પર્યાય, ચંદ્રનાં નામ બનાવવાની રીત અને ઇન્દ્રિયના પર્યાય**

**हरिणो मृगः पृषत-स्तदङ्कः शर्वरीकरः ।**
**खमिन्द्रियं हृषीकं च, स्त्रोतोऽक्षं करणं विदुः ॥ १२८ ॥**

૧. હરિણ, મૃગ, પૃષત (૩-પું.) આ હરણના પર્યાય છે.

૨. **હરણવાચક** શબ્દોની પાછળ **अङ्क** શબ્દ જોડવાથી શર્વરીકર એટલે ચંદ્રનાં નામ બને છે; જેમ કે, हरिणाङ्कः, मृगाङ्कः, पृषताङ्कः (૩-પું.)

૩. ખ, ઇન્દ્રિય, હૃષીક, સ્રોતસ્, અક્ષ, કરણ (૬-ન.) આ ઇન્દ્રિયના પર્યાય છે. ॥ ૧૨૮ ॥

**સર્પના પર્યાય તથા ગરુડ પક્ષીનાં નામ બનાવવાની રીત**

**पन्नगोऽहिर्विषधरो, लेलिहानो भुजङ्गमः ।**
**नागोरगौ फणी सर्प-स्तद्वैरी विनतात्मजः ॥ १२९ ॥**

૧. પન્નગ, અહિ, વિષધર, લેલિહાન, ભુજંગમ, નાગ, ઉરગ, ફણિન્, સર્પ (૯-પું.) આ સર્પના પર્યાય છે.

૨. **સર્પવાચક** શબ્દોની પાછળ **वैरिन्** શબ્દ જોડવાથી (વિનતાત્મજ=વિનતાપુત્ર) ગરુડ પક્ષીનાં નામ બને છે; જેમ કે, पन्नगवैरी 'इन्', अहिवैरी 'इन्' (૨-પું.) ॥ ૧૨૯ ॥

ગરુડપક્ષીના પર્યાય

सुपर्णो गरुडस्ताक्ष्यों, गरुत्मान् शकुनीश्वरः ।
इन्द्रजिन्मन्त्रपूतात्मा, वैनतेयो विषक्षयः ॥ १३० ॥

૧. સુપર્ણ, ગરુડ, તાર્ક્ષ્ય, ગરુત્મત્, શકુનીશ્વર, ઈન્દ્રજિત્, મંત્રપૂતાત્મન્, વૈનતેય, વિષક્ષય (૯-પું.) આ ગરુડના પર્યાય છે. ॥ ૧૩૦ ॥

પુણ્ય અને પાપના પર્યાય, શ્રીજિનેશ્વરદેવનાં નામ બનાવવાની રીત તથા ઘર, ખાઈ અને માટીના કિલ્લાના પર્યાય

पुण्यं भाग्यं च सुकृतं, भागधेयं च सत्कृतम् ।
अघमंहश्च दुरितं, पाप्मा पापं च किल्बिषम् ॥ १३१ ॥

वृजिनं कलिलमेनो, दुष्कृतं तज्जयी जिनः ।
सदनं सद्म भवनं, धिष्ण्यं वेश्माथ मन्दिरम् ॥ १३२ ॥

गेहं निकेतनाऽगारं, निशान्तं निर्वृतं गृहम् ।
वसत्याऽऽवसथाऽऽवासं, स्थानं धामाऽऽस्पदं पदम् ॥ १३३ ॥

निकाय्यं निलयं पस्त्यं, शरणं विदुरालयम् ।
खेयं खातं च परिखा, वप्रः स्याद् धूलिकुट्टिमम् ॥ १३४ ॥

૧. પુણ્ય, ભાગ્ય, સુકૃત, ભાગધેય, સત્કૃત (૫-ન.) આ પુણ્યના પર્યાય છે.

૨. અઘ, અંહસ્, દુરિત (૩-ન.), પાપ્મન્ (પું.), પાપ, કિલ્બિષ, વૃજિન, કલિલ, એનસ્, દુષ્કૃત (૬-ન.) આ પાપના પર્યાય છે.

૩. **પાપવાચક** શબ્દોની પાછળ **जयिन्** શબ્દ જોડવાથી શ્રીજિનેશ્વરદેવનાં નામ બને છે; જેમ કે, अघजयी 'इन्', दुरितजयी 'इन्', पापजयी 'इन्' (૩-પું.)

૪. સદન, સદ્મન્, ભવન, ધિષ્ણ્ય, વેશ્મન્, મંદિર, ગેહ, નિકેતન, અગાર, નિશાન્ત, નિર્વૃત, ગૃહ (૧૨-ન.), વસતિ (સ્ત્રી.), આવસથ, આવાસ (૨-પું.), સ્થાન, ધામન્, આસ્પદ, પદ (૪-ન.), નિકાય્ય, નિલય (૨-પું.), પસ્ત્ય, શરણ (૨-ન.), આલય (પું.) આ ઘરના પર્યાય છે.

૫. ખેય, ખાત (૨-ન.), પરિખા (સ્ત્રી.) આ ખાઈના પર્યાય છે.

૬. વપ્ર (પું.ન.), ધૂલિકુટ્ટિમ (ન.) આ ખાઈની આસપાસ કરેલા માટીના કિલ્લાના પર્યાય છે. ॥ ૧૩૧-૧૩૪ ॥

**કિલ્લો, શેરી, દરવાજો અને મહેલ વગેરેના પર્યાય**

**प्राकारः परिधिः सालः, प्रतोली गोपुराकृतिः ।**
**प्रासादसौधहर्म्याणि, निर्व्यूहो मत्तवारणम् ॥ १३५ ॥**

૧. પ્રાકાર, પરિધિ, સાલ (૩-પું.) આ કિલ્લાના પર્યાય છે.

૨. પ્રતોલી, ગોપુરાકૃતિ (૨-સ્ત્રી.) આ પોળ-શેરીના પર્યાય છે.

૩. પ્રાસાદ (પું.), સૌધ (પું.ન.), હર્મ્ય (ન.) આ મહેલ-હવેલીના પર્યાય છે.

૪. નિર્વ્યૂહ (પું.) આ ભીંતમાં ખોડેલા ખીલાનું નામ છે.

૫. મત્તવારણ (ન.) આ (પ્રમાદીઓને પડતા બચાવનાર) મહેલને ફરતી વાડ અને ઝરૂખાનું નામ છે. ॥ ૧૩૫ ॥

**ઝરૂખો અને અંધકારના પર્યાય**

**वातायनं मत्तालम्ब-मालम्ब्यं सुखमासताम् ।**
**तमोऽन्धकारं तिमिरं, ध्वान्तं संतमसं तमम् ॥ १३६ ॥**

૧. વાતાયન (ન.), મત્તાલમ્બ (પું.) આ ઝરૂખાના પર્યાય છે. સુખેથી બેસનારાઓનું એ આશ્રય સ્થાન છે.

૨. તમસ્ (ન.), અન્ધકાર (પું.), તિમિર, ધ્વાન્ત, સંતમસ, તમ (૪-ન.) આ અંધકારના પર્યાય છે. ॥ ૧૩૬ ॥

## સમાન - સરખાના પર્યાય

**समः सवर्णः सजातिः, सदृक्षः सदृशः सदृक् ।**
**तुल्यः सधर्मा सरूप-स्तुला कक्षोपमा विधा ॥ १३७ ॥**

૧. સમ, સવર્ણ, સજાતિ, સદક્ષ, સદશ, સદશ્, તુલ્ય, સધર્મન્, સરૂપ (૯-ત્રિ.), તુલા, કક્ષા, ઉપમા, વિધા (૪-સ્ત્રી.) આ સમાનના પર્યાય છે. ॥ ૧૩૭ ॥

## ઉપમાનપૂર્વક શબ્દો

**विन्मान्यो विद्यमानश्च, गुरुस्थानोऽम्बुजाननः ।**
**सिंहनादीति पर्याय-मुपमानेषु योजयेत् ॥ १३८ ॥**

વિન્માન્ય, વિદ્યમાન, ગુરુસ્થાન, અંબુજાનન, સિંહનાદિન્ (૫-ત્રિ.) આ પાંચ શબ્દો અને એના જેવા બીજા શબ્દોને ઉપમાનવાચક શબ્દો સાથે જોડવા; જેમ કે,

૧. **विन्मान्यः** - विद्भिः मान्यः = विन्मान्यः = વિદ્વાનોએ માન આપવા યોગ્ય.

૨. **विद्यमानः**- विद् इव आचरन् विद्यमानः = વિદ્વાન જેવું આચરણ કરતો.

૩. **गुरुस्थानः** - गुरुवत् स्थानं यस्य सः गुरुस्थानः = ગુરુના જેવું સ્થાન છે જેનું તે (ગુરુવત્ પૂજ્ય).

૪. **अम्बुजाननः** - अम्बुजवद् आननं यस्य सः अम्बुजाननः = કમળ જેવું મુખ છે જેનું તે.

૫ **सिंहनादी** - सिंह इव नदितुं शीलं यस्य सः सिंहनादी 'इन्' = સિંહ જેવી ગર્જના જેની છે તે. ॥ ૧૩૮ ॥

ભાષ્યમાં આ શ્લોક નીચે મુજબ છે :

**विन्मान्यो विद्यमानश्च, गुरुस्थानोऽम्बुजाननः ।**
**सिंहादीनि च पर्याय-मुपमानेषु योजयेत् ॥ १३८ ॥**

વિત્, માન્ય, વિદ્યમાન, ગુરુસ્થાન, અંબુજાનન અને સિંહ વગેરે ઉપમાવાચક શબ્દો 'सम, सवर्ण, सजाति' ઇત્યાદિ ઉપમાનવાચક પર્યાયો સાથે જોડવા; જેમ કે, देवदत्तः वित्समः = દેવદત્ત વિદ્વાન જેવો છે. આમાં 'देवदत्त' ઉપમેય છે, 'विद्' ઉપમાન છે અને 'समः' ઉપમાવાચક છે.

'वित्समः'ની જેમ 'वित्सवर्णः, वित्सजातिः, वित्सदृशः, वित्तुल्यः, वित्सरूपः, वित्कक्षः, विदुपमः' આ પ્રમાણે 'समः' વગેરે પર્યાયો 'मान्य' આદિ બાકીના પાંચેય શબ્દો સાથે પણ જોડવા; જેમ કે, मान्यसमः, विद्यमानसदृशः, गुरुस्थानतुल्यः, अम्बुजाननोपमः, सिंहाभिधः ॥ ૧૩૮ ॥

કપટ-બહાનું અને સમાચારના પર્યાય

**व्यपदेशो निभं व्याजः, पदं व्यतिकरश्छलम् ।**
**छद्म वृत्तान्तमुत्प्रेक्षा, शब्दमन्यं च निर्णयेत् ॥ १३९ ॥**

૧. વ્યપદેશ (પું.), નિભ (ન.), વ્યાજ (પું.), પદ (ન.), વ્યતિકર (પું.), છલ, છદ્મન્ (૨-ન.) આ કપટના પર્યાય છે.

૨. વૃત્તાન્ત (પું.), ઉત્પ્રેક્ષા (સ્ત્રી.) આ વાર્તા-સમાચારના પર્યાય છે. આવી રીતે અન્ય શબ્દોનો નિર્ણય કરવો. ॥ ૧૩૯ ॥

સમૂહના પર્યાય

**व्रातः पूगः समाजश्च, समूहः सन्ततिर्व्रजः ।**
**व्यूहो निकायो निकरो, निकुरम्बं कदम्बकम् ॥ १४० ॥**

**ओघः समुदयः संघः, संघातः समितिस्ततिः ।**
**निचयः प्रकरः पङ्क्तिः, पशूनां समजो व्रजः ॥ १४१ ॥**

૧. વ્રાત, પૂગ, સમાજ, સમૂહ (૪-પું.), સન્તતિ (સ્ત્રી.), વ્રજ (પું.ન.), વ્યૂહ, નિકાય, નિકર (૩-પું.), નિકુરમ્બ, કદમ્બક (૨-ન.), ઓઘ, સમુદય, સંઘ, સંઘાત (૪-પું.), સમિતિ, તતિ (૨-સ્ત્રી.), નિચય, પ્રકર (૨-પું.), પંક્તિ (સ્ત્રી.) આ સમૂહના પર્યાય છે.

૨. પશુઓના સમૂહને **'સમજ'** (પું.) કહે છે. ॥ ૧૪૦-૧૪૧ ॥

(મનુષ્યનો સમૂહ=સમાજ. **'સમજ'** અને **'સમાજ'**નો આ તફાવત ધ્યાનમાં રહે.)

### સમીપના પર્યાય

**अविदूरं च निकट-मविलम्बमनन्तरम् ।**
**समीपाऽभ्याशमासन्न-मभ्यर्णं सन्निधिं विदुः ॥ १४२ ॥**

૧. અવિદૂર (ન.), નિકટ (પું.ન.), અવિલમ્બ, અનન્તર, સમીપ, અભ્યાશ, આસન્ન, અભ્યર્ણ (૬-ન.), સન્નિધિ (પું.) આ સમીપના પર્યાય છે. ॥ ૧૪૨ ॥

### હળના પર્યાય, બળદેવનાં નામ બનાવવાની રીત અને બળદેવના પર્યાય

***जित्या हलिर्हलः सीरं, लाङ्गलं तत्करो बलः ।***
**रेवतीदयितो नील-वसनः केशवाग्रजः ॥ १४३ ॥**

૧. જિત્યા (સ્ત્રી.), હલિ (પું. સ્ત્રી.), હલ, સીર (૨-પું.ન.), લાંગલ (ન.) આ હળના પર્યાય છે.

૨. **હળવાચક** શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી બળદેવનાં નામ બને છે; જેમ કે, जित्याकरः, हलिकरः, हलकरः (૩-પું.) (હળ છે જેના હાથમાં તે).

૩. તથા બલ, રેવતીદયિત, નીલવસન, કેશવાગ્રજ (૪-પું.) આ બળદેવના પર્યાય છે. ॥ ૧૪૩ ॥

### અર્જુનના પર્યાય

अर्जुनः फाल्गुनो जिष्णुः, श्वेतवाजी कपिध्वजः ।
गाण्डिवी कार्मुकी सव्य-साची मध्यमपाण्डवः ॥ १४४ ॥

वृषसेनः सुनिर्मोको, दैत्यारिः शक्रनन्दनः ।
कर्णशूली किरीटी च, शब्दभेदी धनञ्जयः ॥ १४५ ॥

૧. અર્જુન, ફાલ્ગુન, જિષ્ણુ, શ્વેતવાજિન્, કપિધ્વજ, ગાંડિવિન્, કાર્મુકિન્, સવ્યસાચિન્, મધ્યમપાંડવ, વૃષસેન, સુનિર્મોક, દૈત્યારિ, શક્રનંદન, કર્ણશૂલિન્, કિરીટિન્, શબ્દભેદિન્, ધનંજય (૧૭-પું.) આ અર્જુનના પર્યાય છે. ॥ ૧૪૪-૧૪૫ ॥

### ભીમ અને યમદેવના પર્યાય

कुरुकीचकयोः शत्रु-र्वायुपुत्रो वृकोदरः ।
समवर्ती यमः कालः, कृतान्तो मृत्युरन्तकः ॥ १४६ ॥
धर्मराजः पितृपतिः, सूरसूनुः परेतराट् ।
शमनो यमुनाभ्राता, श्राद्धदेवश्च दण्डभृत् ॥ १४७ ॥

૧. કુરુશત્રુ, કીચકશત્રુ, વાયુપુત્ર, વૃકોદર (૪-પું.) આ ભીમના પર્યાય છે.

૨. સમવર્તિન્, યમ, કાલ, કૃતાન્ત, મૃત્યુ, અન્તક, ધર્મરાજ, પિતૃપતિ, સૂરસૂનુ, પરેતરાજ્, શમન, યમુનાભ્રાતૃ, શ્રાદ્ધદેવ, દંડભૃત્ (૧૪-પું.) આ યમદેવના પર્યાય છે. ॥ ૧૪૬-૧૪૭ ॥

### યુધિષ્ઠિરનાં નામ બનાવવાની રીત અને એના પર્યાય

तदात्मजोऽजातरिपुः, कौन्तेयो भरतान्वयः ।
कौरव्यो राजलक्ष्मा च, सोमवंश्यो युधिष्ठिरः ॥ १४८ ॥

૧. **યમદેવવાચક** શબ્દોની પાછળ **आत्मज** શબ્દ જોડવાથી યુધિષ્ઠિરનાં નામ બને છે; જેમ કે, यमात्मजः, कालात्मजः (૨-પું.)

૨. તથા અજાતરિપુ, કૌન્તેય, ભરતાન્વય, કૌરવ્ય, રાજલક્ષ્મન્, સોમવંશ્ય, યુધિષ્ઠિર (૭-પું.) આ યુધિષ્ઠિરના પર્યાય છે. ॥ ૧૪૮ ॥

**સફેદ વર્ણના પર્યાય**

**श्वेतार्जुनौ शुचिः श्येतो, वलक्षं सितपाण्डुरम् ।**
**शुक्लावदातं धवलं, पाण्डुः शुभ्रं शशिप्रभम् ॥ १४९ ॥**

૧. શ્વેત, અર્જુન, શુચિ, શ્યેત, વલક્ષ, સિત, પાંડુર, શુક્લ, અવદાત, ધવલ, પાંડુ, શુભ્ર, શશિપ્રભ (૧૩-પું.) આ સફેદ વર્ણના પર્યાય છે. ॥ ૧૪૯ ॥

**કાળા, લાલ અને ગુલાબી વર્ણના પર્યાય**

**कृष्णं नीलाऽसितं कालं, धूमं धूम्रमलिप्रभम् ।**
**लोहितं रक्तमाताम्रं, पाटलं विशदारुणम् ॥ १५० ॥**

૧. કૃષ્ણ, નીલ, અસિત, કાલ, ધૂમ, ધૂમ્ર, અલિપ્રભ (૭-પું.) આ કાળા વર્ણના પર્યાય છે.

૨. લોહિત, રક્ત, આતામ્ર (૩-પું.) આ લાલ વર્ણના પર્યાય છે.

૩. પાટલ, વિશદારુણ (૨-પું.) આ આછા ગુલાબી વર્ણના પર્યાય છે. ॥ ૧૫૦ ॥

**પીળા અને લીલા વર્ણના પર્યાય, જુદાજુદા રંગવાળી સ્ત્રીઓના પર્યાય અને પરાગના પર્યાય**

**गौरं पीतं हरिद्राभं, पालाशं हरितं हरित् ।**
**हरिणी लोहिनी शोणी, गौरी श्येनी पिशङ्ग्यपि ॥ १५१ ॥**

**सारङ्गी शबली काली, कल्माषी नीलपिङ्गली ।**
**परागं मधु किञ्जल्कं, मकरन्दं च कौसुमम् ॥ १५२ ॥**

૧. ગૌર, પીત, હરિદ્રાભ (૩-પું.) આ પીળા વર્ણના પર્યાય છે.

૨. પાલાશ, હરિત, હરિત્ (૩-પું.) આ લીલા વર્ણના પર્યાય છે. (વર્ણવાચક શબ્દો વિશેષણરૂપે હોય ત્યારે ત્રિલિંગ સમજવા.)

૩. **હરિણી** (સ્ત્રી.) આ પીળા તથા લીલા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

૪. **લોહિની, શોણી** (૨-સ્ત્રી.) આ લાલ વર્ણવાળી સ્ત્રીના પર્યાય છે.

૫. **ગૌરી, શ્યેની** (૨-સ્ત્રી.) આ ગૌર વર્ણવાળી સ્ત્રીના પર્યાય છે.

૬. **પિશંગી** (સ્ત્રી.) આ પીળા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

૭. **સારંગી** (સ્ત્રી.) આ ચિત્રવિચિત્ર વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

૮. **શબલી** (સ્ત્રી.) આ કાબરચિત્રા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

૯. **કાલી** (સ્ત્રી.) આ કાળા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

૧૦. **કલ્માષી** (સ્ત્રી.) આ કાબરચિત્રા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

૧૧. **નીલપિંગલી** (સ્ત્રી.) આ કાળાપીળા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

૧૨. પરાગ (પું.), મધુ, કિંજલ્ક (૨-ન.), મકરન્દ (પું.ન.), કૌસુમ (ન.) આ પુષ્પના પરાગના પર્યાય છે. ॥ ૧૫૧-૧૫૨ ॥

**ધૂળના પર્યાય, પરાગનાં નામ બનાવવાની રીત તથા કલંક, કીર્તિ, સાહસ અને આદેશના પર્યાય**

**उपचाराद् रजः पांसुं, रेणुं धूलीं च योजयेत् ।**
**कलङ्कोऽवद्यमलिनं किञ्जल्कं लक्ष्म लाञ्छनम् ॥ १५३ ॥**

**निर्वादमधमं पङ्कं, मलीमसमपि त्यजेत् ।**
**जनोदाहरणं कीर्तिं, साधुवादं यशो विदुः ॥ १५४ ॥**

**वर्णं गुणावलिं ख्याति-मवदानं तु साहसम् ।**
**प्रेष्याऽऽदेशनिदेशाऽऽज्ञा-नियोगाः शासनं तथा ॥ १५५ ॥**

૧. રજસ્ (ન.), પાંસુ (પું.), રેણુ (પું.સ્ત્રી.), ધૂલી (સ્ત્રી.) આ ધૂળના પર્યાય છે.

૨. ઉપચારથી **પુષ્પવાચક** શબ્દોની પાછળ **ધૂલીવાચક** શબ્દો જોડવાથી પરાગનાં નામ બને છે; જેમ કે, पुष्परजः 'स्' (ન.), सुमनःपांसुः (પું.), पुष्परेणुः (પું.સ્ત્રી.), प्रसूनधूली (સ્ત્રી.)

૩. કલંક, અવદ્ય (૨-પું.ન.), મલિન, કિંજલ્ક, લક્ષ્મન્, લાંછન (૪-ન.), નિર્વાદ, અધમ, પંક, મલીમસ (૪-પું.ન.) આ કલંકના પર્યાય છે. કલંકનો ત્યાગ કરવો જોઈએ.

૪. જનોદાહરણ (ન.), કીર્તિ (સ્ત્રી.), સાધુવાદ (પું.), યશસ્ (ન.), વર્ણ (પું.), ગુણાવલિ, ખ્યાતિ (૨-સ્ત્રી.) આ સાત કીર્તિના પર્યાય છે.

૫. સાહસના વર્ણનને **'અવદાન'** કહે છે.

૬. પ્રેષ્ય, આદેશ, નિદેશ (૩-પું.), આજ્ઞા (સ્ત્રી.), નિયોગ (પું.), શાસન (ન.) આ આદેશ-ફરમાનના પર્યાય છે. ॥ ૧૫૩-૧૫૫ ॥

## સંદેશો, અફવા અને કઠોરના પર્યાય

**संदेशः प्रिययोर्वार्ता, प्रवृत्तिः किंवदन्त्यपि ।**
**कठोरं कठिनं स्तब्धं, कर्कशं परुषं दृढम् ॥ १५६ ॥**

૧. પરસ્પર પ્રીતિ ધરાવનારાઓના સમાચારને **'સંદેશ'** (પું.) કહે છે.

૨. જગતના વૃતાન્ત-સમાચારને **'પ્રવૃત્તિ'** (સ્ત્રી.) કહે છે.

૩. લોકોની અફવાને **'કિંવદન્તી'** (સ્ત્રી.) કહે છે.

૪. કઠોર, કઠિન, સ્તબ્ધ, કર્કશ, પરુષ, દૃઢ (૬-ત્રિ.) આ કઠોરના પર્યાય છે. ॥ ૧૫૬ ॥

## મિથ્યા અથવા અવ્યક્ત શબ્દ, કોમળ અને નવીનના પર્યાય

**अश्लीलं काहलं फल्गु, कोमलं मृदु पेशलम् ।**
**प्रत्यग्रं साम्प्रतं नव्यं, नवं नूतनमग्रिमम् ॥ १५७ ॥**

૧. અશ્લીલ, કાહલ, ફલ્ગુ (૩-ન.) આ મિથ્યાવાક્ય અથવા અસ્પષ્ટ શબ્દના પર્યાય છે.

૨. કોમલ, મૃદુ, પેશલ (૩-ત્રિ.) આ કોમળના પર્યાય છે.

૩. પ્રત્યગ્ર, સામ્પ્રત, નવ્ય, નવ, નૂતન, અગ્રિમ (૬-ત્રિ.) આ નવીનના પર્યાય છે. ॥ ૧૫૭ ॥

**જૂનાના પર્યાય તથા આમંત્રણ અને સંશય અર્થવાળાં અવ્યયો**

**पुराणं जरठं जीर्णं, प्राक्तनं सुचिरन्तनम् ।**
**भो रे हंहो हे चामन्त्रे, कच्चित् किञ्चन संशये ॥ १५८ ॥**

૧. પુરાણ, જરઠ, જીર્ણ, પ્રાક્તન, સુચિરન્તન (પ-ત્રિ.) આ **'જૂનું'** અર્થવાળા પર્યાય છે.

૨. ભો, રે, હંહો, હે આ સમ્મુખ બોલાવવા માટે આમંત્રણ અર્થમાં વપરાતા અવ્યયો છે.

૩. કચ્ચિત્, કિંચન આ સંશય અર્થમાં વપરાતા અવ્યયો છે. ॥ ૧૫૮ ॥

**જલદી અને નિષેધ અર્થવાળાં અવ્યયો તથા ઊંચાના પર્યાય**

**द्राक् क्षणेऽह्नाय सपदि, निषेधे मा न खल्वलम् ।**
**उच्चैरुच्चावचं तुङ्ग-मुच्चमुन्नतमुच्छ्रितम् ॥ १५९ ॥**

૧. દ્રાક્, ક્ષણે, અહ્નાય, સપદિ આ **'જલદી'** અર્થવાળાં અવ્યયો છે.

૨. મા, ન, ખલુ, અલમ્ આ **'નિષેધ'** અર્થવાળાં અવ્યયો છે.

૩. ઉચ્ચૈસ્ (અ.), ઉચ્ચાવચ, તુંગ, ઉચ્ચ, ઉન્નત, ઉચ્છ્રિત (પ-ત્રિ.) આ **'ઊંચું'** અર્થવાળા પર્યાય છે. ॥ ૧૫૯ ॥

**નીચું અને સાથે અર્થવાળા પર્યાય અને અવ્યયો**

**नीचं न्यग् आनतं कुब्जं, नीचैर्ह्रस्वं नयेत् परम् ।**
**अमा सह समं साकं, सार्धं सत्रा सजूः समाः ॥ १६० ॥**

૧. નીચ (ત્રિ.), ન્યચ્ (અ.), આનત, કુબ્જ (૨-ત્રિ.), નીચૈસ્ (અ.), હ્રસ્વ (ત્રિ.) આ **'નીચું'** અર્થવાળા પર્યાય છે. (આ રીતે બીજા પણ **'નીચું'** અર્થવાળા પર્યાયો અન્ય કોશથી જાણવા.)

૨. અમા, સહ, સમમ્, સાકમ્, સાર્ધમ્, સત્રા, સજુષ્, સમ આ **'સાથે'** અર્થવાળાં અવ્યયો છે. ॥ ૧૬૦ ॥

### નિત્ય અર્થવાળા પર્યાયો અને શિંગડાવાળા પશુના પર્યાય

**सर्वदा सततं नित्यं, शश्वद् आत्यन्तिकं सदा ।**

**शृङ्गी दृतिहरिर्नाथ-हरिस्तिर्यक् च शृङ्गिणः ॥ १६१ ॥**

૧. સર્વદા (અ.), સતત (ન.અ.), નિત્ય (ન.), શશ્વત્ (અ.), આત્યન્તિક (ન.), સદા (અ.) આ 'નિત્ય' અર્થવાળા પર્યાયો છે.

૨. શૃંગિન્, દૃતિહરિ, નાથહરિ, તિર્યચ્, શૃંગિણ (૫-પું.) આ શિંગડાવાળા પશુના પર્યાય છે. ॥ ૧૬૧ ॥

### પશુ, ભેંસ અને વિરહના પર્યાય

**गौश्चतुष्पात् पशुस्तत्र, महिषी नाम देहिका ।**

**वियोगं मदनावस्थां, विरहं फुल्लकं विदुः ॥ १६२ ॥**

૧. ગો, ચતુષ્પાદ્, પશુ (૩-પું.) આ પશુના પર્યાય છે.

૨. મહિષી, દેહિકા (૨-સ્ત્રી.) આ ભેંસના પર્યાય છે.

૩. વિયોગ (પું.), મદનાવસ્થા (સ્ત્રી.), વિરહ (પું.), ફુલ્લક (ન.) આ સ્ત્રી-પુરુષના વિરહના પર્યાય છે. ॥ ૧૬૨ ॥

### સહિત-યુક્ત અર્થવાળા પર્યાય

**संहितं सहितं युक्तं, संपृक्तं संभृतं युतम् ।**

**संस्कृतं समवेतं च, प्राहुरन्वीतमन्वितम् ॥ १६३ ॥**

૧. સંહિત, સહિત, યુક્ત, સંપૃક્ત, સંભૃત, યુત, સંસ્કૃત, સમવેત, અન્વીત, અન્વિત (૧૦-ત્રિ.)

આ 'સહિત-યુક્ત' અર્થવાળા પર્યાય છે. ॥ ૧૬૩ ॥

### સ્નેહ અને માર્ગના પર્યાય

**प्रेमाभिलाषमालभ्यं, रागं स्नेहमतः परम् ।**
**वर्त्माऽध्वा सरणिः पन्थाः, मार्गः प्रचरसञ्चरौ ॥ १६४ ॥**

૧. પ્રેમન્ (પું.ન.), અભિલાષ, આલભ્ય, રાગ, સ્નેહ (૪-પું.) આ સ્નેહના પર્યાય છે. (આ દ્વિતીયાંત પદોનો સંબંધ ઉપરના શ્લોકના 'प्राहुः' ક્રિયાપદ સાથે જોડવો.)

૨. વર્ત્મન્ (ન.), અધ્વન્, સરણિ, પથિન્, માર્ગ, પ્રચર, સંચર (૬-પું.) આ માર્ગના પર્યાય છે. ॥ ૧૬૪ ॥

### ગંગા નદીનાં નામ બનાવવાની રીત તથા ગાયનો વાડો અને વાછરડાના પર્યાય

**त्रिमार्गनामगा गङ्गा, घोषो गोमण्डलं व्रजः ।**
**वत्सः शकृत्करिर्जातः, षोडन् षड्दशनः स्मृतः ॥ १६५ ॥**

૧. માર્ગવાચક શબ્દોની પૂર્વે **त्रि** અને પાછળ **गा** શબ્દ જોડવાથી ગંગાનદીનાં નામ બને છે; જેમ કે, त्रिमार्गगा, त्र्यध्वगा, त्रिवर्त्मगा (૩-સ્ત્રી.)

૨. ઘોષ (પું.), ગોમંડલ (ન.), વ્રજ (પું.) આ ગાયના વાડાના પર્યાય છે.

૩. વત્સ, શકૃત્કરિ, જાત (૩-પું.) આ વાછરડાના પર્યાય છે. ષોડત્, ષડ્દશન (૨-પું.) આ છ દાંતવાળા વાછરડાના પર્યાય છે. ॥ ૧૬૫ ॥

### ચતુર, ધૂર્ત અને નામના પર્યાય

**कृती नदीष्णो निष्णातः, कुशली निपुणः पटुः ।**
**क्षुण्णः प्रवीणः प्रगल्भः, कोविदश्च विशारदः ॥ १६६ ॥**
**विदग्धश्चतुरो धूर्त-श्चाटुकृत् कितवः शठः ।**
**क्वापि नागरिको ज्ञेयो, गोत्रं संज्ञाङ्कनाम तत् ॥ १६७ ॥**

૧. કૃતિન્, નદીષ્ણ, નિષ્ણાત, કુશલિન્, નિપુણ, પટુ, ક્ષુણ્ણ, પ્રવીણ, પ્રગલ્ભ, કોવિદ, વિશારદ, વિદગ્ધ, ચતુર (૧૩-પું.) આ ચતુરના પર્યાય છે.

૨. ધૂર્ત, ચાટુકૃત્, કિતવ, શઠ (૪-પું.) આ ધૂર્તના પર્યાય છે. **'નાગરિક'** (પું.) શબ્દને પણ ધૂર્તનો પર્યાય કોઈક ઠેકાણે જાણવો.

૩. ગોત્ર (ન.), સંજ્ઞા (સ્ત્રી.), અંક (પું.), નામન્ (ન.) આ નામના પર્યાય છે. ॥ ૧૬૬-૧૬૭ ॥

મૂર્ખના પર્યાય અને મૂર્ખનાં નામ બનાવવાની રીત

**मुग्धो मूढो जडोऽनेडो, मूको मूर्खश्च कद्वदः ।**

**स देवानांप्रियोऽप्राज्ञो, मन्दो धीनामवर्जितः ॥ १६८ ॥**

૧. મુગ્ધ, મૂઢ, જડ, અનેડ, મૂક, મૂર્ખ, કદ્વદ, દેવાનાંપ્રિય, અપ્રાજ્ઞ, મન્દ (૧૦-પું.) આ મૂર્ખના પર્યાય છે.

૨. તથા **બુદ્ધિવાચક** શબ્દોની પાછળ **वर्जित** શબ્દ જોડવાથી મૂર્ખનાં નામ બને છે; જેમ કે, धीवर्जितः, बुद्धिवर्जितः, मतिवर्जितः (૩-પું.) ॥ ૧૬૮ ॥

ગર્વિષ્ઠ અને અધમના પર્યાય

**शौण्डीरो गर्वितः स्तब्धो, मानी चाहंयुरुद्धतः ।**

**उद्ग्रीव उद्धरो दृप्तो, नीचश्च पिशुनोऽधमः ॥ १६९ ॥**

૧. શૌંડીર, ગર્વિત, સ્તબ્ધ, માનિન્, અહંયુ, ઉદ્ધત, ઉદ્ગ્રીવ, ઉદ્ધર, દપ્ત (૯-પું.) આ ગર્વિષ્ઠ(અભિમાની)ના પર્યાય છે.

૨. નીચ, પિશુન, અધમ (૩-પું.) આ અધમના પર્યાય છે. ॥ ૧૬૯ ॥

ચોરના પર્યાય

**चौरैकागारिकस्तेना-स्तस्करः प्रतिरोधकः ।**

**निशाचरो गूढचरो, हेरिकः प्रणिधिश्च सः ॥ १७० ॥**

૧. ચૌર, ઐકાગારિક, સ્તેન, તસ્કર, પ્રતિરોધક, નિશાચર, ગૂઢચર, હેરિક, પ્રણિધિ (૯-પું.) આ ચોરના પર્યાય છે. ॥ ૧૭૦ ॥

**ચોખા અને પથ્થરના પર્યાય**

**षष्टिकः कलमः शालि-र्व्रीहिः स्तम्बकरिस्तथा ।**
**प्रस्तरोपलपाषाण-दृषद्धातुशिलाघनाः ॥ १७१ ॥**

૧. ષષ્ટિક, કલમ, શાલિ, વ્રીહિ, સ્તમ્બકરિ (૫-પું.) આ ચોખાના પર્યાય છે.

૨. પ્રસ્તર, ઉપલ, પાષાણ (૩-પું.), દૃષદ્ (સ્ત્રી.), ધાતુ (પું.), શિલા (સ્ત્રી.), ઘન (પું.) આ પથ્થરના પર્યાય છે. ॥ ૧૭૧ ॥

**લોખંડ અને સોનાનાં નામ બનાવવાની રીત તથા 'બહુ' અર્થવાળા પર્યાય**

**तत्र जातमयो लोहं, शातकुम्भं नयेत् परम् ।**
**साधीयोऽत्यर्थमत्यन्तं, नितान्तं सुष्ठु वै भृशम् ॥ १७२ ॥**

૧. **પાષાણવાચક** શબ્દોની પાછળ **जात** શબ્દ જોડવાથી લોખંડનાં નામ બને છે; જેમ કે, प्रस्तरजातम्, पाषाणजातम्, उपलजातम् (૩-ન.) તથા અયસ્ (ન.), લોહ (પું.ન.) આ લોખંડના પર્યાય છે.

૨. એવી જ રીતે **પાષાણવાચક** શબ્દોની પાછળ **जात** શબ્દ જોડવાથી સુવર્ણનાં નામ પણ બને છે; જેમ કે, प्रस्तरजातम् (ન.)

૩. સાધીયસ્, અત્યર્થ, અત્યન્ત, નિતાન્ત, સુષ્ઠુ, ભૃશ (૬-ન.) આ **'બહુ'** અર્થવાળા પર્યાય છે.

(આ શબ્દો ક્રિયાવિશેષણ હોય ત્યારે નપુંસકલિંગમાં વપરાય છે, પણ જ્યારે દ્રવ્યવાચક હોય ત્યારે ત્રિલિંગ સમજવા). ॥ ૧૭૨ ॥

**'સ્પષ્ટ' અને 'આશ્રય' અર્થવાળા પર્યાય**

**स्फुटं साधु खलु स्पष्टं, विशदं पुष्कलामलम् ।**
**चित्राश्चर्याद्भुतं नोद्यं, विस्मयः कौतुकोऽप्यहो ॥ १७३ ॥**

૧. સ્ફુટ (ત્રિ.અ.), સાધુ (ત્રિ.), ખલુ (અ.), સ્પષ્ટ (ત્રિ.અ.), વિશદ, પુષ્કલ, અમલ (૩-ત્રિ.) આ **'સ્પષ્ટ'** અર્થવાળા પર્યાય છે.

૨. ચિત્ર, આશ્ચર્ય, અદ્ભુત, નોદ્ય (૪-ન.), વિસ્મય (પું.), કૌતુક (ન.), અહો (અ.) આ **'આશ્ચર્ય'** અર્થવાળા પર્યાય છે. ॥ ૧૭૩ ॥

## દુર્બળ-અશક્ત અને પરાક્રમના પર્યાય

**क्षामं क्षान्तं कृशं क्षीणं, हीनं जीर्णं पुरातनम् ।**
**शीर्णावसानं न्यूनं च, धैर्यं शौर्यं च पौरुषम् ॥ १७४ ॥**

૧. ક્ષામ, ક્ષાન્ત, કૃશ, ક્ષીણ, હીન, જીર્ણ, પુરાતન, શીર્ણ, અવસાન, ન્યૂન (૧૦-ત્રિ.) આ **'દુર્બળ'** અર્થવાળા પર્યાય છે.

૨. ધૈર્ય, શૌર્ય, પૌરુષ (૩-ન.) આ **'પરાક્રમ'** અર્થવાળા પર્યાય છે. ॥ ૧૭૪ ॥

## 'જલદી' અર્થવાળા પર્યાય

**क्षिप्राऽऽशु मङ्क्ष्वरं शीघ्रं, सहसा झटिति द्रुतम् ।**
**तूर्णं जवः स्यदो रंहो, रयो वेगस्तरो लघु ॥ १७५ ॥**

ક્ષિપ્ર (ન.અ.), આશુ, મંક્ષુ, અરમ્ (૩-અ.), શીઘ્ર (ન.અ.), સહસા, ઝટિતિ (૨-અ.), દ્રુત, તૂર્ણ (૨-ન.અ.), જવ, સ્યદ (૨-પું.), રંહસ્ (ન.), રય, વેગ (૨-પું.), તરસ્, લઘુ (૨-ન.) આ **'જલદી'** અર્થવાળા પર્યાય છે. ॥ ૧૭૫ ॥

## પાશથી બાંધેલા શત્રુના પર્યાય

**पाशनीतः सितो बद्धः, संधानीतो नियन्त्रितः ।**
**नियमितः शृङ्खलितः, पिनद्धः पाशितो रिपुः ॥ १७६ ॥**

૧. પાશનીત, સિત, બદ્ધ, સંધાનીત, નિયન્ત્રિત, નિયમિત, શૃંખલિત, પિનદ્ધ, પાશિત (૯-પું.) આ પાશથી બાંધેલા શત્રુના પર્યાય છે. ॥ ૧૭૬ ॥

**'સુંદર' અર્થવાળા પર્યાય અને સુંદરનાં નામ બનાવવાની રીત**

**कान्तं कमनं कम्रं च, कमनीयं मनोहरम् ।**
**अभिरामं रमणीयं, रम्यं सौम्यं च सुन्दरम् ॥ १७७ ॥**
**चारु श्लक्ष्णं च रुचिरं, प्रशस्तं हृद्यबन्धुरम् ।**
**दर्शनीयं मनोज्ञं च, चित्तपर्यायहारि च ॥ १७८ ॥**

૧. કાન્ત, કમન, કમ્ર, કમનીય, મનોહર, અભિરામ, રમણીય, રમ્ય, સૌમ્ય, સુંદર, ચારુ, શ્લક્ષ્ણ, રુચિર, પ્રશસ્ત, હૃદ્ય, બન્ધુર, દર્શનીય, મનોજ્ઞ (૧૮-ત્રિ.) આ **'સુંદર'** અર્થવાળા પર્યાય છે.

૨. તથા **ચિત્તવાચક** શબ્દોની પાછળ **हारिन्** શબ્દ જોડવાથી સુંદરના પર્યાય બને છે; જેમ કે, चित्तहारि, 'इन्', मनोहारि 'इन्' (૨-ત્રિ.) ॥ ૧૭૭-૧૭૮ ॥

**હિમ-ઝાકળ (બરફ)ના પર્યાય અને ચંદ્રનાં નામ બનાવવાની રીત**

**अवश्यायं तुषारं च, प्रालेयं तुहिनं हिमम् ।**
**नीहारं तत्करं विद्धि, मृगाङ्कं रोहिणीपतिम् ॥ १७९ ॥**

૧. અવશ્યાય (પું.), તુષાર (પું.ન.), પ્રાલેય, તુહિન (૨-ન.), હિમ, નીહાર (૨-પું.ન.) આ હિમ-ઝાકળ અથવા બરફના પર્યાય છે.

૨. **હિમવાચક** શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, अवश्यायकरः (પું.) તથા મૃગાંક, રોહિણીપતિ (૨-પું.) આ ચંદ્રના પર્યાય છે. ॥ ૧૭૯ ॥

**ગુપ્તચરના પર્યાય, ઈન્દ્રનાં નામ બનાવવાની રીત અને સત્યના પર્યાય**

**चारोऽवसर्पः प्रणिधि-र्निगूढपुरुषश्चरः ।**
**तद्वानुक्तः सहस्राक्षः, सत्यार्थे सूनृतं ऋतम् ॥ १८० ॥**

૧. ચાર, અવસર્પ, પ્રણિધિ, નિગૂઢપુરુષ, ચર (૫-પું.) આ ગુપ્તચરના પર્યાય છે.

૨. **ગુપ્તચરવાચક** શબ્દોની પાછળ **मतुप्** (वत्) પ્રત્યય જોડવાથી સહસ્રાક્ષ એટલે ઈન્દ્રનાં નામ બને છે; જેમ કે, चारवान् 'वत्' (પું.)

૩. સૂનૃત, ઋત (૨-ન.) આ **'સત્ય'** અર્થવાળા પર્યાય છે. ॥ ૧૮૦ ॥

### જુદાજુદા અર્થવાળાં અવ્યયો

**अत्यन्ताय चिरायेति, प्राह्णेऽकस्मात् बलादिति ।**
**प्रायेणेति कृतिश्चेति, विभक्तिप्रतिरूपकम् ॥ १८१ ॥**

૧. **અત્યન્તાય** (અ.) **'બહુ'**વાચક છે.
૨. **ચિરાય** (અ.) **'બહુકાળ'**વાચક છે.
૩. **પ્રાહ્ણે** (અ.) **'દિવસનો પ્રથમ પહોર'**વાચક છે.
૪. **અકસ્માત્** (અ.) **'અચાનક'**વાચક છે.
૫. **બલાત્** (અ.) **'જબરજસ્તી'**વાચક છે.
૬. **પ્રાયેણ** (અ.) **'અનિશ્ચય'** અથવા **'અધિકતા'**વાચક છે.
૭. **કૃતિસ્** (અ.) **'ક્રિયા'** અથવા **'કાર્ય'**વાચક છે.

આ બધાં વિભક્ત્યંત સદૃશ અવ્યયો છે, તેથી વિભક્તિ-પ્રતિરૂપક અવ્યય કહેવાય છે. ॥ ૧૮૧ ॥

### ઉદ્યમ અને કેળના પર્યાય

**अभियोगोद्यमोद्योगा, उत्साहो विक्रमो मतः ।**
**रम्भा स्त्री कदली चिह्नं, मोचा सारतरुश्च सा ॥ १८२ ॥**

૧. અભિયોગ, ઉદ્યમ, ઉદ્યોગ, ઉત્સાહ, વિક્રમ (૫-પું.) આ ઉદ્યમના પર્યાય છે.

૨. રંભા (સ્ત્રી.) કેળ અને સ્ત્રી (એ નામની એક અપ્સરા)વાચક છે.
કદલી (સ્ત્રી.) કેળ અને ચિહ્ન અર્થાત્ ધ્વજવાચક છે.
મોચા (સ્ત્રી.) કેળવાચક અને સારતરુ (શીમળાનું ઝાડ)વાચકછે. ॥ ૧૮૨ ॥

### કૃપણ અને એકાંતના પર્યાય

**कीनाशः कृपणो लुब्धो, गृध्नुर्दीनोऽभिलाषुकः ।**
**रहोऽनुरहसोपांशु, रहस्यं च भिनत्ति कः ? ॥ १८३ ॥**

૧. કીનાશ, કૃપણ, લુબ્ધ, ગૃધ્નુ, દીન, અભિલાષુક (૬-પું.) આ કૃપણ-કંજૂસ પુરુષના પર્યાય છે.

૨. રહસ્ (ન.અ.), અનુરહસ (ત્રિ.), ઉપાંશુ (અ.), રહસ્ય (ન.) આ એકાંત અથવા ખાનગીના પર્યાય છે. બીજાની ગુપ્ત વાતને કોણ પ્રગટ કરે ? અર્થાત્ સજ્જનો બીજાની ગુપ્ત વાતને પ્રગટ કરે નહિ. ॥ ૧૮૩ ॥

**વાંસ, તાલ વગેરેના પર્યાય**

**कीचको ध्वनिमद्वेणु-स्तालो गेयक्रमोद्भवः ।**
**पुष्करं मुरजं पद्मं, हस्तिहस्ताग्रनामकम् ॥ १८४ ॥**

૧. વાયુ ભરાવાથી અવાજ કરતા પોલા વાંસને **'કીચક'** (પું.) કહે છે.

૨. રાગરાગિણીના ક્રમિક ઉચ્ચારને **'તાલ'** (પું.) કહે છે.

૩. મૃદંગને, કમલને અને હાથીની સૂંઢના અગ્રભાગને **'પુષ્કર'** (ન.) કહે છે. ॥ ૧૮૪ ॥

**ગોળ, વિષમ અને વિશાળ અર્થવાળા પર્યાય**

**निस्तलं वर्तुलं वृत्तं, स्थपुटं विषमोन्नतम् ।**
**दीर्घं प्रांशु विशालं च, बहुलं पृथुलं पृथु ॥ १८५ ॥**

૧. નિસ્તલ, વર્તુલ, વૃત્ત (૩-ત્રિ.) આ ગોળ (વસ્તુ)ના પર્યાય છે.

૨. સ્થપુટ, વિષમોન્નત (૨-ત્રિ.) આ ઊંચાનીચા-વિષમ સ્થળના પર્યાય છે.

૩. દીર્ઘ (ત્રિ.), પ્રાંશુ (અ.), વિશાલ, બહુલ, પૃથુલ, પૃથુ (૪-ત્રિ.) આ **'વિશાળ'** અર્થવાળા પર્યાય છે. ॥ ૧૮૫ ॥

**તીક્ષ્ણ-ભયંકર તથા ધીમી ગતિએ કામ કરનારના પર્યાય**

**उल्बणं दारुणं तिग्मं, घोरं तीव्रोग्रमुत्कटम् ।**
**शीतकं तिमिरं याप्यं, मन्दं विद्धि विलम्बितम् ॥ १८६ ॥**

૧. ઉલ્બણ, દારુણ, તિગ્મ, ઘોર, તીવ્ર, ઉગ્ર, ઉત્કટ (૭-ત્રિ.) આ તીક્ષ્ણ-ભયંકરના પર્યાય છે.

૨. શીતક, તિમિર, યાપ્ય, મંદ, વિલમ્બિત (૫-ત્રિ.) આ ધીમી ગતિએ કામ કરનાર(આળસુ)ના પર્યાય છે. ॥ ૧૮૬ ॥

### મૈત્રીના પર્યાય

**सौहार्दं सौहृदं हार्दं, सौहृद्यं सख्यसौरभम् ।**
**मैत्री मैत्रेयिकाऽजर्यं, साहाय्यं सङ्गतं मतम् ॥ १८७ ॥**

૧. સૌહાર્દ, સૌહૃદ, હાર્દ, સૌહૃદ્ય, સખ્ય, સૌરભ (૬-ન.), મૈત્રી, મૈત્રેયિકા (૨-સ્ત્રી.), અજર્ય, સાહાય્ય, સંગત (૩-ન.) આ મૈત્રી-દોસ્તીના પર્યાય છે. ॥ ૧૮૭ ॥

### 'સ્વભાવ', 'અભ્યાસ' અને 'વારંવાર' અર્થવાળા પર્યાય

**स्वभावः प्रकृतिः शीलं, निसर्गो विस्रसा निजः ।**
**योग्या गुणनिकाऽभ्यासः, स्यादभीक्ष्णं मुहुर्मुहुः ॥ १८८ ॥**

૧. સ્વભાવ (પું.), પ્રકૃતિ (સ્ત્રી.), શીલ (ન.), નિસર્ગ (પું.), વિસ્રસા (સ્ત્રી.), નિજ (પું.) આ સ્વભાવ-સ્વરૂપના પર્યાય છે.

૨. યોગ્યા, ગુણનિકા (૨-સ્ત્રી.), અભ્યાસ (પું.) આ અભ્યાસ(પરાવર્તન)ના પર્યાય છે.

૩. અભીક્ષ્ણમ્, મુહુર્મુહુસ્-આ **'વારંવાર'** અર્થવાળાં અવ્યય છે. ॥ ૧૮૮ ॥

### અસત્ય, નિષ્ફળ અને દુઃખના પર્યાય

**मृषाऽलीकं मुधा मोघं, वितथं विफलं वृथा ।**
**विधुरं व्यसनं कष्टं, कृच्छ्रं गहनमुद्धरेत् ॥ १८९ ॥**

૧. મૃષા (અ.), અલીક (ન.) આ અસત્યના પર્યાય છે.

૨. મુધા (સ્ત્રી.અ.), મોઘ (ત્રિ.), વિતથ (ન.), વિફલ (ત્રિ.), વૃથા (અ.) આ **'નિષ્ફળ'** અર્થવાળા પર્યાય છે.

૩. વિધુર, વ્યસન, કષ્ટ, કૃચ્છ્ર, ગહન (૫-ન.) આ દુઃખના પર્યાય છે. દુઃખને દૂર કરવું જોઈએ. ॥ ૧૮૯ ॥

### 'સઘળું' અર્થવાળા અને ખંડ-ટુકડાના પર્યાય

**समस्तं सकलं सर्वं, कृत्स्नं विश्वं तथाऽखिलम् ।**
**शकलं विकलं खण्डं, शल्कं लेशं लवं विदुः ॥ १९० ॥**

૧. સમસ્ત, સકલ, સર્વ, કૃત્સ્ન, વિશ્વ, અખિલ (૬-ત્રિ.) આ **'સઘળું'** અર્થવાળા પર્યાય છે.

૨. શકલ (પું. ન.), વિકલ (ન.), ખંડ (પું. ન.), શલ્ક (ન.), લેશ, લવ (૨-પું.) આ ખંડ-ટુકડાના પર્યાય છે. ॥ ૧૯૦ ॥

### મર્મસ્થાન, ક્લેશ, નિંદા, કપટ અને લોહીના પર્યાય

**मर्म कोषं च कलहं, परिवादं छलं नयेत् ।**
**शोणितं लोहितं रक्तं, रुधिरं क्षतजाऽसृजम् ॥ १९१ ॥**

૧. **મર્મન્** (ન.), કોષ (પું.ન.) આ મર્મસ્થાનના પર્યાય છે.

૨. **કલહ** (પું.ન.) ક્લેશ-ઝઘડાવાચક છે.

૩. **પરિવાદ** (પું.) નિંદાવાચક છે.

૪. **છલ** (ન.) કપટવાચક છે.

૫. શોણિત, લોહિત, રક્ત, રુધિર, ક્ષતજ, અસૃજ્ (૬-ન.) આ લોહી-રુધિરના પર્યાય છે. ॥ ૧૯૧ ॥

### 'નિરંતર' અર્થવાળાં અવ્યયો અને વિવાહના પર્યાય

**सतताऽनारताऽजस्राऽ-न्वहं कन्यापतिर्वरः ।**
**उद्वाहः परिणयनं, विवाहश्च निवेशनम् ॥ १९२ ॥**

૧. સતતમ્, અનારતમ્, અજસ્રમ્ (૩-ન.અ.), અન્વહમ્ (અ.) આ **'નિરંતર'** અર્થવાળાં અવ્યયો છે.

૨. વર (પું.) એ **'કન્યાનો પતિ'** અર્થમાં છે.

૩. ઉદ્વાહ (પું.), પરિણયન (ન.), વિવાહ (પું.), નિવેશન (ન.) આ વિવાહના પર્યાય છે. ॥ ૧૯૨ ॥

### છિદ્ર અને નરકના પર્યાય

**शुषिरं विवरं रन्ध्रं, छिद्रं गर्ता च गह्वरम् ।**
**श्वभ्रं रस्यं च पातालं, नरकं यान्त्यमेधसः ॥ १९३॥**

૧. શુષિર, વિવર, રન્ધ્ર, છિદ્ર (૪-ન.), ગર્તા (પું.સ્ત્રી.), ગહ્વર (ન.) આ છિદ્રના પર્યાય છે.

૨. શ્વભ્ર, રસ્ય, પાતાલ (૩-ન.), નરક (પું.) આ નરકના પર્યાય છે.

બુદ્ધિ વિનાના (સમ્યક્ ચારિત્રરહિત) જીવો નરકમાં જાય છે. ॥ ૧૯૩ ॥

### 'પુષ્કળ' અર્થવાળા પર્યાય

**अदभ्रं भूरि भूयिष्ठं, बंहिष्ठं बहुलं बहु ।**
**प्रचुरं नैकमानन्त्यं, प्रभूतं प्राज्यपुष्कले ॥ १९४ ॥**

૧. અદભ્ર, ભૂરિ, ભૂયિષ્ઠ, બંહિષ્ઠ, બહુલ, બહુ, પ્રચુર, નૈક, આનન્ત્ય, પ્રભૂત, પ્રાજ્ય, પુષ્કલ (૧૨-ત્રિ.) આ **'પુષ્કળ-બહુ'** અર્થવાળા પર્યાય છે. ॥ ૧૯૪ ॥

### સંસારના પર્યાય

**भवो भावश्च संसारः, संसरणं च संसृतिः ।**
**तत्त्वज्ञश्चतुरो धीर-स्त्यजेज्जन्म जवं जवम् ॥ १९५ ॥**

ભવ, ભાવ, સંસાર (૩-પું.), સંસરણ (ન.), સંસૃતિ (સ્ત્રી.) આ સંસારના પર્યાય છે.

તત્ત્વને જાણનાર, ચતુર અને ધીર પુરુષ જન્મને-સંસારના વેગને જલદીથી ત્યજી દે છે અર્થાત્ સંસારને વધતો અટકાવે છે. ॥ ૧૯૫ ॥

### તેજસ્વી અને શૂરવીર પુરુષના પર્યાય

**ओजस्व्यूर्जस्वी तेजस्वी, तरस्वी च मनस्व्यपि ।**
**भास्वरो भासुरः शूरः, प्रवीरः सुभटो मतः ॥ १९६ ॥**

૧. ઓજસ્વિન્, ઊર્જસ્વિન્, તેજસ્વિન્, તરસ્વિન્, મનસ્વિન્ (૫-પું.) આ તેજસ્વી પુરુષના પર્યાય છે.

૨. ભાસ્વર, ભાસુર, શૂર, પ્રવીર, સુભટ (૫-પું.) આ શૂરવીર પુરુષના પર્યાય છે. ॥ ૧૯૬ ॥

### સ્વીકારેલું અને કરારના પર્યાય

**उरीकृतमप्यूरी-कृतमङ्गीकृतं तथा ।**
**अस्तुङ्कारोऽभ्युपगमे, सत्यङ्कारः पणार्पणे ॥ १९७ ॥**

૧. ઉરરીકૃત, ઊરીકૃત, અંગીકૃત (૩-ત્રિ.), અસ્તુંકાર આ **'અભ્યુપગમ'** **'સ્વીકારેલું-કબૂલ કરેલું'** એ અર્થવાળા પર્યાય છે.

૨. **'સત્યંકાર'** એ **'પણ'** (શરત, હોડ-જુગાર, હોડમાં મૂકેલી વસ્તુ, વેચવા-ખરીદવાનું સાટું-કરાર-સોદો, ખાતરી માટે અપાતું બહાનું)ના અર્પણમાં વપરાય છે. ॥ ૧૯૭ ॥

### બખ્તર, કંચુક અને છત્રના પર્યાય

**तनुत्रं वर्म कवच-मावृतिर्बाणवारणम् ।**
**कूर्पासं कञ्चुकं छत्र-मातपत्रोष्णवारणम् ॥ १९८ ॥**

૧. તનુત્ર, વર્મન્, કવચ (૩-ન.), આવૃતિ (સ્ત્રી.), બાણવારણ (ન.) આ બખ્તરના પર્યાય છે.

૨. કૂર્પાસ (પું.), કંચુક (પું.ન.) આ સ્ત્રીઓની કાંચળી-ચોળીના પર્યાય છે.

૩. છત્ર (ત્રિ.), આતપત્ર, ઉષ્ણવારણ (૨-ન.) આ છત્ર અથવા છત્રીના પર્યાય છે. ॥ ૧૯૮ ॥

માથાના વાળ અને અંબોડાના પર્યાય

**केशं शिरोरुहं वालं, कचं चिकुरमीहयेत् ।**
**चूडापाशं च धम्मिल्लं, कबरी केशबन्धनम् ॥ १९९ ॥**

૧. કેશ, શિરોરુહ, વાલ, કચ, ચિકુર (૫-પું.) આ મસ્તકના વાળના પર્યાય છે. તેની ઇચ્છા કરવી. (તે રાખવા.)

૨. ચૂડાપાશ, ધમ્મિલ્લ (૨-પું.), કબરી (સ્ત્રી.), કેશબંધન (ન.) આ સ્ત્રીઓના અંબોડા-ચોટલાના પર્યાય છે. ॥ ૧૯૯ ॥

કલ્યાણના પર્યાય

**क्षेमं कल्याणमभयं, श्रेयो भद्रं च मङ्गलम् ।**
**भावुकं भविकं भव्यं, कुशलं च शिवं तथा ॥ २०० ॥**

૧. ક્ષેમ (પું.ન.), કલ્યાણ, અભય, શ્રેયસ્, ભદ્ર, મંગલ, ભાવુક, ભવિક, ભવ્ય, કુશલ, શિવ (૧૦-ન.) આ કલ્યાણના પર્યાય છે. ॥ ૨૦૦ ॥

**कवेर्धनञ्जयस्येयं, सत्कवीनां शिरोमणेः ।**
**प्रमाणं नाममालेति, श्लोकानां हि शतद्वयम् ॥ २०१ ॥**

શ્રેષ્ઠ કવિઓમાં શિરોમણિ એવા ધનંજય નામના કવિએ રચેલી આ નામમાલા છે અને એના ૨૦૦ અનુષ્ટુપ્ શ્લોકો છે. ॥ ૨૦૧ ॥

**वक्ता वाचस्पतिर्यत्र, श्रोता शक्रस्तथापि तौ ।**
**शब्दपारायणस्यान्तं, न गतौ तत्र के वयम् ? ॥ २०२ ॥**

કવિરાજ ધનંજય ઉપસંહાર કરતાં કહે છે કે, જ્યારે બોલનાર વાણીના સ્વામી બૃહસ્પતિ અને સાંભળનાર દેવોના સ્વામી ઇન્દ્રમહારાજા પણ શબ્દોની સમગ્રતાના પારને પામી શક્યા નથી, ત્યારે અમે કોણ માત્ર છીએ ? અર્થાત્ શબ્દ સમૂહ એટલો મોટો છે કે તેનો પાર પામી શકાય એમ નથી. ॥ ૨૦૨ ॥

**तथापि किञ्चित् कस्मैचित्, प्रतिबोधाय सूचितम् ।**
**बोधयेत् कियदुक्तिज्ञं, मार्गज्ञः सह याति किम् ? ॥ २०३ ॥**

જો કે શબ્દોના પારને અમે પામ્યા નથી, તોપણ કોઈકને કાંઈક પણ જ્ઞાન થાય તે માટે લેશમાત્ર અહીં સૂચન કર્યું છે; કેમ કે કથન માત્રથી જાણનાર (સમજી જનાર) બુદ્ધિશાલીને કેટલા સમજાવવા ? માર્ગનો જાણકાર માર્ગ બતાવે છે, પણ સાથે જતો નથી. ॥ ૨૦૩ ॥

**प्रमाणमकलङ्कस्य, पूज्यपादस्य लक्षणम् ।**
**द्विसंधान-कवेः काव्यं, रत्नत्रयमपश्चिमम् ॥ २०४ ॥**

શ્રી ભટ્ટારક અકલંકસ્વામીનો ન્યાય, પૂજયપાદસ્વામીનું વ્યાકરણ અને **'દ્વિસંધાનકવિ'** તરીકે પ્રસિદ્ધિ પામેલા કવિરાજ ધનંજયનું બનાવેલું દ્વિસંધાન કાવ્ય આ ત્રણ અપૂર્વ રત્નો છે. ॥ ૨૦૪ ॥

**ब्रह्माणं समुपेत्य वेदनिनदव्याजात्तुषाराचल-**
**स्थानस्थावरमीश्वरं सुरनदीव्याजात्तथा केशवम् ।**
**अप्यम्भोनिधिशायिनं जलनिधिध्वानापदेशादहो !,**
**पूत्कुर्वन्ति धनञ्जयस्य च भिया शब्दाः समुत्पीडिताः ॥ २०५ ॥**

આ એક ભારે આશ્ચર્યની વાત છે કે, ધનંજય કવિના ભયથી પીડાયેલા શબ્દો વેદોના અવાજના બહાનાથી બ્રહ્માજીની પાસે જઈને; ગંગાના બહાનાથી હિમાલયમાં વસનારા મહાદેવજી પાસે જઈને અને સમુદ્રના ગર્જારવના બહાનાથી સમુદ્રમાં સૂવાવાળા વિષ્ણુ પાસે જઈને પોતાનું દુઃખ કહી રહ્યા છે અર્થાત્ દુઃખ દૂર કરવા પોકાર કરી રહ્યા છે. ॥ ૨૦૫ ॥

# પરિશિષ્ટ

# એકાક્ષર કોશ

अ (પું.) વિષ્ણુ
आ (પું.) શિવ, બ્રહ્મા, (સ્ત્રી.) લક્ષ્મી
इ (પું.) કામદેવ
ई (પું.) કામદેવ, (સ્ત્રી.) લક્ષ્મી
उ (પું.) મહાદેવ, બ્રહ્મા
ऊ (પું.) શિવ, ચંદ્ર, કપૂર
ऊ (ત્રિ.) પાલક, રક્ષક
ऋ (સ્ત્રી.) દેવમાતા - અદિતિ, દાનવોની માતા - દિતિ (દનુ), સ્મૃતિ, ગતિ, યાદદાસ્ત
ॠ (પું.) ભૈરવ, દાનવ
ॠ (ન.) છાતી, હૃદય
ऌ (અ.) દેવમાતા, પૃથ્વી, પર્વત
ॡ (પું.) મહાદેવ, (સ્ત્રી.) કામધેનુની માતા
ॡ (અ.) દાનવમાતા, દેવાંગના
ए (પું.) વિષ્ણુ
ऐ (પું.) મહેશ્વર, પરમેશ્વર
ओ (પું.) બ્રહ્મા
औ (પું.) અનંત, શેષનાગ, (સ્ત્રી.) પૃથ્વી
अं (ન.) પરબ્રહ્મ
अः (પું.) મહાદેવ
क (પું.) બ્રહ્મા, વિષ્ણુ, કામદેવ, અગ્નિ, વાયુ, યમ, સૂર્ય, આત્મા, રાજા, મોર, પક્ષી, ચિત્ત, શરીર, કાળ, મેઘ, પ્રકાશ, શબ્દ, માથાના વાળ, (ન.) મસ્તક, પાણી, સુખ, મંગળ, કલ્યાણ, બ્રહ્મ
कु (સ્ત્રી.) પૃથ્વીનો ભાગ, પૃથ્વી
कू (સ્ત્રી.) ચૂડેલ, પિશાચની સ્ત્રી
क्ष (પું.) પ્રલય, નાશ, સંવર્ત, રાક્ષસ, વીજળી, ક્ષેત્ર, ખેતર, ખેતરનો રખેવાળ, ખેડૂત
क्षि (ત્રિ.) નિવાસ, ગતિ, ક્ષય
क्षु (પું.) અનાજ, સિંહ
ख (પું.) સૂર્ય, વિષ્ણુ, હાથી
ख (ન.) સ્વર્ગલોક, આકાશ, જ્ઞાન, સુખ, મીંડું, ક્ષેત્ર, હર્ષ, બ્રહ્મ, શહેર, ઇન્દ્રિય, કામ, મંગલ
खा (ત્રિ.) ખોદનાર, ખણનાર, (સ્ત્રી.) નદી
ग (પું.) ગણેશ, ગન્ધર્વ, સિંહ, (ન.) ગીત
गा (સ્ત્રી.) ગાયન, ગાથા, પદ
गु (પું.) ગુરુ

**गू** (સ્ત્રી.) ગૂ, વિષ્ઠા, પેટનો મળ

**गो** (પું) બળદ, કિરણ, હીરો, વજ્ર, સ્વર્ગ, ચંદ્ર, સૂર્ય, વાયુ, પશુ,

**गो** (સ્ત્રી.) ગાય, આંખ, બાણ, દિશા, વાણી, પૃથ્વી, માતા, દૃષ્ટિ, રુવાંટું,
(ન.) પાણી, મુખ, વાળ, સત્ય

**घ** (પું.) ઘંટ, ઘંટનો અવાજ

**घा** (સ્ત્રી.) કંદોરો, ઘા કરવો, મારવું

**घु** (પું.) ધ્વનિ

**ङ** (પું.) વિષય, વિષયસેવા, વિષયસ્પૃહા, ભૈરવદેવ

**च** (પું.) ચંદ્ર, કપૂર, કાચબો, ચોર, મહાદેવ,
(ત્રિ.) બીજરહિત, દુર્જન

**छ** (પું.) છેદ, વિભાગ,
(ન.) ઘર, ઢાંકણ

**छ** (ત્રિ.) સ્વચ્છ, શુદ્ધ, છેદનાર, તોડનાર, ચંચળ

**छा** (પું.) પારો

**छि** (સ્ત્રી.) નિંદા, તિરસ્કાર, ગાળ

**ज** (પું.) પિતા, જન્મ, વિષ્ણુ, ઝેર, ભોગ, પિશાચ, તેજ, કાંતિ, વેગ, જય, ગાયન, મૃત્યુંજય-શંકર,
(ત્રિ.) વિજયી, ખાધેલું, ચપળ, પેદા થનાર

**जा** (સ્ત્રી.) માતા, દેરાણી

**जि** (પું.) પિશાચ, રાક્ષસ,
(ત્રિ.) જયશીલ

**जू** (સ્ત્રી.) આકાશ, સરસ્વતી, રાક્ષસી, વેગ, ગતિ,
(ત્રિ.) વેગવાળું

**झ** (પું.) વાવાઝોડું, વંટોળિયો, ઝંઝાવાત, જલવૃષ્ટિ, બૃહસ્પતિ,
(ત્રિ.) નાશ પામેલ, ખોવાઈ ગયેલ, સૂતેલ

**झा** (સ્ત્રી.) પાણીનો ધોધ

**ज्ञ** (પું.) જ્ઞાની, પંડિત, બ્રહ્મા, મંગળ ગ્રહ, બુધ ગ્રહ,
(ત્રિ.) જ્ઞાતા

**ञ** (પું.) ગાયન, ગવૈયો, ઘર્ઘર અવાજ, શુક્રાચાર્ય, બળદ,
(ત્રિ.) ગાનાર, કુમાર્ગે જનાર

**ट** (પું.) પગ, શબ્દ, ધનુષની દોરી-પણછનો અવાજ, ટંકાર,
(ન.) નાળિયેરની કાચલી

**टा** (સ્ત્રી.) પૃથ્વી, શપથ, પ્રતિજ્ઞા

**टु** (પું.) સોનું, કામદેવ, ઠગ

**ठ** (પું.) શિવ, મોટો અવાજ, ચંદ્રનું મંડળ, હરકોઈ મંડળ, શૂન્ય, ઇન્દ્રિયનો વિષય, જનસમૂહ, દેવપ્રતિમા,
(ત્રિ.) લોકવિષય, ખાલી, શૂન્ય, ધુતારું, ઠગ

**ड** (પું.) શિવ, અવાજ, ભય, ત્રાસ, વડવાનલ

**डा** (સ્ત્રી.) ડાકણ, ટોપલી

**ढ** (પું.) મોટું નગારું, કૂતરો, કૂતરાની પૂંછડી, અવાજ, સર્પ, નિર્ગુણ

**ण** (પું.) શિવ, ઘરેણું, પાણીનું સ્થાન-જલાશય, દાન, (ન.) નિર્ણય, નિશ્ચય, જ્ઞાન, (ત્રિ.) ગુણરહિત

**त** (પું.) ચોર, અમૃત, પૂંછડું, ખોળો, ગર્ભ, મ્લેચ્છ, રત્ન, બુદ્ધદેવ, (ત્રિ.) જુવાન, શઠ, લુચ્ચું

**ता** (સ્ત્રી.) લક્ષ્મી

**ते** (અ.) ગૌરી, પાર્વતી

**थ** (પું.) પર્વત, ભક્ષણ, રોગ, (ન.) ભય, રક્ષણ, મંગળ, (ત્રિ.) ભયથી રક્ષણ કરનાર

**द** (પું.) પર્વત, દાન આપનાર, બક્ષિસ આપનાર, દાન કરેલી વસ્તુ, દાન, (ન.) પત્ની, દાન, બક્ષિસ

**दी** (સ્ત્રી.) ક્ષય, નાશ

**ध** (પું.) ધર્મ, કુબેર, બ્રહ્મા, (ન.) ધન

**धी** (સ્ત્રી.) બુદ્ધિ, અક્કલ, જ્ઞાન, ભક્તિ, આરાધના

**न** (પું.) બંધ, બંધન, બુદ્ધદેવ, યુદ્ધ, ગણપતિ, સોનું, રત્ન, મોતી, (ત્રિ.) સ્તુતિ પામેલ, દુર્બળ, શ્રમરહિત

**प** (પું.) પવન, પાંદડું, પાન, પીવું

**पा** (ત્રિ.) પીનાર, પાલક, રક્ષક

**पो** (ત્રિ.) શુદ્ધ, પવિત્ર, શુદ્ધ-પવિત્ર કરનાર

**फ** (પું.) વૃષ્ટિ સાથે તોફાની પવન, બગાસું ખાવું, ફલભાગ, ઉન્નતિ, (ન.) વ્યર્થ બોલવું, ફૂંફાડો મારવો, ક્રોધયુક્ત ભાષણ

**फा** (પું.) નિષ્ફળ ભાષણ, પિતા સંતાપ, વૃદ્ધિ, આબાદી, ચડતી, (ત્રિ) વૃદ્ધિ કરનાર, વધારનાર

**फि** (પું.) નિષ્ફળ વાક્ય, પાપ, ક્રોધ

**ब** (પું.) વરુણ, સમુદ્ર, ભગ, યોનિ, પાણી, ગમન, તાંતણો સાંધવો, મુંડન, ઘડો, કળશ

**भ** (પું.) શુક્રાચાર્ય, પર્વત, ભ્રાન્તિ, (ન.) નક્ષત્ર, ગ્રહ, રાશિ

**भा** (સ્ત્રી.) કાંતિ, તેજ, શંકુ છાયા

**भी** (સ્ત્રી.) ભય, બીક

**भू** (પું.) યજ્ઞનો અગ્નિ, પરમેશ્વર, (સ્ત્રી.) પૃથ્વી, હરકોઈ સ્થાન, ફટકડી, (ત્રિ.) ઉત્પન્ન થતું

**म** (પું.) શિવ, ચંદ્ર, બ્રહ્મા, યમ, સમય, ઝેર, *વિષ્ણુ*, કપૂર, (ન.) સમૃદ્ધિ, આબાદી.

**मा**. (સ્ત્રી.) લક્ષ્મી, માતા, મા

**मु** (પું.) શિવ, બંધન

**य** (પું.) પવન, યશ, આબરૂ, ગતિ, યોગ, સંયમ

**यू** (સ્ત્રી.) જેમાં કઠોળ વગેરે પલાળેલ હોય તેવું પાણી

**र** (પું.) અગ્નિ, આગ, કામદેવનો અગ્નિ, ઉગ્ર

**रा** (સ્ત્રી.) દાન, વિભ્રમ, સોનું

**रु** (પું.) અવાજ, શબ્દ

**रै** (પું.) ધન, સોનું, શબ્દ

**ल** (પું.) ઈન્દ્ર, (ત્રિ.) લેનાર

**लि** (સ્ત્રી.) થાક, નાશ, અંત, સમાનતા, એકતા, બરોબરી

**व** (પું.) વાયુ, વરુણ, સાન્ત્વન, મન્ત્રણા, મસલત, કલ્યાણ, રહેઠાણ, વાસ, સમૂહ, વાઘ, વન્દન, પાણી, સમુદ્ર, (ત્રિ.) બળવાન, (અ.) સાદૃશ્ય

**वि** (પું.) પક્ષી, વાયુલોક, સ્વર્ગ, નેત્ર, ડોળો

**श** (પું.) શિવ, શસ્ત્ર, (ન.) શુભ, મંગળ, સુખ, કલ્યાણ

**शि** (પું.) શિવ, સારું ભાગ્ય, શાન્તિ

***शी** (સ્ત્રી.) શયન, શાન્તિ*

**श्री** (સ્ત્રી.) લક્ષ્મી, લવિંગ, શોભા, વાણી, વેશરચના, દેવદારનું ઝાડ, ધર્મ-અર્થ-કામ, સંપત્તિ, પ્રકાર, ઉપકરણ, રાચરચીલું, આબાદી, બુદ્ધિ, વિભૂતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, અધિકાર, પ્રભા, કાંતિ, તેજ, વૃદ્ધિ, સિદ્ધિ, કમળ, શણગાર

**ष** (પું.) કેશ, સ્વર્ગ, નિદ્રા, અંત, નાશ, મોક્ષ, મનુષ્ય, ગર્ભવિમોચન, (ન.) ધૈર્ય, ધીરજ, (ત્રિ.) શ્રેષ્ઠ, સર્વ, વિદ્વાન, ડાહ્યું, હોશિયાર

**षू** (સ્ત્રી.) જન્મ, ઉત્પત્તિ

**स** (પું.) વિષ્ણુ, ઈશ્વર, સર્પ, પક્ષી, વાયુ, (ન.) જ્ઞાન, રસ્તો, વાડ, ધ્યાન, ચન્દ્ર

**सा** (સ્ત્રી.) લક્ષ્મી, ગૌરી

**सू** (સ્ત્રી.) પ્રસવ, જન્મ, ઉત્પત્તિ, ફેંકવું, પ્રેરણા કરવી, મોકલવું

**सो** (સ્ત્રી.) પાર્વતી

**ह** (પું.) શિવ, પાણી, મીંડું, શૂન્ય, આકાશ, સ્વર્ગ, ધારણ કરવું, ચંદ્ર, કપૂર, (ત્રિ.) શૂન્ય, સૂનું, સુકાયેલું, રક્ત, લાલ.

# શબ્દો બનાવવાની રીત

## પરિભાષા

જે શબ્દોની વ્યુત્પત્તિ ન થઈ શકે એવા 'आखण्डल' (=ઇન્દ્ર) વગેરે શબ્દો રૂઢ જાણવા અને ગુણ, ક્રિયા કે સંબંધથી જેનો અર્થ નીકળી શકે તેને યૌગિક કહેવા. ગુણોના હેતુથી અર્થ નીકળી શકે એવા 'नीलकण्ठ' (=શંકર) વગેરે શબ્દો અને ક્રિયાના હેતુથી અર્થ નીકળી શકે એવા 'स्रष्टा'(=બ્રહ્મા) વગેરે શબ્દો તેમજ સ્વસ્વામિભાવ સંબંધમાં, 'भूपाल' (=રાજા) વગેરે શબ્દો યૌગિક છે.

## જુદાજુદા સંબંધમાં બનતા શબ્દો

સ્વસ્વામિભાવ સંબંધમાં – મૂળ શબ્દથી प, पाल, धन, भुज्, नेतृ, पति અને મત્વર્થક मत् વગેરે જોડાઈ સ્વામિવાચક શબ્દો બને છે તેનાં ઉદાહરણો: भूपः, भूपालः, भूधनः, भूभुग्, भूनेता, भूपतिः, भूमान् (=રાજા). આમ ઉદાહરણો કવિસમયોક્તિથી શિષ્ટ પુરુષોની પરંપરાથી સમજી લેવાં.

## જન્યજનકભાવ સંબંધમાં બનતા શબ્દો

જન્ય=કાર્યવાચક શબ્દને कृत्, कर्तृ, सृज्, स्रष्टृ, विधातृ, कर, सू અને તેના સરખા બીજા શબ્દો લગાડતાં જનકવાચક શબ્દો બને છે. ઉદાહરણ विश्वकृत्, विश्वकर्ता, विश्वसृट्, विश्वविधाता, विश्वकरः, विश्वसूः (બ્રહ્મા) વગેરે શબ્દો જાણવા. विश्वकारकः, विश्वजनकः ઇત્યાદિ પણ થાય છે.

જનક=કારણવાચક શબ્દો થકી योनि, ज, रुह, जन्मन्, भू, सूति વગેરે શબ્દો અને अण् વગેરે તદ્ધિત પ્રત્યયો લગાડવાથી જન્યવાચક શબ્દો બને છે. ઉદા૦ आत्मयोनिः, आत्मजः, आत्मरुहः, आत्मजन्मा, आत्मभूः, आत्मसूतिः, आत्मसम्भवः (બ્રહ્મા), भार्गवः = ભૃગુનો પુત્ર (શુક્ર), दैत्यः = દિતિનો પુત્ર

❋

## ધાર્યધારકભાવ સંબંધમાં બનતા શબ્દો

ધાર્યવાચક શબ્દ થકી ध्वज, अस्त्र, पाणि, अङ्क, मौलि, भूषण, भृत् અને તેના સરખા શબ્દો તેમજ शालिन्, शेखर શબ્દો, મત્વર્થક પ્રત્યયો અને मालिन्, भर्तृ, धर વગેરે શબ્દો લગાડવાથી ધારકવાચક શબ્દો બને છે. ઉદા૰ वृषध्वजः, शूलास्त्रः, पिनाकपाणिः, वृषाङ्कः, चन्द्रमौलिः, शशिभूषणः, शूलभृत् (वृषकेतनः, शूलायुधः, वृषलक्ष्मा, चन्द्रशिराः, चन्द्राभरणः વગેરે.) તેમજ पिनाकशाली, शशिशेखरः, शूली, पिनाकमाली, पिनाकभर्ता, गङ्गाधरः (શંકર) વગેરે.

## ભોજ્યભોજકભાવ સંબંધમાં બનતા શબ્દો

ભોજ્ય-ભક્ષ્ય(ખાદ્ય)વાચક શબ્દ થકી भुज्, अन्धस्, व्रत, लिह्, पायिन्, प, अश અને अशन વગેરે શબ્દો લગાડવાથી ભોજક-ખાનારવાચક શબ્દો બને છે. ઉદા૰ अमृतभुजः, अमृतान्धसः, अमृतव्रताः, अमृतलिहः, अमृतपायिनः, अमृतपाः, अमृताशाः, अमृताशनाः (દેવો) વગેરે.

## પતિ-પત્નીભાવ સંબંધમાં બનતા શબ્દો

પતિવાચક શબ્દો થકી कान्ता, प्रियतमा, वधू, प्रणयिनी વગેરે તેમજ તેના સમાન वल्लभा વગેરે શબ્દો લગાડવાથી પત્નીવાચક શબ્દો બને છે. ઉદા૰ शिवकान्ता, शिवप्रियतमा, शिववधूः, शिवप्रणयिनी, शिववल्लभा (ગૌરી, પાર્વતી) વગેરે અને પત્નીવાચક શબ્દો થકી वर, रमण, प्रणयिन्, ईश અને प्रिय વગેરે શબ્દો લગાડવાથી પતિવાચક શબ્દો બને છે. ઉદા૰ गौरीवरः, गौरीरमणः, गौरीप्रणयी, गौरीशः, गौरीप्रियः (શિવ) વગેરે.

## સખિના સંબંધમાં બનતા શબ્દો

એક મિત્રના વિશેષ નામ થકી सखि અને તેના જેવા બીજા શબ્દો લગાડવાથી મિત્રના વાચક બીજા શબ્દો બને છે. ઉદા૰ श्रीकण्ठसखः (કુબેર), मधुसखः (કામદેવ), वायुसखः, वायुमित्रः (અગ્નિ) વગેરે.

## વાહ્ય-વાહકભાવ સંબંધમાં બનતા શબ્દો

વાહ્ય(ઉપાડનાર)વાચક શબ્દ થકી गामिन्, यान, आसन વગેરે શબ્દો લગાડવાથી વાહક(ઉપડાવનાર)વાચક શબ્દો બને છે. ઉદા૰ वृषगामी, वृषयानः, वृषासनः, वृषवाहनः (શંભુ-શંકર) વગેરે.

## કૌટુમ્બિક સંબંધમાં બનતા શબ્દો

પિતા વગેરેના વિશેષ નામ થકી स्वसृ, दुहितृ, आत्मज, अग्रज, अवरज વગેરે શબ્દો લગાડવાથી પુત્ર, પુત્રી, ભાઈ વગેરેનાં વિશેષ નામો બને છે. ઉદા૦ यमस्वसा (યમુના), हिमवद्दुहिता (ગૌરી), चन्द्रात्मजः (બુધ), गदाग्रजः (કૃષ્ણ), इन्द्रावरजः (વિષ્ણુ), रामानुजः (લક્ષ્મણ), (कालिन्दीसोदरः = યમ) વગેરે.

## આશ્રય-આશ્રયિભાવ સંબંધમાં બનતા શબ્દો

આશ્રય(રહેઠાણ)વાચક વિશેષનામ થકી सद्मन् અને તે અર્થવાળા બીજા શબ્દો, તેમજ शय, वासिन् અને सद् વગેરે શબ્દો જોડવાથી આશ્રયિ(રહેનાર)વાચક શબ્દો બને છે. ઉદા૦ द्युसद्मानः, द्युसदनाः, दिवौकसः, द्युवसतयः, द्युशयाः, द्युवासिनः, द्युसदः (દેવો)

## વધ્ય-વધકભાવ સંબંધમાં બનતા શબ્દો

વધ્ય(હણવા યોગ્ય)વાચક શબ્દ થકી भिद्, द्वेषिन्, जित्, घातिन्, द्रुह्, अरि, ध्वंसिन्, शासन, अन्तकारिन्, दमन, दर्पच्छित्, मथन વગેરે શબ્દો જોડવાથી વધક(હણનાર)વાચક શબ્દો બને છે. ઉદા૦ पुरभिद्, पुरद्वेषी, पुरजित्, पुरघाती, पुरध्रुक्, पुरारिः, पुरध्वंसी, पुरशासनः, पुरान्तकारी, पुरदमनः, पुरदर्पच्छित्, पुरमथनः (શિવ) (पुरदारी, पुरनिहन्ता, पुरकेतुः, पुरहा, पुरसूदनः, पुरान्तकः, पुरजयी વગેરે શિવનાં નામો થાય છે; વધને યોગ્ય ઉપરથી कालियदमनः, कालियारिः, कालियशासनः વગેરે વિષ્ણુનાં નામ થાય છે.)

પરસ્પરનો સંબંધ વિવક્ષાધીન છે, એક સંબંધવાળા પદથી પણ ઉપર કહેલા સંબંધમાં યોગ્યતા પ્રમાણે પદો જોડવાથી બીજા સંબંધને બતાવનાર શબ્દો બને છે; જેમ કે, એકનો એક 'वृष' શબ્દ વાહ્ય-વાહકભાવ સંબંધમાં वृषबाहनः = રુદ્ર, તે સ્વસ્વામિભાવ સંબંધમાં वृषपतिः, ધાર્યધારકભાવ સંબંધમાં वृषलाञ्छनः પણ થાય છે. તેવી જ રીતે 'अंशु' શબ્દ તે બંને વિવક્ષામાં અનુક્રમે ધાર્યધારકભાવમાં अंशुमाली, સ્વસ્વામિભાવમાં अंशुपतिः, अंशुमान् (રવિ-સૂર્ય) પણ થાય છે.

એક જ 'अहि' શબ્દ વધ્યવધકભાવની વિવક્ષામાં अहिरिपुः (મોર) અને ભોજયભોજકભાવ સંબંધમાં अहिभुक् (મોર) બને છે.

સંદેહરહિત વિશેષણો વડે જાતિવાચક શબ્દ પણ વ્યક્તિવાચક-સંજ્ઞાવાચક બની જાય છે; જેમ કે, अगस्तिपूता दिक् = દક્ષિણ દિશા; सप्तर्षिपूता दिक् = ઉત્તર દિશા. (अत्रिनयनसमुत्थं ज्योतिः = ચંદ્ર વગેરે)

अयुग् અને विषम શબ્દ ત્રણ પાંચ કે સાત વગેરે(એકી સંખ્યા)ના વાચક છે.

તે શબ્દો त्रिनेत्र, पञ्चेषु કે सप्तपलाश, (त्र्यक्षः, पञ्चबाणः, सप्तच्छदः) વગેરેના સ્થાને જોડવા; જેમ કે, त्रिनेत्रः, अयुङ्नेत्रः, विषमनेत्रः (શંભુ); पञ्चेषुः, अयुगिषुः, विषमेषुः (કામદેવ); सप्तपलाशः, अयुक्पलाशः, विषमपलाशः (સપ્તપર્ણ). આદિ શબ્દથી नवशक्तिः, अयुक्शक्तिः, विषमशक्तिः (શંભુ) વગેરે શબ્દો બને છે.

ગુણવાચક શબ્દની પૂર્વમાં 'नञ्' કે પાછળ 'इतर' શબ્દ આવ્યો હોય તો તે જ શબ્દ વિરોધવાચક બની જાય છે; જેમ કે, असितः, सितेतरः = कृष्णः (કાળો), अकृशः, कृशेतरः = स्थूलः (જાડો) વગેરે.

(वाः+धि=) वार्द्धि વગેરે શબ્દોમાં પૂર્વપદમાં, (वडवा+अग्नि=) वडवाग्नि વગેરે શબ્દોમાં ઉત્તરપદમાં અને (भू+भृत्=) भूभृत् વગેરે શબ્દોમાં પૂર્વ કે ઉત્તર બંને પદોમાં પર્યાયવાચક શબ્દો મૂકી શકાય છે. પૂર્વપદમાં જેમ કે, वार्द्धिः, जलधिः, तोयधिः (जलदः, तोयदः, नीरदः) વગેરે; ઉત્તરપદમાં જેમ કે, वडवाग्निः, वडवानलः, वडवावह्निः (सरोजम्, सरोरुहम्) વગેરે; પૂર્વ કે ઉત્તરપદમાં જેમ કે, भूभृत्, उर्वीभृत्, भूधरः, उर्वीधरः (सुरपतिः, देवराजः) વગેરે. આ રીતે પદોના ફેરફારવાળા શબ્દો વ્યુત્પત્તિથી બનતા હોવાથી યૌગિક કહેવાય છે.

પર્યાયના ફેરફાર વિનાના गीर्वाणः (दशरथः, कृतान्तः) વગેરે શબ્દો મિશ્ર (યોગરૂઢ) કહેવાય છે.

("અભિધાનચિંતામણિકોશ અનુ. સંપા. વિજય કસ્તૂરસૂરિ"માંથી સાભાર)

**૧. શ્રીજિનેશ્વરદેવનાં નામ બનાવવાની રીત :**

જગતવાચક શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી જિનેશ્વરદેવનાં નામ બને છે; જેમ કે, जगन्नाथः, जगत्पतिः, जगदीशः, त्रिलोकनाथः, त्रिभुवनस्वामी 'मिन्' (પું.)

**૨. બ્રહ્માનાં નામ બનાવવાની રીત :**

(૧) જગતવાચક શબ્દોની પાછળ **कर्तृ, विधातृ** કે **स्रष्टृ** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, विश्वकर्ता 'तृ', जगत्स्रष्टा 'तृ', सृष्टिविधाता 'तृ' (પું.)

(૨) **चतुर्** શબ્દ પાછળ **મુખવાચક** શબ્દો જોડવાથી બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, चतुर्मुखः, चतुराननः, चतुरास्यः (પું.)

(૩) **अष्ट** શબ્દ પાછળ **કર્ણવાચક** શબ્દો જોડવાથી બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, अष्टकर्णः, अष्टश्रवणः, अष्टश्रुतिः (પું.)

(૪) **હંસવાચક** શબ્દોની પાછળ **वाह, वाहन, यान, गामिन्** કે **आसन** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, हंसवाहः, हंसवाहनः, हंसगामी 'इन्', चक्राङ्गवाहः, मरालवाहनः, मरालासनः (પું.)

(૫) **नाभि, पद्म, आत्मन्** અને **स्वयम्** શબ્દની પાછળ **भू** કે **जन्मन्** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, नाभिभूः, आत्मभूः, स्वयम्भूः, नाभिजन्मा 'मन्', पद्मजन्मा 'मन्' (પું.)

(૬) **કમળવાચક** શબ્દોની પાછળ **योनि, उद्भव** કે **आसन** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે; જેમ કે, पद्मयोनिः, कमलयोनिः, नलिनोद्भवः, सरोरुहासनः, पद्मासनः (પું.)

**૩. સરસ્વતીદેવીનાં નામ બનાવવાની રીત :**

(૧) **બ્રહ્માવાચક** શબ્દોની પાછળ **પુત્રીવાચક** શબ્દો જોડવાથી સરસ્વતીનાં નામ બને છે; જેમ કે, ब्रह्मपुत्री, अजनन्दना, चतुर्मुखतनया, द्रुहिणात्मजा (સ્ત્રી.)

(૨) **વાણીવાચક** શબ્દોની પાછળ **देवी, देवता** કે **ईश्वरी** શબ્દ જોડવાથી સરસ્વતીનાં નામ બને છે; જેમ કે, वाग्देवी, गीर्देवी, भारतीदेवी, वाग्देवता, वागीश्वरी (સ્ત્રી.)

**૪. સંસ્કૃત ભાષાનાં નામ બનાવવાની રીત :**

**દેવવાચક** શબ્દોની પાછળ **વાણીવાચક** શબ્દો જોડવાથી સંસ્કૃત ભાષાનાં નામ બને છે; જેમ કે, सुरभारती, गीर्वाणगीः, गीर्वाणगिरा, देववाणी (સ્ત્રી.)

**૫. નારદનાં નામ બનાવવાની રીત :**

(૧) **બ્રહ્માવાચક** શબ્દો પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી નારદનાં નામ બને છે; જેમ કે, ब्रह्मपुत्रः, अजात्मजः, चतुर्मुखतनयः, विधातृसुतः, विधिनन्दनः (પું.)

(૨) **કલહવાચક** શબ્દોની પાછળ **प्रिय, कृत्, कार** કે **कारक** શબ્દ જોડવાથી નારદનાં નામ બને છે; જેમ કે, कलिप्रियः, कलहप्रियः, कलहकृत्, कलिकारः, कलहकारकः (પું.)

**૬. રામનાં નામ બનાવવાની રીત :**

(૧) **રાવણવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી રામનાં નામ બને છે; જેમ કે, दशमुखारिः, दशाननशत्रुः, दशास्यरिपुः, लङ्केशवैरी 'इन्', रावणरिपुः, रावणान्तकः (પું.)

(૨) **कौशल्या, सुमित्रा, कैकेयी** શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી રામ, લક્ષ્મણ, ભરત વગેરેનાં નામ બને છે; જેમ કે, कौशल्यात्मजः, कौशल्यानन्दनः, कौशल्यातनयः, सुमित्रातनयः, कैकेयीनन्दनः (પું.)

**૭. સીતાનાં નામ બનાવવાની રીત :**

**પૃથ્વીવાચક** શબ્દો તથા **जनक** શબ્દની પાછળ **પુત્રીવાચક** શબ્દો જોડવાથી સીતાનાં નામ બને છે; જેમ કે, भूमिपुत्री, महीसुता, जनकात्मजा, जनकसुता, विदेहकन्या (સ્ત્રી.)

**૮. હનુમાનનાં નામ બનાવવાની રીત :**

(૧) **अञ्जना** શબ્દ પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી હનુમાનનાં નામ બને છે; જેમ કે, अञ्जनात्मजः, अञ्जनापुत्रः, अञ्जनानन्दनः (પું.) તેમજ તદ્ધિત પ્રત્યયથી आञ्जनेयः (પું.) પણ બને છે.

(૨) **પવનવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી પણ હનુમાનનાં નામ બને છે; જેમ કે, पवनपुत्रः, समीरसुतः, अनिलात्मजः, वातनन्दनः (પું.)

**૯. રાવણનાં નામ બનાવવાની રીત :**

(૧) **दश** શબ્દની પાછળ **મસ્તકવાચક, મુખવાચક** અને **ગરદનવાચક** શબ્દો જોડવાથી રાવણનાં નામ બને છે; જેમ કે, दशशिराः 'अस्', दशमूर्धा 'अन्', दशास्यः, दशाननः, दशमुखः, दशग्रीवः, दशकन्धरः, दशकण्ठः (પું.)

(૨) **રાક્ષસવાચક** શબ્દો તેમજ **लङ्का** અને **मन्दोदरी** શબ્દની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી રાવણનાં નામ બને છે; જેમ કે राक्षसेश्वरः, राक्षसाधिपतिः, निशाचरपतिः, कुणपपतिः, लङ्केशः, लङ्काधिपः, लङ्कापतिः, मन्दोदरीवल्लभः, मन्दोदरीस्वामी 'मिन्' (પું.)

**૧૦. કૃષ્ણનાં અને વિષ્ણુનાં નામ બનાવવાની રીત :**

(૧) **नन्द** અને **देवकी** શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, नन्दनन्दनः, नन्दपुत्रः, देवकीसूनुः, देवकीसुतः, देवकीपुत्रः, नन्दकुमारः (પું.) તેમજ તદ્ધિત પ્રત્યયોથી वासुदेवः, शौरिः, वार्ष्णेयः (પું.) પણ બને છે.

(૨) **લક્ષ્મીવાચક** શબ્દો, **દ્વારિકાનગરીવાચક** શબ્દો અને **राधा** શબ્દની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, माधवः, रमाकान्तः, श्रीशः, श्रीनाथः, लक्ष्मीकान्तः, श्रीकान्तः, द्वारिकाधीशः, द्वारकाधीशः, द्वारकानाथः, द्वारकेशः, द्वारवतीशः, यदुपुरीश्वरः, राधारमणः, राधावल्लभः (પું.)

(૩) **કામદેવવાચક** શબ્દોની પાછળ **પિતૃવાચક** શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, प्रद्युम्नपिता 'तृ', अनङ्गतातः, कामजनकः, कामतातः (પું.)

(૪) **ઇન્દ્રવાચક** શબ્દોની પાછળ **अनुज, अवरज** કે પૂર્વે **उप** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, इन्द्रानुजः, इन्द्रावरजः, आखण्डलानुजः, आखण्डलावरजः, उपेन्द्रः, उपाखण्डलः (પું.)

(૫) **पीत** શબ્દની પાછળ **વસ્ત્રવાચક** શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, पीताम्बरः, पीतांशुकः, पीतवासाः 'वासस्', पीतवस्त्रः (પું.)

(૬) **ગરુડવાચક** શબ્દોની પાછળ **ધ્વજવાચક** કે **ચિહ્નવાચક** શબ્દો જોડવાથી વિષ્ણુનાં નામ બને છે; જેમ કે, तार्क्ष्यध्वजः, गरुडकेतनः, गरुडलाञ्छनः, सुपर्णाङ्कः (પું.)

(૭) **गदा, शार्ङ्ग, चक्र, श्रीवत्स** અને **शङ्ख** શબ્દની પાછળ **धर, भृत्, अङ्क, लाञ्छन, पाणि** ઇત્યાદિ શબ્દો કે **મત્વર્થક પ્રત્યયો** લગાડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, गदाधरः, गदाभृत्, चक्रधरः, शार्ङ्गभृत्, शार्ङ्गधरः, शङ्खधरः, गदी 'इन्', चक्री 'इन्', शङ्खी 'इन्', चक्रलाञ्छनः, शार्ङ्गपाणिः, गदाङ्कः (પું.)

(૮) **પર્વતવાચક** અને **પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **धर** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, गिरिधरः, पर्वतधरः, भूधरः, महीधरः, धरणीधरः, गोवर्धनधरः (પું.)

(૯) **સમુદ્રવાચક** અને **જળવાચક** શબ્દોની પાછળ **शय, शयन** કે **शायिन्** શબ્દ જોડવાથી વિષ્ણુનાં નામ બને છે; જેમ કે, अब्धिशयः, वारिधिशयनः, सागरशायी 'इन्', जलेशयः, वारिशयनः, अम्बुशायी 'इन्' (પું.)

(૧૦) **कंस, जरासंध, धेनुक, चाणूर, पूतना, शकट, कैटभ, केशिन्, मधु, बाण, हिरण्यकशिपु** અને **मुर** શબ્દની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે; જેમ કે, कंसारिः, जरासंधरिपुः, धेनुकाऽमित्रः, चाणूरवैरी 'इन्', मधुसूदनः, मुरारिः, चाणूरमर्दनः, कंसमर्दनः (પું.)

**૧૧. બળદેવનાં નામ બનાવવાની રીત :**

(૧) **કૃષ્ણવાચક** શબ્દોની પાછળ **अग्रज** કે **भ्रातृ** શબ્દ જોડવાથી બળદેવનાં નામ બને છે; જેમ કે, कृष्णाग्रजः, केशवभ्राता 'तृ' (પું.)

(૨) **रोहिणी** શબ્દ પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી બળદેવનાં નામ બને છે; જેમ કે, रोहिणीपुत्रः, रोहिणीनन्दनः, रोहिणीसुतः (પું.)

(૩) **रेवती** શબ્દ પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી બળદેવનાં નામ બને છે; જેમ કે, रेवतीदयितः, रेवतीपतिः,. रेवतीरमणः (પું.)

(૪) **नील** કે **सिति** શબ્દની પાછળ **વસ્ત્રવાચક** શબ્દો જોડવાથી બળદેવનાં નામ બને છે; જેમ કે, नीलाम्बरः, नीलवस्त्रः, नीलांशुकः, सितिवस्त्रः, सितिवासाः 'वासस्' (પું.)

(૫) **હળવાચક** શબ્દોની પાછળ **આયુધવાચક** અને **હસ્તવાચક** શબ્દો તેમજ **धर** કે **भृत्** શબ્દ અથવા **મત્વર્થક પ્રત્યયો** જોડવાથી બળદેવનાં નામ બને છે; જેમ કે, हलायुधः, जित्याकरः, हलधरः, हलभृत्, लाङ्गली 'इन्' (પું.)

(૬) **યમુનાવાચક** શબ્દોની પાછળ **भिद्, भेदन** કે **कर्षण** શબ્દ જોડવાથી બળદેવનાં નામ બને છે; જેમ કે, यमुनाभित्, यमुनाभेदनः, कालिन्दीकर्षणः, रविसुताकर्षणः (પું.)

**૧૨. લક્ષ્મીનાં નામ બનાવવાની રીત :**

(૧) **સમુદ્રવાચક** શબ્દોની પાછળ **પુત્રીવાચક** શબ્દો તથા **जा, भवा, उद्भवा** વગેરે શબ્દો જોડવાથી લક્ષ્મીનાં નામ બને છે; જેમ કે, सागराङ्गजा, सागरोद्भवा, सागरनन्दना, समुद्रसुता, क्षीरोदतनया, अर्णवात्मजा, अब्धिजा, समुद्रभवा (સ્ત્રી.)

(૨) **विष्णु** શબ્દ પાછળ **પત્નીવાચક** શબ્દો જોડવાથી લક્ષ્મીનાં નામ બને છે; જેમ કે, विष्णुवल्लभा, विष्णुप्रिया, (સ્ત્રી.), विष्णुकलत्रम् (ન.)

**૧૩. કામદેવનાં નામ બનાવવાની રીત :**

(૧) **કૃષ્ણવાચક** અને **લક્ષ્મીવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી કામદેવ(કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન)નાં નામ બને છે; જેમ કે, कृष्णाङ्गजः, कृष्णाङ्गजः, वासुदेवात्मजः, लक्ष्मीनन्दनः, रमापुत्रः, श्रीसुतः (પું.)

(૨) **रति** શબ્દની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, रतिपतिः, रतिरमणः, रतिवल्लभः, रतिकान्तः (પું.)

(૩) **शृंगार, संकल्प** અને **चित्त** શબ્દની પાછળ **ज, जात, जन्मन्, भू, भव, उद्भव** કે **योनि** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, मनोजः, मनोजातः, शृङ्गारजन्मा 'मन्', मनोभूः, सङ्कल्पयोनिः, चित्तजन्मा 'मन्', चित्तभूः, सङ्कल्पोद्भवः (પું.)

(૪) **વસંતઋતુવાચક** શબ્દોની પાછળ **सख, सहाय, सुहृद्** કે **सारथि** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, मधुसखः, वसंतसहायः, मधुसुहृद्, पुष्पागमसारथिः (પું.)

(૫) **શરીરવાચક** શબ્દોની પાછળ **रहित, वर्जित** આદિ શબ્દો અથવા પૂર્વમાં **नञ्** જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, शरीररहितः, अङ्गरहितः, कायरहितः, तनुवर्जितः, देहवर्जितः, अनङ्गः, अकायः (પું.)

(૬) **પુષ્પવાચક** શબ્દોની પાછળ **ધનુષવાચક, બાણવાચક** કે **શસ્ત્રવાચક** શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, पुष्पधन्वा 'अन्', कुसुमधन्वा 'अन्', पुष्पचापः, पुष्पेषुः, प्रसूनशरः, कुसुमायुधः, पुष्पहेतिः, प्रसूनास्त्रः (પું.)

(૭) **पञ्च, विषम** અને **अयुग्** શબ્દ પાછળ **બાણવાચક** અને **શસ્ત્રવાચક** શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, पञ्चबाणः, पञ्चेषुः, पञ्चशरः, पञ्चहेतिः, विषमास्त्रः, विषमायुधः, विषमेषुः, अयुगिषुः, अयुगायुधः (પું.)

(૮) **મત્સ્યવાચક** શબ્દોની પાછળ **ધ્વજવાચક** કે **ચિહ્નવાચક** શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે; જેમ કે, मकरध्वजः, मीनकेतुः, मीनकेतनः, मत्स्यलाञ्छनः, झषाङ्कः (પું.)

**૧૪. મહાદેવનાં નામ બનાવવાની રીત :**

(૧) **કામદેવવાચક** શબ્દો તેમજ **गज,, पूषन्, पुर, काल, अन्धक** કે **मख** શબ્દની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, कामारिः, मन्मथरिपुः, अनङ्गसपत्नः, कामध्वंसी 'इन्', गजारिः, पूषाऽसुहृत्, पुरान्तकः, कालारातिः, अन्धकवैरी 'इन्', मखद्विट् 'ष्' (પું.)

(૨) **त्रि** અને **ભાલવાચક** શબ્દોની પાછળ **નેત્રવાચક** શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, त्रिनेत्रः, त्रिलोचनः, त्र्यक्षः, त्र्यम्बकः, भालदृक् 'श्', कपालदृक् 'श्', ललाटलोचनः, ललाटनेत्रः (પું.)

(૩) **શ્મશાનવાચક** શબ્દોની પાછળ **वेश्मन्, ओकस्, वासिन्, निवासिन्** વગેરે શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, श्मशानवेश्मा 'मन्', *श्मशानौकाः 'अस्', पितृवेश्मवासी 'इन्', भूतवासनिवासी 'इन्' (પું.)*

(૪) **પાર્વતીવાચક** શબ્દો તેમજ **पशु, प्रमथ, भूत** અને **गण** શબ્દની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, पार्वतीपतिः, पार्वतीश्वरः, उमेशः, उमाकान्तः, गौरीवरः, गिरिजापतिः, पशुपतिः, प्रमथपतिः, भूतनाथः, गणपतिः, गणेशः, गणनाथः (પું.)

(૫) **पिनाक, शूल, कपाल** અને **खट्वाङ्ग** શબ્દની પાછળ **હસ્તવાચક** શબ્દો તથા **धर, भृत्** કે **मत्वर्थक प्रत्ययो** જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, शूलपाणिः, पिनाकपाणिः, शूलहस्तः, पिनाकधरः, पिनाकभृत्, शूलधरः, शूलभृत्, खट्वाङ्गधरः, खट्वाङ्गभृत्, शूली 'इन्', कपाली 'इन्', खट्वाङ्गी 'इन्' (पुं.)

(૬) **સર્પવાચક** શબ્દોની પાછળ **धर, भृत्, भूषण** કે **शेखर** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, सर्पधरः, नागभृत्, पन्नगभूषणः, फणिशेखरः (पुं.)

(૭) **ચંદ્રવાચક** શબ્દોની પાછળ **धर, भृत्, चूडा, चूडामणि, मौलि** કે **शेखर** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, चन्द्रधरः, इन्दुभृत्, चन्द्रचूडः, चन्द्रचूडामणिः, इन्दुमौलिः, चन्द्रशेखरः(पुं.)

(૮) ગંગાવાચક શબ્દોની પાછળ **धर, भृत्** કે **સ્વામિવાચક** શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, गङ्गाधरः, गङ्गाभृत्, गङ्गानाथः, भागीरथीश्वरः, जाह्नवीपतिः (पुं.)

(૯) **वृष** કે **वृषभ** શબ્દની પાછળ **ધ્વજવાચક, ચિહ્નવાચક** અને **वाहन, यान, गति, गामिन्** કે **आसन** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે; જેમ કે, वृषध्वजः, वृषकेतनः, वृषाङ्कः, वृषवाहनः, वृषलाञ्छनः, वृषवाहनः, वृषभयानः, वृषभगतिः, वृषभगामी 'इन्', वृषासनः (पुं.)

**૧૫. પાર્વતીનાં નામ બનાવવાની રીત :**

(૧) **પર્વતવાચક** શબ્દોની પાછળ **પુત્રીવાચક** શબ્દો જોડવાથી પાર્વતીનાં નામ બને છે; જેમ કે, पर्वतपुत्री, शैलपुत्री, अचलकन्या, नगात्मजा, गिरितनया, हिमवत्सुता, शैलेशसुता, शैलराजदुहिता 'तृ' (स्त्री.)

**૧૬. ગણપતિનાં નામ બનાવવાની રીત :**

(૧) **गण** શબ્દ પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી ગણપતિનાં નામ બને છે; જેમ કે, गणपतिः, गणनाथः, गणस्वामी 'मिन्', गणेशः (पुं.)

(૨) **विघ्न** શબ્દની પાછળ **नायक, नाशक, नाशन, राज, विनायक, हारिन्, ईश, ईश्वर** કે **ईशान** શબ્દ જોડવાથી ગણપતિનાં નામ બને છે; જેમ કે, विघ्ननायकः, विघ्ननाशकः, विघ्नराजः, विघ्नहारी 'इन्', विघ्नेश्वरः (पुं.)

(૩) **હસ્તિવાચક** શબ્દોની પાછળ **મુખવાચક** શબ્દો જોડવાથી ગણપતિનાં નામ બને છે; જેમ કે, गजाननः, गजमुखः, गजास्यः , करिवदनः (पुं.)

(૪) **ઉંદરવાચક** શબ્દોની પાછળ **વાહનવાચક** તથા ग, गामिन्, आसन વગેરે શબ્દો જોડવાથી ગણપતિનાં નામ બને છે; જેમકે, आखुयानः, उन्दुरवाहनः, आखुगः, मूषकगामी 'इन्', खनकासनः (पुं.)

**૧૭. કાર્ત્તિકસ્વામીનાં નામ બનાવવાની રીત :**

(૧) **મહાદેવવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી કાર્ત્તિકસ્વામી અને ગણપતિનાં પણ નામ બને છે; જેમ કે, शिवात्मजः, शम्भुसुतः, भवात्मजः, गिरीशनन्दनः, शङ्करसूनुः (पुं.)

(૨) **અગ્નિવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી કાર્ત્તિકસ્વામીનાં નામ બને છે; જેમ કે, अनलात्मजः, अग्निपुत्रः, शिखिसुतः, अनलसूनुः, वह्निनन्दनः (पुं.)

(૩) **પાર્વતીવાચક** શબ્દો તેમજ **कृत्तिका** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી કાર્ત્તિકસ્વામીનાં નામ બને છે; જેમ કે, उमासुतः, पार्वतीनन्दनः, अद्रिजातनयः, गिरिजासूनुः, दुर्गापुत्रः, कृत्तिकात्मजः, कृत्तिकातनुजः (पुं.)

(૪) ગંગાવાચક શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી કાર્ત્તિકસ્વામી અને ભીષ્મપિતામહનાં નામ બને છે; જેમ કે, गङ्गासूनुः, गङ्गार्भकः, गङ्गातनुजः, जाह्नवीसुतः, भागीरथीनन्दनः (पुं.), (तद्धित) गाङ्गेयः (पुं.)

(૫) **મયૂરવાચક** શબ્દોની પાછળ **वाह, वाहन, यान गामिन्, आसन** કે **पति** શબ્દ જોડવાથી કાર્ત્તિકસ્વામીનાં નામ બને છે; જેમ કે, मयूरवाहः, शिखिवाहनः, नीलकण्ठयानः, बर्हिगामी 'इन्', मयूरासनः, शिखण्डिपतिः

(૬) **षट्** શબ્દની પાછળ મુખવાચક શબ્દો જોડવાથી કાર્ત્તિકસ્વામીનાં નામ બને છે; જેમ કે, षण्मुखः, षडास्यः, षडाननः (पुं.)

**૧૮. બૃહસ્પતિનાં નામ બનાવવાની રીત :**

(૧) **ઇન્દ્રવાચક** અને **દેવવાચક** શબ્દોની પાછળ **गुरु, आचार्य, पूज्य, पुरोधस्** કે **पुरोहित** શબ્દ જોડવાથી દેવોના ગુરુ બૃહસ્પતિનાં નામ બને છે; જેમ કે, इन्द्रगुरुः, सुरपतिपूज्यः, सुरेन्द्रपुरोहितः, सुरगुरुः, सुराचार्यः, अमरपूज्यः, द्युसत्पुरोधाः 'अस्', निर्झरपुरोहितः (पुं.)

(૨) **વાણીવાચક** શબ્દો પાછળ **पति** શબ્દ જોડવાથી બૃહસ્પતિનાં નામ બને છે; જેમ કે, वाचस्पतिः, गीःपतिः, गीष्पतिः, वाक्पतिः (પું.)

**૧૯. ઇન્દ્રનાં નામ બનાવવાની રીત :**

(૧) **સ્વર્ગવાચક, દેવવાચક, ઇન્દ્રાણીવાચક** અને **પૂર્વદિશાવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી ઇન્દ્રનાં નામ બને છે; જેમ કે, द्युपतिः, नाकेशः, देवेशः, सुरेशः, देवेन्द्रः, सुरेन्द्रः, सुरपतिः, देवराजः, शचीशः, शचीपतिः, इन्द्राणीपतिः, पूर्वदिक्पतिः, प्राचीशः, पूर्वाशाधिपतिः, प्राचीपतिः (પું.)

(૨) **सहस्र** શબ્દની પાછળ **નેત્રવાચક** શબ્દો જોડવાથી ઇન્દ્ર અને પરમેશ્વરનાં નામ બને છે; જેમ કે, सहस्रनेत्रः, सहस्राक्षः, सहस्रलोचनः (પું.)

(૩) **પર્વતવાચક** શબ્દો તેમજ **बल, पाक, वृत्र, नमुचि, पुलोमन्** અને **जम्भ** શબ્દની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી ઇન્દ્રનાં નામ બને છે; જેમ કે, पर्वतारिः, गोत्रशत्रुः, गोत्रभित्, नगभित्, नगारिः, अद्रिद्विट् 'ष्', बलशत्रुः, पाकशत्रुः, वृत्रहा 'हन्', नमुचिवैरी 'इन्', पुलोमारिः, जम्भारिः (પું.)

**૨૦. દેવનાં નામ બનાવવાની રીત :**

(૧) **अदिति** શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો તેમજ **ज, जात, जन्मन्** આદિ શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે; જેમ કે, अदितिसुतः, अदितिनन्दनः, अदितिजः, अदितिजातः, अदितिजन्मा 'मन्' (પું.), (तद्धित) आदित्यः (પું.)

(૨) **સ્વર્ગવાચક** શબ્દોની પાછળ **आलय, ओकस्, भुवन, वास, निवास, सद्, सद्मन्** વગેરે શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે; જેમ કે, त्रिविष्टपालयः, दिवौकाः 'अस्', स्वर्गौकाः 'अस्', स्वर्गभुवनः, स्वर्गवासः, द्युनिवासः, द्युषद्, द्युसद्मा 'अन्', स्वर्गसदनः (પું.)

(૩) **स्थिर, निश्चल, दिव्य, अनिमेष** અને **निर्निमेष** શબ્દની પાછળ **નેત્રવાચક** શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે; જેમ કે, स्थिरेक्षणः, निश्चलनयनः, दिव्यदृक्, 'श्', अनिमेषदृष्टिः, निर्निमेषलोचनः (પું.)

(૪) **स्वाहा, स्वधा, अमृत, क्रतु** અને **यज्ञ** શબ્દની પાછળ **भुज्, अश, अशन, अन्धस्** વગેરે શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે; જેમ કે, स्वाहाभुक्, 'ज्', स्वधाशनः, अमृताशः, अमृतान्धाः 'अस्', क्रतुभुक् 'ज्', यज्ञाशनः (પું.)

(૫) **દૈત્યવાચક** શબ્દો પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે; જેમ કે, दैत्यारिः, असुरारिः, असुररिपुः, असुरवैरी 'इन्', दितिजद्वेषी 'इन्' (પું.)

**૨૧. કુબેરદેવનાં નામ બનાવવાની રીત :**

(૧) **ધનવાચક** શબ્દોની પાછળ **पति, ईश, ईश्वर, दाय, द** વગેરે શબ્દો જોડવાથી કુબેરનાં નામ બને છે; જેમ કે, धनपतिः, धनेशः, धनेश्वरः, धनदायः, धनदः, वित्तदायः (પું.)

(૨) **મહાદેવવાચક** શબ્દોની પાછળ **મિત્રવાચક** શબ્દો જોડવાથી કુબેરનાં નામ બને છે; જેમ કે, श्रीकण्ठसखः, नीलकण्ठसखः, रुद्रसखः, शिवसुहृद् (પું.)

(૩) **यक्ष, निधि, किंपुरुष** અને **ઉત્તરદિશાવાચક** શબ્દોની પાછળ **पति, अधिपति, ईश, ईश्वर** વગેરે **સ્વામિવાચક** શબ્દો જોડવાથી કુબેરનાં નામ બને છે; જેમ કે, यक्षपतिः, यक्षाधिपतिः, यक्षेशः, निधीशः, किंपुरुषेश्वरः, उदीचीपतिः, उत्तरदिक्पतिः, उत्तराशाधिपतिः (પું.)

**૨૨. યમદેવનાં નામ બનાવવાની રીત :**

(૧) **દક્ષિણદિશાવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી યમદેવનાં નામ બને છે; જેમ કે, अवाचीपतिः, दक्षिणदिगीशः, दक्षिणेश्वरः, दक्षिणाशाधिपतिः (પું.)

(૨) **યમુનાનદીવાચક** શબ્દોની પાછળ **ભ્રાતૃવાચક** શબ્દો જોડવાથી યમદેવનાં નામ બને છે; જેમ કે, यमुनाभ्राता 'तृ', कालिन्दीसोदरः, सूर्यपुत्रीसहोदरः, (પું.)

(૩) **મહિષવાચક** શબ્દોની પાછળ **ધ્વજાવાચક** શબ્દો, **ચિહ્નવાચક** શબ્દો અથવા **वाह, वाहन, यान** વગેરે શબ્દો જોડવાથી યમદેવનાં નામ બને છે; જેમ કે, महिषध्वजः, लुलायलाञ्छनः, लुलायवाहः, सैरिभवाहनः, हयारियानः (પું.)

(૪) **સૂર્યવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી યમદેવ, મનુ, સુગ્રીવ, કર્ણ અને શનિગ્રહનાં નામ બને છે; જેમ કે, रविनन्दनः, सूर्यपुत्रः, भानुतनुजः, आदित्यात्मजः (પું.)

**૨૩. વરુણદેવનાં નામ બનાવવાની રીત :**

(૧) **જળવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી વરુણદેવ અને સમુદ્રનાં નામ બને છે; જેમ કે, जलपतिः, वारिनाथः, तोयेशः, वारीश्वरः, जलेन्द्रः, अपांपतिः (પું.)

(૨) **પશ્ચિમદિશાવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી વરુણદેવનાં નામ બને છે; જેમ કે, प्रतीचीपतिः, प्रत्यगाशाधिपतिः, वारुणीवल्लभः (પું.)

**૨૪. શુક્રાચાર્યનાં નામ બનાવવાની રીત :**

**દૈત્ય**(અસુર)**વાચક** શબ્દોની પાછળ **देव, गुरु, पूज्य** વગેરે શબ્દો જોડવાથી અસુરોના ગુરુ શુક્રાચાર્યનાં નામ બને છે; જેમ કે, दैत्यदेवः, असुरदेवः, दितिजदेवः, असुरगुरुः, असुरपूज्यः (પું.)

**૨૫. અસુરનાં નામ બનાવવાની રીત :**

(૧) **दिति** અને **दनु** શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો તેમ જ **ज, जात, जन्मन्** વગેરે શબ્દો જોડવાથી અસુરનાં નામ બને છે; જેમ કે, दितिसुतः, दितिजः, दितिजातः, दितिजन्मा 'मन्', दनुसुतः, दनुजः (પું.) તેમજ તદ્ધિત પ્રત્યયોથી दैत्यः, दानवः (પું.) પણ બને છે.

(૨) **દેવવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી અસુરનાં નામ બને છે; જેમ કે, सुरारिः, सुरद्वेषी 'इन्', अमरद्विट् 'ष्', विबुधारातिः (પું.)

**૨૬. સ્વર્ગનાં નામ બનાવવાની રીત :**

**દેવવાચક** શબ્દોની પાછળ **आलय, लोक, भुवन, सदन, स्थान** વગેરે અને **પૃથ્વીવાચક** શબ્દો જોડવાથી સ્વર્ગનાં નામ બને છે; જેમ કે, सुरालयः, देवालयः, देवलोकः (પું.), अमर्त्यभुवनम्, सुरसदनम्, देवस्थानम् (ન.), देवभूमिः, सुरमही, अमरावनिः, निर्झररसा, अमर्त्यभूः (સ્ત્રી.)

**૨૭. આકાશનાં નામ બનાવવાની રીત :**

**વાયુવાચક, મેઘવાચક, દેવવાચક** અને **નક્ષત્રવાચક** શબ્દોની પાછળ **માર્ગવાચક** શબ્દો જોડવાથી આકાશનાં નામ બને છે; જેમ કે, वायुवर्त्म 'मन्', मेघवर्त्म 'मन्', सुरवर्त्म 'मन्', नक्षत्रवर्त्म 'मन्' (ન.), वायुपथः, अभ्रपथः, सुरपथः, तारापथः, उडुपथः, वायुमार्गः (પું.)

**૨૮. આકાશગામીનાં નામ બનાવવાની રીત :**

**આકાશવાચક** શબ્દોની પાછળ **चर, गति, विहारिन्** વગેરે શબ્દો જોડવાથી આકાશમાં ફરનારા વિદ્યાધર, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, પક્ષી વગેરેનાં નામ બને છે; જેમ કે, खेचरः, गगनचरः, गगनविहारी 'इन्' (પું.)

**૨૯. સૂર્યનાં નામ બનાવવાની રીત :**

(૧) **ઉષ્ણવાચક** શબ્દો અને **सहस्र** શબ્દની પાછળ **કિરણવાચક** શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, उष्णरश्मिः, उष्णकिरणः, उष्णदीधितिः, खरकरः, खरांशुः, शीतेतररश्मिः, सहस्रांशुः, सहस्ररश्मिः, दशशतरश्मिः (પું.)

(૨) **દિવસવાચક** શબ્દો તેમજ **प्रभा, विभा** અને **भास्** શબ્દની પાછળ **कर** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, दिनकरः, दिवाकरः, अहस्करः, दिवसकरः, प्रभाकरः, भास्करः (પું.)

(૩) **सप्त** શબ્દની પાછળ **અશ્વવાચક** શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, सप्तसप्तिः, सप्ताश्वः, सप्तवाहः, सप्तवाजी 'इन्', सप्तघोटकः (પું.)

(૪) **કિરણવાચક** શબ્દોની પાછળ **હસ્તવાચક** શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, गभस्तिपाणिः, अंशुहस्तः, अंशुकरः (પું.)

(૫) **ચક્રવાક પક્ષી** અને **કમલવાચક** શબ્દોની પાછળ **बन्धु** કે **बान्धव** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, चक्रवाकबन्धुः, रथाङ्गबन्धुः, कोकबन्धुः, चक्रवाकबान्धवः, अब्जबान्धवः, कमलबन्धुः, पद्मबन्धुः (પું.)

(૬) **આકાશવાચક** શબ્દોની પાછળ **मणि, रत्न** કે **तिलक** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, द्युमणिः, नभोमणिः, खतिलकः (પું.), व्योमरत्नम् (ન.)

(૭) **યમુનાવાચક, યમવાચક** અને **કર્ણવાચક** શબ્દોની પાછળ **પિતૃવાચક** શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે; જેમ કે, यमुनापिता 'तृ', कालिन्दीजनकः, यमजनकः, कानीनजनकः, कर्णपिता 'तृ' (પું.)

**૩૦. ચંદ્રનાં નામ બનાવવાની રીત :**

(૧) **શીતવાચક, શ્વેતવાચક** શબ્દો અને **अमृत** શબ્દની પાછળ **કિરણવાચક** શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, शीतद्युतिः, हिमद्युतिः, शीतांशुः, हिमांशुः, उष्णेतररश्मिः, श्वेतद्युतिः, श्वेतरोचिः 'ष्', शुक्लकिरणः, अमृतद्युतिः, अमृतदीधितिः, अमृतांशुः (પું.)

(૨) **મૃગવાચક** શબ્દો અને **शश** શબ્દની પાછળ **अङ्क, लाञ्छन, भृत्** કે **धर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, मृगाङ्कः, एणाङ्कः, हरिणाङ्कः, शशाङ्कः, मृगलाञ्छनः, शशभृत्, एणभृत्, मृगधरः, शशधरः (પું.)

(૩) **રાત્રિવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી તેમજ **कर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, रजनिपतिः, रजनीपतिः, रजनिनाथः, रजनिकान्तः, तमिस्रापतिः, रात्रिराट् 'ज्', निशीथिनीनाथः, शर्वरीशः, निशाधीशः, निशाकरः, रजनिकरः, दोषाकरः (પું.)

(૪) **નક્ષત્રવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, नक्षत्रपतिः, नक्षत्रनाथः, उडुपतिः, उडुराजः, तारापतिः, ताराधिपः, ताराधिपतिः, ऋक्षराजः, ऋक्षेशः (પું.)

(૫) **રાત્રિવાચક** શબ્દોની પાછળ **मणि** અને **रत्न** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, रात्रिमणिः, निशामणिः (પું.), निशारत्नम्, रजनिरत्नम् (ન.)

(૬) **कौमुदी, कुमुदिनी, दक्षजा, रोहिणी, द्विज** કે **ओषधि** શબ્દની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, कौमुदीपतिः, कुमुदिनीनाथः, दक्षजापतिः, रोहिणीवल्लभः, द्विजेशः, द्विजेन्द्रः, ओषधिनाथः (પું.)

(૭) **कौमुदी, ज्योत्स्ना, कुमुद** અને **कैरव** શબ્દની પાછળ **प्रिय, सुहृद्** કે **बन्धु** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, कौमुदीप्रियः, ज्योत्स्नाप्रियः, कुमुदप्रियः, कैरवसुहृद्, कैरवबन्धुः (પું.)

(૮) **दश, श्वेत** અને **सित** શબ્દની પાછળ **અશ્વવાચક** શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે; જેમ કે, दशाश्वः, दशवाजी 'इन्', श्वेतवाजी 'इन्', सिताश्वः (પું.)

(૯) **સમુદ્રવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી ચંદ્ર અને ઉચ્ચૈઃશ્રવા(ઇન્દ્રનો ઘોડો)નાં નામ બને છે; જેમ કે, समुद्रसूनुः, सागरनन्दनः, अब्धिसुतः (પું.)

**૩૧. સૂર્ય, ચંદ્ર, અગ્નિનાં નામ બનાવવાની રીત :**

**અંધકારવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો અને **नुद्, नुद, हन्, अपहन्, हन्तृ, हर** કે **भिद्** શબ્દ જોડવાથી સૂર્ય, ચંદ્ર, અગ્નિ, દીવો, બોધ, જ્ઞાન અને પરમેશ્વરનાં નામ બને છે; જેમ કે, तमोऽरिः, तिमिरारिः, अन्धकाररिपुः, तिमिरनुद्, तिमिरभिद्, तमोनुदः, तमोघ्नः (પું.)

### ૩૨. મંગળનાં નામ બનાવવાની રીત :

**પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો તથા **ज, जात, जन्मन्** વગેરે શબ્દો જોડવાથી મંગળ ગ્રહનાં નામ બને છે; જેમ કે, क्षितिसुतः, भूमिपुत्रः, क्षितिजः, महीजातः (પું.), (તદ્ધિત) भौमः (પું.)

### ૩૩. બુધનાં નામ બનાવવાની રીત :

**ચંદ્રવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો તથા **ज, जात, जन्मन्** વગેરે શબ્દો જોડવાથી બુધ ગ્રહનાં નામ બને છે; જેમ કે, सोमपुत्रः, सोमसुतः, चन्द्रात्मजः, विधुनन्दनः, इन्दुजः (પું.)

### ૩૪. શનિનાં નામ બનાવવાની રીત :

**સૂર્યવાચક** શબ્દો તથા **छाया** શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી શનિ ગ્રહનાં નામ બને છે; જેમ કે, सूर्यसूनुः, छायापुत्रः, छायात्मजः (પું.)

### ૩૫. રાહુનાં નામ બનાવવાની રીત :

**सिंही** કે **सिंहिका** શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી રાહુ ગ્રહનાં નામ બને છે; જેમ કે, सिंहीपुत्रः, सिंहिकासूनुः (પું.), (તદ્ધિત) सैंहिकेयः (પું.)

### ૩૬. મેઘનાં નામ બનાવવાની રીત :

**જળવાચક** શબ્દોની પાછળ **द, धर, मुच्, वाह** કે **वाहन** શબ્દ જોડવાથી મેઘનાં નામ બને છે; જેમ કે,जलदः, वारिदः, तोयदः, जलधरः, अम्बुधरः, जलमुक् 'च्', वारिमुक् 'च्', वारिवाहः, वारिवाहनः (પું.)

### ૩૭. પૃથ્વીનાં નામ બનાવવાની રીત :

**સમુદ્રવાચક** શબ્દોની પાછળ **વસ્ત્રવાચક** કે **મેખલાવાચક** શબ્દો જોડવાથી પૃથ્વીનાં નામ બને છે; જેમ કે, सागराम्बरा, समुद्ररशना, अब्धिमेखला, समुद्रकाञ्ची (સ્ત્રી.)

### ૩૮. પર્વત અને રાજાનાં નામ બનાવવાની રીત :

**પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **धर, भर,** કે **भृत्** શબ્દ જોડવાથી પર્વત અને રાજાનાં નામ બને છે; જેમ કે, महीधरः, भूधरः, भूमिधरः, भूभरः, भूभृत्, भूमिभृत्, अवनिभृत् (પું.)

**૩૯. હિમાલયનાં નામ બનાવવાની રીત :**

**પર્વતવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી પર્વતોના રાજા હિમાલયનાં નામ બને છે; જેમ કે, गिरीशः, गिरिराजः, शैलेशः, शैलराजः, शैलेन्द्रः, नगेन्द्रः, नगाधिराजः (પું.)

**૪૦. સમુદ્રનાં નામ બનાવવાની રીત :**

(૧) **નદીવાચક** શબ્દોની પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી સમુદ્રનાં નામ બને છે; જેમ કે सरिन्नाथः, नदीनः, नदीशः, नदीश्वरः, स्रोतस्विनीपतिः (પું.)

(૨) **જળવાચક** શબ્દોની પાછળ **धर, धि, निधि, आकर** કે **राशि** શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે; જેમ કે, जलधरः, वारिधरः, जलधिः, वारिधिः, जलनिधिः, जलाकरः, जलराशिः, वारिराशिः (પું.)

**૪૧. નદીનાં નામ બનાવવાની રીત :**

(૧) **સમુદ્રવાચક** શબ્દોની પાછળ **પત્નીવાચક** શબ્દો તેમ જ **गा** શબ્દ જોડવાથી નદીનાં નામ બને છે; જેમ કે, समुद्रदयिता, सागरवल्लभा, अब्धिकान्ता, समुद्रप्रिया, सरिन्नाथपत्नी, जलधिगा, अब्धिगा (સ્ત્રી.)

(૨) **तरङ्ग, तट, ह्रद, शैवल, सरस्, स्रोतस्, निर्झर, वाह, द्विप** અને **जम्बाल** શબ્દને **મત્વર્થક પ્રત્યયો** લગાડવાથી નદીનાં નામ બને છે; જેમ કે, तरङ्गिणी, तटिनी, सरस्वती, स्रोतस्विनी, द्विपवती (સ્ત્રી.)

**૪૨. ગંગા નદીનાં નામ બનાવવાની રીત :**

(૧) **દેવવાચક** અને **સ્વર્ગવાચક** શબ્દોની પાછળ **નદીવાચક** શબ્દો જોડવાથી ગંગા નદીનાં નામ બને છે; જેમ કે, सुरसरित्, सुरनदी, स्वर्धुनी, अमरधुनी, निर्झरतरङ्गिणी (સ્ત્રી.)

(૨) **માર્ગવાચક** શબ્દોની પૂર્વે **त्रि** અને પાછળ **गा** શબ્દ જોડવાથી ગંગા નદીનાં નામ બને છે; જેમ કે, त्रिमार्गगा, त्रिपथगा, त्र्यध्वगा (સ્ત્રી.)

**૪૩. યમુના નદીનાં નામ બનાવવાની રીત :**

(૧) **સૂર્યવાચક** શબ્દોની પાછળ **પુત્રીવાચક** શબ્દો જોડવાથી યમુના નદીનાં નામ બને છે; જેમ કે, सूर्यपुत्री, रविनन्दना, सहस्रांशुसुता, भास्करात्मजा (સ્ત્રી.)

(૨) **યમદેવવાચક** શબ્દોની પાછળ **स्वसृ, भगिनी, अनुजा** કે **अवरजा** શબ્દ જોડવાથી યમુના નદીનાં નામ બને છે; જેમ કે, यमस्वसा 'सृ', कृतान्तभगिनी, कालानुजा, अन्तकावरजा (સ્ત્રી.)

**૪૪. પાણીનાં નામ બનાવવાની રીત :**

**અગ્નિવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો તથા **शामक, मारक** વગેરે શબ્દો જોડવાથી પાણીનાં નામ બને છે; જેમ કે, अनलरिपुः, वह्निशत्रुः, दहनारिः, दहनारातिः (પું.), अग्निशामकम्, वह्निमारकम् (ન.)

**૪૫. ઉકાળેલા પાણીનાં નામ બનાવવાની રીત :**

**सिद्ध, प्रासुक** કે **पक्व** શબ્દની પાછળ **જળવાચક** શબ્દો જોડવાથી ઉકાળેલા પાણીનાં નામ બને છે; જેમ કે, सिद्धजलम्, सिद्धोदकम्, प्रासुकजलम्, पक्वजलम्, पक्वोदकम् (ન.)

**૪૬. અગ્નિનાં નામ બનાવવાની રીત :**

(૧) **પવનવાચક** શબ્દોની પાછળ **મિત્રવાચક** શબ્દો જોડવાથી અગ્નિનાં નામ બને છે; જેમ કે, पवनसखः, वायुसखः, वायुमित्रः, समीरसहचरः (પું.)

(૨) **सप्त** શબ્દની પાછળ **કિરણવાચક, જિહ્વાવાચક** અને **જ્વાળાવાચક** શબ્દો જોડવાથી અગ્નિનાં નામ બને છે; જેમ કે, सप्तदीधितिः, सप्तांशुः, सप्तार्चिः 'ष्', सप्तमयूखः, सप्तजिह्वः, सप्तज्वालः (પું.)

**૪૭. વાયુનાં નામ બનાવવાની રીત :**

**અગ્નિવાચક** શબ્દોની પાછળ **મિત્રવાચક** શબ્દો જોડવાથી પવનનાં નામ બને છે; જેમ કે, अग्निसखः, वह्निसहायः, अनलसखः, दहनसहचरः (પું.)

**૪૮. વૃક્ષનાં નામ બનાવવાની રીત :**

(૧) **પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **रुह** શબ્દ જોડવાથી વૃક્ષનાં નામ બને છે; જેમ કે, भूरुहः, भूमिरुहः (પું.)

(૨) **થડ, શાખા, કૂંપળ, ફળ, ફૂલ, પાંદડાં** વગેરે **વૃક્ષના અવયવોને મત્વર્થક પ્રત્યયો** લગાડવાથી વૃક્ષનાં નામ બને છે; જેમ કે, शाखी 'इन्', पलाशी 'इन्', विटपी 'इन्', फलवान् 'वत्', फली 'इन्', पत्री 'इन्'(પું.)

**૪૯. આંબાનાં નામ બનાવવાની રીત :**

(૧) **વસંતઋતુવાચક** શબ્દોની પાછળ **વૃક્ષવાચક** શબ્દો જોડવાથી આંબાનાં નામ બને છે; જેમ કે, वसंतवृक्षः, वसंततरुः, मधुतरुः, पुष्पागमपादपः (પું.)

(૨) **काम** શબ્દની પાછળ **वल्लभ, सख, शर, आयुध, अङ्ग** કે **फल** શબ્દ જોડવાથી આંબાનાં નામ બને છે; જેમ કે, कामवल्लभः, कामसखः, कामशरः, कामायुधः, कामाङ्गः, कामफलः (પું.)

**૫૦. વસંત ઋતુનાં નામ બનાવવાની રીત :**

**પુષ્પવાચક** શબ્દોની પાછળ **आगम** શબ્દ જોડવાથી વસંત ઋતુનાં નામ બને છે; જેમ કે, पुष्पागमः, कुसुमागमः, प्रसूनागमः (પું.)

**૫૧. મનુષ્યનાં નામ બનાવવાની રીત :**

**પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **स्पृश्** શબ્દ જોડવાથી મનુષ્યનાં નામ બને છે; જેમ કે, भूस्पृक् 'श्', भूमिस्पृक् 'श्', महीस्पृक् 'श्' (પું.)

**૫૨. મુનિનાં નામ બનાવવાની રીત :**

**તપ, સંયમ** અને **યોગવાચક** શબ્દોની પાછળ **युक्त, जुष्, भाज्, धन, भृत्** અને **મત્વર્થક પ્રત્યયો** જોડવાથી મુનિનાં નામ બને છે; જેમ કે, तपोयुक्तः, तपोजुट् 'ष्', संयमी 'इन्', योगी 'इन्', शमी 'इन्', तपोधनः (પું.)

**૫૩. દિગમ્બરનાં નામ બનાવવાની રીત :**

**દિશાવાચક** શબ્દોની પાછળ **વસ્ત્રવાચક** શબ્દો જોડવાથી દિગમ્બરનાં નામ બને છે; જેમ કે, दिगम्बरः, आशाम्बरः, दिग्वसनः, दिग्वासाः 'वासस्' (પું.)

**૫૪. રાજાનાં નામ બનાવવાની રીત :**

(૧) **પૃથ્વીવાચક** અને **મનુષ્યવાચક** શબ્દો પાછળ **સ્વામિવાચક** શબ્દો તેમ જ **रक्षिन्, पाल, प** વગેરે શબ્દો જોડવાથી રાજાનાં નામ બને છે; જેમ કે, भूपतिः, क्ष्मानाथः, धराधिपः, वसुधाधिपतिः, महीश्वरः, क्षितिरक्षी 'इन्', भूपालः, महीपालः, भूपः, क्ष्मापः, अवनिपः, नृपतिः, नरपतिः, नरनाथः, नरेशः, नरेश्वरः, मानवेनः (પું)

(૨) **સભાવાચક** અને **નગરવાચક** શબ્દોની પાછળ **पति, अधिपति** કે **अधिप** શબ્દ જોડવાથી રાજાનાં નામ બને છે; જેમ કે, सभापतिः, आस्थानाधिपतिः, नगरपतिः, पत्तनाधिपतिः, पुराधिपः, सभाधिपः (પું.)

(૩) **દૂતવાચક** શબ્દો પાછળ **મુખવાચક** શબ્દો જોડવાથી રાજાનાં નામ બને છે; જેમ કે, चारदृक् 'श्', दूतदृक् 'श्', चारलोचनः, चरचक्षुः 'स्', चरेक्षणः (પું.)

**૫૫. યુધિષ્ઠિરનાં નામ બનાવવાની રીત :**

(૧) **યમદેવવાચક** શબ્દો તેમજ **धर्म** શબ્દની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી યુધિષ્ઠિરનાં નામ બને છે; જેમ કે, यमपुत्रः, कालात्मजः, मृत्युनन्दनः, धर्मपुत्रः, धर्मनन्दनः (પું.)

(૨) **अजात** શબ્દ પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી યુધિષ્ઠિરનાં નામ બને છે; જેમ કે, अजातशत्रुः, अजातरिपुः, अजातारिः (પું.)

**૫૬. અર્જુનનાં નામ બનાવવાની રીત :**

(૧) **ઈન્દ્રવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો જોડવાથી અર્જુનનાં નામ બને છે; જેમ કે, शक्रनन्दनः, आखण्डलसूनुः, इन्द्रात्मजः, वज्रितनयः (પું.)

(૨) **કર્ણવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો તથા **हन्तृ, घातक** વગેરે શબ્દો જોડવાથી અર્જુનનાં નામ બને છે; જેમ કે, कर्णारिः, कानीनवैरी 'इन्', रविसुतरिपुः, सूर्यपुत्रहन्ता 'तृ', कर्णघातकः (પું.)

**૫૭. ભીમનાં નામ બનાવવાની રીત :**

(૧) **कुरु, कीचक, किर्मीर, बक** અને **हिडिम्ब** શબ્દની પાછળ **શત્રુવાચક** શબ્દો તથા **हन्तृ, घातक** વગેરે શબ્દો જોડવાથી ભીમનાં નામ બને છે; જેમ કે, कुरुशत्रुः, कीचकवैरी 'इन्', किर्मीरारिः, बकहन्ता 'तृ', हिडिम्बघातकः (પું.)

(૨) **વાયુવાચક** શબ્દોની પાછળ **પુત્રવાચક** શબ્દો તથા भू, भव, उद्भव, ज, जात, जन्मन् વગેરે શબ્દો જોડવાથી ભીમનાં નામ બને છે; જેમ કે, वायुपुत्रः, वायुतनयः, पवनसुतः, समीरसुतः, पवनात्मजः, अनिलात्मजः, वायुजः (પું.)

**૫૮. પુત્ર, કામદેવ, રોગનાં નામ બનાવવાની રીત :**

**શરીરવાચક** શબ્દોની પાછળ **भू, भव, उद्भव, ज, जात, जन्मन्** વગેરે શબ્દો જોડવાથી પુત્ર, કામદેવ અને રોગનાં નામ બને છે; જેમ કે, देहभूः, अङ्गभूः, तनुभवः, कायोद्भवः, आत्मजः, अङ्गजः, तनुजः, मूर्तिजातः, कायजन्मा 'मन्' (પું.)

**૫૯. બ્રાહ્મણનાં નામ બનાવવાની રીત :**

(૧) પૃથ્વીવાચક શબ્દોની પાછળ દેવવાચક શબ્દો જોડવાથી બ્રાહ્મણનાં નામ બને છે; જેમ કે, भूदेवः, धरामरः, महीसुरः (પું.)

(૨) મુખવાચક શબ્દોની પાછળ **ज, जात, जन्मन्, सम्भव** વગેરે શબ્દો જોડવાથી બ્રાહ્મણનાં નામ બને છે; જેમ કે, मुखजः, मुखजातः, आस्यजन्मा 'मन्', वदनसम्भवः (પું.)

(૩) જન્મવાચક શબ્દોની પૂર્વે **द्वि** શબ્દ જોડવાથી બ્રાહ્મણ, પક્ષી, દાંત અને મુનિનાં નામ બને છે; જેમ કે, द्विजः, द्विजन्मा 'मन्', द्विजातः (પું.)

**૬૦. રાક્ષસ, ચોરનાં નામ બનાવવાની રીત :**

રાત્રિવાચક શબ્દોની પાછળ **चर, चारिन्, विहार** કે **विहारिन्** શબ્દ જોડવાથી રાક્ષસ, ચોર, જાર, ઘુવડ, બિલાડો, ચક્રવાક પક્ષી, પહેરેગીર, સર્પ, શિયાળ વગેરેનાં નામ બને છે; જેમ કે, रात्रिचरः, नक्तंचरः, निशाचरः, निशाचारी 'णिन्', निशाविहारः, रजनिविहारी 'णिन्' (પું.)

**૬૧. ચોર, વારસદારનાં નામ બનાવવાની રીત :**

ધનવાચક શબ્દોની પાછળ **हर, हारक** કે **हारिन्** શબ્દ જોડવાથી ચોર અને વારસદારનાં નામ બને છે; જેમ કે, धनहरः, वित्तहारकः, वसुहारी 'णिन्', द्रव्यहारी 'णिन्' (ત્રિ.)

**૬૨. વેશ્યાનાં નામ બનાવવાની રીત :**

**वार** અને **पण्य** શબ્દ પાછળ સ્ત્રીવાચક શબ્દો જોડવાથી વેશ્યાનાં નામ બને છે; જેમ કે, वारस्त्री, वारयोषित्, वारनारी, वाराङ्गना, वारसुन्दरी, वारवनिता, पण्यस्त्री, पण्याङ्गना (સ્ત્રી.)

**૬૩. કેશ(માથાના વાળ)નાં નામ બનાવવાની રીત :**

મસ્તકવાચક શબ્દોની પાછળ **ज, रुह, रुह्** વગેરે શબ્દો જોડવાથી કેશનાં નામ બને છે; જેમ કે, मूर्द्धजः, शिरोजः, शिरोरुहः शिरोरुट् 'ह्' (પું.)

**૬૪. પાઘડીનાં નામ બનાવવાની રીત :**

**મસ્તકવાચક** શબ્દોની પાછળ **वेष्ट** કે **वेष्टन** શબ્દ જોડવાથી પાઘડી, સાફો, ફેંટો, ફાળિયું વગેરેનાં નામ બને છે; જેમ કે, शिरोवेष्टः (પું.), शिरोवेष्टनम्, मूर्द्धवेष्टनम् (ન.)

**૬૫. આંસુનાં નામ બનાવવાની રીત :**

નેત્રવાચક શબ્દોની પાછળ **જળવાચક** શબ્દો જોડવાથી આંખમાંથી ઝરતાં આંસુનાં નામ બને છે; જેમ કે, नेत्रजलम्, नयननीरम्, दृगम्बु (ન.)

**૬૬. પોપચાંનાં નામ બનાવવાની રીત :**

નેત્રવાચક શબ્દોની પાછળ **વસ્ત્રવાચક** શબ્દો જોડવાથી આંખનાં પોપચાનાં નામ બને છે; જેમ કે, नयनपटः (પું.), नेत्रवस्त्रम् (ન.)

**૬૭. ચશ્માંનાં નામ બનાવવાની રીત :**

નેત્રવાચક શબ્દોની પૂર્વે **उप** શબ્દ જોડવાથી ચશ્માનાં નામ બને છે; જેમ કે, उपनेत्रम्, उपचक्षुः 'स्' (ન.)

**૬૮. રુવાંટાંનાં નામ બનાવવાની રીત :**

**શરીરવાચક** શબ્દોની પાછળ **रुह्** કે **रुह** શબ્દ જોડવાથી શરીર ઉપરનાં રુવાંટાંનાં નામ બને છે; જેમ કે, गात्ररुट् 'ह्', कायरुट् 'ह्', अङ्गरुहम्, तनुरुहम् (ન.)

**૬૯. ભમરાનાં નામ બનાવવાની રીત :**

(૧) **પુષ્પવાચક** શબ્દો તથા **मधु** શબ્દની પાછળ **लिह्** કે **लिह** શબ્દ જોડવાથી ભમરાનાં નામ બને છે; જેમ કે, पुष्पलिट् 'ह्', पुष्पलिहः, कुसुमलिट् 'ह्', कुसुमलिहः, मधुलिट् 'ह्', मधुलिहः (પું.)

(૨) **मधु** શબ્દની પાછળ **प, पायिन्, कर, कृत्, कारिन्, प्रिय** કે **व्रत** શબ્દ જોડવાથી ભમરાનાં નામ બને છે; જેમ કે, मधुपः, मधुपायी 'इन्', मधुकरः, मधुप्रियः, मधुव्रतः (પું.)

**૭૦. મત્સ્યનાં નામ બનાવવાની રીત :**

**જળવાચક** શબ્દોની પાછળ **चर, जीवन, प्राण, आधार** કે **आश्रय** શબ્દ જોડવાથી માછલાનાં નામ બને છે; જેમ કે, जलचरः, वारिचरः, जलजीवनः, सलीलप्राणः, तोयाधारः, नीराश्रयः (પું.)

**૭૧. કાચબાનાં નામ બનાવવાની રીત :**

**गूढ** શબ્દની પાછળ **अङ्ग, अवयव, गात्र** વગેરે **અવયવવાચક** શબ્દો જોડવાથી કાચબાનાં નામ બને છે; જેમ કે, गूढाङ्गः, गूढावयवः, गूढगात्रः (પું.)

**૭૨. સર્પનાં નામ બનાવવાની રીત :**

(૧) **द्वि, दीर्घ** અને **लम्ब** શબ્દની પાછળ **જિહ્વાવાચક** શબ્દો જોડવાથી સાપનાં નામ બને છે; જેમ કે, द्विजिह्वः, द्विरसनः, दीर्घजिह्वः, लम्बजिह्वः, दीर्घरसनः (પું.)

(૨) **ફણાવાચક** શબ્દોની પાછળ **भृत्, धर** કે **મત્વર્થક** પ્રત્યયો જોડવાથી સાપનાં નામ બને છે; જેમ કે, फणभृत्, फणधरः, फणी 'इन्', भोगभृत्, भोगधरः, भोगी 'इन्' (પું.)

(૩) **નેત્રવાચક** શબ્દો પાછળ **કર્ણવાચક** શબ્દો જોડવાથી સાપનાં નામ બને છે; જેમ કે, दृक्कर्णः, चक्षुःश्रवाः 'अस्', गोकर्णः, नेत्रश्रुतिः, दृक्श्रवणः (પું.)

(૪) **કર્ણવાચક** શબ્દોની પૂર્વે **नञ्** અથવા પાછળ **रहित, वर्जित, हीन** કે **शून्य** શબ્દ જોડવાથી સાપનાં અને બહેરા માણસનાં નામ બને છે; જેમ કે,अकर्णः, अश्रवणः, श्रुतिरहितः, श्रवणवर्जितः, कर्णहीनः, श्रवःशून्यः (પું.)

(૫) **વાયુવાચક** શબ્દોની પાછળ **भक्ष, भक्ष्य, भक्षण, अश, अशन** કે **अदन** શબ્દ જોડવાથી સાપનાં નામ બને છે; જેમ કે, वायुभक्षः, वायुभक्ष्यः, वायुभक्षणः, पवनाशः, पवनाशनः, अनिलादनः, वायुभोजी 'इन्' (પું.)

(૬) **વિષવાચક** શબ્દોની પાછળ **આયુધવાચક** શબ્દો જોડવાથી સાપનાં નામ બને છે; જેમ કે, विषायुधः, गरलायुधः, विषास्त्रः, विषहेतिः, हलाहलहेतिः (પું.)

(૭) **गूढ** શબ્દની પાછળ **ચરણવાચક** શબ્દો જોડવાથી સાપનાં નામ બને છે; જેમ કે, गूढपाद्, गूढपादः, गूढाङ्घ्रिः, गूढचरणः (પું.)

**૭૩. પક્ષીનાં નામ બનાવવાની રીત :**

(૧) **આકાશવાચક** શબ્દોની પાછળ **ग** શબ્દ જોડવાથી પક્ષીનાં નામ બને છે; જેમ કે, खगः, विहायोगः, नभोगः (પું.)

(૨) **नीड** શબ્દની પાછળ **ज, जात, भू, भव** કે **उद्भव** શબ્દ જોડવાથી પક્ષીનાં નામ બને છે; જેમ કે, नीडजः, नीडजन्मा 'मन्' (પું.)

**૭૪. ગરુડ પક્ષીનાં નામ બનાવવાની રીત :**

(૧) **પક્ષીવાચક** શબ્દો પાછળ **સ્વામિવાચક** શબ્દો જોડવાથી ગરુડનાં નામ બને છે; જેમ કે, नीडजनाथः, वीशः, विहङ्गमपतिः, शकुनीश्वरः, खगाधिपः, पतङ्गपतिः (પું.)

(૨) **સુવર્ણવાચક** શબ્દોની પાછળ **પક્ષવાચક** શબ્દો જોડવાથી ગરુડનાં નામ બને છે; જેમ કે, सुवर्णपक्षः, स्वर्णच्छदः, हाटकपत्रः, कनकवाजः (પું.)

(૩) **વિષ્ણુવાચક** શબ્દોની પાછળ **वाह, वाहन, वाह्य** કે **यान** શબ્દ જોડવાથી ગરુડનાં નામ બને છે; જેમ કે, विष्णुवाहः, केशववाह्यः (પું.), उपेन्द्रयानः-नम् (પું.ન.)

(૪) **સર્પવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો તથા **हन्, हन्तृ, घातक, घातन, घातिन्, नाशक, नाशन, भुज्, भक्षक, अश, अशन, अदन, दारक** કે **अन्तक** શબ્દ જોડવાથી ગરુડ, મોર અને નોળિયાનાં નામ બને છે; જેમ કે, सर्पारातिः, भुजगारिः, नागारातिः, पन्नगवैरी 'इन्', सर्पघ्नः 'हन्', सर्पनाशकः, भोगिभक्षकः, नागान्तकः (પું.)

(૫) **काम, इष्ट, इच्छा, वाञ्छित** કે **चिरम्** શબ્દની પાછળ **આયુવાચક** શબ્દો જોડવાથી ગરુડ, ગીધ, ભીષ્મપિતામહ, અશ્વત્થામા, બલિરાજા, વ્યાસમુનિ વગેરેનાં નામ બને છે; જેમ કે, कामायुः, कामजीवनः, इष्टजीवितः, इच्छाजीवनः, वाञ्छितायुः, चिरायुः (પું.)

(૬) **वज्र** શબ્દની પાછળ **મુખવાચક** શબ્દો જોડવાથી ગરુડ, ગણેશ, ગીધ અને મચ્છરનાં નામ બને છે; જેમ કે, वज्रमुखः, वज्रास्यः, वज्रवदनः, वज्रतुण्डः (પું.)

**૭૫. કાગડાનાં નામ બનાવવાની રીત :**

**एक** શબ્દની પાછળ **નેત્રવાચક** શબ્દો જોડવાથી કાગડાનાં અને કાણા માણસનાં નામ બને છે; જેમ કે, एकदृक् 'श्', एकाक्षः, एकनेत्रः, एकदृष्टिः (પું.)

**૭૬. કોયલનાં નામ બનાવવાની રીત :**

**मधु, मधुर** અને **कल** શબ્દની પાછળ **स्वर, कण्ठ, घोष** કે **रव** શબ્દ જોડવાથી કોયલનાં નામ બને છે; જેમ કે, मधुकण्ठः, मधुरस्वरः, मधुरघोषः, कलरवः (પું.)

**૭૭. કબૂતરનાં નામ બનાવવાની રીત :**

(૧) **रक्त** અને **लोहित** શબ્દની પાછળ **નેત્રવાચક** શબ્દો જોડવાથી કબૂતર, પાડો, ચકોરપક્ષી, સારસપક્ષી અને ક્રૂર માણસનાં નામ બને છે; જેમ કે, रक्तलोचनः, रक्तनेत्रः, लोहितेक्षणः, लोहिताक्षः (પું.)

(૨) ગૃહવાચક શબ્દોની પાછળ **नीड** શબ્દ જોડવાથી કબૂતર અને ચકલાનાં નામ બને છે; જેમ કે, गृहनीडः, सद्मनीडः, निलयनीडः (પું.)

**૭૮. કૂકડાનાં નામ બનાવવાની રીત :**

રાત્રિવાચક શબ્દોની પાછળ **वेदिन्** શબ્દ જોડવાથી કૂકડાનાં નામ બને છે; જેમ કે, निशावेदी 'इन्', रात्रिवेदी 'इन्' (પું.)

**૭૯. હંસનાં નામ બનાવવાની રીત :**

(૧) **બ્રહ્માવાચક** શબ્દોની પાછળ **વાહનવાચક** શબ્દો જોડવાથી હંસનાં નામ બને છે; જેમ કે, अजवाहनः, विरञ्चियानः (પું.)

(૨) **શ્વેતવાચક** શબ્દોની પાછળ **પક્ષવાચક** શબ્દો જોડવાથી હંસ અને બગલાનાં નામ બને છે; જેમ કે, सितच्छदः, श्वेतगरुत्, गौरपक्षः, पाण्डुबर्हः, पाण्डुरवाजः (પું.)

**૮૦. કૂતરાનાં નામ બનાવવાની રીત :**

**જિહ્વાવાચક** શબ્દોની પાછળ **प, लिह्** કે **लिह** શબ્દ જોડવાથી કૂતરાનાં નામ બને છે; જેમ કે, जिह्वापः, रसनालिट् 'ह्', रसनालिहः (પું.)

**૮૧. બિલાડાનાં નામ બનાવવાની રીત :**

(૧) **ઉંદરવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો કે **भुज्, अश, अशन** શબ્દો જોડવાથી બિલાડાનાં નામ બને છે; જેમ કે, मूषकारिः, उन्दुरमारः, खनकारातिः, उन्दिररिपुः, मूषकारिः, आखुभुक् 'ज्', मूषकाशः, उन्दुराशनः (પું.)

(૨) **રાત્રિવાચક** શબ્દોની પાછળ **दर्शिन्** શબ્દ જોડવાથી બિલાડો, ઘુવડ વગેરેનાં નામ બને છે; જેમ કે, रात्रिदर्शी 'इन्', निशादर्शी 'इन्' (પું.)

**૮૨. પાડાનાં નામ બનાવવાની રીત :**

(૧) **અશ્વવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી પાડાનાં નામ બને છે; જેમ કે, हयारिः, वाहरिपुः, तुरगारातिः, तुरङ्गमवैरी 'इन्' (પું.)

(૨) **યમદેવવાચક** શબ્દોની પાછળ **વાહનવાચક** શબ્દો જોડવાથી પાડાનાં નામ બને છે; જેમ કે, यमवाहनः, यमरथः, अन्तकयानः (પું.)

**૮૩. ઊંટનાં નામ બનાવવાની રીત :**

**वक्र, कुटिल, लम्ब** કે **दीर्घ** શબ્દની પાછળ **ગરદનવાચક** શબ્દો જોડવાથી ઊંટનાં નામ બને છે; જેમ કે, वक्रग्रीवः, वक्रगलः, कुटिलकण्ठः, लम्बग्रीवः, दीर्घगलः (પું.)

**૮૪. હરણનાં નામ બનાવવાની રીત :**

**ચર્મવાચક** શબ્દોની પાછળ **योनि** શબ્દ જોડવાથી હરણનાં નામ બને છે; જેમ કે, अजिनयोनिः, चर्मयोनिः, कृत्तियोनिः (પું.)

**૮૫. સિંહનાં નામ બનાવવાની રીત :**

(૧) **હસ્તિવાચક** અને **હરણવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી સિંહનાં નામ બને છે; જેમ કે, गजारिः, नागारिः, गजरिपुः, नागारातिः, मातङ्गशत्रुः, मृगारिः, मृगारातिः, हरिणरिपुः (પું.)

(૨) **મુખવાચક** શબ્દોની પૂર્વે **पञ्च** શબ્દ જોડવાથી સિંહ, મહાદેવ અને રુદ્રાક્ષનાં નામ બને છે; જેમ કે, पञ्चाननः, पञ्चमुखः, पञ्चास्यः (પું.)

**૮૬. હાથીનાં નામ બનાવવાની રીત :**

(૧) **વૃક્ષવાચક** શબ્દોની પાછળ **શત્રુવાચક** શબ્દો જોડવાથી હાથીનાં નામ બને છે; જેમ કે, नगारिः, द्रुमरिपुः, पादपारातिः (પું.)

(૨) **પર્વતવાચક** અને **ઉન્નતવાચક** શબ્દોની પાછળ **શરીરવાચક** શબ્દો જોડવાથી હાથીનાં નામ બને છે; જેમ કે, पर्वतकायः, अद्रितनुः, महाकायः, विशालकायः, तुङ्गतनुः, उन्नतकायः, बृहच्छरीरः, बृहत्कायः (પું.)

(૩) **પૃથ્વીવાચક** શબ્દોની પાછળ **મેઘવાચક** શબ્દો જોડવાથી હાથીનાં નામ બને છે; જેમ કે, भूमेघः, महीमेघः, अवनिघनः, पृथ्वीपर्जन्यः (પું.)

**૮૭. મૃત્યુનાં નામ બનાવવાની રીત :**

(૧) **શરીરવાચક** શબ્દોની પાછળ **त्याग** કે **उत्सर्ग** શબ્દ જોડવાથી મૃત્યુનાં નામ બને છે; જેમ કે, देहत्यागः, देहोत्सर्गः, कायत्यागः, कायोत्सर्गः (પું.)

(૨) **કીર્તિવાચક** શબ્દો તેમજ **नामन्** શબ્દની પાછળ **शेष** શબ્દ જોડવાથી મૃત્યુનાં નામ બને છે; જેમ કે, कीर्तिशेषः, यशश्शेषः, ख्यातिशेषः, नामशेषः (પું.)

**૮૮. નિર્જીવનાં નામ બનાવવાની રીત :**

**जीव, चेतन** અને **प्राण** શબ્દની પૂર્વે **नि, निस्, गत्** કે **नञ्** જોડવાથી નિર્જીવ વસ્તુનાં અથવા મરેલાનાં નામ બને છે; જેમ કે, निर्जीवः, निश्चेतनः, गतप्राणः, अजीवः, अचेतनः (त्रि.)

**૮૯. ધનુષનાં નામ બનાવવાની રીત :**

**બાણવાચક** શબ્દોની પાછળ **आसन** શબ્દ જોડવાથી ધનુષનાં નામ બને છે; જેમ કે, शरासनः, बाणासनः, विशिखासनः (પું.)

**૯૦. ભાથાનાં નામ બનાવવાની રીત :**

**બાણવાચક** શબ્દો પાછળ **आश्रय** શબ્દ જોડવાથી બાણ રાખવાનાં ભાથાનાં નામ બને છે; शराश्रयः, बाणाश्रयः, विशिखाश्रयः (પું.)

**૯૧. તંબૂનાં નામ બનાવવાની રીત :**

**વસ્ત્રવાચક** શબ્દોની પાછળ **ગૃહવાચક** શબ્દો જોડવાથી તંબૂનાં નામ બને છે; જેમ કે, वस्त्रगृहम्, पटमन्दिरम्, अम्बरगेहम्, कर्पटनिकेतनम्, वस्त्रालयम्, पटालयम् (ન.)

**૯૨. અવાજના પડઘાનાં નામ બનાવવાની રીત :**

**શબ્દવાચક** શબ્દોની પૂર્વે **प्रति** શબ્દ જોડવાથી પડઘાનાં નામ બને છે; જેમ કે, प्रतिशब्दः, प्रतिघोषः, प्रतिरवः (પું.)

નોંધ : આ વિભાગમાં આપવામાં આવેલી શબ્દો બનાવવાની જુદીજુદી રીતોથી એમાં બતાવ્યા પ્રમાણેના અર્થની પ્રાપ્તિ જરૂર થાય છે, પરંતુ આપણે જ્યારે શબ્દપ્રયોગ કરવો હોય ત્યારે તે તે રીત દ્વારા બનતા દરેક શબ્દનો પ્રયોગ કરવો રુચિકર બનશે નહિ. **તે તે રીત દ્વારા અનેક શબ્દો નિપજાવી શકાતા હોવા છતાં શબ્દપ્રયોગ કરતી વખતે પ્રયોજકે વિદ્વદ્વર્ગમાં કયા કયા શબ્દો પ્રચલિત છે એ વાત ધ્યાનમાં રાખીને શબ્દપ્રયોગ કરવો જોઈએ.**

**શબ્દો બનાવવાની રીત દ્વારા જે નૂતન શબ્દો બનાવીએ તે શબ્દો કવિરૂઢિપ્રસિદ્ધ હોવા જોઈએ.** જોકે આ વાત તત્કાળ બહુ સ્પષ્ટ થઈ શકતી નથી તોપણ વિચારશીલ વિદ્યાર્થીને અભ્યાસ અને વાચનના મહાવરા દ્વારા ધીમેધીમે એ વસ્તુ સ્પષ્ટ થતી જાય છે, એટલે પ્રાથમિક અવસ્થામાં એ બહુ ચિંતાના વિષયરૂપ નથી.

## બાર માસ

| | |
|---|---|
| ૧. कार्तिक (પું.) કારતક માસ | ૭. वैशाख, माधव (પું.) વૈશાખ માસ |
| ૨. मार्ग, मार्गशीर्ष (પું.) માગશર માસ | ૮. ज्येष्ठ, शुक्र (પું.) જેઠ માસ |
| ૩. पौष (પું.) પોષ માસ | ૯. आषाढ, शुचि (પું) આષાઢ-અષાડ માસ |
| ૪. माघ (પું.) માહ માસ | ૧૦. श्रावण , नभस् (પું) શ્રાવણ માસ |
| ૫. फाल्गुन (પું.) ફાગણ માસ | ૧૧. भाद्र, भाद्रपद (પું.) ભાદરવો માસ |
| ૬. चैत्र (પું.) ચૈત્ર માસ | ૧૨. आश्विन (પું.) આસો માસ |

# લૌકિક ન્યાયમાલા

૧. **अजागलस्तनन्याय** : બકરીના ગળા ઉપરનો આંચળ નકામો હોય છે. કશાય ઉપયોગની નહિ એવી વસ્તુ માટે આ ન્યાય દર્શાવાય છે.

૨. **अन्धगजन्याय** : આંધળાઓ હાથીના એક એક અંગને પકડીને તે તે અંગ જેવો હાથીને માને; દા.ત., કાન પકડનારો હાથીને સૂપડા જેવો માને, સૂંઢ પકડનારો સાંબેલા જેવો માને, પગ પકડનારો થાંભલા જેવો માને. આંધળાઓનાં આ બધાં જ્ઞાન આંશિક છે, માટે સર્વાંશે સાચાં નથી. હાથીના સાચા સ્વરૂપને કહેવા માટે સર્વાંગ સંપૂર્ણ હાથીનું જ્ઞાન હોવું જોઈએ. એવી જ રીતે કોઈ પણ વસ્તુના આંશિક જ્ઞાનથી વસ્તુનું સમગ્રપણે જ્ઞાન થઈ શકતું નથી. વસ્તુનું જ્ઞાન સમગ્ર રીતે કરવામાં આવે તો જ એને અંગેનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય. સંપૂર્ણ સાચું જ્ઞાન સમગ્રતામાં છે, પણ અંશમાં નથી એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૩. **अन्धपङ्गुन्याय** : આંધળો અને પાંગળો એકલા નહિ, પણ પરસ્પરની સહાયથી મજલ પૂરી કરી ઇષ્ટ સ્થાને પહોંચી શકે, તેમ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી નહિ, પણ જ્ઞાન અને ક્રિયા બંને સાથે હોય તો જ કાર્યસિદ્ધિ થાય એ તાત્ત્વિક વાતને સમજાવનારો આ ન્યાય છે.

૪. **अन्धपरंपरान्याय** : એક આંધળો બીજા આંધળાને દોરે ને બીજો આંધળો ત્રીજા આંધળાને દોરે. આંધળા આંધળાને દોરે તો પરિણામે એ બધાનો નાશ થાય. તેમ અજ્ઞાની અજ્ઞાનીને દોરે તો પરિણામે એ બધાનો નાશ થાય એ તાત્ત્વિક વાતને સમજાવનારો આ ન્યાય છે.

૫. **अरण्यरुदनन्याय** : અરણ્યમાં રુદન નિષ્ફળ છે, કારણ કે ત્યાં રુદન સાંભળનાર અને મદદે આવનાર કોઈ હોતું નથી. કોઈ પણ નિષ્ફળ પ્રવૃત્તિ(ક્રિયા) નહિ કરવી જોઈએ એ વાતને સમજાવનારો આ ન્યાય છે. '**अन्धदर्पणन्याय**' (આંધળાના મુખની સામે રૂપ જોવા દર્પણ ધરવું) અને '**बधिरकर्णजपन्याय**' (બહેરાની આગળ બબડવું) પણ આ જ અર્થ ધરાવે છે.

૬. **अरुन्धतीप्रदर्शनन्याय** : અરુન્ધતીનો તારો ઘણો નાનો હોવાથી તે જોનારની નજરે તરતજ ચડતો નથી. તેથી તેને બતાવવા માટે પ્રથમ કોઈ ઝાડની ડાળી તરફ કે વસિષ્ઠના તારા તરફ જોનારનું ધ્યાન કેન્દ્રિત કરીને પછી તેની નજીકમાં રહેલો અરુન્ધતીનો તારો બતાવવો અથવા બીજનો ચંદ્ર બતાવવા પ્રથમ કોઈ ઝાડની ડાળી બતાવીને પછી ચંદ્ર દર્શન કરાવવું આ રીતે સ્થૂલ વસ્તુ દ્વારા સૂક્ષ્મ વસ્તુનું જ્ઞાન કરાવાય એ વાતને સમજાવનારો આ ન્યાય છે. આ ન્યાયને '**शाखाऽरुन्धतीन्याय**' અથવા '**शाखाचन्द्रन्याय**' પણ કહે છે.

૭. **अहिनकुलन्याय** : સાપ-નોળિયાને જન્મજાત વેર હોય છે, તેમ કોઈ બે બાબત વચ્ચેના નૈસર્ગિક(કુદરતી) વિરોધને દર્શાવનારો આ ન્યાય છે.

૮. **आम्रसेकपितृतर्पणन्याय** : આંબાના વૃક્ષ પાસે પિતૃનું તર્પણ કરવામાં આવે છે ત્યારે આમ્રવૃક્ષનું સિંચન અને પિતૃનું તર્પણ આમ બે કાર્યો એક સાથે જ થઈ જાય છે. એવી જ રીતે કોઈ એક કાર્ય કરવા જતાં બીજું કાર્ય પણ સાથે સાથે થઈ જાય છે અર્થાત્ કોઈ એક ક્રિયા જ્યારે અનેક ફળ આપનારી બને છે ત્યારે આ ન્યાયનો દાખલો અપાય છે.

૯. **ऊषरवृष्टिन्याय** : ખારી જમીનમાં ગમે તેટલો વરસાદ પડે તોપણ તે શા કામનો ? ફળદ્રુપ ભૂમિમાં વરસાદ પડે તો જ તે કામનો. એવી જ રીતે આપણી પ્રવૃત્તિ માટેનું ક્ષેત્ર ફળ આપનારું હોવું જોઈએ. ફળ નહિ આપનારા ક્ષેત્રમાં પ્રવૃત્તિ ન થાય એ તાત્ત્વિક વાતને સમજાવનારો આ ન્યાય છે.

૧૦. **कण्ठचामीकरन्याय** : હાર પોતાના ગળામાં જ હોવા છતાં એને ખોવાયેલો માનીને અન્યત્ર શોધવા નીકળવું, કેડમાં છોકરું ને મારું છોકરું ક્યાં ગયું ? છોકરું પોતાની કેડમાં જ હોવા છતાં એને ખોવાયેલું માનીને આખા ગામમાં શોધવા નીકળવું. આમ પોતાની વસ્તુની પ્રથમ પોતાની નજીકમાં તપાસ કર્યા વિના એને દૂર શોધવા નીકળવાની ભૂલ થાય છે ત્યારે આ ન્યાયનો દાખલો અપાય છે.

૧૧. **कदलीफलन्याय** : કેળને ફળ આવે એટલે એનો નાશ થાય છે અર્થાત્ કેળ એક જ વાર ફળ આપે છે. **सकृत् प्रसूते कदली, सकृत् कन्या प्रदीयते। सकृत् जल्पन्ति राजानः, त्रीण्येतानि सकृत् सकृत्** ॥ અર્થ : કેળ એક જ વાર ફળે છે, કન્યા એક જ વાર અપાય છે, રાજાઓ એક જ વાર બોલે છે : આ ત્રણેય કાર્યો એક જ વાર થાય છે. જે કાર્ય એક જ વાર કરવા યોગ્ય હોય કે થઈ શકે એમ હોય એને માટે આ ન્યાયનો દાખલો અપાય છે.

૧૨. **कफोणिगुडन्याय** : કોણીએ લગાડેલો ગોળ નજીકમાં હોવા છતાં ચાટી શકાતો નથી. એ ખોટી લાલચ છે. ખોટી લાલચ આપીને પોતાનું કાર્ય સાધી લેવાય છે ત્યારે આ ન્યાયનો દાખલો અપાય છે.

૧૩. **काकतालीयन्याय** : કાગનું બેસવું ને ડાળનું પડવું. કાગડો ઝાડની ડાળી પર બેસે એ જ વખતે ડાળ તૂટી પડે એ માત્ર આકસ્મિક બનાવ છે. એમાં કાર્યકારણભાવ ઘટાવી શકાય નહિ. કાર્યકારણભાવ વિના આકસ્મિક રીતે બનતી વાત સમજાવવા માટે આ ન્યાય દર્શાવાય છે. '**अजाकृपाणीयन्याय**' (બકરીનું આવવું ને તરવારનું પડવું) આ ન્યાય પણ આ જ અર્થને બતાવનાર છે.

૧૪. **काकदन्तगवेषणन्याय : कूर्मस्य कति रोमाणि, काकस्य कतिपयदन्ता, वृथा एषा विचारणा** । કાચબાના શરીર પર રુવાંટી હોતી જ નથી, કાગડાને દાંત હોતા જ નથી. આમ છતાં કાચબાના શરીર પર રુવાંટાં કેટલાં અને કાગડાને દાંત કેટલા એવી વિચારણા ફોગટ છે. જે વસ્તુ હોય જ નહિ એવી વસ્તુ અંગે ફોગટ વિચારણા કરીને સમયની બરબાદી કરવાની મૂર્ખતા કરવા યોગ્ય નથી એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૧૫. **कूपयन्त्रघटिकान्याय** : કૂવામાંના રેંટની ઘટિકાઓ ભરાય છે ને ખાલી થાય છે એવી જ રીતે સંસારમાં પણ સર્વ મનુષ્યોના જીવનમાં ચડતી-પડતી, સુખ-દુઃખ, સંયોગ-વિયોગ આદિની ઘટમાળ ચાલ્યા જ કરે છે એ વાત સમજાવીને મનુષ્યનું માનસિક ઘડતર કરવા માટે આ ન્યાય દર્શાવાય છે.

૧૬. **कूपमण्डूकन्याय** : કૂવાના દેડકાને માત્ર કૂવાનું જ્ઞાન હોય, એને બહારની દુનિયાનું જ્ઞાન જરાય ન હોય. કૂવામાંનો દેડકો ન સમજે સાગરની વાત. એમ અલ્પજ્ઞાની પોતાનો જ કક્કો ખરો કરવા મથે છે એ ખોટું છે એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૧૭. **क्षीरदग्धजिह्वान्याय** : ગરમ દૂધથી દાઝેલી જીભવાળો માણસ ઠંડી છાશ પણ ફૂંકીને પીએ છે. એવી જ રીતે કોઈ એક વસ્તુથી દુભાયેલો માણસ બીજી દુ:ખદ નહિ એવી વસ્તુમાં પણ દુ:ખની આશંકા કરીને વર્તે છે એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૧૮. **गड्डुरिकाप्रवाहन्याय** : ગાડરના ટોળામાં એકની પાછળ બીજું ગાડર ઊંધું ઘાલીને ચાલ્યે જાય, એક ખાડામાં પડે તો બીજું પણ ખાડામાં પડે. એમ **गतानुगतिको लोकः, न लोकः पारमार्थिकः ।** અર્થાત્ લોક પણ વસ્તુના રહસ્યને સમજ્યા વગર આંધળું અનુકરણ કરવાના સ્વભાવવાળો હોય છે. કોઈ અજ્ઞાન માણસ વગર વિચાર્યે અમુક કાર્ય કરે, એ જોઈને બીજાઓ પણ એને અનુસરે. પહેલો કૂવામાં પડે તો બીજાઓ પણ કૂવામાં પડે. પોતાના હિત-અહિતનો વિચાર કર્યા વગર બીજાને અનુસરવું અર્થાત્ આંધળું અનુકરણ કરવું યોગ્ય નથી એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૧૯. **घुणाक्षरन्याय** : ઘુણ નામના કીડાએ કોરેલા લાકડામાં કે પુસ્તકના પાનામાં અકસ્માત્ કોઈ અક્ષરની આકૃતિ સરજાઈ જાય, એમ કોઈ એક કાર્ય કરવા જતાં પૂર્વ આયોજન કે પ્રયત્ન વિના અણધાર્યું બીજું કામ થઈ જાય છે ત્યારે આ ન્યાય દર્શાવાય છે.

૨૦. **तुष्यतु दुर्जनन्याय** : દુર્જનની વાતનો સ્વીકાર કરવા દ્વારા, એની તુષ્ટિ-પુષ્ટિ કરીને એના દ્વારા પોતાનું સત્કાર્ય સાધી લેવું એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૨૧. **देहलीदीपन्याय** : બે ઓરડાની વચ્ચેના ઊંબરા ઉપર મૂકેલો દીવો બંને ઓરડાઓમાં પ્રકાશ પાથરે છે. એમ કોઈ પણ કાર્ય એવી રીતે કરાય કે જેનાથી બે કાર્ય નીપજે, **'એક પંથ ને દો કાજ'** એ વાતને સમજાવનારો આ ન્યાય છે. **'काकाक्षिगोलकन्याय'**(કાગડાને આંખ બે પણ કીકી એક. એક કીકી બંને આંખોમાં ફરી બે બાજુ જોવાનું કામ કરે છે.) પણ આ જ અર્થને બતાવનાર છે.

૨૨. **दग्धबीजन्याय** : ધાન્યનું કારણ બીજ છે. બીજને બાળી નાખવામાં આવે તો ધાન્ય ઊગે નહિ. વૃક્ષનું કારણ એનું મૂળિયું છે. મૂળનો નાશ થતાં વૃક્ષનો જ નાશ થાય. તાત્પર્ય એ છે કે કારણનો નાશ થતાં કાર્યનો પણ અભાવ થાય. કારણનો નાશ થયા પછી કાર્યોત્પત્તિનો સંભવ રહેતો નથી એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૨૩. **'निरस्तपादपे देशे एरंडोऽपि द्रुमायते' न्याय** : જે રણ જેવી ભૂમિમાં એક પણ ઝાડ હોતું નથી ત્યાં ઊગેલું એરંડાનું નાનું ઝાડ પણ મોટા વૃક્ષરૂપ બની જાય છે. **'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન'**, **'આંધળાઓ વચ્ચે રહેલો કાણો પણ રાજા સમાન ગણાય'** એમ અજ્ઞાનીઓના સમૂહમાં થોડા જ્ઞાનવાળો હોય તે મહાપંડિત મનાય એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૨૪. **नीरक्षीरन्याय** : પાણી અને દૂધ ભેગાં મળેલાં હોય ત્યારે એ બંનેને જુદાં પાડીને હંસ જેમ એકલા દૂધનું જ પાન કરે છે અને પાણીનો ત્યાગ કરે છે તેમ વિવેકી માણસે ખરું-ખોટું, સારાસાર, હિતાહિત આદિનો વિચાર કરીને ખરું, સારભૂત, હિતકર આદિનો સ્વીકાર કરવો જોઈએ અને ખોટું, અસાર, અહિતકર આદિનો ત્યાગ કરવો જોઈએ એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૨૫. **पङ्कप्रक्षालनन्याय** : કાદવમાં પગ ખરડીને પછી ધોવા જવું એના કરતાં પ્રથમથી જ ન ખરડાવું સારું. પાપ કરીને પછી આલોચના પ્રાયશ્ચિત્ત દ્વારા એની શુદ્ધિ કરવી એના કરતાં પાપ ન કરવું સારું. પાપકાર્યનો અથવા અનુચિત કાર્યનો દૂરથી જ ત્યાગ કરવા યોગ્ય છે એ તાત્ત્વિક વાતને સમજાવનારો આ ન્યાય છે. (પાપ થઈ ગયા પછી પ્રાયશ્ચિત્ત કરવાનો શો અર્થ ? એમ માની લેવું નહિ.)

૨૬. **पर्जन्यन्याय** : વરસાદ જલ-સ્થલ, ગામ-વન આદિના ભેદભાવ વિના વરસે છે તેમ સત્પુરુષો શત્રુ-મિત્ર, સજ્જન-દુર્જન, સુવર્ણ-ઢેફું આદિ પ્રત્યે હૃદયમાં સમભાવવાળા (રાગ-દ્વેષરહિત હૃદયવાળા) હોય છે એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૨૭. **पिपीलिकान्याय** : કીડી ધીમી ગતિથી પણ સતત ચાલતી રહે છે તો દૂર રહેલા પોતાના ગન્તવ્ય સ્થાને પણ પહોંચી શકે છે. એવી જ રીતે જે સાધક નિરંતર સાધના કરતો રહે છે એ કઠણ કે અઘરું સાધ્ય પણ અવશ્ય પ્રાપ્ત કરે છે એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૨૮. **पिष्टपेषणन्याय** : દળેલાને ફરી દળવું એ મિથ્યા પ્રવૃત્તિ છે. એકની એક વાત વારંવાર કરવી એ પણ મિથ્યા પ્રવૃત્તિ છે. મિથ્યા પ્રવૃત્તિ કરવા યોગ્ય નથી એ વાતને સમજાવનારો આ ન્યાય છે. **तुषकण्डनन्याय** (ફોતરાં ખાંડવા) અને **जलताडनन्याय** (પાણી વલોવવું) પણ આ જ અર્થને બતાવનાર છે.

૨૯. **बीजाङ्कुरन्याय (बीजवृक्षन्याय)** : બીજમાંથી અંકુર(વૃક્ષ) અને અંકુરમાંથી બીજ પેદા થાય છે. આમાં પ્રથમ બીજ કે પ્રથમ અંકુરો એવી વસ્તુસ્થિતિ હોતી જ નથી. આત્મા, કર્મ, સંસાર આદિનું અનાદિપણું સમજાવવા આ ન્યાયનો દાખલો અપાય છે.

૩૦. **ब्राह्मणग्रामन्याय** : જે ગામમાં બ્રાહ્મણોની વસ્તી વધારે હોય તે ગામને **'બ્રાહ્મણગ્રામ'** કહેવાય, પરંતુ એમાં અન્ય વર્ણોની વસ્તી ન જ હોય એવું હોતું નથી. ગામમાં મુખ્ય વસ્તી બ્રાહ્મણોની છે એટલું જ સમજવાનું હોય છે. કોઈ ગામમાં બે-ચાર મલ્લ(પહેલવાન) હોય, તો પણ આખું ગામ મલ્લગ્રામ કહેવાય. **'भूयसा व्यपदेशः'** જ્યાં જે વસ્તુ મોટા પ્રમાણમાં અથવા મુખ્ય હોય એને ધ્યાનમાં રાખીને વાત કરવાનો લોકવ્યવહાર છે એ વાતને સમજાવનારો આ ન્યાય છે. छत्रिन्याय પણ આ જ અર્થ દર્શાવે છે.

૩૧. **मक्षिकान्याय** : માખી જેમ અશુચિ પદાર્થો પર બેસવાના સ્વભાવવાળી હોય છે તેમ દુર્જનો પણ હંમેશાં પારકા દોષ જોવાના સ્વભાવવાળા હોય છે એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૩૨. **मर्कटमदिरापानादिन्याय : मर्कटस्य सुरापानं, ततो वृश्चिकदंशनम् । तन्मध्ये भूतसंचारो, यद्वा तद्वा भविष्यति ॥** મૂળમાં માંકડાની જાત જ ચંચળ હોય ને એને દારૂ પિવરાવવામાં આવે, વળી એને વીંછી કરડે અને પાછો એના શરીરમાં ભૂતનો પ્રવેશ થાય પછી એની કૂદાકૂદમાં(તોફાનમાં) અને એના દ્વારા થતી તોડફોડમાં બાકી શું રહે ? મનુષ્યની બાબતમાં યૌવન એ મર્કટ સમાન છે, સંપત્તિ અને રૂપ મદિરા સમાન છે, પ્રભુત્વ (સત્તા) વીંછી કરડવા સમાન છે અને અવિવેક એ ભૂતનો સંચાર છે. આવો મનુષ્ય શું ન કરે ?

**यौवनं धनसंपत्तिः, प्रभुत्वमविवेकिता ।**
**एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम् ॥**

અર્થાત્ યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ અને અવિવેકિતા આ ચારમાંના એક એક પણ અનર્થકારી બનતા હોય તો જ્યાં એ ચારેય ભેગાં થતાં હોય ત્યાં એ કેટલાં બધાં અનર્થકારી બને એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૩૩. **मत्स्यगलागलन्याय ( मात्स्यन्याय )** : સમુદ્રમાં મોટું(બળવાન) માછલું નાના(નિર્બળ) માછલાનું ભક્ષણ કરે છે. સંસારરૂપી સમુદ્રમાં પણ મોટા(બળવાન) માણસો, નાના(નિર્બળ) માણસોની મિલકત વગેરે પચાવી પાડે છે. સંસારનું આવું દુઃખદ સ્વરૂપ સમજાવનારો આ ન્યાય છે.

૩૪. **वदतोव्याघातन्याय : यावज्जीवमहं मौनी, ब्रह्मचारी च मे पिता । माता तु मम वन्ध्यैव, पुत्रहीनः पितामहः ॥** અર્થાત્ યાવજ્જીવ હું મૌની છું, મારા પિતા બ્રહ્મચારી છે, મારી માતા વાંઝણી છે અને મારા દાદા પુત્ર વગરના છે.

**एष वन्ध्यासुतो याति, खपुष्पकृतशेखरः ।**
**कूर्मक्षीरेण सुस्नातः, शशशृङ्गधनुर्धरः ॥**

અર્થાત્ જેણે આકાશનાં પુષ્પોનો બનાવેલો મુગટ પહેરેલો છે, જેણે કાચબાના દૂધથી સારી રીતે સ્નાન કરેલું છે અને જેણે સસલાના શિંગડાનું બનાવેલું ધનુષ્ય હાથમાં ધારણ કરેલું છે એવો આ વન્ધ્યાપુત્ર જઈ રહ્યો છે.

ઉપરના શ્લોકો સર્વથા અસંભવિત બાબતોને જણાવનારા છે. વક્તાના પોતાના જ શબ્દથી વક્તાની વાતનું ખંડન થાય છે. વક્તાની વાત ખોટી છે એમ એને પોતાને દર્શાવીને એની વાતનું ખંડન કરવા માટે આ ન્યાય દર્શાવાય છે. **गगनारविंदन्याय** (આકાશમાં ફૂલનું ઊગવું) પણ સર્વથા અસંભવિત બાબતને જણાવનારો છે.

૩૫. **वनसिंहव्याघ्रन्याय** : વન સિંહ-વાઘને આશ્રય આપે છે ને સિંહ-વાઘથી વનને રક્ષણ મળે છે. '**हृदनक्रन्याय**' પણ આ જ અર્થને બતાવે છે. પાણીમાં રહેલ મગર હાથીને પણ ખેંચી જાય. પાણીથી એનું બળ વધે છે. પાણી બહાર રહેલ મગરને કૂતરું પણ મારી શકે. એકબીજાને ટેકારૂપ બનતી બે વસ્તુ બતાવવા માટે આ ન્યાયનો દાખલો અપાય છે.

૩૬. **वृद्धकुमारीवरन्याय** : પરણ્યા વગર રહી ગયેલી કોઈ પ્રૌઢાને દેવ વરદાન માગવાનું કહે ત્યારે તે માગે કે '**મારા પુત્રો સોનાની થાળીમાં કઢેલા દૂધની ખીર ખાય**' તો તેમાં પતિ, પુત્ર, ઢોર, સોનુંરૂપું બધું એક સાથે એક જ વાક્યથી માગી લેવાયું તેમ એક જ કાર્ય જ્યારે અનેક ફળ આપનારું બને છે ત્યારે આ ન્યાય દર્શાવાય છે.

૩૭. **शलभन्याय** : એક માત્ર ચક્ષુરિન્દ્રિયની આસક્તિથી દીવાની જ્યોતમાં ઝંપલાવીને પંતગિયું મોતને ભેટે છે. '**એકે કરી ભૃંગ હણાયો, મૃગ-મીન-પતંગ ઝલાયો; પાંચે સુખશમણું શાનું રહે પામર પ્રાણી.**' એક એક ઇન્દ્રિયના વિષયમાં આસક્તિને કારણે પણ ભમરો, હરણ, માછલું અને પતંગિયું મોતને ભેટે છે. પાંચ-પાંચ ઇન્દ્રિયવાળા મનુષ્યોને પાંચેય ઇન્દ્રિયોના વિષયમાં આસક્તિથી દૂર રહેવાની ચેતવણીરૂપે આ ન્યાય દર્શાવાય છે.

૩૮. '**शान्ते कर्मणि वेतालोदयः**' **न्याय** : કોઈ એક અનિષ્ટ દૂર કરવા હોમવિધિ કરી રહીએ ને વેતાલ ડોકિયું કાઢે તેમ ઘણો પ્રયત્ન કરીને જ્યાં એક અનિષ્ટને દૂર કરીએ ત્યાં તો બીજું મોટું અનિષ્ટ આવીને ઊભું રહે આવું બને ત્યારે આ ન્યાયનો દાખલો અપાય છે.

૩૯. **'सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डितः' न्याय** : જીવનમાં સર્વનાશનો પ્રસંગ જ્યારે આવી પડે છે ત્યારે પંડિત પુરુષ અર્ધું જતું કરીને અર્ધું બચાવી લે છે. અર્ધાથી પોતાનો જીવનવ્યવહાર ચલાવે છે. સર્વનાશ દુરસ્ત છે. જીવનમાં સર્વનાશ જેવા દુઃખદ પ્રસંગો આવે ત્યારે બાંધછોડ કરીને, થોડું જતું કરીને પણ જીવનનું ગાડું ગબડાવવું જોઈએ એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૪૦. **सिकतातैलन्याय** : રેતી પીલીને તેમાંથી તેલ કાઢવું એ સર્વથા અસંભવિત કાર્ય છે. રેતીમાંથી તેલ કાઢવા જેવી ખોટી પ્રવૃત્તિ ન કરવી જોઈએ એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૪૧. **सिंहावलोकनन्याय** : સિંહ આગળ વધતો જાય છે ને ડોક ફેરવીને પાછળ નજર કરતો જાય છે તેમ કોઈ પણ કાર્ય કરતી વખતે આગળ-પાછળની બધી બાબતોનો વિચાર કરવો જોઈએ. સર્વત્ર પૂરી સાવધાની રાખીને કામ કરવું જોઈએ એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૪૨. **सुन्दोपसुन्दन्याय** : સુંદ અને ઉપસુંદ નામના બે ભાઈઓ પરસ્પર લડીને મોતને ભેટ્યા. અંદર અંદરના ઝઘડા વિનાશકારી છે માટે ઝઘડા કરવા નહિ, પણ સંપીને રહેવું એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૪૩. **सूचिकटाहन्याय** : સોય બનાવવાનું કામ નાનું છે, કડાઈ બનાવવાનું કામ મોટું છે. નાનું કામ જલદી થાય, મોટું કામ વિલંબે થાય. નાનાં-મોટાં બે કામમાંથી તરત થનારું નાનું કામ પ્રથમ કરી લેવું જોઈએ એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૪૪. **स्थालिपुलाकन्याय** : રંધાતા ચોખા ચડી ગયા છે કે નહિ એ જોવા માટે બધા ચોખા નહિ , પણ તેમાંનો એક જ દાણો ચાંપીને ખાતરી કરાય છે તેમ કોઈ એક બાબતના અંશ દ્વારા આખી બાબતનો નિર્ણય કરાય એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

૪૫. **हस्तामलकन्याय** : હાથમાં રહેલું આમળું સ્પષ્ટ જોઈ શકાય છે. એને માટે અન્ય કોઈ પ્રમાણની જરૂર રહેતી નથી. તેમ જેનું પરિણામ સ્પષ્ટ જોઈ-જાણી શકાતું હોય એને માટે બીજા કોઈ સમર્થનની જરૂર રહેતી નથી એ વાતને સમજાવનારો આ ન્યાય છે.

# પ્રહેલિકા

જે કથનના ગુપ્તભાવને સૂચવનાર છે, જેમાં ઉપરથી જણાતો અર્થ જુદો હોય અને અંદર ગુપ્તપણે રહેલો અર્થ જુદો હોય તેને **'પ્રહેલિકા'** કહેવાય છે. આ પ્રહેલિકાના **'શાબ્દી'** અને **'આર્થી'** એવા બે ભેદ છે :

**૧. શાબ્દી પ્રહેલિકા : पयस्विनीनां धेनूनां ब्राह्मणः प्राप्य विंशतिम् ।**
**ताभ्योऽष्टादश विक्रीय गृहीत्वैकां गृहं गतः ॥**

**શબ્દાર્થ :** એક બ્રાહ્મણ દૂધવાળી ૨૦ ગાયો મેળવી, તેમાંથી ૧૮ વેચી દઈને માત્ર ૧ ગાય લઈને ઘેર ગયો, આ કેવી રીતે બને ? આ ઉપરથી દેખાતો અર્થ છે, જ્યારે ગુપ્તાર્થ નીચે મુજબ છે.

**ગુપ્તાર્થ :** धेनु + उनां =धेनूनां विंशतिः =(જેમાં એક ગાય ઓછી છે એવી વિંશતિ) ૧૯ દૂધવાળી ગાયો મેળવી, તેમાંથી ૧૮ વેચી દઈને બાકી રહેલી ૧ ગાય લઈને ઘેર ગયો.

**૨. આર્થી પ્રહેલિકા : यदि श्वश्र्वा भणिता प्रियवासगृहे दीपकं देहि ।**
**ततः कस्माद् मुग्धमुखि ! हृदये निवेशयेर् दृष्टिम् ? ॥**

**શબ્દાર્થ :** જો સાસુએ તને કહ્યું છે કે 'તું વાસઘરમાં દીવો કર', તો પછી હે સુંદર મુખવાળી સ્ત્રી ! તું હૃદયમાં નજર શા માટે કરે છે ?

**ગુપ્તાર્થ :** સાસુએ પુત્રવધુને પ્રિયના વાસઘરમાં દીવો કરવાનું કહ્યું, પણ પુત્રવધુ પ્રિયવાસઘર તો પોતાના હૃદયને જ માને છે, તેથી હૃદયમાં જ દૃષ્ટિ કરે છે. આ વાત શબ્દથી નહિ પણ ગુપ્તાર્થથી સમજાય છે.

**ત્રણ પ્રકારના સ્વર :** ૧. હ્રસ્વ, ૨. દીર્ઘ, ૩. પ્લુત. હ્રસ્વને એક માત્રા, દીર્ઘને બે માત્રા અને પ્લુતને ત્રણ માત્રા લાગે છે. માત્રા એટલે ઉચ્ચારણ માટે લાગતો સમય. કૂકડાના શબ્દમાં આ ત્રણેય પ્રકારના સ્વરનો સમાવેશ થાય છે; જેમકે, કુક - રે - કૂક વાસ્તવમાં ઉ$^{1}$ - ઊ$^{2}$ - ઊ$^{3}$

# एवकार

'**एवकार**'ના નીચે મુજબ બે અર્થ છે : **અવધારણ** અને **અસંભવ**. તેમાં અવધારણ ત્રણ પ્રકારે છે : ૧. અન્યયોગવ્યવચ્છેદ, ૨. અયોગવ્યવચ્છેદ, ૩. અત્યન્તાયોગવ્યવચ્છેદ

૧. **અન્યયોગવ્યવચ્છેદ** : અન્ય = બીજું, યોગ = સંબંધ, વ્યવચ્છેદ= અભાવ. અન્યયોગવ્યવચ્છેદ એટલે બીજામાં સંબંધનો અભાવ.

વાક્યમાં વિશેષ્યવાચક પદની પછી આવેલો '**एवकार**' વિશેષ્યથી અતિરિક્ત (ભિન્ન) મનુષ્યમાં વિશેષણના સંબંધનો અભાવ સૂચવે છે; જેમકે, **पार्थ एव धनुर्धरः** (અર્જુન જ ધનુર્ધર છે.) આમાં વિશેષ્યવાચક પદ '**पार्थः**' છે. તેનાથી ભિન્ન એવા જે બીજા મનુષ્યો તેમનામાં '**ધનુર્ધરત્વ**'ના સંબંધનો અભાવ આ '**एवकार**'થી દ્યોતિત થાય છે. અન્યમાં ધનુર્ધરત્વના યોગનો અભાવ એટલે કે પાર્થ(અર્જુન) જ ધનુર્ધારી છે અર્થાત્ અર્જુન સિવાયના બીજા માણસોમાં અર્જુન જેવું ધનુર્ધરત્વ સંભવતું નથી.

**અયોગવ્યવચ્છેદ** : વિશેષણવાચક પદ પછી આવેલો '**एवकार**' વિશેષ્યમાં તે વિશેષણના સંબંધના અભાવનો અભાવ અર્થાત્ વિદ્યમાનતા સૂચવે છે; જેમકે, **शङ्खः पाण्डुर एव** (શંખ ધોળો જ હોય છે.) આમાં વિશેષણવાચક પદ '**पाण्डुर**' છે. તેના પછી આવેલો '**एवकार**' વિશેષ્યપદથી વાચ્ય એવા શંખમાં ધોળા રંગના અભાવનો અભાવ અર્થાત્ વિદ્યમાનતા સૂચવે છે. શંખમાં ધોળો રંગ ન હોય એવું હોય જ નહિ એ તાત્પર્યાર્થ છે.

૩. **અત્યન્તાયોગવ્યવચ્છેદ** : ક્રિયાવાચક પદ પછી આવેલો '**एवकार**' કર્તામાં ક્રિયાના સંદતર નિષેધનો નિષેધ કરે છે. વિશેષણ વિશિષ્ટ નીલકમલની સત્તાના અત્યન્ત(સર્વથા) અયોગનો અભાવ જણાવે છે; જેમકે, **कमलं नीलं भवत्येव** કમલ નીલ હોય જ છે. આમાં ક્રિયાવાચક પદ '**भवति**' છે. તેના પછી આવેલો '**एवकार**' કમલમાં નીલત્વના સદંતર અભાવનો અભાવ સૂચવે છે. કમલમાં નીલપણું હોય પણ છે અર્થાત્ તેમાં શ્વેતપણું કે રક્તપણું પણ હોય છે એ તાત્પર્યાર્થ છે.

## નિષેધવાચક 'न'કાર

વાક્યમાં આવેલા બે '**न**'કાર વિધિ અર્થાત્ વિધાન(હકાર) બતાવે છે; જેમકે, **न स न गच्छति** = તે નથી જતો એમ નથી અર્થાત્ તે જાય છે.

## નિષેધવાચક 'न'કારના છ અર્થ

૧. **સદૃશ**, ૨. **અભાવ**, ૩. **અન્ય**, ૪. **અલ્પત્વ**, ૫. **લઘુતા**, ૬. **વિરોધ** આ છ અર્થમાં '**न**' વપરાય છે - યોજાય છે :

૧. તેનાથી '**સદૃશ**' અર્થમાં : **अब्राह्मणः** = બ્રાહ્મણથી ભિન્ન, પણ મનુષ્ય જાતિની અપેક્ષાએ બ્રાહ્મણ જેવો અર્થાત્ જાતિ અને વર્ણ સાદશ્ય - ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર માણસ, નહિ કે પશુ. આમાં મનુષ્ય જાતિની અપેક્ષાએ સાદશ્ય અર્થાત્ સરખાપણાનો ભાવ પણ સૂચવાય છે.

૨. તેનો '**અભાવ**' અર્થમાં : **अपापम्** = પાપનો અભાવ

૩. તેનાથી '**અન્ય**' અર્થમાં : **अजीवः** = જીવથી ભિન્ન અર્થાત્ જડ, **अनश्वः** = ઘોડાથી ભિન્ન અર્થાત્ સિંહ હાથી વગેરે.

૪. '**અલ્પત્વ**' અર્થમાં : **अनूदरा कन्या** = નાના પેટવાળી કન્યા - ગર્ભ નહિ રહેવાના કારણે નહિ વધેલા (અર્થાત્ નાના) પેટવાળી કન્યા.

૫. '**લઘુત્વ**' અર્થમાં : **अपशवोऽन्ये गोभ्यः** = બીજા પશુઓ ગાય કરતાં હલકા અર્થાત્ ઊતરતી કક્ષાના છે.

૬. '**વિરોધ**' અર્થમાં : **अधर्मः** = ધર્મીનો વિરોધી અર્થાત્ પાપી, **अज्ञानः** = જ્ઞાનીનો વિરોધી અર્થાત્ અજ્ઞાની

### છ ઋતુ

૧. हेमन्त (પું.) માગશર-પોષમાં
૨. शिशिर (પું.) માહ-ફાગણમાં
૩. वसन्त, सुरभि (પું.) ચૈત્ર-વૈશાખમાં
૪. ग्रीष्म, निदाघ (પું.) જેઠ-અષાડમાં
૫. तपात्यय, मेघकाल, मेघागम (પું.), प्रावृष् (સ્ત્રી.), वर्षा (સ્ત્રી.બ.વ.) શ્રાવણ-ભાદરવામાં
૬. घनालय (પું.), शरद् (સ્ત્રી.) આસો-કાર્તિકમાં

## અગત્યના શબ્દો

**अक्षर** (પું.) પરમાત્મા, શંકર, વિષ્ણુ, મોક્ષ, વર્ણમાળાનો પ્રત્યેક વર્ણ

**अक्षवाट** (પું.) અખાડો, મલ્લયુદ્ધ કરવાનું સ્થળ, જુગાર રમવાનું સ્થળ, પાસા જેના ઉપર ખેલાય એવી બાજી

**अगद** (પું.) ઔષધ, ઓસડ, દવા, (વિ.) નીરોગ

**अङ्गराग** (પું.) શરીરે ચોપડવાનું વિલેપન

**अङ्गिका** (સ્ત્રી.) બંડી, અંગરખું

**अग्निक्रीडा** (સ્ત્રી.) આતશબાજી, દારૂખાનું

**अग्रज** (પું.) બ્રાહ્મણ, મોટો દીકરો, મોટો ભાઈ

**अच्युत** (પું.) પરમેશ્વર, શ્રીકૃષ્ણ

**अजिन** (ન.) આસન તરીકે વપરાતું હરણ વગેરેનું ચામડું

**अजिर** (ન.) આંગણું, ચૌટો, ફળિયું

**अट्टालक** (પું.) અટારી, ઝરૂખો, મેડી, મહેલનો સૌથી ઉપરનો માળ

**अद्मर** (વિ.) ખાનાર, ભક્ષણ કરનાર, ખાઉધરું, અકરાંતિયું

**अधमर्ण** (પું) દેણદાર, દેવાદાર, કરજદાર

**अधिगम** (પું.) જ્ઞાનપ્રાપ્તિ, સ્વીકાર

**अधित्यका** (સ્ત્રી) પર્વત ઉપરની ભૂમિ

**अधृष्य** (વિ.) જેના ઉપર આક્રમણ ન થઈ શકે તેવું, નમ્ર, શરમાળ

**अध्यक्ष** (પું.)મુખ્ય અધિકારી, પ્રમુખ

**अध्येषणा** (સ્ત્રી.) યાચના, માગણી, અધિક પ્રાર્થના

**अध्वग** (પું) મુસાફર, વટેમાર્ગુ, પ્રવાસી

**अनारत** (અ) કાયમ, હંમેશાં, સદાકાળ

**अनाविल** (વિ.) સ્વચ્છ, નિર્મળ

**अनुक्रोश** (પું.) અનુકંપા, દયા

**अनुनय** (પું.) વિનય, પ્રણિપાત, નમવું, પ્રાર્થના, સાંત્વન

**अनुशय** (પું.) પશ્ચાત્તાપ, પસ્તાવો, ખેદ, પૂર્વનું વેર, અત્યંત દ્વેષ

**अनुशासन** (ન.) કર્તવ્યનો ઉપદેશ, યથાર્થપણે જણાવી દેવું, પ્રતિપાદન કરવું

**अनूरु** (પું.) સૂર્યનો સારથિ, અરુણ

**अनृत** (ન.) અસત્ય, જૂઠ, ખોટું

**अनेहस्** (પું.) કાળ, સમય

**अन्तर्वत्नी** (સ્ત્રી.) સગર્ભા સ્ત્રી

**अन्त्यज** (પું.) ક્ષુદ્ર, ચંડાલ, ધોબી વગેરે સાત જાતિ

**अन्धस्** (ન.) ખોરાક, અનાજ, ધાન્ય

**अन्धु** (પું.) કૂવો, ખાડો

**अन्वेष** (પું.), **अन्वेषण** (ન.), **अन्वेषणा** (સ્ત્રી.) શોધ, તપાસ

**अपचय** (પું.)વ્યય, હાનિ, અપહરણ

**अपत्य** (ન.) પુત્ર-પુત્રીરૂપ સંતાન

**अपवरक** (ન.) ઓરડો, શયનગૃહ, ઘરનો મધ્યભાગ

**अपवर्ग** (પું.) મોક્ષ, સમાપ્તિ, અંત, પૂર્ણતા

**अभिज्ञ** (વિ.) નિપુણ, પંડિત, જ્ઞાતા, કાબેલ, ચેતન

**अभिधा** (સ્ત્રી.), **अभिधान** (ન.) નામ, સંજ્ઞા, શબ્દ, ધ્વનિ, શબ્દની અર્થ બતાવવાની શક્તિ

**अभिनिवेश** (પું.) નિશ્ચય, સંકલ્પ, આગ્રહ, આસક્તિ, અજ્ઞાનજન્ય મૃત્યુનો ભય

**अभियोग** (પું.) ઉદ્યોગ, ખંત, તીવ્ર અભ્યાસ, આક્રમણ, આરોપ, ફરિયાદ

**अभिराम** (પું.) પ્રિય, સુંદર, મનોહર

**अभिष्वङ्ग** (પું) અતિરાગ, ઉત્કટસ્નેહ

**अभ्यवहार** (પું.) ખાવું પીવું, ભોજન

**अभ्यागत** (પું.) પરોણો, અતિથિ, મહેમાન

**अभ्युपगम** (પું.) સ્વીકાર, અંગીકાર, પ્રતિજ્ઞા, સમીપ ગમન

**अमर्ष** (પું.) કોપ, ક્રોધ, ક્ષમાનો અભાવ, ક્રોધથી ઉપજેલો જીતવાની ઈચ્છાવાળો આવેશ

**अमेध्य** (ન.) વિષ્ઠા, પેટનો મળ, (વિ.) અપવિત્ર

**अयुग** (ન) જોડ નહિ તે, એકી, વિષમ

**अरघट्ट-क** (પું.) કૂવામાંથી પાણી કાઢવાનું કાષ્ઠયંત્ર, રેંટ

**अर्घ्य** (ન.) પૂજા માટેનું પાણી, પૂજાની સામગ્રી, પૂજા, પૂજન, (વિ.) પૂજ્ય, માન્ય

**अर्चिष्** (સ્ત્રી.ન.) અગ્નિજ્વાળા

**अलर्क** (પું.) હડકાયો કૂતરો

**अलात** (ન.) ઊંબાડિયું, અંગારો

**अलाबु-बू** (સ્ત્રી.) તૂંબડું, તૂંબડી

**अलिन्द** (પું.) ઘરના દ્વાર પાસેનો ઓટલો કે ચોક, આંગણું

**अवकर** (પું.) કચરો, ઉકરડો

**अवकीर्ण** (વિ.) વિખરાયેલું, છવાયેલું, ચૂરો કરેલું, વ્રતભંગ કરેલું

**अवगुण्ठन** (ન.) બુરખો

**अवगुण्ठिका** (સ્ત્રી.) બુરખો, વસ્ત્રથી મોં ઢાંકવું, લાજ કાઢવી, મોવટું, બુરખો નાખવો, પડદો કરવો

**अवटङ्क** (પું.) અટક, ઓળખ

**अवट-टु** (પું.), **अवटि-टी**(સ્ત્રી.) ખાડો, કૂવો

**अवदात** (વિ.) શુદ્ધ, નિર્મળ, ઉજ્જવળ, તેજસ્વી, શ્વેત, મનોજ્ઞ, સુંદર, શુભ

**अवद्य** (ન.) પાપ, અનિષ્ટ

**अवधीरणा** (સ્ત્રી) અપમાન, તિરસ્કાર

**अवसाद** (પું) મનની પીડા, ખેદ, નાશ

**अवसिक्थका** (સ્ત્રી.) પલાંઠી, ખાટલો, પલંગ, કેડ ને ઢીંચણની ફરતું કપડું બાંધીને બેસવું એ

**अविद्या** (સ્ત્રી.) અજ્ઞાન

**अश्लील** (ન.) શરમ ભરેલું, નઠારું, અસભ્ય, ચીતરી ચડે એવું

**अंस** (પું.) ભાગ, વિભાગ, અવયવ, સ્કંધ, ખભો

**अहिफेन** (પું.ન.) અફીણ

**अंहस्** (ન.) પાપ, સ્વધર્મનો ત્યાગ

**आकल्प** (પું.) વેશભૂષા, વસ્ત્રાલંકાર-આભૂષણ-માળા વગેરેથી થતી અંગશોભા

**आकार** (પું.) આકૃતિ, ઘાટ, દેખાવ, ચહેરો, નિશાની, લક્ષણ, હૃદયના અભિપ્રાયને જણાવનારી દેહચેષ્ટા, ઇંગિત, હૃદયનો ભાવ

**आकारण** (ન.) બોલાવવું

**आकुट्टि** (સ્ત્રી.) હિંસા, વધ

**आकूत** (ન.) મનોભાવ, અભિપ્રાય, આશય, ઈરાદો, હેતુ

**आखेट** (પું.) શિકાર

**आतङ्क** (પું.) રોગ, જ્વર, સંતાપ, ભય, જુલમ

**आतप** (પું.) ઉદ્યોત, પ્રકાશ, તાપ, તડકો

**आतुर** (પું.) રોગ, (વિ.) રોગી, દરદી, પીડાયેલું, અધીરું, આકળું, ઉત્સુક, બીમાર, માંદલું

**आपण** (પું.) દુકાન, બજાર, પીઠું

**आपन्नसत्त्वा** (સ્ત્રી.) સગર્ભા સ્ત્રી

**आप्त** (વિ.) વિશ્વાસપાત્ર, કુશળ, યથાર્થ જ્ઞાનવાળું, યુક્તિયુક્ત, પ્રાપ્ત કરેલું, જાણેલું, રાગાદિ દોષોનો જેણે સર્વથા ક્ષય કર્યો છે તે

**आमय** (પું.) વ્યાધિ, રોગ, હાનિ

**आमिष** (ન.) માંસ, અભોગ્ય પદાર્થ, લાંચ, લોભ, લોભાવવા માટેની વસ્તુ, મોહ ઉપજાવનાર પદાર્થ

**आम्नाय** (પું.) પરંપરાથી ચાલતો આવેલો આચાર, ગુરુપરંપરાગત ઉપદેશ, વેદશાસ્ત્ર

**आयति-ती** (સ્ત્રી.) ભવિષ્યકાળ, લંબાઈ, ફળ આપવાનો કાળ, પરિણામ, પ્રભાવ

**आरात्रिक** (ન.) આરતી

**आर्जव** (પું.) સરળતા, ઋજુ ભાવ

**आर्यपुत्र** (પું.) ભરથાર, સ્વામી, પતિ

**आर्षभि** (પું.) ઋષભદેવના પુત્ર, ભરત ચક્રવર્તી

**आलवाल** (ન.) ઝાડની આસપાસ કરેલો ક્યારો

**आलस्य** (ન.) આળસ, મંદતા

**आलान** (ન.) હાથીને બાંધવાનો થાંભલો - ખીલો, હાથીને બાંધવાનું દોરડું, હરકોઈ બંધન

**आलोक** (પું.) સૂર્ય વગેરેનો પ્રકાશ, દર્શન, જોવું, નજરે પડવું, દૃષ્ટિમર્યાદા

**आविल** (વિ.) ગંદું, મલિન, દૂષિત

**आसादित** (વિ.) મેળવેલું

**आसार** (પું.) વેગવાળો વરસાદ, ધોધમાર વરસાદ, મિત્ર રાજાનું સૈન્ય

**आहत** (વિ) પ્રહાર કરાયેલું, ઘવાયેલું, મારી નાખવામાં આવેલું, નાશ કરાયેલું, અમુક સંખ્યાથી ગુણાયેલું

**इङ्गित** (વિ.) હાલેલું, કંપેલું, ઈશારો, મનોગત ભાવને જણાવનારી ચેષ્ટા

**इन्दिरा** (સ્ત્રી.) લક્ષ્મી, શોભા, કાંતિ

**इन्द्रजाल** (ન.) એક જાતની માયા, જાદુ, નજરબંધી, ગારુડી વિદ્યા, મંત્ર કે ઔષધ વગેરેથી જુદા સ્વરૂપે રહેલી વસ્તુને જુદા સ્વરૂપે બતાવવી.

**ईडा** (સ્ત્રી.) સ્તુતિ, વખાણ

**ईर्या** (સ્ત્રી.) વિહાર, પગે ચાલવું

**ईहा** (સ્ત્રી) ઇચ્છા, ચેષ્ટા, ઉદ્યમ, પ્રયત્ન

**उच्चार** (પું.) ઉચ્ચારણ, વિષ્ઠા

**उच्छलन** (ન) ઊછળવું, ઉછાળો, કૂદકો

**उच्छिष्ट** (વિ) જમતાં વધેલું, એઠું, બોટેલું

**उट** (પું.) ઘાસ, ખડ, પાંદડું

**उटज** (પું.ન.) ઝૂંપડી, પર્ણશાળા

**उडुप** (પું.ન) હોડી, હોડકું, તરાપો, ચંદ્ર

**उत्कर** (પું.) કચરાનો ઢગલો, સમૂહ, ઉકરડો

**उत्कोच** (પું) દાન, ભેટ, લાંચ, બક્ષિસ

**उत्तमर्ण** (પું.) લેણદાર, નાણાં ધીરનાર

**उत्तानशय** (પું.) ધાવણું બાળક

**उत्सेध** (પું.) ઊંચાઈ, ઉન્નતિ

**उदन्या** (સ્ત્રી.) અતિ તૃષા, ઘણી તરસ

**उदर्क** (પું.) ભાવિમાં મળનારું ફળ

**उद्वाह** (પું.) વિવાહ, લગ્ન

**उदस्त** (વિ.) ઊંચે ફેંકેલું

**उपचय** (પું.) સંચય, વધારો, ઉમેરો, જથ્થો, ઢગલો, આબાદી, ઉન્નતિ, ચઢતી, વૃદ્ધિ

**उपज्ञा** (સ્ત્રી.) કોઈનાય ઉપદેશ વિના સ્વયં પ્રગટેલું પ્રથમ જ્ઞાન

**उपदा** (સ્ત્રી.) ભેટ, દાન, બક્ષીસ, નજરાણું, લાંચ

**उपनिषद्** (સ્ત્રી.) રહસ્ય, બ્રહ્મવિદ્યા, વેદનું અંતિમ ધ્યેય

**उपहार** (પું.) ભેટ, ભેટ ધરવી

**उपहास** (પું.) ઠેકડી, ઠઠ્ઠા, મશ્કરી

**उपानत्** (સ્ત્રી.) પગરખાં, જોડા, બૂટ, ચંપલ, મોજડી, ખાસડાં

**उपायनं** (ન.) દાન, ભેટ, બક્ષિસ, નજરાણું, લાંચ

**उल्लाघ** (પું.) નીરોગ, રોગમુક્ત, દક્ષ, હોશિયાર

**उष्णीष** (પું.ન.) પાઘડી, ફેંટો

**उपासक** (પું.) શ્રાવક, જૈન ગૃહસ્થ, અનુયાયી, ભક્ત, સાધક, સેવક, ઉપાસના કરનાર

**ऐतिह्य** (ન.) ઇતિહાસ, પૂર્વચરિત્ર, જૂના જમાનાની વાત

**कञ्चुक** (પું.ન.) લોઢાનું બખ્તર, સર્પની કાંચળી, ચોળી, પોલકું

**कञ्चुकिन्** (પું.) અંતઃપુરનો રક્ષક, રાણીવાસનો પહેરેગીર, સર્પ

**कन्दुक** (પું.) રમવાનો દડો, બૉલ

**कपिशीर्ष** (ન.) કિલ્લાનું તે તે કાંગરું

**कबन्ध** (પું.ન.) નાચતું ધડ, માથા વિનાનું હાલતું ચાલતું શરીર

**करण** (ન.) ઇન્દ્રિય

**करीष** (પું.ન.) સૂકું છાણ

**कर्णेजप** (પું.) ચાડી ચૂગલી કરનાર, ચાડિયો, ખલ

**कर्मठ** (વિ.) કુશળ, આરંભેલું કાર્ય પૂર્ણ કરનાર, કામઠું

**कल्य** (પું.) નીરોગ, તંદુરસ્ત

**कवि** (સ્ત્રી.) લગામ

**कष** (પું.) કસોટીનો પથ્થર

**कशा-कषा** (સ્ત્રી.) ચાબૂક, કોરડો

**कातर** (વિ.) બીકણ, બાયલું, કાયર, ભયભીત, દુઃખથી વ્યાકુળ

**कान्दिशीक** (વિ.) હું કઈ દિશામાં જાઉં એમ કહેનાર, દિશા ભૂલેલો ભયભીત, વ્યાકુળ

**कार्मण** (ન) કામણટૂમણ, કાર્મણ શરીર

**कासार** (પું.ન.) તળાવ

**किङ्किणि-णी** (સ્ત્રી.) ઘૂઘરી, ઘંટડી

**कितव** (વિ) શઠ, લુચ્ચો, કપટી, ધૂર્ત

**कुट्टनी** (સ્ત્રી.) પરસ્ત્રી-પુરુષનો સંયોગ કરાવી આપનારી સ્ત્રી, દલાલણ

**कुट्टिम** (પું.ન.) ઘરની અંદરનું પથ્થર વગેરેથી બાંધેલું ભૂમિતલ

**कुड्य** (પું.ન.) ભીંત, દીવાલ

**कुणप** (ન.) મૃતક, મડદું

**कुत्सित** (વિ) અધમ, હલકું, નિંદનીય

**कुल्या** (સ્ત્રી.) નીક, નહેર

**कुश** (પું.ન.) એક જાતનું ઘાસ, દર્ભ, ડાભ

**कूपमण्डूक** (પું.) કૂવાનો દેડકો, કૂવા વિના બીજે ક્યાંય નહિ જનારા દેડકાની જેમ પોતાના ઘરમાં જ બેસી રહેનાર, અલ્પજ્ઞ પુરુષ

**कृष्णा** (સ્ત્રી.) દ્રૌપદી

**केलि** (પું.સ્ત્રી.) ક્રીડા, રમત

**कोटर** (પું.ન.) વૃક્ષની બખોલ, પર્વતની ગુફા, કોતર

**कौपीन** (ન.) લંગોટી

**कौमुदी** (સ્ત્રી.) ચંદ્રનો પ્રકાશ, ચાંદની

**क्रतु** (પું.) યજ્ઞ

**क्रीडनक** (ન) રમકડું, રમવાનું સાધન

**क्लीब** (પું.) નામર્દ, નપુંસક

**क्षुता** (સ્ત્રી.) છીંક, ખાંસી

**क्षुल्लक** (પું) લઘુ શિષ્ય, નાનો સાધુ, (વિ) અલ્પ, નાનું, નીચ, પામર, દરિદ્ર

**क्षेद** (પું) ખેદ, અફસોસ, દિલગિરિ

**क्षेपणि-णी** (સ્ત્રી.) ગોફણ

**क्षौद्र** (ન.) મધ

**क्ष्वेडा** (સ્ત્રી.) સિંહનાદ

**खलति-खलवाट** (વિ.) ટાલિયું, ટાલવાળું

**खलि-ली** (સ્ત્રી.) તલનો ખોળ

**खलूर** (પું.), **खलुरिका** (સ્ત્રી.) શસ્ત્રાભ્યાસ કરવાનું સ્થાન

**खुर** (પું.) પશુઓના પગની ખરી

**गण्डूष** (પું) કોગળો, એકચાંગળું માપ

**गद्य** (ન.) શ્લોક રહિત-વાક્યાત્મક લખાણ

**गन्त्री** (સ્ત્રી.) ગાડી, બળદગાડું

**गवाक्ष** (પું.)ગોખ, ઝરૂખો, બારી, જાળિયું

**गह्वर** (ન.) ગુફા

**गुर्वी** (સ્ત્રી.) સગર્ભા સ્ત્રી

**गृध्नु** (પું.) લોભી, લાલચુ

**गेन्दुक** (પું.) દડો, બૉલ

**गोणी** (સ્ત્રી.) ગૂણ, શણનો કોથળો

**गोपुर** (ન.) નગર-મંદિરનો દરવાજો

**घसि** (પું.) ભોજન

**घस्मर** (વિ.) ખાનાર, ભક્ષણ કરનાર

**घर्म** (પું.) ઘામ, ગરમી

**चन्द्रातप** (પું.) ચંદ્રનો પ્રકાશ

**चलु** (પું.) ચળું, કોગળો

**चाटु** (પું.ન.) ખુશામત, પ્રિય છતાં અસત્ય વાણી

**चाटुकार** (વિ.) ખોટી પ્રશંસા કરનાર, ખુશામતખોર, મીઠાબોલું,

**चिक्कण** (વિ.) ચીકણું

**चूडा** (સ્ત્રી.) શિખા, ચોટલી

**चोक्ष** (ન.) શુદ્ધ કરેલું, ચોખ્ખું

**छद** (પું.ન.) પાંદડું, ઢાંકણ, દાંત, હોઠ

**छन्द** (પું.) અભિપ્રાય, ટેવ

**छेक** (વિ.) ચાલાક, ચતુર

**जतु** (ન.) લાખ, અળતો

**जनि** (સ્ત્રી.) જન્મ, ઉત્પત્તિ

**जरत्** (વિ.) વૃદ્ધ, ઘરડું, જૂનું, જીર્ણ થતું, ઘસાતું

**जरती** (સ્ત્રી.) ઘરડી સ્ત્રી

**जरायु** (પું.) ગર્ભાશય, ઑર

**डिण्डिम** (પું.) ડાંડી પીટવાનો ઢોલ, નગારું

**डिण्डिर** (પું.) સમુદ્ર-ફીણ

**डिम्भ** (વિ.) બાળક, નાનું બચ્ચું, મૂર્ખ, અજ્ઞાની, અણસમજુ

**तन्त्र** (ન.) દેશનાં રક્ષણ અને પોષણ આદિની ચિંતા

**तन्‍ I** (સ્ત્રી.) આળસ, માંદ્ય

**तमा** (સ્ત્રી.) રાત્રિ, નીચેની દિશા

**तरणि-णी, तरि-री** (સ્ત્રી.) નાવ, નૌકા, વહાણ

**तरण्ड** (પું.ન.) મછવો, નાની હોડી

**तरल** (વિ.) ચલ, ચપળ, ચંચળ, અનિત્ય, અસ્થિર, ક્ષણિક, ચમકતું, પ્રકાશિત, પ્રવાહી પદાર્થ, ધ્રૂજતું, હારનો મધ્ય મણિ

**ताण्डव** (ન.) નૃત્ય, નાચ

**तिर्यच्** (વિ.) વાંકું, તીરછું

**तुष** (પું.) અનાજનું ફોતરું

**तूणीर** (પું.) બાણ રાખવાનું ભાથું

**तूष्णीक** (વિ.) મૂંગું, મૌન રહેવાના સ્વભાવવાળું, મૌન ધારણ કરનાર

**त्वचिसार** (પું.) વાંસ

**त्वष्ट** (વિ.) પાતળું, છોલેલું

**दण्डनायक** (પું.) સેનાપતિ, ચતુરંગી સેનાનો અધિકારી

**दशा** (સ્ત્રી.) દશી, વસ્ત્રનો છેડો, બાલ્ય-યૌવનઆદિજીવનનીઅવસ્થા, કર્મફળરૂપે પ્રાપ્ત થતી સ્થિતિ

**दीर्घसूत्र** (વિ.) આળસુ, ધીમું કામ કરનાર

**दुरित** (ન.) પાપ, સંકટ

**दृति** (પું.) મશક

**दृषद्** (સ્ત્રી.) શિલા, પથ્થર, ખડક

**देवन** (પું.) જુગાર રમવાનો પાસો, (ન.) ક્રીડા, ખેલ, રમત જીતવાની ઇચ્છા, ક્રીડાસ્થાન

**दोला-ली** (સ્ત્રી.) હીંડોળો, હીંચકો, પારણું, ઘોડિયું, ચકડોળ

**दोहद** (પું.ન.) ગર્ભિણી સ્ત્રીનો અભિલાષ, સગર્ભા સ્ત્રીની ઇચ્છા, ગર્ભનું ચિહ્ન, ઇચ્છા, લાલસા

**दौवारिक** (પું.) દ્વારપાળ

**द्रम्म** (પું.) સોળ પલનું એક માપ, નિષ્કનો સોળમો ભાગ, દમડી, ૧૨૮૦ કોડી

**धुरंधर** (વિ.) કોઈ પણ કાર્યમાં સમર્થ, શ્રેષ્ઠ, ભાર વહન કરનાર બળદ વગેરે

**धुरा** (સ્ત્રી.) રથની કે ગાડાની ધૂંસરી, કાર્યભાર

**धुरिण-धुर्य** (વિ.) ભારવાહક બળદ વગેરે, ધૂંસરી ધારણ કરનાર, સમર્થ

**धृष्ट** (વિ.) ધીઠું, નિર્લજ્જ, અવિનીત

**धृष्य** (વિ.) પરાભવ કરવા યોગ્ય, સામનો કરવા લાયક

**धोरणी** (સ્ત્રી.) શ્રેણી, ઓળી

**नर्मन्** (ન.) હાંસી, મશ્કરી, મજાક, ગમ્મત

**नामधेय** (ન.) નામ

**निकुञ्ज** (પું.ન.) લતાગૃહ, મંડપ

**निकृति** (સ્ત્રી.) ધિક્કાર, તિરસ્કાર, નિંદા, માયા, શઠતા, દીનતા

**निकृष्ट** (વિ.) અધમ, હલકું, નીચ

**निगड** (પું.ન.) બેડી, સાંકળ, બંધન

**निदाघ** (પું.) ઉનાળો, ઘામ, ગરમી, પરસેવો

**निदिध्यास** (પું.ન.) શ્રવણ-મનન દ્વારા જાણેલા પદાર્થનું એકાગ્રપણે ચિંતન

**निधन** (ન.) મરણ, નાશ

**निबन्धन** (ન.) કારણ, મુખ્ય કારણ

**निबिड** (વિ.) ઘટ્ટ, ગાઢ, દૃઢ, મજબૂત

**निमिष-निमेष** (પું.) આંખના પલકારા

**नियति** (સ્ત્રી.) ભાગ્ય, દૈવ, નસીબ, પૂર્વકર્મ

**नियोग** (પું.) પ્રેરણા, આજ્ઞા, જોડવું, યોજવું, અધિકાર સોંપવો

**नियोगिन्** (વિ.) જોડનાર, યોજનાર, અધિકારી

**निरय** (પું.) નરક

**निराकृत** (વિ.) નિરાકરણ કરાયેલું, રદ કરાયેલું, દૂર કરાયેલું, નિષેધ કરાયેલું

**निरामय** (વિ.) નીરોગ, રોગ રહિત

**निर्बन्ध** (પું.) આગ્રહ

**निर्वास्य** (વિ.) નગરમાંથી કાઢી મૂકવા યોગ્ય, દેશ નિકાલને પાત્ર, મારી નાખવા યોગ્ય

**निर्विण्ण** (વિ.) વિરાગી બનેલું, કંટાળેલું, ખેદ પામેલું

**निर्वेद** (પું) પરમ વૈરાગ્ય, કંટાળો, ખેદ

**निर्वेश** (પું.) પગાર, મૂલ્ય, મજૂરી

**निवेश** (પું.) રચના, ગોઠવણ

**निशित** (વિ.) તીક્ષ્ણ કરાયેલું, ઉત્તેજિત કરાયેલું, ધારદાર

**निःश्रेयस** (ન.) મોક્ષ, મુક્તિ

**निषङ्ग** (પું.) બાણ રાખવાનું ભાથું

**निष्ठ** (વિ.)-માં આસક્ત, -માં રત, -માં તત્પર, - માં શ્રદ્ધાવાળું

**निष्ठीवन** (ન.) થૂંક, થૂંકવું

**निस्तार** (પું.) તરી જવું, પાર પામવું, નીકળી જવું, છુટકારો, ઈષ્ટપ્રાપ્તિ

**निस्तुष** (વિ) ફોતરાં વગરનું, કચરા વિનાનું, નિર્મળ, સ્વચ્છ, ચોખ્ખું, સાફ

**निस्त्रिंश** (વિ.) નિર્દય, ક્રૂર

**निह्नव** (પું.) ગુપ્ત રાખવું, છુપાવવું, શઠતા, લુચ્ચાઈ

**नीड** (પું.ન.) પક્ષીનો માળો

**नीरन्ध्र** (વિ.) ગાઢ, ઘટ્ટ, છિદ્ર રહિત

**नीराजना** (સ્ત્રી.) આરતી

**नीरुज्** (વિ.) નીરોગ, રોગ રહિત

**नीवि-वी** (સ્ત્રી) નીચેના વસ્ત્રની ગાંઠ, નાડી, પૂંજી, મૂડી, વેપારીની મૂળ સિલક, ધન

**नुति** (સ્ત્રી.) સ્તુતિ, પ્રશંસા

**नृशंस** (વિ) ઘાતકી, ક્રૂર, દ્રોહી, પાપી

**नेपथ्य** (ન.) વેશ, ઘરેણું, વસ્ત્ર-અલંકાર-માળા વગેરેથી થતી શરીરની શોભા

**न्यक्कार** (પું.), **न्यक्कृति** (સ્ત્રી.) તિરસ્કારવું, ધુતકારવું, અપમાનથી હલકું કરવું

**न्यास** (પું.) થાપણ, વિશ્વાસથી સાચવવા આપેલું, ત્યાગ, મૂકવું, સ્થાપન કરવું

**पक्त्रिम** (વિ.) પાકેલું, પકાવેલું, રાંધેલું

**पक्ष्मल** (વિ.) પાંખવાળું

**पङ्किल** (વિ.) કાદવ-કચરાવાળું

**पचेलिम** (વિ.) પોતાની મેળે પાકેલું

**पञ्चत्व** (ન.) મરણ, પાંચ ભૂતોનું મૂળ રૂપે થવું, પાંચપણું

**पत्ति** (પું.) પાળો, શૂરવીર, યોદ્ધો, પાયદળ

**पत्रवल्ली** (સ્ત્રી.) સ્તન, ગાલ વગેરે સ્થાનોમાં ચંદન-કસ્તૂરી વગેરેના દ્રવથી કરેલી ચિત્રરચના

**पद्य** (ન.) ચાર ચરણવાળું કાવ્ય

**परचक्र** (ન.) શત્રુનું સૈન્ય, શત્રુનો દેશ વગેરે

**परामर्श** (પું.) વિચાર, યુક્તિ, વિવેચન

**परायण** (વિ.) તત્પર, આસક્ત

**परिकर** (વિ.) પરિવાર, અનુયાયી વર્ગ, સમુદાય

**परिकर्मन्** (ન.) શરીરને શણગારવું-સંસ્કારવું, સુગંધી દ્રવ્યોથી શરીરની શોભા કરવી

**परिक्रम** (પું.) વિહાર

**परिचारक** (પું.) સેવક, નોકર

**परिच्छद** (ન.) નોકર-ચાકર વગેરેનો પરિવાર

**परिदेवन** (ન.) શોક, વિલાપ, રુદન

**परिरम्भ** (પું.) આલિંગન

**परिवेषक** (વિ.) પીરસનાર

**परिवेषण** (ન.) પીરસવું, પીરસણ

**परिव्राजक** (પું.) સંન્યાસી, યતિ, ભિક્ષુ, ચતુર્થ આશ્રમી

**परिशीलन** (ન.) ઊંડો અભ્યાસ, કાર્યનો વારંવાર અભ્યાસ

**परिषद्** (સ્ત્રી.) સભા, બેઠક, મંડળી, ધર્મના નિર્ણય માટે ભેગો થયેલો વિદ્વાનોનો સમૂહ

**परिष्वङ्ग** (પું.) આલિંગન, ભેટવું

**परिसर** (પું.) નગર-પર્વત વગેરેની આસપાસની ભૂમિ, પાદર, સીમાડો, નિકટપણું

**परिसर्प** (પું.) વિહાર

**पर्यङ्क** (પું.), **पल्यङ्क** (પું.) ખાટલો, પલંગ

**पर्युषित** (વિ) રાત રહેલું- વાસી ભોજન

**पलित** (વિ) ધોળા વાળવાળું, વૃદ્ધ, ઘરડું

**पल्वल** (ન.) નાનું તળાવ, ખાબોચિયું

**पाथेय** (ન.) મુસાફરીમાં ખાવા માટેનું ભાતું

**पापर्द्धि** (સ્ત્રી.) શિકાર

**पारदृश्वन्** (વિ.) અંત-પરિણામ જોનાર

**पाश्चात्य** (વિ.) પશ્ચિમમાં થનાર

**पितृगृह** (ન.) સ્મશાન, મસાણ

**पिधान** (ન.) ઢાંકણ, ઢાંકણું, આચ્છાદન

**पिनाक** (પું.ન) મહાદેવનું ધનુષ, ત્રિશૂળ

**पिशुन** (વિ.) ચાડી-ચુગલી કરનાર, ક્રૂર, ઘાતકી, નીચ, અધમ

**पीन** (વિ.), **पीवर** (વિ.) સ્થૂલ, જાડું, પુષ્ટ, ભરાવદાર

**पुटभेदन** (ન.) શહેર, નગર

**पुण्ड्र** (પું.ન.) તિલક, ચિહ્ન

**पुण्यश्लोक** (વિ.) પવિત્ર કીર્તિવાળું, જેનું નામ લેવાથી પુણ્ય થાય એવું, સુપ્રસિદ્ધ

**पुराध्यक्ष** (પું.) કોટવાળ, નગરનો અધિકારી પુરુષ

**पुरीष** (વિ.) વિષ્ઠા, પેટનો મળ

**पुलक** (પું.ન.) રોમાંચ

**पूत** (ન.) પવિત્ર

**पृषत्** (ન.) ટીપું, ટપકું, બિંદુ

**प्रकीर्णक** (ન.) વિવિધ વિષયોનો સંગ્રહ

**प्रक्रम** (પું.) પ્રારંભ, શરૂઆત

**प्रचुर** (વિ.) પુષ્કળ, બહુ, ઘણું

**प्रज्ञाचक्षुस्** (વિ.) અંધ, આંધળું

**प्रणव** (પું.)ૐકાર

**प्रणीत** (ન.) રસયુક્ત અન્ન, સ્વાદિષ્ઠ ભોજન

**प्रतिच्छन्द** (પું.) પ્રતિમા, પ્રતિબિંબ, પડછાયો

**प्रतिध्वनि** (પું.) પડઘો

**प्रतिपद्-दा** (સ્ત્રી.) પડવો, એકમ, પખવાડિયાની પહેલી તિથિ

**प्रतिबोध** (પું.) જ્ઞાન, સમજણ, જાગવું, જાગૃતિ

**प्रतिभा** (સ્ત્રી.) પ્રતિસમય નવુંનવું પ્રગટકરનારી બુદ્ધિ, હાજરજવાબીપણું

**प्रतिभाव** (પું.) સામો સમાન ભાવ, ઊલટો ભાવ, વિરુદ્ધ ભાવ

**प्रतिभू** (પું.) સાક્ષી, જામીન

**प्रतिम** (વિ.) સમાન, તુલ્ય, સરખું

**प्रतिष्टम्भ** (પું.) રોકાણ, અટકાવ

**प्रतिहार, प्रतीहार** (પું.) દ્વારપાળ

**प्रतीक** (ન.) મૂર્તિ, પ્રતિમા, ચિહ્ન, નિશાન

**प्रतीक्षा** (સ્ત્રી.) રાહ જોવી, લક્ષમાં લેવું, વિચારવું

**प्रतीप** (ન) વિપરીત, પ્રતિકૂળ, ઊલટું

**प्रतोद** (પું.) પરોણો, ચાબુક, અંકુશ

**प्रतोली**(સ્ત્રી.) ધોરીમાર્ગ, શેરી, રસ્તો

**प्रत्यनीक** (પું.) શત્રુ, દુશ્મન

**प्रत्यय** (પું.) વિશ્વાસ, ખાતરી

**प्रत्यवाय** (પું.) દોષ, ગેરલાભ, વિઘ્ન, અંતરાય, જોખમ, પાપ, ઊલટો માર્ગ

**प्रत्याख्यान** (ન.) નિષેધ કરાયેલું, રદ કરાયેલું, દૂર કરાયેલું, ત્યજી દીધેલું

**प्रत्याहार** (પું.) ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી ખેંચવી તે

**प्रत्युत्पन्नमति** (સ્ત્રી.) જે સમયે જે કરવા યોગ્ય હોય તે સૂઝાડનારી બુદ્ધિ, હાજર જવાબી બુદ્ધિ

**प्रत्यूष** (પું.ન.) પરોઢ, પ્રભાતકાળ

**प्रत्यूह** (પું.)પ્રતિબિંબ, વિઘ્ન, નડતર, અડચણ

**प्रपा** (સ્ત્રી.) પરબ, પ્યાઉ

**प्रभविष्णु** (વિ.) સમર્થ

**प्रमीला** (સ્ત્રી.) નિદ્રા, ઊંઘ

**प्रवाल** (પું.ન.) નવી કૂંપળ, કૂમળું-નવું ફૂટતું પાંદડું, ફણગો, પરવાળું

**प्रसभ** (પું.ન.) જુલમ, બલાત્કાર

**प्रसाद** (પું.) કૃપા, શાંતિ, સ્વસ્થતા, નિર્મળતા, દેવ વગેરેને અર્પણ કરેલું ભોજન, બક્ષીસ, ભેટ

**प्रसादना** (સ્ત્રી.) સેવા

**प्रसूता , प्रसूतिका** (સ્ત્રી) સુવાવડી સ્ત્રી

**प्रसून** (ન.) ફૂલ, ફળ

**प्रस्ताव** (પું.) પ્રસંગ, અવસર

**प्रह्व** (વિ.) નમ્ર, તત્પર, આસક્ત

**प्राघूर्णक** (પું.) અતિથિ, પરોણો, મહેમાન

**प्राभञ्जनि** (પું.) હનુમાન

**प्राभृत** (ન.) ભેટણું, નજરાણું

**प्रावृष्** (સ્ત્રી.) વર્ષાકાળ

**प्रेक्षा** (સ્ત્રી.) બુદ્ધિ, મતિ, સમજ, વિચારણા, દેખાવ, જોવું તે

**प्रेत** (પું.) ભૂત, પિશાચ, (વિ.) મરણ પામેલું,

**प्रेतवन** (ન.) સ્મશાન, મસાણ

**प्रौढ** (વિ.) ઘણું વધેલું

**फल्गु** (ન.) નકામું, અસાર, તુચ્છ, નિરર્થક

**बडिश** (ન.) માછલાં પકડવાનો કાંટો, લોભામણો આંકડો, ગરલ

**बर्बर** (પું.) પામર, નીચ, અસંસ્કારી

**बर्ह** (પું.ન.) પાંદડું, પીછું

**बाष्प** (પું.) આંસુ

**बिस** (ન.) કમળનો ડાંડલો

**बीजयोनि** (પું.સ્ત્રી.) મુખ્ય કારણ

**बुक्कन** (ન.) કૂતરાનું ભસવું

**बुद्धिजीविन्** (વિ.) બુદ્ધિ વડે જીવતું, વિચારપૂર્વક વર્તતું

**बोहित्थ** (ન.) વહાણ

**भद्रासन** (ન.) રાજા વગેરેને યોગ્ય ચાંદીનું સિંહાસન

**भस्त्रा** (સ્ત્રી.) ધમણ

**भागधेय** (પું.) કર, વેરો, મહેસૂલ (ન.) હિસ્સો, ભાગ, નસીબ, સદ્ભાગ્ય સમૃદ્ધિ, સુખ

**भृङ्गार** (પું.) સોનાનું જળપાત્ર, ઝારી

**भ्रूण** (પું.) ગર્ભસ્થ બાળક, ગર્ભ

**मख** (પું.) યજ્ઞ

**मञ्जुल** (વિ.) સુંદર, મનોહર

**मञ्जुषा** (સ્ત્રી.) પેટી

**मण्डन** (ન.) શણગાર, અલંકાર

**मधुपर्क** (પું.) દહીં, ઘી, મધ, સાકર, પાણી એ પાંચ મિશ્રિત પવિત્ર દ્રવ્ય

**मन्तु** (પું.) અપરાધ, ગુનો

**मन्थर** (વિ.) મંદ, ધીમું

**मन्दाक्ष** (ન.) લજ્જા, શરમ

**मन्दुरा** (સ્ત્રી) અશ્વશાળા, ઘોડાનો તબેલો

**मरीचिका** (સ્ત્રી.) ઝાંઝવાનું જળ, મૃગજળ

**मसृण** (વિ.) ચીકણું, કોમળ, લીસું

**मह** (પું.) ઉત્સવ, ઓચ્છવ

**महानस** (ન.) રસોડું, મંત્રી, પ્રધાન

**मातुलिङ्ग** (પું.) બીજોરું

**मीमांसा** (સ્ત્રી.) વિચારણા

**मुखर** (વિ.) વાચાળ, અપ્રિયવાદી, બહુ બોલકું, અર્થશૂન્ય બોલનાર

**मृगया** (પું) શીકાર, શીકારે નીકળવું તે

**मृगमद** (પું.) કસ્તૂરી

**मृड** (પું.) શિવ

**मृडानी** (સ્ત્રી.) પાર્વતી

**मृणाल** (પું.ન.) કમલદંડ

**मेचक** (ન.) મોરપીછાનો ચંદ્રક

**मेदुर** (વિ.) પુષ્ટ

**मेध्य** (ન.) પવિત્ર

**यक्षकर्दम** (પું.) કેસર, અગર, કસ્તૂરી, કપૂર, ચંદન એ પાંચ સમભાગે મિશ્રણ કરેલું દ્રાવણ

**यदृच्छा** (સ્ત્રી.) સ્વેચ્છાચારિતા, સ્વતંત્રતા, મરજી મુજબ વર્તવું તે, અકસ્માત(ત્રીજી વિભક્તિ એ.વ.માં 'અકસ્માતથી' એવા અર્થમાં) વપરાય છે.

**युग** (પું.ન.) ધૂંસરી લાકડું

**योत्र** (ન.) જોતરું

**रजस्वला** (સ્ત્રી.) માસિક અટકાવ(અંતરાય)વાળી સ્ત્રી

**रणरणक** (પું.) ઉત્સાહ, ઉત્કંઠા

**रत्नी** (સ્ત્રી.) મૂઠીવાળેલા હાથનું માપ

**रथ्या** (સ્ત્રી.) માર્ગ, રસ્તો, શેરી

**रय** (પું.) નદીનો પ્રવાહ, વેગ, ઝડપ, ખંત, ઉત્સુકતા

**राका** (સ્ત્રી.) પૂર્ણિમા, પૂનમ

**राजी** (સ્ત્રી.) પંક્તિ, રેખા

**राजीव** (ન.) કમળ

**राद्ध** (વિ.) રાંધેલું, સીઝેલું, સિદ્ધ, પક્વ, તૈયાર

**राद्धान्त** (પું) સિદ્ધાન્ત, ઠરાવ, નિશ્ચય

**रिक्त** (વિ.) ખાલી

**रिष्ट** (ન) અમંગળ, અશુભ, પાપ, નાશ

**रोमन्थ** (પું.) પશુઓનું વાગોળવું

**लक्ष्मन्** (ન.) ચિહ્ન, નિશાની

**लग्नक** (પું.) સાક્ષી, જામીન

**लञ्चा** (સ્ત્રી.) લાંચ

**लब्धवर्ण** (પું.) વિદ્વાન, પંડિત

**ललाम** (ન.) તિલક,

(વિ.) મનોહર, સુંદર

**लाला** (સ્ત્રી.) મુખની લાળ

**लास्य** (ન.) નૃત્ય, નાચ

**लिङ्गिन्** (વિ) વેશધારી-કપટી સંન્યાસી

**लोल** (વિ.) ચલ, ચપળ, અનિત્ય

**लोष्ट्र** (પું.) માટીનું ઢેફું

**वचनीय** (ન.), **वचनीयता** (સ્ત્રી.) નિંદા, જનાપવાદ, મેણું

**वदान्य** (પું.) દાતા, ઉદાર

**वडवा** (સ્ત્રી.) ઘોડી

**वडवानल** (પું.) સમુદ્રનો અગ્નિ

**वनीपक** (પું.) માગણ, યાચક

**वन्दनमाला** (સ્ત્રી.) દરવાજાની શણગારેલી કમાન

**वरिवस्या** (સ્ત્રી.) પૂજા, સેવા

**वर्षोपल** (પું.) વરસાદના કરા

**वल्गा** (સ્ત્રી.) ઘોડાની લગામ

**वल्गु** (વિ.) મનોહર, સુંદર

**वल्मिक** (પું.ન.) રાફડો

**वागुरा** (સ્ત્રી.) પશુબંધન, પાશ, હરણને પકડવાની જાળ

**वाचाट** (વિ.) વાચાળ, વાતોડિયું

**वाचिक** (પું.) સમાચાર, સંદેશ

**वाडव** (પું.) બ્રાહ્મણ

**वातायन** (ન.) બારી, ઝરૂખો, જાળિયું

**वात्या** (સ્ત્રી.) પવનનું તોફાન

**वान्ति** (સ્ત્રી.) ઊલટી, વમન

**वाम** (ન.) વિપરીત, પ્રતિકૂળ, ઊલટું

**वामलूर** (પું.) રાફડો

**वायनक** (ન.) વાયણું, શુભપ્રસંગે અપાતી મીઠાઈ

**वालुका** (સ્ત્રી.) રેતી

**वावदूक** (વિ.) બોલવામાં કુશળ, વાતોડિયું, વાચાળ

**विकत्थन** (ન.) બડાઈ મારવી, પોતે પોતાના વખાણ કરવા

**विक्लव** (વિ) આકુળવ્યાકુળ થયેલું, ગભરાયેલું, મુંઝાયેલું, ભયભીત થયેલું

**विगान** (ન.) નિંદા, ઠપકો, આળ, વિરુદ્ધ વચન

**विगीत** (વિ.) નિંદાયેલું

**विथि-थी** (સ્ત્રી.) શ્રેણિ, પંક્તિ, માર્ગ, રસ્તો, શેરી, પોળ

**विदग्ध** (વિ) ચતુર, હોશિયાર, વિદ્વાન

**विदीर्ण** (વિ) ફાટેલું, ફાડેલું, ચિરાયેલું

**विदूर** (વિ.) ચતુર, ડાહ્યું, જ્ઞાની

**विदूषक** (વિ.) મશ્કરું

**विधुन्तुद** (પું.) રાહુ

**विनिपात** (પું) દુઃખ, પડતી, અપમાન

**विनिमय** (પું.) એક દ્રવ્ય આપી બીજું દ્રવ્ય લેવું, વસ્તુનો અદલો બદલો કરવો

**विनियोग** (પું) ક્રિયાઓમાં પ્રવર્તન, યોજવું, જોડવું, કરવું, ફળ આપવું

**विपणि-णी** (સ્ત્રી) બજાર, પીઠું, દુકાન

**विपर्यय, विपर्यास** (પું) મિથ્યાજ્ઞાન, ભ્રાન્તિ, ઊલટાપણું, ફેરફાર
**विपश्चित्** (પું.) પંડિત, જ્ઞાની, વિદ્વાન
**विप्रकृष्ट** (ન.) દૂર
**विप्रलब्ध** (વિ.) ઠગાયેલું
**विप्रलम्भ** (પું.) વિયોગ, વિરહ, જુદા પાડવું, ઠગવું
**विप्रुष्** (સ્ત્રી.) જળબિંદુ-ટીપું
**विप्लव** (પું) બળવો, તોફાન, ઉપદ્રવ, આફત, ઊથલપાથલ
**विभ्रम** (પું.) શોભા, કાંતિ
**विमनस्क** (વિ.) વ્યાકુળ મનવાળું, ઉદાસ, ખેદ પામેલા મનવાળું
**विमर्श** (પું.) વિચાર
**विरल** (વિ.) છૂટુંછવાયું, આછું, વિરલ
**विलक्ष** (વિ) વિલખું થયેલું, શરમાયેલું, ઝંખવાણું થયેલું, નિસ્તેજ થયેલું
**विलोम** (ન) વિપરીત, પ્રતિકૂળ, ઊલટું
**विशद** (ન.) ઉજ્જ્વળ, સ્વભાવથી નિર્મળ
**विशेषक** (પું.ન.) ચાંદલો, તિલક
**विश्राणन** (ન.) દાન
**विश्व** (વિ.) સઘળું, બધું
**विषण्ण** (વિ.) ખેદ પામેલું, કંટાળેલું
**विषाण** (પું.ન.) હાથી કે સૂવરનો દંતશૂળ, ભૂંડનું દાતરડું, ડુક્કરનો દાંત, ફૂંકીને વગાડવાનું શીંગડાના આકારનું વાદ્ય, શિખર, ટોચ
**वीप्सा** (સ્ત્રી.) વારંવાર
**वृद्धि** (સ્ત્રી.) વ્યાજ
**वृन्त** (ન.) ફળનું ડીટું
**वेत्रिन्** (પું.) દ્વારપાળ
**वेपथु** (પું.) કંપ, ધ્રૂજારી
**व्यत्यय** (પું.) ઊલટાપણું
**व्यपरोपण** (ન.) છેદવું, ઉખેડી નાખવું, મારી નાખવું
**व्यंसक** (વિ.) ધૂર્ત, ઠગારું, ઠગ, છેતરનાર
**व्यासङ्ग** (પું.) આસક્તિ, લગની
**व्रीडा** (સ્ત્રી.) લજ્જા, લાજ, શરમ
**शङ्कु** (પું.) વૃક્ષનું ઠૂંઠું
**शपथ** (પું.), **शपन** (ન) સોગંદ, કસમ
**शम्बल** (પું.) ભાતું
**शयान** (વિ.) સૂતું, ઊંઘતું
**शाटी** (પું.સ્ત્રી.) સાડી, સાડલો
**शाण** (પું.સ્ત્રી) સરાણ, કસોટીનો પથ્થર
**शाप** (પું.) શપથ, સોગંદ, ગાળ, શાપ આપવો, 'અનિષ્ટ થાઓ' એમ કોઈને કહેવું
**शाव** (પું.) બાળક, બચ્ચું
**शिपिविष्ट** (પું.) ટાલિયો
**शीकर, सीकर** (પું.) જલબિંદુ, પાણીના છાંટા, વાછટ
**शुद्धान्त** (પું.ન.) જનાનખાનું, અંતઃપુર, રાણીવાસ
**शुल्क** (પું.ન.) દાણ, જકાત
**शूला** (સ્ત્રી.) શૂળી
**शृङ्गाटक** (પું.) ચોક, ચાર રસ્તા
**शेवधि, सेवधि** (પું.) ભંડાર, નિધિ
**श्मश्रु** (ન.) દાઢીમૂછ

**श्रमण** (પું.) જૈન કે બૌદ્ધ સાધુ
**श्रीखण्ड** (પું.) યશ, કીર્તિ, વખાણ
**षिङ्ग** (વિ.) ધૂતારું, વ્યભિચારી
**सङ्ख्य** (ન.) યુદ્ધ, લડાઈ
**सङ्ख्यावत्** (પું) વિદ્વાન, પંડિત પુરુષ
**सङ्गर** (પું) સ્વીકાર, અંગીકાર, પ્રતિજ્ઞા
**सङ्गीर्ण** (વિ.) કબૂલ કરેલું, સ્વીકારેલું, પ્રતિજ્ઞા કરેલું
**सत्र** (પું.ન.) દાનશાળા
**सन्निकर्ष** (પું.) સંબંધ, સમીપપણું
**सपर्या** (સ્ત્રી.) પૂજા, સત્કાર
**समज्या** (સ્ત્રી.) સભા
**समष्टि** (સ્ત્રી.) સમગ્રપણું
**समित** ( સ્ત્રી.) યુદ્ધ, લડાઈ
**समिध** (સ્ત્રી.) હોમનું લાકડું
**समीचीन** (વિ.) ઠીક, સારું, સાચું
**सम्पुट** (પું.) દાભડો, પટારો, પેટી
**सम्मद** (પું.) મનની પ્રસન્નતા, હર્ષ, આનંદ
**सम्भ्रम** (પું.) આદર, ભય, ભ્રાન્તિ, વિસ્મય, ગભરાટ આદિ હૃદયના ભાવોથી ઉત્પન્ન થયેલો શરીરનો વેગ
**संतप्त** (વિ.) તપાવેલું, દુભાવેલું
**संवनन** (ન.) વશીકરણ
**संसद** (સ્ત્રી.) સભા
**संसिद्धि** (પું.) સ્વરૂપ, સ્વભાવ
**संस्तर** (પું) ઘાસ, પાંદડા આદિની શય્યા
**संस्तव** (પું.) પરિચય, ઓળખાણ
**संस्थान** (ન.) આકાર, અવયવ-રચના
**साद** (પું.) મનની પીડા, ખેદ
**सादि** (પું.) લડવૈયો, યોદ્ધો
**सादिन्** (પું.) ઘોડેસ્વાર, હાથીસ્વાર
**साध्वस** (ન.) ભય, બીક
**सामान्य** (ન.) જાતિ, જાત
**सारणि-णी** (સ્ત્રી.) નીક, નહેર
**सार्व** (પું.) અરિહંત, જિનેશ્વર
**सालभञ्जिका** (સ્ત્રી) લાકડાની પૂતળી
**सिकतिल, सैकत** (વિ.) રેતાળ, રેતીવાળું
**सीमन्त** (પું.) સેંથો, કેશરચના, છઠ્ઠે-આઠમે માસે કરાતો ગર્ભસંસ્કાર
**सुषमा** (સ્ત્રી.) અત્યંત શોભા
**सूना** (સ્ત્રી.) પશુઓને હણવાનું સ્થળ
**सूरि, सूरिन्** (પું.) પંડિત, વિદ્વાન પુરુષ
**सौविदल** (પું.) અંતઃપુરનો રક્ષક
**स्तेय** (ન.) ચોરી
**स्त्यान** (ન.) ઘટ્ટ, થીજેલું
**स्थाणु** (પું.) લાકડું, વૃક્ષનું ઠુંઠું, મહાદેવ
**स्थामन्** (ન.) બળ, સામર્થ્ય
**स्थूणा** (સ્ત્રી.) થાંભલો, ખીલો, ખૂંટો
**स्फुलिङ्ग** (પું.ન.) અગ્નિકણ, તણખો
**स्यन्दन** (પું.) રથ
**स्यूत** (વિ.) સીવેલું, વણેલું
**स्वर्भानु** (પું.) રાહુ ગ્રહ, દોલત
**स्वाप** (પું.) નિદ્રા, ઊંઘ
**हल्लीसक** (ન.) રાસ, ગરબો
**हिंस्र** (વિ.) હિંસક
**हृल्लेख** (પું.) ઉત્કંઠા, ઉત્સાહ

# અનેકાર્થ શબ્દો

**अक्ष** (પું.) જુગારના પાસા, જુગાર, રથ, રથનું એક અંગ, ચક્રનો મધ્યભાગ, ધરી, પૈડું, ગાડું, સર્પ, રુદ્રાક્ષ, આત્મા, ગરુડ, જન્માંધ, જાણેલો અર્થ, (ન.) ઇન્દ્રિય, આંખ, મોરથુથુ, સંચળ, દરિયાઈ મીઠું

**अक्षर** (પું.) પરમાત્મા, (ન.) વર્ણમાળાનો પ્રત્યેક વર્ણ, મોક્ષ, પરબ્રહ્મ, (વિ.) અવિનાશી, શાશ્વત

**अग** (પું.) પર્વત, વૃક્ષ, સર્પ, સૂર્ય, સાતની સંખ્યા, (વિ.) ચાલી ન શકે એવું

**अध्वग** (પું.) મુસાફર, વટેમાર્ગુ, સૂર્ય, ઊંટ, ખચ્ચર

**अध्वन्** (પું.) માર્ગ, આકાશ, કાળ, અવયવ, હિંસ્ર

**अपवर्ग** (પું.) મોક્ષ, સમાપ્તિ, અંત, પૂર્ણતા

**अम्बर** (ન.) આકાશ, વસ્ત્ર, અબરખ, અંબર નામનું દ્રવ્ય

**अर्क** (પું.) સૂર્ય, ઇન્દ્ર, પંડિત, વિષ્ણુ, નક્ષત્ર, સ્ફટિક, ત્રાંબું

**अलि** (પું.) ભમરો, વીંછી, કાગડો, કોયલ, દારૂ

**अवधि** (પું.) કાળ, સીમા, હદ, મર્યાદા, કિનારો, ખાડો

**अवसान** (ન.) મૃત્યુ, વિરામ, સમાપ્તિ, સીમા, છેડો

**आगस्** (ન.) અપરાધ, પાપ, દંડ, શિક્ષા

**आटोप** (પું.) ગર્વ, અભિમાન, ગુસ્સો, આડંબર, ખોટો ડોળ, ભપકો

**आडम्बर** (પું.) હર્ષ, ગર્વ, આરંભ, ડોળ, ભપકો, વાદિત્રનો શબ્દ, ગુસ્સો, આંખની પાંપણ, મેઘગર્જના, યોજવું તે, જોડવું તે

**आढ्य** (વિ.) યુક્ત, સહિત, વિશિષ્ટ, સંપત્તિવાળું, ધનવાન, શ્રીમંત, પૂર્ણ

**आतङ्क** (પું.) રોગ, સંતાપ, પીડા, ભય, સંદેહ, નગારાનો અવાજ

**आर्य** (પું.) સજ્જન, બુદ્ધ, સ્વામી, ગુરુ, મિત્ર, સસરો,
(વિ.) પૂજ્ય, શ્રેષ્ઠ, માન્ય,
ઉદાર ચરિત્રવાળું, શાંત મનવાળું

**आर्या** (સ્ત્રી.) શ્રેષ્ઠ સ્ત્રી, પવિત્ર સ્ત્રી, સાધ્વી સ્ત્રી, સાસુ, પાર્વતી, આર્યા છન્દ

**आलि-ली** (સ્ત્રી.) પંક્તિ, શ્રેણિ, રેખા, પૂલ, બંધ, પાળ, બહેનપણી, સખી

**आस्था** (સ્ત્રી.) શ્રદ્ધા, આદર, પ્રયત્ન, સભા, ટેકો, સ્વીકાર, આલંબન, સ્થિતિ, અપેક્ષા

**ईश्वर** (પું.) પરમેશ્વર, ચૈતન્યાત્મા, મહાદેવ, કામદેવ, રાજા, સ્વામી, પ્રધાન, શ્રીમંત, શેઠ, સત્તાધીશ

**कपाल** (પું.ન.)ઘડા વગેરેનો અમુક ભાગ, ઠીકરું, ભિક્ષાપાત્ર, ખપ્પર, ખોપરી, માથાનું હાડકું, સમૂહ

**कर** (પું.) હાથ, હાથીની સૂંઢ, કિરણ, રાજાનો કર (વેરો)

**कलाप** (પું.) સમૂહ, જથ્થો, મોરપીંછ, ઘરેણું, કંદોરો, ચંદ્ર, બાણ, બાણ રાખવાનું ભાથું, ધનુષ

**कान्त** (પું.) પ્રિય, પતિ, ચંદ્ર, કપૂર, કામદેવ, વસંત ઋતુ, વાસુદેવ, કાર્તિકસ્વામી, વહાલો, પરમેશ્વર, (ન.) કેસર, કંકુ, સુખનો અંત

**कामिन्** (પું.) કામી પુરુષ, પતિ, ચકલો, કબૂતર, ચક્રવાક પક્ષી, સારસ પક્ષી, ચંદ્ર, પરમેશ્વર

**काय** (પું.) શરીર, મૂર્તિ, લક્ષ્ય, સ્વભાવ, મૂળ ધન, સંઘ, સમુદાય

**काल** (પું.) મૃત્યુ, યમરાજ, સમય, વખત, શિવ, પરમેશ્વર, કોયલ, કાગડો, કાળો રંગ

**कीनाश** (પું.) કૃપણ, કંજૂસ, યમ, વાનર, ગરીબ, નીચ, કસાઈ, ખાટકી, ખેડૂત

**कुल** (ન.) ગોત્ર, વંશ, શરીર, ઘર જનપદ-દેશ, ખાનદાન

**कुसुम** (ન.) ફૂલ, ફળ, નેત્રરોગ-ફૂલું, સ્ત્રીનો માસિક અટકાવ

**कृतान्त** (પું.) શાસ્ત્ર, સિદ્ધાંત, દૈવ, પાપ, યમદેવ

**केतन** (ન.) ચિહ્ન, નિશાન, ધ્વજ, કૃત્ય, કાર્ય, ઘર, રહેઠાણ, સ્થાન, તેડું, નિમંત્રણ, બોલાવવું તે

**केतु** (પું.) પતાકા, ચિહ્ન, પ્રજ્ઞા, બુદ્ધિ, દીપ્તિ, કાંતિ, કેતુગ્રહ

**कोश-ष** (પું.) શબ્દકોશ, તિજોરી, ધનભંડાર, ખજાનો, તરવારનું મ્યાન, હરકોઈ ઢાંકણ, ફૂલની કળી, વૃષણ-અંડકોશ, ઈંડું, ગર્ભાશય, મેઘ, સોનું, રૂપું, સમૂહ, શરીરના પાંચ કોશ

**कौतुक** (ન.) કુતૂહલ, આશ્ચર્ય, મશ્કરી, હર્ષ, માંગલિક, ઉત્સવ, અભિલાષ, ઇચ્છા

**क्रोड** (પું.) ભૂંડ, ઝાડની બખોલ, છાતીનો મધ્યભાગ

**कौशिक** (પું.) ઇન્દ્ર, ખજાનચી, ઘુવડ, નોળિયો, શબ્દકોશ બનાવનાર, સર્પ પકડનાર વાદી, કોશિયો, વિશ્વામિત્ર

**क्षुद्र** (વિ.) અધમ, હલકું, નીચ, ક્રૂર, ઘાતકી, નાનું, અલ્પ, દરિદ્ર, કંગાલ, કૃપણ

**खर** (વિ.) કઠણ, તીક્ષ્ણ, ઉગ્ર, ગરમ, ઘાતકી, દુષ્ટ, સત્ય પ્રતિજ્ઞાવાળું

**खर्पर** (વિ.) ખોપરી, ખપ્પર, ઠીકરું, ભિક્ષાપાત્ર, ચોર

**खल** (પું.ન.) તલનો ખોળ, અનાજ કચરવાનું સ્થાન-ખળું, ઔષધવાટવાનું ખરલ, સૂર્ય, (વિ.) હલકું, દુષ્ટ, ઘાતકી, અધમ, નીચ, દુર્જન, ધુતારું

**गञ्ज** (પું.) અનાજ વેચવાનું પીઠું, બજાર, ભંડાર, કોઠાર, વાડો, ગોવાળોનું રહેઠાણ - નેસ, અપમાન, તિરસ્કાર

**गवाम्पति** (પું.) આખલો, બળદ, ગોવાળ, ગાયોનો સ્વામી, ચંદ્ર, સૂર્ય, અગ્નિ

**गुण** (પું.) જ્ઞાન, સત્ત્વ, શૌર્ય આદિ ગુણ, દોરી, દોરડું, આવૃત્તિ, ગુણવું તે, ઉત્કર્ષ, રસોઈયો, ઈન્દ્રિય, ત્યાગ, દાન

**गुप्ति** (સ્ત્રી.) કારાગાર, બંદીખાનું, જેલ, ખાડો, ખાઈ, છુપાવવું તે, રક્ષા

**गृह** (ન.) ઘર, કુટુંબ, પત્ની

**गोचर** (પું.) ઈન્દ્રિયોનો વિષય, કોઈ પણ જ્ઞાનનો વિષય, ગાયોને ચરાવવાનું સ્થાન-ચરાડો

**गोत्र** (પું.) ગોવાળ, ઈન્દ્ર, વૈદ્ય, ગામનો અધિકારી, પૃથ્વીનો રક્ષક, રાજા, પર્વત, (ન.) નામ, કુળ, વંશ, ગાયની કોઢ, વાડો, સમુદાય

**ग्रहिल** (વિ.) હઠીલું, આગ્રહી, ભૂતાદિકના આવેશવાળું

**घन** (પું.) મેઘ, સમૂહ, દઢતા, કઠિનતા, લોઢાનો ઘણ, વિસ્તાર, દેહ, મેદ, કફ, મગજ, (વિ.) ઘણું, પુષ્કળ, ઝાડીવાળું, ગાઢ, જાડું, ગંભીર

**घनसार** (પું) કપૂર, ચંદન, પાણી, પારો

**घोष** (પું.) ભરવાડ-ગોવાળોનો નેસ, ભરવાડ, મચ્છર, શબ્દ, અવાજ (ન.) કાંસું

**चक्र** (ન.) પૈડું, કુંભારનો ચાકડો, સૈન્ય, સમૂહ, રાષ્ટ્ર, દેશ

**चपला** (સ્ત્રી.) લક્ષ્મી, વીજળી, જીભ

**चराचर** (ન.) સ્થાવર-જંગમરૂપ જગત, આકાશ, (વિ.) જંગમ, હાલતું-ચાલતું, અસ્થિર, ચંચળ, ચેતન અને જડ, એક મહાભૂત

**चूडा** (સ્ત્રી.) ચોટલી, શિખા, મોરની કલગી, મસ્તક, શિરોભૂષણ

**चूर्ण** (ન.) લોટ, ચૂરો, ભૂકો, ધૂળ, પાનમાં ખાવાનો ચૂનો

**जनि** (સ્ત્રી.) માતા, પત્ની, જન્મ, ઉત્પત્તિ, લાખ

**जात्य** (વિ.) કુળવાન, શ્રેષ્ઠ, મનોહર, પ્રિય, સુંદર

**जाल, जालक** (પું.ન.) માછલાં પકડવાની જાળ, ઘરનું નાનું જાળિયું, સમૂહ, સમુદાય, દંભ, ઢોંગ, છળ, જાદુ, માયા, ઈન્દ્રજાળ

**जाल्म** (વિ.) હલકું, નીચ, પામર, ક્રૂર, ઘાતકી, અવિચારી, મૂર્ખ

**जिह्म** (વિ.) કુટિલ, વક્ર, મંદ, સુસ્ત, અપ્રસન્ન, ગુપ્ત, ઢંકાયેલું, લુચ્ચું, (ન.) કપટ

**जीवातु** (પું.) જીવન, અન્ન, ઔષધ

**जृम्भ** (પું.ન.) બગાસું, બગાસું ખાવું, મુખાદિનો વિકાસ, ફેલાવું તે, ઊઘડવું તે, વિસ્તાર પામવો તે

**तत्त्व** (ન.) આત્મસ્વરૂપ, પદાર્થનું રહસ્ય, મૂળ, બીજ, ખરાપણું, ચિત્ત, પદાર્થ

**तमस्** (ન.) અંધકાર, અજ્ઞાન, પાપ, અવિવેક, તમોગુણ, અવિદ્યા, રાહુ

**तार्क्ष्य** (પું.) ગરુડ, ગરુડનો મોટો ભાઈ, અરુણ, સૂર્ય, ઘોડો, સર્પ, સોનું, રથ

**तुच्छ** (વિ.) અલ્પ, અસાર, અસત્ય, મંદ, સૂનું, મીંડું, હલકું

**दण्ड** (પું.) દંડ, દંડવું, દાંડી, યમરાજ, સૈન્ય, ખૂણો, ઘોડો, અભિમાન, ગ્રહ

**दंश** (પું.) ડાંસ, મચ્છર, દાંત, સર્પદંશ

**दस्यु** (પું.) ચોર, ડાકુ, દુષ્ટ, શત્રુ, ક્રૂર, ભીલ

**द्विज** (પું.) બ્રાહ્મણ, પક્ષી, મુનિ, દાંત

**धनञ्जय** (પું.) અગ્નિ, વિષ્ણુ, અર્જુન

**धिषणा** (સ્ત્રી.) બુદ્ધિ, સ્તુતિ, વાણી, સરસ્વતી, પૃથ્વી

**धिष्ण्य** (પું.) શુક્રાચાર્ય, શક્તિ, અગ્નિ, (ન.) સ્વર્ગ, ઘર, સ્થાન, નક્ષત્ર, (ન.દ્વિ.વ.)સ્વર્ગ અને પૃથ્વી, (વિ.) સ્થાનને યોગ્ય, સ્તુતિને યોગ્ય

**नन्दन** (પું.) આનંદ આપનાર, પુત્ર, વિષ્ણુ, મહાદેવ, દેડકો,

**नाग** (પું.) સર્પ, હાથી, મેઘ, સીસું, ભીંતમાં મારેલો ખીલો

**निग्रह** (પું.) તિરસ્કાર, બાંધવું તે, કેદ કરવું તે, મારવું, ઘેરવું, રોકવું તે, પકડવું તે, સીમા, હદ

**नितम्ब** (પું.) સ્ત્રીઓની કેડનો પાછળનો ભાગ, કુલા, ખાંધ, કાંઠો, તીર, મધ્યપ્રદેશ, પર્વતની કેડ

**निदर्शन** (ન.) દૃષ્ટાંત, ઉદાહરણ, સ્પષ્ટીકરણ, ખુલાસો, આજ્ઞા, વિધાન

**निर्मोक** (પું.) સર્પની કાંચળી, મૂકવું, છોડવું, બખ્તર, આકાશ

**निर्वृति** (સ્ત્રી.) સુખ, શાંતિ, મરણ, મોક્ષ, નિર્વાણ

**निर्वृत्ति** (સ્ત્રી.) સમાપ્તિ, નિષ્પત્તિ, પરિણામ, ફળ, ફૂરસદ

**निवृत्ति** (પું.) નિરાંત, ફુરસદ, એકાંતવાસ, કામધંધામાંથી મુક્તિ, સમાપ્તિ

**निवेश** (પું.) ઘર, સ્થાન, છાવણી, પડાવ. પ્રવેશ. બેસવં. વિવાહ

**निशाचर** (પું.) રાક્ષસ, ચોર, ઘુવડ, સર્પ, શિયાળ, ચક્રવાક પક્ષી

**नीलकण्ठ** (પું.) મોર, મહાદેવ, શિવ, ચકલો, લક્કડખોદ પક્ષી, અંજન પક્ષી, (ન.) મૂળો

**पक्ष** (પું.) પક્ષીની પાંખ, બાણનાં પીછાં, પખવાડિયું, પડખું, ઘર, વિરોધ, સહાય, બળ

**पत्र** (ન.) પક્ષીની પાંખ, ધાતુનું પતરું, પાંદડું, કાગળ, પુસ્તકનું પાનું

**पत्रिन्** (પું.) પક્ષી, બાણ, ઝાડ, પર્વત, બાજ પક્ષી

**पद्या** (સ્ત્રી.) માર્ગ, પદવી, હોદ્દો, સ્તુતિ, પ્રશંસા

**पर** (વિ.) બીજું, ભિન્ન, દૂર, શ્રેષ્ઠ, ઉત્તમ, પારકું, વધારાનું, ત્યાર પછીનું

**परिघ** (પું.) ગદા, લોઢાનો હથોડો, લોઢાનો દંડ, બારણાની ભોગળ, ઘર, કળશ, ઘડો, મગદળ, ત્રિશૂળ

**परिच्छद** (પું.) પરિવાર, આભૂષણ, પાયદળ, ઢાંકણ

**परुष** (વિ.) કઠોર, નિષ્ઠુર, નિર્દય, જુલમી, જબરજસ્ત, ખડબચડું, ગાંઠવાળું, ચિત્રવિચિત્ર રંગનું

**पुष्कर** (ન.) હાથીની સૂંઢનો અગ્રભાગ, વાજિંત્રનું મઢેલું મુખ, તરવારનું મ્યાન, જળ, આકાશ, કમળ, ભાગ, અંશ, મૃદંગ જેવું વાદ્ય

**प्रकृति** (સ્ત્રી.) રૈયત, પ્રજા, સ્વભાવ, ઉત્પત્તિ સ્થાન, સાંખ્યમતે પરમતત્ત્વ

**प्रजापति** (પું.) બ્રહ્મા, રાજા, જમાઈ, સૂર્ય, અગ્નિ, સ્થપતિ, દેવોનો કુંભાર

**बर्ह** (ન.) મોરનું પીછું, પાંદડું, પરિવાર

**रमण** (પું.) પતિ, કામદેવ, ગધેડો, બળદ, લીંબડો, (ન.) મૈથુન સેવવું તે, રમવું તે, ખેલવું તે

**राजन्** (પું.) રાજા, સ્વામી, ચંદ્ર, કુબેર

**वंश** (પું.) વંશ, કુળ, વાંસ, વાંસળી, સમૂહ, શેલડી

**वरूथ** (ન.) બખ્તર, ઢાલ, ચામડું, રહેઠાણ, ઘર

**वाह** (પું.) ભુજા, વાયુ, બળદ, ઘોડો

**विट** (પું.) પતિ, ઉપપતિ, જારપુરુષ, લફંગો, ધુતારો, ઉંદર, નારંગી

**विधि** (પું) બ્રહ્મા, વિષ્ણુ, વિધિ, કાર્ય, ભાગ્ય, રચના, પ્રેરણા, ધાર્મિક ક્રિયા

**विशाख** (પું.) શંકર, કાર્તિકસ્વામી, (વિ.) યાચક, માગણ, અરજદાર, શાખા વગરનું

**विश्रम्भ** (પું.) વિશ્વાસ, પ્રેમ, સ્નેહ, કલહ, વધ, હત્યા

**विश्व** (પું.) જીવાત્મા, સંસારાભિમાની જીવ, (પું.બ.વ.) અમુક વર્ગના દસ દેવો, (ન.) લોક, જગત, દુનિયા, (વિ.) આખું, સમગ્ર, તમામ, વ્યાપક

**वृषाकपि** (પું.) શંકર, વિષ્ણુ, ઈન્દ્ર, અગ્નિ

**व्यतिकर** (પું.) બનાવ, તક, પ્રસંગ, ગાઢ સંબંધ, વ્યસન, સંકટ, દુ:ખ, ભેળસેળ

**शलाका** (સ્ત્રી.) સળી, સોગઠું, બાણ, પીંછી

**शल्य** (ન.) ખીલો, કાંટો, બાણ, પાપ, દુ:ખ, સંકટ

**शिखण्डिन्** (પું.) મોર, મોરપીંછ, બાણ, વિષ્ણુ, કુકડો, દ્રુપદ રાજાનો પુત્ર

**शिखिन्** (પું.) અગ્નિ, બ્રાહ્મણ, મોર, ઝાડ, કુકડો, બાણ, બળદ, બકરો, ઘોડો, પર્વત, દીવો

**शिलीमुख** (પું.) ભમરો, બાણ, યુદ્ધ, (વિ.) જડ, મૂર્ખ, બેવકૂફ

**संरम्भ** (પું.) કોપ, ક્રોધ, વેગ, આડંબર, ઉત્સાહ

**सदागति** (પું.) પવન, સૂર્ય, નિર્વાણ, મોક્ષ, પરમેશ્વર, સજ્જનનું આગમન

**सन्तान** (પું.) વંશ, કુળ, ફરજંદ, વિસ્તાર, કલ્પવૃક્ષ

**सम्पराय** (પું.) કષાય, યુદ્ધ, લડાઈ, દુ:ખ, આપત્તિ, ઉત્તરાવસ્થા

**सम्प्रदाय** (પું.) વંશપરંપરા, ગુરુ પરંપરાથી ચાલ્યો આવતો ઉપદેશ, ધર્મ, માર્ગ, પંથ

**सम्बन्ध** (પું.) સંબંધ, સંયોગ, સગપણ, સમૃદ્ધિ, સારી રીતે બાંધવું તે

**सवितृ** (પું.) સૂર્ય, પિતા, પરમેશ્વર

**सव्य** (વિ.) ડાબું, જમણું, અનુકૂળ, પ્રતિકૂળ, વિરુદ્ધ

**सादिन्** (પું.) ઘોડેસવાર, હાથીસવાર, રથસવાર, સારથિ, (વિ.) બેસનારું, સવારી કરનારું, થકવનારું, નાશ કરનારું

**स्रोतस्** (ન.) જળપ્રવાહ, ઝરો, વીર્ય, તરંગ, મોજું, ઇન્દ્રિય, હાથીની સૂંઢ

**हंस** (પું.) હંસ પક્ષી, વિષ્ણુ, શિવ, આત્મા, પરમાત્મા, ગુરુ, સૂર્ય, પર્વત, મત્સર, દ્વેષ

**हर** (પું.) રુદ્ર, શિવ, અગ્નિ, ગધેડો, (વિ.) લઈ જનાર, દૂર કરનાર, રહિત કરનાર, લાવનાર, વહન કરનાર, પકડનાર, આકર્ષનાર, હકદાર, વ્યાપનારું, રોકનારું

**हरि** (પું.) બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, ઈન્દ્ર, યમ, સૂર્ય, ચંદ્ર, કિરણ, અગ્નિ, વાયુ, કપૂર, પંડિત, સિંહ, અશ્વ, દેડકો, સર્પ, મોર, પોપટ, કોયલ, હંસ પક્ષી, ઈન્દ્રનો ઘોડો, વાનર, ઇંદ્રિય, હરિત રંગ, પીળો કે કેસરી રંગ

## સંખ્યાવાચક શબ્દો

एक (त्रि.) એક
द्वि (त्रि.) બે
त्रि (त्रि.) ત્રણ
चतुर् (त्रि.) ચાર
पञ्चन् = પાંચ
षष् = છ
सप्तन् = સાત
अष्टन् = આઠ
नवन् = નવ
दशन् = દસ
एकादशन् = અગિયાર
द्वादशन् = બાર
त्रयोदशन् = તેર
चतुर्दशन् = ચૌદ
पञ्चदशन् = પંદર
षोडशन् = સોળ
सप्तदशन् = સત્તર
अष्टादशन् = અઢાર
नवदशन्, एकोनविंशति,
एकान्नविंशति,
ऊनविंशति = ઓગણીસ
विंशति = વીસ
एकविंशति = એકવીસ
द्वाविंशति = બાવીસ
त्रयोविंशति = ત્રેવીસ
चतुर्विंशति = ચોવીસ
पञ्चविंशति = પચીસ
षड्विंशति = છવ્વીસ
सप्तविंशति = સત્તાવીસ
अष्टाविंशति = અઠ્ઠાવીસ
नवविंशति, एकोनत्रिंशत्,
एकान्नत्रिंशत्, ऊनत्रिंशत्
= ઓગણત્રીસ
त्रिंशत् = ત્રીસ
एकत्रिंशत् = એકત્રીસ
द्वात्रिंशत् = બત્રીસ
त्रयःत्रिंशत्, त्रयस्त्रिशत् = તેત્રીસ
चतुस्त्रिशत् = ચોત્રીસ
पञ्चत्रिंशत् = પાંત્રીસ
षट्त्रिंशत् = છત્રીસ
सप्तत्रिंशत् = સાડત્રીસ
अष्टात्रिंशत् = આડત્રીસ
नवत्रिंशत्, एकोनचत्वारिंशत्,
एकान्नचत्वारिंशत्, ऊनचत्वारिंशत्
= ઓગણચાળીસ
चत्वारिंशत् = ચાળીસ
एकचत्वारिंशत् = એકતાલીસ
द्वाचत्वारिंशत्, द्विचत्वारिंशत्
= બેતાલીસ
त्रयःचत्वारिंशत्, त्रयश्चत्वारिंशत्,
त्रिचत्वारिंशत् = તેતાલીસ
चतुश्चत्वारिंशत् = ચુંમાલીસ

पञ्चचत्वारिंशत् = પિસ્તાલીસ
षट्चत्वारिंशत् = છેતાલીસ
सप्तचत्वारिंशत् = સુડતાલીસ
अष्टाचत्वारिंशत्, अष्टचत्वारिंशत्
= અડતાલીસ
नवचत्वारिंशत्, एकोनपञ्चाशत्,
एकान्नपञ्चाशत्, ऊनपञ्चाशत्
= ઓગણપચાસ
पञ्चाशत् = પચાસ
एकपञ्चाशत् = એકાવન
द्वापञ्चाशत्, द्विपञ्चाशत् = બાવન
त्रिपञ्चाशत्, त्रयःपञ्चाशत् = ત્રેપન
चतुःपञ्चाशत् = ચોપન
पञ्चपञ्चाशत् = પંચાવન
षट्पञ्चाशत् = છપ્પન
सप्तपञ्चाशत् = સત્તાવન
अष्टापञ्चाशत्, अष्टपञ्चाशत्
= અઠ્ઠાવન
नवपञ्चाशत्, एकोनषष्टि, एकान्नषष्टि,
ऊनषष्टि = ઓગણસાઠ
षष्टि = સાઠ
एकषष्टि = એકસઠ
द्वाषष्टि, द्विषष्टि = બાસઠ
त्रिषष्टि, त्रयःषष्टि, त्रयष्षष्टि = ત્રેસઠ
चतुःषष्टि, चतुष्षष्टि = ચોસઠ
पञ्चषष्टि = પાંસઠ

षट्षष्टि = છાસઠ
सप्तषष्टि = સડસઠ
अष्टाषष्टि, अष्टषष्टि = અડસઠ
नवषष्टि, एकोनसप्तति,
एकान्नसप्तति, ऊनसप्तति
= ઓગણસિત્તેર
सप्तति = સિત્તેર
एकसप्तति = એકોતેર
द्वासप्तति, द्विसप्तति = બોતેર
त्रिसप्तति, त्रयःसप्तति,
त्रयस्सप्तति = તોતેર
चतुःसप्तति, चतुस्सप्तति
= ચુંમોતેર
पञ्चसप्तति = પંચોતેર
षट्सप्तति = છોતેર
सप्तसप्तति = સત્યોતેર
अष्टासप्तति, अष्टसप्तति
= અઠ્યોતેર
नवसप्तति, एकोनाशीति,
एकान्नशीति, ऊनाशीति
= ઓગણએંસી
अशीति = એંસી
एकाशीति = એકાસી
द्व्यशीति = બ્યાસી
त्र्यशीति = ત્યાસી
चतुरशीति = ચોર્યાસી

**पञ्चाशीति** = પંચાસી

**षडशीति** = છ્યાસી

**सप्ताशीति** = સત્યાસી

**अष्टाशीति** = અઠ્યાસી

**नवाशीति, एकोननवति,**

**एकान्ननवति, ऊननवति** = નેવ્યાસી

**नवति** = નેવું

**एकनवति** = એકાણું

**द्वानवति, द्विनवति** = બાણું

**त्रिनवति, त्रयोनवति** = તાણું

**चतुर्नवति** = ચોરાણું

**पञ्चनवति** = પંચાણું

**षण्णवति, षड्णवति** = છન્નું

**सप्तनवति** = સત્તાણું

**अष्टानवति, अष्टनवति** = અઠ્ઠાણું

**नवनवति, एकोनशत,**

**एकान्नशत, ऊनशत** = નવ્વાણું

**शत** (પું.ન.) સો

**सहस्त्र, दशशत** (પું.ન.) હજાર

**अयुत** (પું.ન.) દસ હજાર

**लक्ष** (ન.), **लक्षा** (સ્ત્રી.) લાખ

**प्रयुत** (પું.ન.) દસ લાખ

**कोटि** (સ્ત્રી.) કરોડ

**अर्बुद** (ન.) દસ કરોડ

**अब्ज** (ન.) અબજ

**खर्व** (પું.ન.) દસ અબજ

**निखर्व** (પું.ન.) દસ ખર્વ

**महापद्म** (પું.ન.) દસ નિખર્વ

**शङ्कु** (પું.સ્ત્રી.) દસ મહાપદ્મ

**जलधि** (પુ.) દસ શંકુ

**अन्त्य** (ન.) દસ જલધિ (સમુદ્ર) પ્રમાણ, એક હજાર લાખ કરોડ

**मध्य** (ન.) દસ અંત્ય પ્રમાણ

**परार्ध** (ન.) દસ મધ્ય પ્રમાણ, એક લાખ કરોડ, દસ કરોડ અબજ, એકડા ઉપર ૧૭ મીંડાવાળો અંક, તે નામની છેલ્લી સંખ્યા

નોંધ : ૧. '**एक**' શબ્દ સર્વનામ વિશેષણ છે અને એનાં રૂપ એકવચનમાં જ થાય છે.

'**एक**' શબ્દનું સ્ત્રીલિંગમાં '**एका**' થાય છે.

'**एक**' શબ્દનાં રૂપ '**કેટલાક**' એવા અર્થમાં બહુવચનમાં પણ થાય છે; જેમકે, 'एके एवम् वदन्ति' (કેટલાક આમ કહે છે.)

૨. '**द्वि**' શબ્દ સર્વનામ વિશેષણ છે અને એનાં રૂપ દ્વિવચનમાં જ થાય છે.

૩. '**उभ**' સર્વનામ પણ આ જ અર્થમાં વપરાય છે અને એનાં રૂપ પણ દ્વિવચનમાં જ થાય છે. '**उभय**' શબ્દનું દ્વિવચનનું રૂપ થતું નથી.

૪. '**त्रि**' અને '**चतुर्**' વિશેષણ છે અને તે ત્રણેય લિંગમાં અને બહુવચનમાં વપરાય છે.

૫. '**पञ्चन्**'(પાંચ)થી માંડીને '**नवदशन्**'(ઓગણીસ) સુધીનાં સંખ્યાવાચક શબ્દોનાં રૂપ ત્રણેય લિંગમાં સમાન જ થાય છે અને તે બહુવચનમાં જ વપરાય છે.

૬. '**विंशति**'(વીસ)થી માંડીને '**नवनवति**'(નવાણું) સુધીનાં સંખ્યાવાચક શબ્દોનાં રૂપ સ્ત્રીલિંગમાં અને એકવચનમાં જ થાય છે.

૭. સો(૧૦૦)થી અધિક સંખ્યા બતાવવા માટે '**परःशत**'વગેરે શબ્દો વપરાય છે; જેમકે, परःशताः कुञ्जराः = સોથી વધારે (સેંકડો) હાથીઓ

परःसहस्राः जनाः = હજારથી વધારે (હજારો) માણસો

परःलक्षाः जनाः = લાખથી વધારે (લાખો) માણસો

૮. भीवृधिरुधि-हस्यसिदहिसहिभ्यो रः ऊणादि ॥ ३८७ ॥ ટીકા : 'सहस्रं दशशतानि' હજારની સંખ્યાવાચક '**सहस्र**' (સહસ્ર એટલે દસ શત) શબ્દમાં '**स्र**'(સ્+ર) છે, પણ '**स्त्र**'(સ્-ત્-ર) નથી એ ખાસ ધ્યાનમાં રહે.

૧. **अहमहमिका** (સ્ત્રી.) યુદ્ધાદિકમાં પરસ્પર 'હું શક્તિમાન છું, હું શક્તિમાન છું.' 'હું પહેલો, હું પહેલો' એવો ગર્વ

૨. **आहोपुरुषिका** (સ્ત્રી.) 'અરે ! હું જ પુરુષ છું', 'હું જ શક્તિમાન છું' એવી પોતાનામાં સંભાવના કરવી.

૩. **अहम्पूर्विका, अहमग्रिका, अहम्प्रथमिका** (સ્ત્રી.) 'હું પહેલો, હું પહેલો' એવા અર્થમાં

## સંખ્યાપૂરક શબ્દો

**प्रथमः** (પું.) પહેલો
**प्रथमा** (સ્ત્રી.) પહેલી
**प्रथमम्** (ન.) પહેલું
**द्वितीयः** (પું.) બીજો
**द्वितीया** (સ્ત્રી.) બીજી
**द्वितीयम्** (ન.) બીજું
**तृतीयः** (પું.) ત્રીજો
**तृतीया** (સ્ત્રી.) ત્રીજી
**तृतीयम्** (ન.) ત્રીજું
**चतुर्थः** (પું.) ચોથો
**चतुर्थी** (સ્ત્રી.) ચોથી
**चतुर्थम्** (ન.) ચોથું
અથવા
**तुर्यः, तुरीयः** (પું.) ચોથો
**तुर्या, तुरीया** (સ્ત્રી.) ચોથી
**तुर्यम्, तुरीयम्** (ન.) ચોથું
**पञ्चमः** (પું.) પાંચમો
**पञ्चमी** (સ્ત્રી.) પાંચમી
**पञ्चमम्** (ન.) પાંચમું
**षष्ठः** (પું.) છઠ્ઠો
**षष्ठी** (સ્ત્રી.) છઠ્ઠી
**षष्ठम्** (ન.) છઠ્ઠું
**सप्तमः** (પું.) સાતમો
**सप्तमी** (સ્ત્રી.) સાતમી
**सप्तमम्** (ન.) સાતમું
**अष्टमः** (પું.) આઠમો
**अष्टमी** (સ્ત્રી.) આઠમી
**अष्टमम्** (ન.) આઠમું
**नवमः** (પું.) નવમો
**नवमी** (સ્ત્રી.) નવમી
**नवमम्** (ન.) નવમું
**दशमः** (પું.) દસમો
**दशमी** (સ્ત્રી.) દસમી
**दशमम्** (ન.) દસમું

નોંધ : **आदि, आदिम, अग्रिम** આ શબ્દો પણ **'प्रथम'** અર્થમાં વપરાય છે.

**पौरस्त्यम्** = પૂર્વ દિશા સંબંધી, પ્રથમ, પહેલું
**पाश्चात्यम्** = પશ્ચિમ દિશા સંબંધી, છેલ્લું, પાછલું, પાછળનું
**मध्यमीयम्** = મધ્યનું, વચલું, વચ્ચેનું
**अन्तरालम्, विचालम्** = અંદરનું, વચ્ચેનું, વચ્ચે, અંદર

## આવૃત્તિદર્શક શબ્દો

**सकृत्** = એક વાર
**द्विः** = બે વાર
**त्रिः** = ત્રણ વાર
**चतुः** = ચાર વાર
**पञ्चकृत्वः** = પાંચ વાર
**षट्कृत्वः** = છ વાર
**सप्तकृत्वः** = સાત વાર
**अष्टकृत्वः** = આઠ વાર
**नवकृत्वः** = નવ વાર
**दशकृत्वः** = દસ વાર

**નોંધ :** (૧) પાંચથી માંડીને આગળની કોઈ પણ સંખ્યાને આવૃત્તિદર્શક બનાવવા માટે '**कृत्वस्**' પ્રત્યય લગાડવામાં આવે છે.
(૨) '**कृत्वस्**' પ્રત્યય પૂર્વે સંખ્યાવાચક શબ્દનો અંત્ય '**न्**' લોપાય છે; જેમ કે, सप्तकृत्वः, नवकृत्वः, द्वादशकृत्वः

## પ્રકારદર્શક શબ્દો

**एकधा** = એક પ્રકારે, એક રીતે
**द्विधा, द्वेधा, द्वैधम्** = બે પ્રકારે, બે રીતે, બે ભાગોમાં
**त्रिधा, त्रेधा** = ત્રણ પ્રકારે, ત્રણ રીતે
**चतुर्धा** = ચાર પ્રકારે, ચાર રીતે
**पञ्चधा** = પાંચ પ્રકારે, પાંચ રીતે
**षोढा** = છ પ્રકારે, છ રીતે
**सप्तधा** = સાત પ્રકારે, સાત રીતે
**अष्टधा** = આઠ પ્રકારે, આઠ રીતે
**नवधा** = નવ પ્રકારે, નવ રીતે
**दशधा** = દસ પ્રકારે, દસ રીતે

❖

**कति** = કેટલા
**कतिधा** = કેટલા પ્રકારે
**यति** = જેટલા
**यतिधा** = જેટલા પ્રકારે
**तति** = તેટલા
**ततिधा** = તેટલા પ્રકારે

**નોંધ :** (૧) કોઈ પણ સંખ્યાવાચક શબ્દને પ્રકાર અર્થમાં '**धा**' પ્રત્યય લાગે છે; જેમકે, एकधा, कतिधा વગેરે. (૨) આ બધાં અવ્યયો છે.
'**जानु**' વગેરેનું પ્રમાણ બતાવવા માટે તે શબ્દને '**दघ्न**', '**द्वयस**' અને '**मात्र**' પ્રત્યયો લગાડાય છે; જેમકે,
जानुदघ्नं जलम्, जानुद्वयसं जलम्, जानुमात्रं जलम् = ઢીંચણ પ્રમાણ પાણી
**નોંધ :** આ શબ્દો ત્રણેય લિંગમાં વપરાય છે.

# 'दुस्' ઉપસર્ગવાળા શબ્દો

**दुरतिक्रम, दुरत्यय** (વિ.) દુઃખે ઓળંગી શકાય તેવું

**दुरध्यय** (વિ.) અધ્યયન કરવાને અશક્ય, ન ભણી શકાય તેવું

**दुरध्व** (પું.) દુષ્ટ માર્ગ, ખરાબ રસ્તો

**दुरन्त** (વિ.) દુષ્ટ પરિણામવાળું, જેનો અંત મુશ્કેલીથી આવે તે, ન ઓળંગી શકાય તેવું, ગંભીર, શિકાર, જુગાર, મદ્યપાન વગેરે વ્યસન

**दुरन्वय** (વિ.) જેનો અન્વય (સંબંધ) મુશ્કેલીથી થઈ શકે તેવું, મુશ્કેલીથી પાછળ જઈ શકાય તેવું, મુશ્કેલીથી પ્રાપ્ત કરવા યોગ્ય કે સમજવા યોગ્ય

**दुरात्मन्** (વિ.) દુષ્ટ આત્માવાળું, દુષ્ટ, ખરાબ અંતઃકરણવાળું

**दुराप** (વિ.) દુઃખે મેળવવા યોગ્ય

**दुराराध्य** (વિ.) દુઃખે આરાધી શકાય તેવું

**दुरालाप** (પું.) ખરાબ ભાષણ, ગાળો ભાંડવી તે

**दुरालोक** (વિ.) દુઃખે જોવાય તેવું, તેજસ્વી, ચળકાટવાળું

**दुरावह** (વિ.) દુઃખે વહન કરી શકાય તેવું, દુઃખે ઉપાડી શકાય તેવું

**दुराशय** (વિ.) દુષ્ટ આશયવાળું, ખરાબ અંતઃકરણવાળું

**दुरास** (વિ.) દુઃખે બહાર કાઢી શકાય તેવું, મુશ્કેલીથી જિતાય તેવું

**दुरासद** (વિ.) મુશ્કેલીથી મેળવી શકાય તેવું

**दुरित** (ન.) પાપ, પાતક, (વિ.) પાપી, પાતકી, પાપવાળું

**दुरितारि** (વિ.) પાપનો નાશ કરનાર

**दुरुक्त** (ન), **दुरुक्ति** (સ્ત્રી) દુષ્ટ વચન, ખરાબ વેણ, દુષ્ટ ભાષણ, ગાળ

**दुरुच्छेद** (વિ.) દુઃખે ઉખેડી શકાય તેવું

**दुरुत्तर** (વિ.) દુઃખે ઊતરી શકાય તેવું, દુસ્તર

**दुरुद्धर** (વિ.) દુઃખે ઉદ્ધાર થઈ શકે તેવું, મુશ્કેલીથી બહાર કાઢી શકાય તેવું

**दुरुद्वह** (વિ.) દુઃખે વહન થઈ શકે તેવું, દુઃખે ભાર ઉપાડી શકાય તેવું

**दुर्गत** (વિ.) ખરાબ અવસ્થાને પામેલું, પીડિત

**दुर्गम** (વિ.) દુઃખે જવાય તેવું, દુર્જ્ઞેય, દુર્બોધ

**दुर्घट** (વિ.) દુઃખે બનાવી શકાય તેવું, દુઃખથી ઘટે તેવું, દુઃખથી મેળવાય તેવું

**दुर्जय** (વિ.) દુઃખથી જિતાય તેવું

**दुर्जर** (વિ.) દુઃખથી પચાવી શકાય તેવું

**दुर्ज्ञेय** (વિ.) દુઃખથી જાણી શકાય તેવું

**दुर्दम, दुर्दमन, दुर्दम्य, दुर्दांत** (વિ.) દમન કરવું મુશ્કેલ, વશ-તાબે કરવું મુશ્કેલ, ગર્વિષ્ઠ, તુમાખીવાળું

**दुर्दिन** (ન.) વાદળછાયો ને અંધકારમય ખરાબ દિવસ

**दुर्दैव** (ન.) દુર્ભાગ્ય, પાપ

**दुर्द्धर** (વિ.) દુ:ખથી ધારણ કરી શકાય તેવું

**दुर्द्धर्ष** (વિ.) દુ:ખથી સામનો કરી શકાય તેવું, દુ:ખથી મુશ્કેલીથી હરાવી શકાય તેવું

**दुर्नय** (પું.) નિરપેક્ષ નય, એકાંત નય, અનીતિ, અન્યાય, (વિ.) નિરપેક્ષ નયવાળું, અનીતિ-અન્યાયવાળું

**दुर्बोध** (વિ.) દુ:ખથી જાણી-સમજી શકાય તેવું

**दुर्भग** (વિ.) ખરાબ ભાગ્યવાળું, અભાગિયું

**दुर्भर** (વિ.) દુ:ખથી ભરણ-પોષણ થઈ શકે તેવું, દુ:ખથી ધારણ કરી શકાય તેવું

**दुर्भिक्ष** (ન) દુષ્કાળ, ઘણી મોંઘવારીનો સમય, ઘણા દુ:ખનો સમય

**दुर्मर्ष** (વિ.) દુ:ખથી સહન કરી શકાય તેવું

**दुर्मित्र** (ન.) દુશ્મન, શત્રુ

**दुर्मुख** (વિ.) અપ્રિય દર્શનવાળું, અપ્રિય બોલનાર

**दुर्मूल्य** (વિ.) અયોગ્ય કીંમતવાળું, ઘણું મોંઘું

**दुर्वच** (વિ.) દુ:ખથી કહી શકાય તેવું

**दुर्वस** (વિ.) દુ:ખથી વસી શકાય તેવું

**दुर्वह** (વિ.) દુ:ખથી ઉપાડી શકાય તેવું, દુ:ખથી વહન કરી શકાય તેવું

**दुर्वाच्** (વિ.) દુષ્ટ કે નિંદિત વાણી બોલનાર

**दुर्वाच्य** (વિ.) દુ:ખથી બોલી શકાય તેવું, દુ:ખથી કહેવા યોગ્ય

**दुर्वाद** (વિ) દુષ્ટબોલનાર, ગાળદેનાર, નિંદ્ય વાણી બોલનાર, અપકીર્તિવાળું

**दुर्वार** (વિ.) દુ:ખથી વારી-રોકી શકાય તેવું

**दुर्विद** (વિ.) દુ:ખથી જાણી-સમજી શકાય તેવું

**दुर्विदग्ध** (વિ.) જ્ઞાનનું ખોટું અભિમાન કરનાર, ગર્વિષ્ઠ

**दुर्विनीत** (વિ.) ઉદ્ધત, અવિનયી, દુષ્ટ કેલવણીવાળું,

**दुर्वृत्त** (ન.) નિંદ્ય આચરણ, (વિ.) ખરાબ આચરણવાળું, જંગલી, ઘાતકી

**दुर्वृत्ति** (વિ.) દુષ્ટ વૃત્તિવાળું, ખરાબ આજીવિકાવાળું, ઈન્દ્રજાળ વિદ્યાવાળું

**दुर्वेद** (વિ.) દુ:ખથી મેળવવા યોગ્ય

**दुश्चर** (વિ.) દુ:ખથી આચરી શકાય તેવું

**दुश्चरित** (ન.) દુ:ખથી આચરેલું, પાપ

**दुश्चेष्टित, दुश्चरित्र** (વિ.) દુરાચારી, ખરાબ આચરણવાળું

**दुष्प्राप** (વિ) દુ:ખથી મેળવી શકાય તેવું

**दुष्प्रेक्ष्य** (વિ.) દુ:ખથી જોઈ શકાય તેવું

**दुस्तर** (વિ.) દુ:ખથી તરી શકાય તેવું

**दुस्त्यज** (વિ.) દુ:ખથી છોડી શકાય તેવું

**दुस्थ** (વિ.) દુ:ખથી રહેનાર

**दुस्सह** (વિ.) દુ:ખથી સહન થાય તેવું

**दुस्साध्य** (વિ.) દુ:ખથી સાધી શકાય તેવું

# વિવિધ સમૂહ બતાવનારા શબ્દો

**अजथ्या** (સ્ત્રી.), **आजकम्** (ન.) બકરાંનો સમૂહ

**आश्वम्**, **आश्वीयम्** (ન) અશ્વોનો સમૂહ

**औक्षकम्** (ન.) બળદોનો સમૂહ

**औरभ्रकम्** (ન.) ઘેટાંનો સમૂહ

**औष्ट्रकम्** (ન.) ઊંટોનો સમૂહ

**कापोतम्**, **कार्पोतम्** (ન.) કબૂતરોનો સમૂહ

**कैशिकम्** (ન.) વાળોનો સમૂહ

**खलिनी**, **खल्या** (સ્ત્રી.) ખલ પુરુષોનો સમૂહ

**गजता** (સ્ત્રી.) હાથીઓનો સમૂહ

**गव्या**, **गोत्रा** (સ્ત્રી.) ગાયોનો સમૂહ

**गाणिक्यम्** (ન.) ગણિકાઓનો સમૂહ

**गौधेनुकम्** (ન.) બળદ અને ગાયોનો સમૂહ

**ग्रामता** (સ્ત્રી.) ગામોનો સમૂહ

**जनता** (સ્ત્રી.) માણસોનો સમૂહ

**तृण्या** (સ્ત્રી.) ઘાસનો સમૂહ

**धैनुकम्** (ન.) ગાયોનો સમૂહ

**पार्वतिकम्** (ન.) પર્વતોનો સમૂહ

**पार्श्वम्** (ન.) કુહાડીઓનો સમૂહ

**बन्धुता** (સ્ત્રી.) બંધુ-સગાંવહાલાંઓનો સમૂહ

**ब्राह्मण्यम्** (ન.) બ્રાહ્મણોનો સમૂહ

**भैक्षम्** (ન.) ભિક્ષાનો સમૂહ

**माणव्यम्** (ન.) બાળકોનો સમૂહ

**मानुष्यकम्** (ન.) માણસોનો સમૂહ

**मायूरम्** (ન.) મોરોનો સમૂહ

**यौवतम्** (ન.) યુવતીઓનો સમૂહ

**रथकट्या**, **रथ्या** (સ્ત્રી.) રથોનો સમૂહ

**राजकम्**, **राजन्यकम्** (ન.) રાજાઓનો સમૂહ

**राजपुत्रकम्** (ન.) રાજપુત્રોનો સમૂહ

**वाडव्यम्** (ન.) બ્રાહ્મણોનો સમૂહ

**वार्द्धकम्** (ન.) વૃદ્ધોનો સમૂહ

**वात्या** (સ્ત્રી.) વાયુઓનો સમૂહ

**वात्सकम्** (ન.) વાછરડાંઓનો સમૂહ

**शौकम्** (ન.) પોપટોનો સમૂહ

**सहायता** (સ્ત્રી.) મિત્રોનો સમૂહ

**साहस्रम्** (ન.) હજારોનો સમૂહ

**स्त्रैणम्** (ન.) સ્ત્રીઓનો સમૂહ

**हास्तिकम्** (ન.) હાથીઓનો સમૂહ

❖

**अस्त्रग्रामः** (પું.) શસ્ત્રોનો સમૂહ

**इन्द्रियग्रामः** (પું.) ઇન્દ્રિયોનો સમૂહ

**गुणग्रामः** (પું.) ગુણોનો સમૂહ

**भूतग्रामः** (પું.) પ્રાણીઓનો સમૂહ

**विषयग्रामः** (પું.) વિષયોનો સમૂહ

**शब्दग्रामः** (પું.) શબ્દોનો સમૂહ

**समजः** (પું.) પશુઓનો સમૂહ

**समाजः** (પું.) પશુ સિવાયનાં અન્ય પ્રાણીઓનો સમૂહ

**युथ** (પું.ન.) પશુ-પક્ષીઓના સજાતીય સમૂહ માટે; જેમકે, **मृगयूथः** = હરણોનું ટોળું

**सार्थ** (પું.) સજાતીય-વિજાતીય પ્રાણીઓના સમૂહ માટે; જેમકે, **पान्थसार्थः** = મુસાફરોનું ટોળું

**कुल** (ન.) સજાતીય પ્રાણીઓના સમુદાય માટે; જેમકે, विप्रकुलम् = બ્રાહ્મણોનો સમુદાય, मृगकुलम् = હરણોનો સમુદાય

**वर्ग** (પું.) સમાન સજાતીય જડ અને પ્રાણીઓના સમુદાય માટે વપરાય છે; જેમકે, त्रिवर्गः, ब्राह्मणवर्गः, अरिषड्वर्गः

પશુઓના યુગલ અર્થમાં પશુવાચક શબ્દ થકી **'गोयुग'** શબ્દ જોડવો; જેમકે, *गोगोयुगम्* = ગાયોનું યુગલ, *अश्वगोयुगम्* = ઘોડાનું યુગલ

પશુઓનું **'षट्क'** (=છનો સમુદાય) બતાવવા માટે પશુવાચક શબ્દ થકી **'षड्गव'** શબ્દ જોડવો; જેમકે, अश्वषड्गवम् = છ ઘોડા, हस्तिषड्गवम् = છ હાથી

❖

**व्याघ्रः, पुङ्गवः, ऋषभः, कुञ्जरः, सिंहः, शार्दूलः, नागः** આદિ શબ્દો તેમ જ **तल्लजः, मतल्लिका, मचर्चिका, प्रकाण्डम्, उद्धः** આ બધા શબ્દો ઉત્તરપદમાં જોડવાથી પ્રશંસાવાચક શબ્દો બને છે. તે હંમેશાં પોતાનાં લિંગે જ રહે છે, વિશેષ્ય પ્રમાણે એનાં લિંગ બદલાતાં નથી; જેમકે, पुरुषव्याघ्रः, पुरुषपुङ्गवः, पुरुषमतल्लिका, पुरुषप्रकाण्डम् ઇત્યાદિ. આ છ શબ્દો મનુષ્યજાતિમાં ઉત્તમતાવાચક છે.

ઉપર **'नागः'** 'આદિ' જણાવ્યું છે તેમાં 'આદિ' પદથી **'वृन्दारकः'** વગેરે શબ્દો સમજવા; જેમકે, गोनागः, गोवृन्दारकः, गोतल्लजः, गोमतल्लिका, गोमचर्चिका, गोप्रकाण्डम्, गवोद्धः એ સાત = ઉત્તમ બળદ કે ઉત્તમ ગાય. આ સાત શબ્દો પશુજાતિમાં શ્રેષ્ઠતા બતાવે છે.

पण्डितमतल्लिका=શ્રેષ્ઠ પંડિત (मतल्लिका સ્ત્રીલિંગ) એમ પણ વપરાય છે.

પૂજ્યવાચક નામ પછી **'पादः, भट्टारकः, देवः'** આ શબ્દોનો પ્રયોગ થાય છે; જેમકે, गुरुपादः = પૂજ્ય ગુરુમહારાજ, अर्हद्भट्टारकः = પૂજ્ય અર્હન્, कुमारपालदेवः = પૂજ્ય કુમારપાળ મહારાજ, गुरुदेवः = પૂજ્ય ગુરુમહારાજ

## અવ્યય

**सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु ।**
**वचनेषु च सर्वेषु, यन्न व्येति तदव्ययम् ॥**

**અર્થ : 'અવ્યય'** એક એવો શબ્દ છે કે જેનાં ત્રણ લિંગ, સાત વિભક્તિ અને ત્રણ વચનમાં કોઈ પ્રકારે ફેરફાર થતો નથી. કેટલાંક અવ્યયો હૃદયના તે તે ભાવોને સૂચવનારાં છે.

**अकुतः** = ક્યાંયથી નહિ
**अजस्रम्** = સતત
**अञ्जसा** = જલદી, તરત
**अथ** = મંગળ, આરંભ, અનંતર, પ્રશ્ન, સંપૂર્ણતા, અધિકાર, પ્રતિજ્ઞા, સમુચ્ચય
**अथकिम्** = હા, એમ જ, કબૂલાત, સ્વીકાર
**अथ तु** = 'પણ', 'તેથી ઊલટું'
**अथातः** = 'માટે', 'હવે' એવા અર્થમાં
**अद्धा** = નિશ્ચયાર્થે, યથાર્થ અર્થને જણાવનાર
**अद्यापि** = અત્યારે પણ
**अद्यावधि** = અત્યાર સુધી
**अधुना** = હમણાં, હાલમાં, અત્યારે
**अनुमानतः** = લગભગ
**अन्तरा** = વિના, મધ્યે, વચ્ચે, અંદર
**अन्वक्** = પાછળ, પછી, પગલે-પગલે
**अपि** = સંદેહ, નિંદા, પ્રશ્ન, અનુજ્ઞા, કદાચ, પણ
**अपिनाम** = કદાચ, સંભવ છે કે, એમ હોય તો કેવું સારું !
**अभीक्ष्णम्** = વારંવાર
**अमा** = સાથે, પાસે
**अमुत्र** = પરલોકમાં, ભવાન્તરમાં
**अयि** = પ્રેમપૂર્વક સંબોધનાર્થે, હે, પ્રાર્થના, વિનંતિ
**अये** = અહો, હે, ક્રોધ, ખેદ, ગભરાટ, આશ્ચર્ય, સ્મરણ, બુદ્ધિનો અભાવ
**अरम्, अरात्** = જલદી, તરત, હમણાંજ
**अरे, अरेऽरे** = ક્રોધપૂર્વક સંબોધન, નીચને સંબોધન, અપકાર, અસૂયા
**अर्वाक्** = પૂર્વે, અગાઉ
**अलम्** = બસ, સમર્થ
**असकृत्** = વારંવાર, અનેકવાર
**असाम्प्रतम्** = અયોગ્ય
**अस्तम्** = નાશ, અદર્શન, આથમવું
**अस्तु** = અનુજ્ઞા, પીડા, તિરસ્કાર, અસૂયા, પ્રકર્ષ, અંગીકાર, પ્રશંસા, લક્ષણ
**अहो** = શોક, ધિક્કાર, ખેદ, દયા, પ્રશંસા, આશ્ચર્ય, સંબોધન, વિતર્ક
**अह्नाय** = જલદી, તરત
**आम्** = હા, સ્વીકાર, સ્મરણ, પ્રતિવચન

**आपाततः** = એકાએક

**आये** = સ્નેહસૂચક સંબોધન

**आरात्** = દૂર, સમીપ, નજીક, પાસેથી

**आविस्** = આંખની સામે, નજર સમક્ષ

**आशु** = જલદી

**आः** = સ્મરણ, આક્ષેપ, કોપ, સંતાપ, પીડા, ખેદ

**आहो** = સંદેહ, વિકલ્પ કે પ્રશ્ન પ્રગટ કરવા માટે

**आहोस्वित्** = સંદેહ કે સંભાવના પ્રગટ કરવા માટે

**इतस्ततः** = અહીંતહીં

**इति** = પ્રકાર, ઉદ્દેશ્ય, કારણ, આધાર, દૃષ્ટાંત, અભિપ્રાય તથા વાક્યસમાપ્તિ દર્શાવે.

**इतिह** = પરંપરાગત ઉપદેશ, સંપ્રદાય

**इह** = અહીં, આ લોકમાં

**ईषत्** = થોડું, અલ્પ

**उच्चैस्** = અતિશય મોટેથી, જોરથી, ખાસ કરીને

**उत, उताहो** = વિતર્ક, વિકલ્પ જણાવનાર, આ હશે કે પેલું હશે ?

**उपांशु** = રહ, એકાંત, ગુપ્ત

**उम्** = ક્રોધવાળું વચન બતાવનાર

**ऊर्ध्वम्** = મોટેથી, પાછળથી, પછી, આગળ

**ऋतम्** = ખરે જ, સાચે જ

**ऋते** = વિના,વગર, સિવાય, વિયોગ

**ऋधक्, ऋधज्** = સત્ય, વિયોગ, લઘુતા, લાભ, હલકાઈ, શીઘ્રતા, સામીપ્ય

**एतर्हि** = હમણાં, હાલમાં

**ऐकध्यम्** = એક પ્રકારે

**ओम्** = હા, ઠીક, તેમ થાઓ

**कच्चित्** = ઇષ્ટ માટેનો પ્રશ્ન, ઇષ્ટ પ્રશ્ન જણાવનાર

**कणेहत्य** = તૃપ્તિ

**कदाचित्** = ક્યારેક, કદાચ

**कर्हि** = ક્યારે ?, કયે વખતે ?

**कर्हिचित्** = ક્યારેક, કોઈક સમયે

**कामम्** = ઇચ્છા પ્રમાણે, તૃપ્તિ થાય ત્યાં સુધી, ખુશીથી, ભલે, હશે ! ધારો કે, નિઃસંશય, ખરેખર, અનિચ્છા કે વિરોધમાં, ચાલશે, વધુ સારું

**किम्** = બસ, પર્યાપ્ત, વિતર્ક, વિકલ્પ બતાવનાર - આ હશે કે પેલું ?

**किमु, किमुत** = શું આ કે તે ? શા માટે ? વળી, કેટલું વધારે; કેટલું ઓછું

**किल** = ખરેખર, નક્કી, કહે છે કે, સાંભળવામાં આવ્યું છે કે એવા અર્થમાં સંભાવના, અણગમો, તિરસ્કાર, હેતુ

**कुतः** = ક્યાંથી ? ક્યાં ? શા માટે ? કઈ રીતે ?

**कृतम्** = બસ, નહિ, પર્યાપ્ત, સર્યું

**कृते** = માટે, વાસ્તે, સારુ

**खलु** = નિશ્ચય, નિષેધ, જિજ્ઞાસા, અનુનય, વિનંતિ, ખરેખર, પાદપૂરણ, વાક્યાલંકાર

**चिरम्** = ઘણા કાળે, લાંબા વખતથી, લાંબા કાળ સુધી

**चेत्** = બીજો પક્ષ કરવામાં, જો કે, અથવા,નિષેધ, અવધારણ, સમુચ્ચય

**जातु** = કદાચ, સંભાવના, ગર્હા, કદીક, કદી પણ

**जोषम्** = મૌન, ચૂપકીથી, છાનામાના, સુખે, નિરાંતે, સારી રીતે, પુષ્કળ, બેસુમાર, બેહદ

**झगिति, झटिति** = જલદી, ઝડપથી, તરત જ

**तथाकारम्** = માંડ માંડ કહ્યા પ્રમાણે કરીને

**तथाच** = વળી, તે પ્રમાણે, તેમ જ, પૂર્વે કહેલાઅર્થની દઢતા, એવું કહેવામાં આવ્યું છે કે

**तथाहि** = તે આ પ્રમાણે

**तर्हि** = તો, ત્યારે, તે માટે, તે વખતે

**तिरस्** = અદશ્યપણું, અવજ્ઞા, તીરછું, વાંકું

**तूर्णम्** = ઝડપથી

**तूष्णीकाम्, तूष्णीम्** = ચૂપ, શાંત, મૌન, ચૂપકીદી, ચૂપકી

**दिष्ट्या** = સુખેથી, ખુશીથી, સારા નસીબે

**दैवात्** = ભાગ્યજોગે, પ્રારબ્ધવશાત્, હઠથી, જોરજુલમથી

**द्राक्, द्रुतम्** = જલદી, તરત

**धन्यम्** = શાબાશ

**धिक्** = ધિક્કાર, નિંદા, અપમાન, તિરસ્કાર

**ननु** = પ્રશ્ન, વિતર્ક, અવધારણ, નિશ્ચય, ખરેખર, સંમતિ, આમંત્રણ, ગભરાટ, વાક્યારંભ

**ननुच** = વિરુદ્ધ બોલવું, વિરોધ વચન, અન્વય, નિશ્ચય

**नवरम्** = પણ, આટલું, વિશેષ, અંતર

**नाना** = વિના, સિવાય, અનેક, વિવિધ

**निकषा** = સમીપમાં, પાસે, વચ્ચે, મધ્યે

**नितराम्** = અતિશય, પૂરેપૂરું, નક્કી, ચોક્કસ, સતત

**नीचैस्** = નીચે, તળે, નમ્રતાથી, નમીને, હળવેથી, ધીમેથી, વામણું હોય તેમ

**नूनम्** = અર્થનિશ્ચય, પ્રશ્ન, ખરેખર, ચોક્કસ,મોટે ભાગે, હવે, તેથી કરીને

**परत्र** = પરલોકમાં, ભવાંતરમાં

**परस्तात्** = પાછળથી, પશ્ચિમે, અનંતર

**पुरस्तात्** = પૂર્વે, આગળ, મોખરે, પ્રારંભમાં

**पुरा** = અગાઉ, પ્રાચીન સમયમાં, અત્યાર સુધી, પ્રથમ તો, થોડા વખતમાં, તરત જ, ભવિષ્યકાળે

**पृथक्** = જુદું, ભિન્ન, જાતજાતનું, વિના, સિવાય, એક બાજુએ, અલગ, એકાંતમાં

**प्रकामम्** = અત્યંત, ઘણું, અનુમતિ, મરજી મુજબ, ઇચ્છાથી

**प्रत्यक्** = ઊલટું, વિરુદ્ધ દિશામાં, પશ્ચિમ તરફ, અંદરની બાજુ, પહેલાં

**प्रत्युत** = બીજી રીતે, ઊલટી રીતે, નહિ તો, સામેથી

**प्रसह्य** = બલાત્કારે, જોરજુલમથી, હઠથી જીતીને, એકદમ, તરત જ

**प्राक्** = પૂર્વે, ભૂતકાળમાં

**प्रादुस्** = પ્રગટ, ખુલ્લું

**प्रेत्य** = મરણ પછી, પરલોકમાં

**बत** = આશ્ચર્ય, ખેદ, શોક, સંતોષ, અનુકંપા, આમંત્રણ

**बाढम्** = હા, ખરેખર, સાચે જ, ચોક્કસ

**भुवर्, भुवस्** = પૃથ્વીથી તરત ઉપરનો લોક, આકાશરૂપ બીજો લોક, ભુવર્લોક

**भूर्, भूस्** = સાત પાતાળોમાંથી છેક નીચેનું, રસાતળ, નાગલોક

**भोस्** = અરે, ઓ, સંબોધનમાં, પ્રશ્નાર્થમાં

**मङ्क्षु** = જલદી, તરત જ, ઉતાવળથી

**मनाक्** = થોડું, મંદ, અલ્પ, ધીમેથી, ફક્ત, માત્ર

**मा** = નિષેધમાં, રોકવું, વારવું, રખે, નહિ, ના

**मिथस्** = અરસપરસ, એકબીજાને, ખાનગીમાં, એકાંતમાં, વારાફરતી

**मुधा** = વ્યર્થ, ફોગટ, નાહક, ખોટી રીતે

**यथेष्टम्** = મરજી મુજબ

**युगपद्** = એકી સાથે, એકી વખતે

**रहस्** = ચોરીછૂપીથી, છાની રીતે, ગુપ્ત રીતે

**रोदसी** = આકાશ અને પૃથ્વી

**वरम्** = સારું, ઠીક, ભલે

**वर्जम्** = વિના, સિવાય, છોડીને, બાદ કરીને

**वा** = વિકલ્પ, સાદૃશ્ય, અવધારણ, નિશ્ચય, સમુચ્ચય, વિતર્ક, પાદપૂર્તિ

**विष्वक्** = બધે ઠેકાણે, ચારે બાજુ

**वृथा** = ફોગટ, વ્યર્થ, નાહક, મૂર્ખતાથી, ખોટી રીતે, અઘટિતપણે

**शनैस्** = ધીમેધીમે, ક્રમેક્રમે, ચૂપકીથી

**शश्वत्** = નિત્ય, નિરંતર, સદા, વારંવાર

**शान्तम्** = અરે ના ! એમ તે હોય ! 'ઇશ્વર એમ ન કરે' એમ નિવારણાર્થે

**सकाशात्**=નજીકમાં,નજીકથી,પાસેથી

**सकृत्** = એક વાર

**सत्यम्** = સ્વીકાર, નિષેધ, પ્રશ્ન

**सद्यस्** = તરત જ, તે જ દિવસે

**सपदि** = જલદી, એકાએક

**समम्** = સાથે, સરખી રીતે , સમાન ભાવે, એકસાથે, તમામ, પ્રામાણિકપણે

**समया** = યોગ્ય સમયે, નિયત સમયે, અંદર, વચ્ચે, દરમિયાન, નજીક, પાસે

**सम्प्रति** = હમણાં, આસમયે, તરત જ

**सम्यक्** = સારું, ઠીક, યોગ્ય રીતે, સાચું, સારી રીતે, સાથે

**साकम्** = સાથે, સહિત, એકી સાથે, એક જ વખતે

**साचि** = વાંકું, ત્રાંસું, તીરછું

**सात्** = જે શબ્દ સાથે વપરાય તે રૂપે પૂરેપૂરું બદલાઈને થયું છે - એવો અર્થ બતાવે (જેમ કે, भस्मसात्)અથવા તેના કાબૂમાં સોંપી દેવાયું હોય એવો અર્થ બતાવે (જેમ કે, ब्राह्मणसात्)

**साम्प्रतम्** = હમણાં, યોગ્ય

**सार्द्धम्** = સાથે, સહિત

**सुष्ठु** = સારું, સારી રીતે, પ્રશંસામાં, અતિશય અર્થમાં, સત્યમાં વપરાય છે.

**स्म** = ધાતુના વર્તમાનકાળ સાથે આવી ભૂતકાળનો અર્થ બતાવે

**स्वर्** = સ્વર્ગ, આકાશ, પરલોક

**स्वस्ति** = કલ્યાણ, આશીર્વાદ, સ્વીકાર, સૂચન

**स्विद्** = પ્રશ્નમાં, વિતર્કમાં, પાદપૂર્તિમાં

**हंहो** = સંબોધનમાં, પ્રશ્નમાં, ગર્વમાં, દંભમાં, તિરસ્કારમાં, આશ્ચર્યમાં

**हन्त** = હર્ષ, ખેદ, વાદ, ગભરાટ, સંભ્રમ, ઉતાવળ, દયાજનક સ્થિતિ, વાક્યારંભ

**हा** = દુઃખ, ખેદ, હતાશા, આશ્ચર્ય, ક્રોધ

**हि** = હેતુ-કારણ કે, નિશ્ચય-ખરેખર, પાદપૂર્તિ, અવધારણ, જાણીતું છે તેમ, માત્ર, ફક્ત, દાખલા તરીકે

**हिरुक्** = વિના, સિવાય, વિયોગે, પાસે, સમીપમાં

❈

## પરિણામવાચી અવ્યયો

एतावत् = આટલું

कियत् = કેટલું

अति = ઘણું

यावत् = જેટલું

तावत् = તેટલું

पर्याप्तम् = બસ

# વિવિધ વૃક્ષવાચક શબ્દો

**अकोट, क्रमुक, पूग** (પું.) સોપારીવૃક્ષ
**अक्षोट** (પું.) અખરોટનું ઝાડ
**अच्युतावास, अश्वत्थ, पिप्पल, प्लक्ष, बोधिवृक्ष** (પું.) પીપળાનું ઝાડ
**अमृता, हरीतकी** (સ્ત્રી.) હરડેનું ઝાડ
**अम्लिका, आम्लिका, आम्ला, आम्ली** (સ્ત્રી.) આંબલીનું ઝાડ
**अयुक्छद, सप्तपर्ण** (પું) સપ્તપર્ણવૃક્ષ
**अरणि** (પું.) અરણિનું ઝાડ
**अरिष्ट, फेनिल** (પું.) અરીઠાનું ઝાડ
**अर्क** (પું.) આકડાનું ઝાડ
**अर्जुन** (પું.) સાદડાનું ઝાડ, અર્જુનવૃક્ષ
**अशोक** (પું.) અશોકવૃક્ષ, આસોપાલવ
**आम्र, माकन्द, सहकार** (પું.) આંબો
**इङ्गुद** (પું.), **इङ्गुदी** (સ્ત્રી.) ઇંગોરિયાનું ઝાડ (તાપસો તેના ફળના તેલનો દીવો કરે છે.)
**उदुम्बर** (પું.) ઉમૈડો, ઉંબરાનું ઝાડ
**कदलिका, कदली, सकृत्फला, रम्भा** (સ્ત્રી.) કેળનું ઝાડ
**कपित्थ** (પું.) કોઠાનું ઝાડ
**करिर, करीर** (પું.) કેરડાનું ઝાડ
**कर्कन्धु-धू** (પું.સ્ત્રી.), **बदरि-री** (સ્ત્રી.) બોરડીનું ઝાડ
**किंशुक** (પું.) કેસુડાનું ઝાડ ખાખરાનું ઝાડ, પલાશવૃક્ષ
**खदिर** (પું.) ખેરનું ઝાડ
**गुग्गुल** (પું.) ગૂગળનું ઝાડ
**चन्दन** (પું.ન.) ચંદન-સુખડ વૃક્ષ
**तल, ताल** (પું.) તાડનું ઝાડ
**दाडिम** (પું.) દાડમનું ઝાડ
**धन्तुर, उन्मत्त** (પું.) ધતૂરાનું ઝાડ
**नारङ्ग** (પું.) નારંગીનું ઝાડ
**नारिकेल, नालिकेर** (પું.) નાળીએર
**निप, नीप** (પું.) કદંબનું ઝાડ
**निम्ब, पिचुमन्द** (પું.), લીંબડાનું ઝાડ
**न्यग्रोध, बदुपाद्-द, वट** (પું.) વડલો
**पिलु, पीलु** (પું.) પીલુનું ઝાડ
**बकुल** (પું.) બોરસલ્લીનું ઝાડ
**बन्धुजीव, बन्धूक** (પું.) બપોરિયાનુંઝાડ
**बर्बूर** (પું.) બાવળિયો, બાવળનું ઝાડ
**बिभीतक** (પું.) બહેડાનું ઝાડ
**बिल्व** (પું.) બીલીનું ઝાડ
**बीजपुर** (પું.) બીજોરાનું ઝાડ
**मधुक** (પું.) મહુડાનું ઝાડ
**मन्दार** (પું.) મંદાર, કલ્પવૃક્ષ
**मातुलिङ्ग, मातुलुङ्ग** (પું.) બીજોરાવૃક્ષ
**रसाल** (પું.) શેરડી, આંબો
**राजादन** (પું.ન.) ચારોળીનું ઝાડ
**वञ्जुल** (પું.) નેતરનું ઝાડ, અશોકવૃક્ષ, આસોપાલવનું ઝાડ
**वेतस** (પું.) નેતરનું ઝાડ
**शमि-मी** (સ્ત્રી.) ખીજડીનું ઝાડ
**शाल्मलि** (પું.સ્ત્રી.) શીમળાનું ઝાડ
**शिंशपा** (સ્ત્રી.) શીશમનું ઝાડ
**शिग्रु** (પું.ન.) સરગવાનું ઝાડ
**स्नुहि-ही** (સ્ત્રી.) થોરનું ઝાડ

# શરીરના અવયવવાચક શબ્દો

**પાંચ આંગળીનાં નામ**

**अङ्गुल, अङ्गुष्ठ** (પું.) અંગૂઠો

**तर्जनी, प्रदेशिनी** (સ્ત્રી.) અંગૂઠા પાસેની પહેલી આંગળી

**ज्येष्ठा, मध्यमा** (સ્ત્રી.) તર્જની પાસેની સૌથી મોટી આંગળી

**अनामा, अनामिका, सावित्री** (સ્ત્રી.) ટચલીની બાજુની આંગળી

**कनिष्ठा, कनीनिका** (સ્ત્રી.) સૌથી નાની ટચલી આંગળી

**अङ्क, उत्सङ्ग, क्रोड** (પું.) ખોળો

**अङ्गु** (પું.) હાથ

**अङ्गुल** (પું.), **अङ्गुलि-ली, अङ्गुलिका** (સ્ત્રી.) આંગળી

**अङ्गुलिपञ्चक** (ન.) પાંચ આંગળી

**अङ्गुलिमुख** (ન.) આંગળીનું ટેરવું

**अङ्घ्रि, अंह्रि** (પું.) પગ

**अञ्जलि** (પું.) હાથનો ખોબો, જોડેલા હાથ

**अण्डकोश-ष, वृषण** (પું.) અંડકોશ, વૃષણ, પેળિયો

**अधर, ओष्ठ** (પું.) હોઠ

**अधोद्वार, अपद्वार, अपान** (ન.) મળદ્વાર, ગુદા

**अन्त्र** (ન.) આંતરડું

**अपसव्य, दक्षिण** (ન.) શરીરનું જમણું અંગ

**अपाङ्ग** (પું.) આંખનો છેડો, નેત્રનો ખૂણો

**अम्बक, लोचन** (ન.) આંખ, નેત્ર

**अलिक, अलीक, भाल, ललाट** (ન.) કપાળ, લલાટ, ભાલ

**अवसिक्थका, पर्यस्तिका** (સ્ત્રી.) પલાંઠી

**अवहस्त** (પું.) હાથની પાછળનો ભાગ

**अंस, स्कन्ध** (પું.) ખભો, સ્કંધ

**ईक्षिका** (સ્ત્રી.) આંખ, નજર

**उत्तमाङ्ग** (ન.), **मूर्धन्** (પું.), **मौलि** (પું.સ્ત્રી.) માથું

**उदर** (ન.) પેટ, મધ્યભાગ

**उदरावर्त** (પું.) નાભિ, ડુંટી
**उपस्थ** (પું.ન.) સ્ત્રી-પુરુષ બંનેનું ચિહ્ન
**उरू** (પું.), **सक्थि** (ન.) સાથળ
**कक्षा** (સ્ત્રી.), **भुजकोटर** (પું.), **दोर्मूल** (ન.) કાંખ, બગલ
**कटि** (સ્ત્રી.), **श्रोणि** (પું.સ્ત્રી.) કેડ
**कनीनिका, तारा, तारका** (સ્ત્રી.) આંખની કીકી, આંખની તારા
**कन्धरा** (સ્ત્રી.), **गल** (પું.), **ग्रीवा, धमनी** (સ્ત્રી.) ડોક, ગળું
**कपाल** (પું.) ખોપરી
**कपोल, गण्ड** (પું.) ગાલ, ગાલ-કપાળની પાસેનો ભાગ,લમણાં
**कफणि** (સ્ત્રી.) કોણી
**कबरी** (સ્ત્રી.), **धम्मिल** (પું.) સ્ત્રીનો અંબોડો
**करकलश, करकोष** (પું.) હાથનો ખોબો, અંજલિ
**करतल** (ન.) હથેળી
**करभ** (પું.) હાથના કાંડાથી ટચલી આંગળી સુધીનો બાહ્યભાગ
**कर्ण** (પું.), **श्रवण** (ન.), **श्रोत्र** (પું.ન.) કાન
**काकपक्ष** (પું.) જુલ્ફાં, બાબરી
**कालेय** (ન.) કાળજું
**कीकस** (ન.) હાડકું
**कुच, स्तन** (પું.દ્વિ.વ.) સ્ત્રીનાં બે સ્તન
**कुन्तल** (પું.બ.વ.) માથાના વાળ, ચોટલો, કેશ
**कूर्च** (પું.ન.), **श्मश्रु** (ન.) દાઢીમૂછ
**कृकाटिका** (સ્ત્રી.) ગળાનો કાકડો
**कृत्ति, छवि, त्वचा** (સ્ત્રી.) ચામડી
**गल्ल** (પું.) ગાલ
**घुण्टक** (પું.) પગની ઘૂંટી
**चपला, लोला, रसना** (સ્ત્રી.) જીભ
**चपेट** (પું.સ્ત્રી.) હાથનો પંજો
**चिबुक** (ન.) હડપચી, દાઢી, નીચલા હોઠની નીચેનો ભાગ
**चुलुक** (પું.સ્ત્રી.) પાણીના આધાર માટે બનાવેલી હાથની પસલી, ચાંગળું

**चूडा, शिखा** (સ્ત્રી.) શિખા, ચોટલી

**जङ्घा** (સ્ત્રી.) પગની ઘૂંટીથી ઉપર ઢીંચણ સુધીનો ભાગ

**जत्रु** (ન.) છાતી અને ખભાનો સાંધો, હાંસડી

**जानु** (પું.ન.) ઢીંચણ, ગોઠણ, ઘૂંટણ

**तालु** (ન.) તાળવું

**तुन्दि** (સ્ત્રી.) પેટ, ફાંદ

**दन्त, दशन, द्विज, रदन** (પું.બ.વ.) દાંત

**दाढा, दंष्ट्रा** (સ્ત્રી.) દાઢ

**दाढिका** (સ્ત્રી.) દાઢી

**नक्र** (ન.), **नासिका** (સ્ત્રી.) નાક

**नख** (પું.ન.) નખ

**नितम्ब** (પું.) સ્ત્રીની કેડનો પાછળનો ભાગ

**पक्ष्मन्** (પું.ન.) આંખની પાંપણ

**पञ्चशाख** (પું.) હાથનો પંજો

**पादमूल** (ન.), **पार्ष्णि** (પું.) પગની એડી, પાની, પગનું મૂળ

**पार्श्व** (ન.) પડખું, બગલની નીચેનો ભાગ

**पिण्डिका** (સ્ત્રી.) પગની પીંડી

**पुत** (પુ.દ્વિ.વ.) કુલા, ધગડા

**प्रसृति** (સ્ત્રી.) એક હાથનો પંજો વાળીને બનાવેલો ખોબો, પસલી

**फुप्फुस** (પું.) ફેફસું

**भ्रकुटि, भ्रूकुटि** (પું.સ્ત્રી.) ભ્રમર ચડાવવી, ભ્રમર વાંકી કરવી

**भ्रू** (સ્ત્રી.) ભવાં, ભમર, આંખ ઉપરની રુવાંટી

**यकृत** (ન.) કાળજું, લીવર

**रत्नि** (પું.સ્ત્રી.) મૂઠી વાળેલો હાથ

**वत्स** (ન.) છાતી

**वाम, सव्य** (ન.) શરીરનું ડાબું અંગ

**वितस्ति** (પું.સ્ત્રી.) વેંત

**सीमन्त** (પું.) સેંથો

**हनु** (પું.સ્ત્રી.) હડપચી, જડબું, ગાલની નીચેનો ભાગ

# શરીરની ખોડખાંપણવાચક શબ્દો

**अकर** (त्रि.) હાથ વિનાનું
**अकर्ण, एड, बधिर** (त्रि.) બહેરું
**अनासिक** (त्रि.) નાક વિનાનું
**अनेडमूक, अवाक्श्रुति, एडमूक** (त्रि.) બહેરું અને મૂંગું
**अन्ध, गताक्ष, चक्षुविकल** (त्रि.) આંધળું
**अपाङ्ग, पोगण्ड, विकलाङ्ग** (त्रि.) ઓછાવત્તા અંગવાળું, ખોડખાંપણ યુક્ત શરીરવાળું
**अपाद्** (त्रि.) પગ વિનાનું, લંગડું
**अवाच्, तुष्णीक, मूक** (त्रि.) મૂંગું
**उदरिल, तुन्दिल** (त्रि.) ફાંદવાળું, મોટા પેટવાળું
**एकाक्ष, काण** (त्रि.) કાણું, એક આંખવાળું
**कुकर, कुणि, कुपाणि** (त्रि.) હાથની ખોડવાળું, ઠુંઠા-વાંકા હાથવાળું
**कुब्ज** (त्रि.) કૂબડું, ખૂંધું, વાંકાચૂકા શરીરવાળું
**केकर** (त्रि.) ત્રાંસી-વાંકી-ટેડી આંખવાળું
**खञ्ज, पङ्गु, पङ्गुल, श्रोण** (त्रि.) પાંગળું, પગની ખોડવાળું
**गडुल, पृश्नि** (त्रि.) ઠીંગુજી, ઠીંગણું, નાના શરીરવાળું
**चिपिट, चिपिटनासिक** (त्रि.) ચીબા-ચપટા નાકવાળું
**दन्तुर** (त्रि.) બહાર નીકળેલા દાંતવાળું

# ખાદ્યપદાર્થવાચક શબ્દો

**अक्षौटक** (पुं.) અખરોટ
**अञ्जीर** (न.) અંજીર
**अन्धस्** (न.), **कूर** (पुं.न.) ભોજન, ભાત
**अपूप, पूप** (पुं.) માલપૂડો, પૂડલો, રોટલી, પુરી, પુરોડાશ, વડું
**अमृतफल** (न.) જમરૂખ, જામફળ
**आचार** (पुं.) અથાણું
**आज्य** (न.) ઘી
**उच्छिष्ट** (न.) જમતાં વધેલું-એંઠું
**उपदंश** (न.) ચટણી
**उपला** (स्त्री.), **खण्ड** (पुं.न.), **शर्करा, सीता, सीतोपला** (स्त्री.) ખાંડ, સાકર
**उष्णिका** (स्त्री.), **काञ्जिक** (न.), **यवागू** (स्त्री.) રાબ, રાબડી, કાંજી
**एरण्ड** (न.) પપૈયું
**ओदन** (पुं.) રાંધેલા ચોખા, ભાત

**कदलीफल** (ન.) કેળું
**करम्ब** (પું.) દહીં છાંટેલો સાથવો
**कर्चरिका, कर्चरी** (સ્ત્રી.) કચોરી
**कर्णिका** (સ્ત્રી.) કણક
**काजुका** (સ્ત્રી.) કાજુ
**कालिङ्ग** (પું.) તરબૂચ
**कुण्डली** (સ્ત્રી.) જલેબી, રોટલી
**क्वथिका, बेसनी** (સ્ત્રી.) કઢી
**क्वाथ** (પું.) ઉકાળો
**क्षिप्रचटिका, क्षिप्रा, खिच्चडिका** (સ્ત્રી.), **खैचर** (પું.) ખીચડી
**क्षीर** (પું.ન.), **गोरस** (પું), **दुग्ध** (ન.) દૂધ
**खण्डज, गुड** (પું.) ગોળ
**खर्जूर** (ન.) ખજૂર
**खाण्डव** (પું.) મુરબ્બો, ખાંડના મિશ્રણથી બનેલી કોઈ પણ વસ્તુ
**गोधूमचूर्ण** (ન) ઘઉંનો લોટ-આટો
**घृतपूर, घृतवर** (પું.) ઘેબર
**घोलवटक** (પું.) દહીંવડું
**चपाटी, चर्पटी** (સ્ત્રી.) ચપાટી
**चारुफल** (ન.) પિસ્તાં
**चिपिट** (પું.) પૌંઆ, ચેવડો
**जम्बू** (સ્ત્રી.) જાંબૂ
**जलवल्ली** (સ્ત્રી.) જલેબી
**तक्र** (ન.) છાશ
**तक्रसार, नवनीत** (ન.) માખણ
**दधि** (ન.) દહીં
**दशाङ्गुल** (પું.) સક્કરટેટી
**दाधिका** (સ્ત્રી.) લસ્સી, છાશ
**दौग्धिका** (સ્ત્રી.) દૂધમાંથી બનેલી મીઠાઈ, બરફી
**द्राक्षा** (સ્ત્રી.) દ્રાક્ષ
**धाना** (સ્ત્રી.બ.વ.) શેકેલા જવ, ધાણી
**नारङ्ग** (પું.) નારંગી
**नारिकेल** (પું.) નાળીએર, શ્રીફળ
**पत्रवल्लिक** (પું), **पत्रवाटिका** (સ્ત્રી) પાતરાં, પતરવેલિયાં
**पयस्य** (ન.) ઘી, દહીં, છાશ, માખણ વગેરે
**परमान्न, पायस** (ન.) ખીર, દૂધપાક
**पर्पट** (પું.બ.વ.) પાપડ
**पिण्ड** (પું.) પેંડો
**पिष्ट** (ન.) લોટ, આટો , ચૂર્ણ
**पुष्पवटी** (સ્ત્રી.) ફૂલવડી
**पूग** (ન.) સોપારી
**पूपिक** (પું.) પરોઠો
**पूपिका, पूरिका** (સ્ત્રી.) પૂરી, પોળી
**पूर्णपोलिका** (સ્ત્રી.) પૂરણપોળી, વેડમી, ગળી રોટલી
**पोलिका, पोली** (સ્ત્રી.) પૂરી, પોળી, રોટલી

**बदर** (ન.) બોર
**भाजी** (સ્ત્રી.) ભાજી
**मधुररसा** (સ્ત્રી.) ખારેક
**मर्मराल** (પું.બ.વ.) મમરા
**मल्लपूप** (પું.) માલપૂડો
**मस्तु** (ન.) દહીંની તર, મઠો
**मुष्टिक** (પું.) મૂઠિયું
**मोदक, लड्डुक** (પું.) લાડવો
**रोटिका** (સ્ત્રી.) રોટલી
**लप्सिका** (સ્ત્રી.) લાપસી
**लाजा** (સ્ત્રી.બ.વ.) ચોખાની ધાણી
**वटक** (ન.) વડું
**वटिका, वटी** (સ્ત્રી.) વડી, ગોળી
**व्यञ्जन** (ન) દાળ, શાક, કઢી, ઘી વગેરે
**शर्करापालिका** (સ્ત્રી.) સક્કરપારો
**शष्कुली** (સ્ત્રી.) જલેબી, માલપૂડો, નાની રોટલી
**शिखरिणी** (સ્ત્રી.) શીખંડ
**सक्तु** (પું.) સાથવો, શેકેલા જવ વગેરેનો લોટ
**सन्तानिका** (સ્ત્રી) મલાઈ, દૂધની તર
**सीताफल** (ન.) સીતાફળ
**सूत्रफेनिका** (સ્ત્રી.) સૂતરફેણી
**सूद, सूप** (પું.) દાળ
**सेव** (ન.) સફરજન
**संयाव** (પું.) હલવો

## ધાન્યવાચક શબ્દો

**कुलत्थ** (પું.), **कुलत्था** (સ્ત્રી.) કળથી
**कोद्रव** (પું.) કોદરા
**गोधूम** (પું.) ઘઉં
**चणक, हरिमन्थक** (પું.) ચણા
**चवल** (પું.) ચોળા
**तण्डुल** (પું.) ચોખા
**तुवर** (પું.), **तुवरी** (સ્ત્રી.) તુવેર
**बर्जरी** (સ્ત્રી.) બાજરી
**मन्था** (સ્ત્રી.) મેથી
**मपष्ठ** (પું.) મઠ
**मसूर** (પું.) મસૂર
**माष** (પું.) અડદ
**मुद्ग** (પું.) મગ
**यव** (પું.) જવ
**योनल** (પું.) જુવાર
**वल्ल** (પું.) વાલ [નવો પાક]
**शस्य, सस्य** (ન) ખેતરમાં રહેલું ધાન્ય,
**षष्टिक** (પું.) સાઠી ચોખા
**सर्षप** (પું.) સરસવ
**हरेणु** (પું.) વટાણા

## શાકભાજીવાચક શબ્દો

**आर्द्रक** (પું.ન.) આદુ
**आलु-लू** (ન.) બટાટો
**कर्कटिका, कर्कटि-टी** (સ્ત્રી.) કાકડી, ચીભડું
**कर्कोटक** (પું.) કંકોડું
**कारवेल्ल** (ન.) કારેલું
**कुष्माण्ड** (પું.), **बृहत्फल** (ન.) કોળું, મોટું ફળ
**कुस्तुम्बरी** (સ્ત્રી.), **धान्यक** (ન.) કોથમીર, ધાણા
**खण्डकालु** (પું.) સક્કરિયું
**गाजर, गृञ्जन** (ન.) ગાજર
**गोजिह्वा** (સ્ત્રી.) કોબી
**चिर्भिट** (ન.) ચીભડું
**तण्डुलीय, तण्डुलेर** (પું.) તાંદળજાની ભાજી
**तुण्डिकेरिका, तुण्डिकेरी, बिम्बी** (સ્ત્રી), **बुद्धिनाशक** (પું.) ટીંડોરું, ઘીલોડું
**तुम्बी, दुग्धिका, दुग्धी** (સ્ત્રી) દૂધી
**निम्बुफल** (ન.) લીંબુ
**नीलकण्ठ, हस्तिदन्तक** (ન.) મૂળો
**पटोल** (પું.) પરવર
**पलाण्डु, मुखदूषक** (પું.) ડુંગળી
**पालक्या** (સ્ત્રી.) પાલકની ભાજી
**लशुन** (પું.ન.) લસણ
**वातिङ्गण** (પું.) વેંગણ, વંતાક
**शाक** (પું.ન.) શાક
**शिग्रु** (પું.ન.) સરગવો
**सूरण** (પું.) સૂરણ

## મરીમસાલાવાચક શબ્દો

**अक्ष, शूलनाशक** (ન.) સંચળ
**अजमोदिका** (સ્ત્રી.) અજમો
**आमलकी** (સ્ત્રી.) આંબળાં
**उत्कट, तेजपत्र** (ન.) તજ
**उपस्कर** (પું) મસાલો; સૂંઠ, મરી વગેરે
**ग्रन्थिक, ग्रन्थिल** (ન.) ગંઠોડા, પીપરીમૂળ, આદુ
**चन्द्रबाला** (સ્ત્રી.) ઇલાયચી
**चुक्र** (ન.) આંબલી, કોકમ
**जीरक** (ન.) જીરૂં
**तीक्ष्णतण्डुला** (સ્ત્રી.) પીપર
**त्रिकटु** (ન.) સૂંઠ, મરી, પીપર
**नागर, विश्वभेषज** (ન.) સૂંઠ
**मरीच** (ન.) કાળાં મરી
**राजिका** (સ્ત્રી.) રાઈ
**रामठ** (ન.), **हिङ्गु** (પું.ન.) હિંગ
**लवङ्ग** (ન.) લવિંગ
**हरिद्रा** (સ્ત્રી.) હળદર

# રોગવાચક શબ્દો

**अक्षिपीडा** (સ્ત્રી.) આંખનો રોગ

**अञ्जनिका, पोथकी** (સ્ત્રી.) આંજણી, આંખનો રોગ

**अण्डवर्धन** (ન.), **कुरण्ड, कोशवृद्धि** (પું.) અંડકોશની વૃદ્ધિ, વધરાવળ

**अतिसार** (પું.), **प्रवाहिका** (સ્ત્રી.) ઝાડાનો રોગ

**अपस्मार** (પું.) વાઈનો રોગ

**अर्शस्** (ન.), **गुदाङ्कुर** (પું.) હરસ, મસા

**अलजी** (સ્ત્રી.) સાંધાનો રોગ

**अवष्टम्भ, पक्षाघात** (પું.) લકવો, અંગ જકડાઈ જવું, વાયુથી થનારો રાજરોગ

**अश्मरी** (સ્ત્રી.), **मूत्रकृच्छ्र** (ન.) મૂત્રાશયમાં પથરીનો રોગ

**आध्मान** (પું.ન.) આફરો

**आमवात** (પું.) વાયુનો રોગ

**आमातिसार** (પું.) આમ-અપક્વ રસ વડે થયેલો અતિસાર, અજીર્ણથી થયેલો ઝાડાનો રોગ

**उन्माद** (પું.) ઉન્મત્તપણું, ગાંડપણ, એક જાતનો માનસિક રોગ

**उष्णक, ज्वर** (પું.) તાવ, જ્વર

**कच्छु-छू** (સ્ત્રી.), **खस** (પું.), **पामन्** (ન.), **पामा, विचर्चिका** (સ્ત્રી.) ખસ, ખરજવું

**कण्डू, कण्डूति** (સ્ત્રી.), **कण्डूयन** (ન.), **कण्डूया** (સ્ત્રી.), **खर्जु** (પું.), **खर्जू** (સ્ત્રી.) ખરજ, ખણ, ખજવાળ, ચામડીનો રોગ

**कामला** (સ્ત્રી.) કમળો

**काश-स** (પું.) ખાંસી, ઉધરસ

**कुष्ठ** (પું.ન.) કોઢ રોગ

**क्षत** (ન.), **व्रण** (પું.) જખમ, વ્રણ, ઘા, નહિ રુઝાતાં ઘારાં

**क्षय, यक्ष्मन्, राजयक्ष्मन्** (પું.) ક્ષયરોગ

**क्षुत** (પું.), **क्षुता** (સ્ત્રી.) છીંક, ખાંસી

**खल्ली** (સ્ત્રી.) હાથ-પગમાં ચડતી ખાલી

**गण्ड, गुल्म** (પું.) ગૂમડું, ફોલ્લો, ફોડલો

**गण्डमाल** (પું.) કંઠમાળ

**छर्दिका** (સ્ત્રી.), **छर्दि** (સ્ત્રી.ન), **वमन** (ન.), **वमिः** (સ્ત્રી.) ઊલટી, વમન

**छिक्का** (સ્ત્રી.) છીંક

**जलोदर** (પું.) પેટનો એક રોગ, જલંધર

**दद्रु-द्रू** (સ્ત્રી.) દાદર, ધાધર, ખરજવું

**पादवल्मीक, श्लीपद** (પું.ન.) હાથીપગાનો રોગ, પગ સૂજી જવો

**पिटक** (ન.), **स्फोट, स्फोटक** (પું.) ફોડલો, ફોલ્લો, ગૂમડું

**पीनस, श्लेष्मन्, प्रतिश्याय** (પું.) શરદી, સળેખમ, નાકનો રોગ

**प्रदर** (पुं.) સ્ત્રીઓનો ધાતુપાતનો રોગ

**प्रमेह** (पुं.) પરમિયો

**भगन्दर** (पुं.) ગુદા અને વૃષણ વચ્ચે થતું ગૂમડું, ભગંદર

**भ्रम** (पुं.), **भ्रमिः** (स्त्री.) ચક્કર

**महामारी** (स्त्री.) પ્લેગ, મરકી

**मुखपाक** (पुं.) મોઢું આવી જવું, મોઢું પાકવું, મોઢામાં ચાંદાં પડવાં

**मूत्ररोध** (पुं.) પથરી

**विपादिका** (स्त्री.) પગ ફાટવાનો રોગ

**विबन्ध** (पुं.) કબજિયાત, ઝાડા પેશાબનું રોકાણ, બંધકોશ, આફરો

**विसूचिका** (स्त्री.) અજીરણ, કોલેરા

**शीतज्वर** (पुं.) ટાઢિયો તાવ, મૅલેરિયા

**शीतला** (स्त्री.) શીતળા

**शोथ, शोफ** (पुं.) સોજાનો રોગ

**श्वास** (पुं.) દમનો રોગ

**श्वित्र, श्वेत** (न.) ધોળો કોઢ

**सन्निपात** (पुं.) સનેપાત, વાત, પિત્ત, કફની વિષમતાથી ઉત્પન્ન થતો રોગ

**हिक्का, हेक्का** (स्त्री.), **हृल्लास** (पुं) હેડકી

## સૂત્ર-ભાષ્યાદિ

૧. **सूत्र** (पुं.न.) વિષયોનો સંગ્રહ કરનાર, સૂચન કરનાર

૨. **भाष्य** (न.) સૂત્રમાં બતાવેલા અર્થનો વિસ્તાર કરનાર

૩. **निरुक्त, पदभञ्जन** (न.) પદોનો વિભાગ કરવો.

૪. **वार्तिक** (न.) કહેલા, નહિ કહેલા અને કષ્ટથી કહી શકાય તેવા પદાર્થોની વિચારણા

૫. **टीका** (स्त्री.) નિરંતર વ્યાખ્યાન, કઠિન અને સરળ સર્વ શબ્દોનું વિવરણ

૬. **पञ्जिका, पदभञ्जिका** (स्त्री.) કઠિન પદાર્થો સ્પષ્ટ થાય તે રીતે અર્થ કરવો.

૭. **निबन्ध** (पुं.) વિશેષ અર્થને અનુસરનાર

૮. **वृत्ति** (स्त्री.) વિશેષ અર્થને જણાવનાર

૯. **परिशिष्ट** (न.) ગ્રન્થનો અવયવ વિશેષ

૧૦. **कारिका** (स्त्री.) થોડી વૃત્તિથી ઘણા અર્થનું સૂચન કરનાર

૧૧. **निघण्टु** (पुं.) શબ્દકોશ, નામોનો સંગ્રહ

## વસ્ત્રવાચક શબ્દો

### વસ્ત્ર ચાર પ્રકારનાં છે :

૧. **क्षौमादि** ત્વક્-છાલથી બનેલું વસ્ત્ર

૨. **कार्पासादि** ફળ-કપાસનું બનેલું વસ્ત્ર

૩. **कौशेयादि** કૃમિ-કીડાથી બનેલું વસ્ત્ર

૪. **शङ्कवादि** રુંવાટીથી બનેલું વસ્ત્ર

※

**क्षौम, दुकूल** (ન.) શણ વગેરેનું વસ્ત્ર
**कार्पास** (ન) કપાસ-રૂમાંથી બનેલું વસ્ત્ર
**कौशेय** (ન.) કોશેટામાંથી બનેલું રેશમી વસ્ત્ર
**राङ्कव** (ન.) હરણ વગેરેના રુવાંટામાંથી બનેલું વસ્ત્ર
**ऊर्णायु** (પું.), **कम्बल** (પું.સ્ત્રી.) ઊનનું વસ્ત્ર, કમ્બલ
**अनाहत** (ન.) નવું વસ્ત્ર
**उत्तरासङ्ग** (પું.) ખેસ
**उत्तरीयक** (ન.) ઉપરનું વસ્ત્ર, ઓઢવાનું વસ્ત્ર
**अन्तरीय, उपसंव्यान** (ન) અધોવસ્ત્ર, નીચે કે અંદર પહેરવાનું વસ્ત્ર
**चीवर** (ન.) મુનિઓનું વસ્ત્ર
**अंशुक** (ન.) ઝીણું-શ્વેત-રેશ્મી વસ્ત્ર

## અલંકારવાચક શબ્દો

**अङ्गद, केयूर** (ન.) બાજુબંધ, કડું
**अङ्गुलीयक** (ન.), **उर्मिका** (સ્ત્રી.) અંગુઠી, વીંટી
**अवतंस, उत्तंस** (પું.ન.) અલંકાર, ઘરેણું, હાર, મુગટ, માથાનું ઘરેણું, કાનનું ઘરેણું, એરિંગ
**आपीड** (પું.) માથાનું ભૂષણ, મુગટ
**कटक** (પું.ન.), **कङ्कण, करभूषण** (ન.) હાથના કાંડાનું ઘરેણું, પોંચી, કડું, વલય, બંગડી વગેરે
**कण्ठिका** (સ્ત્રી.), **ग्रैवेयक** (ન.) ગળાનું આભૂષણ, હાર, કંઠી
**कर्णपुर** (પું.), **कुण्डल** (ન.), **ताडङ्क** (પું.ન.) કુંડલ, કાનનું ઘરેણું
**काञ्ची** (સ્ત્રી.) સ્ત્રીઓની કેડનો કંદોરો
**तुलाकोटि, नूपुर** (પું.ન.) કલ્લુ, સ્ત્રીને પગમાં પહેરવાનું ઝાંઝર
**मुकुट** (પું.ન.) મુગટ, તાજ
**शृङ्खल** (ત્રિ.) પુરુષની કેડનો કંદોરો

# ગૃહોપયોગી વસ્તુવાચક શબ્દો

**अङ्गोञ्छ** (પું.) ટુવાલ

**अधिरोहिणी** (સ્ત્રી.) નિસરણી, સીડી, દાદર

**अर्गला** (સ્ત્રી.), **परिघ** (પું.) ભોગળ, દ્વાર બંધ કરી પાછળ નખાતો લોઢાનો કે લાકડાનો દંડ, આગળો

**आदर्श, दर्पण** (પું.) દર્પણ, અરીસો

**आरोहण** (ન.) પગથિયું

**आसन, विष्टर** (પું.ન.) આસન

**आसन्दिका, आसन्दी** (સ્ત્રી.) નાની ખાટ, ખુરસી

**आस्तरण** (ન.), आस्तरणी (સ્ત્રી.) પાથરણું, સાદડી, ચટાઈ, શેતરંજી, જાજમ, ગાલીચો, ઓછાડ, આસન

**उच्चासन** (ન.) ખુરસી

**उच्छीर्षक, उपधान** (ન.) ઓશીકું

**उदूखल, उलूखल** (ન), **कण्डनी** (સ્ત્રી) ખાંડણી, ખાંડણિયો, સાંબેલું, મુસળ

**उपष्टम्भ** (પું.) થાંભલો, ટેકો

**उपस्कर** (પું.) સામગ્રી, રાચરચીલું

**उपहस्तिका** (સ્ત્રી.) ચમચી

**उम्बर** (પું.), **देहली** (સ્ત્રી.) ઉંબરો

**उल्लोच, चन्द्रोदय** (પું.), **वितान** (ન.) ચંદરવો

**कङ्कतिका, कङ्कती** (સ્ત્રી.) કાંસકી

**कङ्कमुख, सन्दंश** (પું.) સાણસી, ચીપિયો

**कट** (પું.) સાદડી, ચટાઈ

**कटाह, तवक्क** (પું) કડાઈ, તવો, તાવડો

**कन्था** (સ્ત્રી.) ગાભાની બનાવેલી ગોદડી

**कन्दु** (પું.સ્ત્રી.) કડાઈ, તવી

**कपाट** (પું.) કમાડ, બારણું

**कम्बि-बी, दर्वि-र्वी** (સ્ત્રી.) લાકડાની કડછી, તાવેથો, ડોયો

**करण्ड** (પું.) કરંડિયો, ટોપલી

**करीष** (ન.) સુકાયેલું-અડાયું છાણું

**कीलिका** (સ્ત્રી.) ખીલી

**कुञ्चिका** (સ્ત્રી.) કૂંચી, ચાવી

**कुण्डिका, कुण्डी** (સ્ત્રી.) કૂંડી

**कुतुप** (પું.) ઘી-તેલ વગેરે ભરવાનું નાનું ચર્મપાત્ર, કૂંપી

**कोष्ठ** (પું.ન.), **कोष्ठागार** (ન.) કોઠી, કોઠાર, અનાજ રાખવાની વખાર

**खट्व, खट्वा** (સ્ત્રી.) ખાટલો

**खट्विका** (સ્ત્રી.) નાની ખાટલી

**खजाका, खजिका** (સ્ત્રી.) ચમચો, કડછી, પળી, પાવળું

**गद्दिका** (સ્ત્રી.) ગાદી

**गर्गर** (પું.) ગાગર

**गृहमणि, दीपक** (પું.) દીવો

**गेन्दुक** (પું.) દડો

**चालनी** (સ્ત્રી.) ચાળણી

**चुल्ली** (સ્ત્રી.) ચૂલો

**जलधरी** (સ્ત્રી.) ડોલ, બાલદી

**जवनी, तिरस्करिणी** (સ્ત્રી.) પડદો, કનાત

**तप्तिका** (સ્ત્રી.) તવી

**तल्प** (ન.), **शय्या** (સ્ત્રી.) તળાઈ, પથારી

**तालक** (ન.) તાળું

**तालवृन्त, व्यजन, वीजन** (ન.) પંખો, વીંઝણો

**दीपशलाका** (સ્ત્રી.) દીવાસળી

**नागदन्त, हस्तिदन्त** (પું.) ખીલો, ખૂંટો, ટોડલો

**नीशार** (પું.) ગોદડું, રજાઈ

**पल्यङ्क** (પું.) ખાટ, ખાટલો, પલંગ, પાટ

**पादरक्ष** (પું.), **पादुका** (સ્ત્રી.) પગરખાં, બુટ, ચંપલ, મોજડી, પાદુકા

**पानपात्र** (ન.) પાણી પીવાનું પવાલું, ગ્લાસ, પ્યાલું

**पिटक** (પું.ન.) લાકડાની પેટી

**पिटाक** (પું.) લાકડાની મોટી પેટી, પટારો

**पिठर** (પું.ન.) તપેલી, તપેલું, થાળી, વાસણ

**पिप्पलक** (ન.) સોયનો દોરો

**पेषणि-णी** (સ્ત્રી.) ઘંટી, ચક્કી

**पोट्टलिका, पोट्टली** (સ્ત્રી.) પોટલી

**प्रसेवक, स्यूत** (પું.) થેલી, કોથળી, કોથળો

**बहुकरी, मार्जनी, संमार्जनी** (સ્ત્રી.) સાવરણી

**भाण्डागार**(પું) ભંડાર, ખજાનો, તિજોરી

**मञ्जूषा** (સ્ત્રી.) ઘરેણાંની પેટી, મજૂસ, પટારો, દાબડો

**मणिक** (પું.) હાંડો

**मन्थान** (પું) મંથન દંડ, રવૈયો, ઝેરણી

**मुशल** (પું.) મુશળ, દસ્તો, સાંબેલું

**वर्णकम्बल** (પું.) ગાલીચો

**वस्त्रधारिणी** (સ્ત્રી.) વળગણી, કપડાં લટકાવવાનું સાધન

**शष्कुल** (પું.સ્ત્રી.) સૂડી

**शराव** (પું.) કોડિયું, શકોરું

**शाणी** (સ્ત્રી.) કોથળો, ગુણ

**शिक्य** (ન.) શીકું

**शूर्प, सूर्प** (ન.) સૂપડું

**सालार** (ન.) ખીંટી, અભરાઈ

**सूचि-ची** (સ્ત્રી.) સોય

**स्थाल** (ન), **स्थाली** (સ્ત્રી) થાળ, થાળી

**स्वेदिनी** (સ્ત્રી.) નાની કડાઈ

**हसन्तिका, हसनी** (સ્ત્રી.) સગડી

# સગપણવાચક શબ્દો

**अक्का, अत्ता, अत्तिका, अम्बा, अल्ला** (स्त्री.) મા, માતા, જનેતા

**अग्रज** (पुं.) મોટો ભાઈ

**अग्रजा** (स्त्री.) મોટી બહેન

**अङ्गज, आत्मज** (पुं.) પુત્ર, દીકરો

**अङ्गजा, आत्मजा** (स्त्री.) પુત્રી, દીકરી

**अनुज, कनिष्ठ** (पुं.) નાનો ભાઈ

**अनुजा, कनिष्ठा** (स्त्री.) નાની બહેન

**अम्बक, जनक, तात** (पुं) પિતા, બાપ

**आवुत्त, भावुक** (पुं.) બનેવી, ભગિનીપતિ

**कुतप** (पुं.) ભાણેજ, બહેનનો કે દીકરીનો દીકરો

**जामातृ** (पुं.) જમાઈ, દીકરીનો વર

**जामेय, भगिनीपुत्र, भागिनेय** (पुं.) ભાણેજ, બહેનનો દીકરો

**ज्येष्ठ** (पुं.) મોટો ભાઈ, જેઠ

**ज्येष्ठा** (स्त्री.) મોટી બહેન, જેઠાણી

**तातगु** (पुं.) દાદા

**दिक्करी** (स्त्री.) દીકરી, પુત્રી

**देवन, देवर, देवल, देवृ** (पुं.) દીયર, વરનો નાનો ભાઈ

**देवरपत्नी** (स्त्री.) દેરાણી, વરના નાના ભાઈની વહુ

**दौहित्र** (पुं.) દીકરીનો દીકરો

**ननन्दिका** (स्त्री.) નણંદ

**नप्तृ** (पुं.) પૌત્ર, દીકરાનો કે દીકરીનો દીકરો

**नप्त्री** (स्त्री.) પૌત્રી, દીકરાની કે દીકરીની દીકરી

**पत्यग्रज** (पुं) જેઠ, પતિનો મોટો ભાઈ

**पत्यग्रजा** (स्त्री.) જેઠાણી

**पितरौ** (पुं.द्वि.व.) માતાપિતા, માબાપ

**पितामह** (पुं.) બાપના બાપ, દાદા, આજા

**पितामही** (स्त्री.) દાદી, આજી

**पितृव्य** (पुं.) પિતાના નાના કે મોટા ભાઈ, કાકા

**पितृव्या** (स्त्री.) કાકી

**पितृस्वसृ** (स्त्री.) બાપની બહેન, ફોઈ, ફોઈબા, ફઈ, ફઈબા

**पितृस्वसापति** (पुं.) ફુઆ

**पितृस्वसेय** (पुं.) ફોઈનો દીકરો, ફોઈઆત ભાઈ

**पुत्रौ** (पुं.द्वि.व.) પુત્ર-પુત્રી બંને, દીકરો-દીકરી બંને

**प्रपितामह** (पुं.) વડદાદા

**प्रपितामही** (स्त्री.) વડદાદી

**भगिनी** (स्त्री.) બહેન

**भगिनीपुत्री** (स्त्री.) ભાણેજી, બહેનની દીકરી

**भ्रातरौ** (पुं.द्वि.व.) ભાઈ-બહેન બંને

**भ्रातृ** (પું.) ભાઈ
**भ्रातृज, भ्रातृव्य, भ्रात्रीय** (પું.) ભાઈનો પુત્ર, ભત્રીજો, શત્રુ
**भ्रातृजाया** (સ્ત્રી.) ભોજાઈ, ભાભી
**मातामह** (પું.) માતાના બાપ, નાના
**मातामही** (સ્ત્રી) માતાની માતા, નાની
**मातुल** (પું.) મામા, માતાના ભાઈ
**मातुला, मातुली, मातुलानी** (સ્ત્રી.) મામાની પત્ની, મામી
**मातुलेय** (પું.) મામાનો દીકરો ભાઈ
**मातृष्वसा** (સ્ત્રી) માસી, માતાની બહેન
**मातृष्वसापति** (પું.) માસા, માસીના પતિ
**मातृष्वसेय, मातृष्वस्रीय** (પું.) માસીનો દીકરો, માસિયાઈ ભાઈ
**विमातृ** (સ્ત્રી) સાવકી મા, ઓરમાન મા
**विमातृज, विमात्रेय, वैमात्रेय** (પું.) સાવકો ભાઈ, ઓરમાન ભાઈ
**श्याल, स्याल** (પું.) સાળો, પત્નીનો ભાઈ
**श्यालिका, स्यालिका** (સ્ત્રી.) સાળી, પત્નીની નાની બહેન
**श्वसुर** (પું.) સસરા, પતિ કે પત્નીના પિતા
**श्वसुरौ** (પું.દ્વિ.વ.) સાસુ-સસરા બંને
**श्वश्रू** (સ્ત્રી.) સાસુ, પતિ કે પત્નીની માતા
**सगोत्र** (પું.) એક વંશીય વ્યક્તિ
**सम्बन्धिन्** (પું.) ન્યાતીલું, જ્ઞાતિજન
**सापत्न, सापत्न्य** (પું.) શોક્યનો છોકરો, સાવકો ભાઈ, શત્રુ
**स्नुषा** (સ્ત્રી.) પુત્રવધૂ

૧. **अनुयोगकृत्** (પું.) વ્યાખ્યાનકાર આચાર્ય
૨. **अनूचान, गणि** (પું.) આચારાંગ વગેરે પ્રવચન જાણનાર
૩. **सतीर्थ्य, एकगुरु** (પું.) ગુરુભાઈ
૪. **आम्नाय, गुरुक्रम, पारम्पर्य, सम्प्रदाय** (પું.) ગુરુપરંપરાગત ઉપદેશ

✡

૧. **अक्षौहिणी सेना** (સ્ત્રી.) જેમાં ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ ઘોડા, ૧૦૯૩૫૦ પાયદળ પ્રમાણ સૈન્ય હોય છે.

✡

૧. **आधि** (પું.) માનસિક પીડા, ૨. **व्याधि** (પું.) શારીરિક પીડા, ૩. **उपाधि** (પું.) પુત્ર-કલત્રાદિ

## વ્યવસાયદર્શક શબ્દો

**अक्षरजीवक, लेखक** (પું.) કલમ (લેખન) વડે આજીવિકા ચલાવનાર

**अगदङ्कार** (પું.) વૈદ્ય, ડૉક્ટર

**अङ्कुशधारिन्, आधोरण, हस्तिपक** (પું) હાથીનો મહાવત કે સવાર

**अजापाल, आभीर** (પું.) ભરવાડ, રબારી, ગોવાળ

**अध्यापक** (પું.) શિક્ષક, ભણાવનાર, વિદ્યા આપનાર

**अनुचर, किङ्कर, परिचारक, प्रेष्य** (પું.) ચાકર, દાસ, નોકરી વડે આજીવિકા ચલાવનાર, નોકર

**अमात्य** (પું.) પ્રધાન, સચીવ

**अयस्कार, धमक, लोहकार** (પું) લુહાર

**आखेटक, मृगयु, लुब्धक** (પું.) પારધી, શિકારી

**आपणिक, नैगम** (પું.) વેપારી, દુકાનદાર

**आयुधिक, शस्त्रजीविन्** (પું.) શસ્ત્રો વડે આજીવિકા ચલાવનાર

**आरामिक, मालाकार, मालिन्** (પું) બગીચાનો માળી

**आलेपक, लेपक** (પું.) કડિયો

**कञ्चुकिन्, सौविदल्ल** (પું.) અંતઃપુરનો રક્ષક

**कान्दविक, भक्ष्यकारक** (પું) કંદોઈ

**काम्बविक** (પું.) શંખ, છીપ વગેરેનાં ઘરેણાં બનાવી વેચનાર

**कारु, शिल्पिन्** (પું) કારીગર, શિલ્પી

**कांस्यकार, ताम्रकुट्टक** (પું.) કંસારો, ધાતુનાં વાસણ ઘડનાર

**कुटुम्बिन्, कृषीवल** (પું.) ખેડૂત

**कुम्भकार, कुलाल** (પું.) કુંભાર માટીનાં વાસણ ઘડનાર

**कोष्ठागारिक** (પું.) કોઠારી

**केवर्त, कैवर्त, धीवर** (પું.) માછીમાર, નૌકા ચલાવનાર

**खट्टिक, मांसिक, सौनिक** (પું.) ખાટકી, કસાઈ, માંસ વેચનાર

**चर्मकार** (પું.) ચમાર, મોચી

**चित्रकार, रङ्गाजीव** (પું.) ચિત્રકામ કરનાર, ચિતારો, રંગારો

**चौर, मलिम्लुच** (પું.) ચોર

**जाङ्गुलिक** (પું.) વિષવૈદ્ય, વાદી, ગારુડિક, સર્પ પકડનાર

**जालिक, वागुरिक, व्याध** (પું.) જાળ પાથરીને મૃગ વગેરેને પકડનાર શિકારી

**तक्षक, तक्षन्, त्वष्टृ, रथकार, वर्धकि, वर्धकिन्** (પું.) સુથાર

**तन्तुवाय** (પું.) વણકર, વસ્ત્ર વણનાર

**दीवाकीर्ति, नापित, मुण्डक** (પું.) હજામ, વાળંદ, નાઈ

**देवल, देवाजीव** (પું.) દેવનો પુજારી

**द्वैगुणिक, वृद्ध्याजीव** (પું.) વ્યાજથી આજીવિકા ચલાવનાર

**द्यूतकार** (પું.) જુગારી

**निर्णेजक, रजक** (પું.) ધોબી

**पत्रवाहक** (પું.) ટપાલી

**पुराध्यक्ष** (પું.) નગરનો અધિકારી, કોટવાળ

**प्रतिहार, प्रतिहारिन्, द्वास्पाल** (પું.) દ્વારપાળ, દરવાન

**बन्दिन्** (પું) સ્તુતિ કરનાર, ભાટ, ચારણ

**मणिकार, वैकटिक** (પું.) ઝવેરી

**मायाकार** (પું.) જાદુગર

**बुक्कस, मृतप** (પું.) ચાંડાલ, સ્મશાનનું કામ કરનાર

**लुण्टाक** (પું.) લૂંટારો

**वनीपक** (પું.) યાચક, માગણ

**वैतालिक** (પું.) પ્રભાતમાં સ્તુતિ વડે રાજા વગેરેને જગાડનાર, બંદીજન

**शाकुनिक** (પું.) પક્ષીઓને હણનાર

**शाणाजीव** (પું) શસ્ત્રની ધાર કાઢનાર, સરાણિયો

**शौण्डिक** (પું) મદીરા વેચનાર, કલાલ

**श्वपच** (પું.) ચાંડાલ, ચંડાલ

**सन्धिजीवक** (પું) સંધિ વડે આજીવિકા ચલાવનાર, દલાલી કરનાર, દલાલ

**सांयात्रिक** (પું.) વહાણવટી, દરિયાઈ વેપારી, વહાણથી વેપાર કરનાર

**सूद, सूपकार** (પું.) રસોઈ કરનાર, રસોયો

**सौचिक** (પું.) દરજી

**सुवर्णकार, स्वर्णकार** (પું.) સોની

**स्पश, हेरिक** (પું.) દૂત, જાસૂસ, બાતમીદાર, છૂપી પોલિસ

## બુદ્ધિના આઠ ગુણ

૧. **शुश्रूषा** (સ્ત્રી.) સાંભળવાની ઈચ્છા
૨. **श्रवण** (ન.) સાંભળવું.
૩. **ग्रहण** (ન.) ગ્રહણ કરવું.
૪. **धारण** (ન.) ગ્રહણ કરેલું ભુલાઈ ન જાય તેવી રીતે તેને ધારણ કરવું.
૫. **ऊह** (પું.) યુક્તિપૂર્વક વિચારવું.
૬. **अपोह** (પું.) વિશુદ્ધ પક્ષનું નિરાકરણ કરવું.
૭. **अर्थविज्ञान** (ન.) યથાવસ્થિત અર્થનું જાણવું.
૮. **तत्त्वज्ञान** (ન.) પરમાર્થજ્ઞાન

## વાજિંત્રવાચક શબ્દો

**વાજિંત્રો ચાર પ્રકારનાં છે :**

(૧) **તત** = તંતુવાદ્ય

(૨) **વિતત** = વીણા વગેરે તારવાળું વાદ્ય

(૩) **ઘન** = કરતાલ, ઝાલર, ઘંટ વગેરે કાંસાનું વાદ્ય

(૪) **શુષિર** = ફૂંકીને વગાડાતું વાંસળી વગેરે છિદ્રોવાળું વાદ્ય

**आतोद्य, तूर्य, वादित्र, वाद्य** (ન.) વાજિંત્ર

**आनक, दुन्दुभि** (પું), **भेरि-री** (સ્ત્રી.) મોટું નગારું, ઢોલ

**आनद्ध** (ન.) મૃદંગ, ઢોલ વગેરે મુખ ઉપર ચામડાવાળું વાજિંત્ર

**काहला** (સ્ત્રી.) રણશીંગું, શીંગડાના આકારનું વાજિંત્ર

**डमरु** (પું.) ડમરું, ડાકલું

**डिण्डिम** (પું.), **पटह** (પું.ન.) ઢંઢેરો, ઢોલ, નગારું, ડંકો

**तुम्बर** (ન.) તંબૂરો

**पणव** (પું.) ઢોલ, નગારું

**मुरज, मृदङ्ग** (પું.) મૃદંગ, મર્દલ

**मुरली** (સ્ત્રી.) મોરલી

**वंशिका** (સ્ત્રી.) વાંસળી

**वल्लकी, विपञ्ची, वीणा** (સ્ત્રી.) વીણા, સારંગી

**शुषिर, सुषिर** (ન.) વાંસળી, શંખ વગેરે છિદ્ર વડે શબ્દ ઉત્પન્ન થાય તેવું વાજિંત્ર

## ઓજાર(હથિયાર)વાચક શબ્દો

**करपत्रक** (ન), **ऋकच** (પું.ન) કરવત

**कर्तरिका, कर्तरी, कर्त्रिका** (સ્ત્રી.) કાતર, કટાર, છરી

**कुठार, परशु, वृक्षादन** (પું.) કુહાડો

**कुदाल, कुद्दाल** (પું.ન.) કોદાળો-ળી

**कुन्त** (પું.) ભાલો,બરછી

**कुलीश** (પું.ન.), **पवि** (પું.), **वज्र** (પું.ન.) વજ્ર, ઈન્દ્રનું હથિયાર

**कुशिका, कुषिका** (સ્ત્રી) લોઢાની કોશ

**खनित्र, खात्र** (ન.) કોદાળી, પાવડો

**छुरिका, छुरी** (સ્ત્રી.) છરી, છરો

**टङ्क, पाषाणदारक** (પું.) ટાંકણું

**तक्षणी** (સ્ત્રી.) વાંસલો, લાકડું છોલવાનું સાધન

**दात्र, लवित्र** (ન.) દાતરડું

**मुद्गर** (પું.) ઘણ, મગદળ

**लगुड** (પું.) લાઠી, લાકડી, ડંડો, ધોકો

**व्रश्चन** (પું.) છીણી, કુહાડી

# પશુવાચક શબ્દો

**अजा** (સ્ત્રી.) બકરી

**अनडुह वृषभ, बलीवर्द** (પું.) બળદ, આખલો

**अनडुही** (સ્ત્રી.) ગાય

**अलर्क** (પું.) હડકાયો કૂતરો

**अश्वतर, वेगसर, वेसर** (પું.) ખચ્ચર

**उक्षन्** (પું.) બળદ

**उरण** (પું.) બકરો, ઘેટો

**उष्ट्र** (પું.) ઊંટ

**ऋक्ष, भल्लुक** (પું.) રીંછ

**एडक** (પું.) ઘેટો

**ओतु, बिडाल, मार्जार** (પું.) બિલાડો

**कपि, मर्कट, वानर** (પું.) વાંદરો

**कलभ** (પું.) હાથી કે ઊંટનું બચ્ચું, ૩૦ વર્ષની વયનો હાથી

**कासर, महिष, यमवाहन, लुलाय** (પું.) પાડો

**किखि** (સ્ત્રી.) શિયાળ જેવું પ્રાણી, લોંકડી

**कुक्कुर, कृतज्ञ, भषक, श्वान, सारमेय** (પું.) કૂતરો

**क्रोष्टृ, जम्बुक, शृगाल** (પું.) શિયાળ

**गण्डक** (પું.) ગેંડો

**गर्दभ, रासभ, खर** (પું.) ગધેડો

**गर्दभी** (સ્ત્રી.) ગધેડી

**गवय, गोसदृक्ष** (પું.) ગાયના જેવું પ્રાણી, રોઝ

**चित्रक, चित्रकाय** (પું.) ચિત્તો, દીપડો

**छाग** (પું.) બકરો

**छागिका** (સ્ત્રી.) બકરી

**धेनु** (સ્ત્રી.) ગાય

**नस्योत** (પું) નાકવીંધેલો-નાથેલો બળદ

**पञ्चास्य** (પું.) સિંહ

**पारीन्द्र** (પું.) સિંહ, અજગર

**पोत** (પું.) દસ વર્ષનો હાથી

**महिषी, लुलायी** (સ્ત્રી.) ભેંસ

**मेष** (પું.) ઘેટો

**वडवा** (સ્ત્રી.) ઘોડી

**वत्स** (પું.) વાછરડો

**वराह, विट्चर** (પું.) ભૂંડ

**वशा** (સ્ત્રી.) હાથણી

**विक्क** (પું.) ૨૦ વર્ષનો હાથી

**वृक** (પું.) વરુ

**व्याघ्र** (પું.) વાઘ

**व्याल** (પું.) હિંસકપશુ, દુષ્ટ હાથી, સર્પ

**शरभ** (પું.) અષ્ટાપદ પ્રાણી, શરભ

**शश, शशक** (પું.) સસલો

**शिवा** (સ્ત્રી.) શિયાળવી

**शूनी, सारमेयी** (સ્ત્રી.)કૂતરી

**श्वापद** (પું.) હિંસક પશુ,વાઘ

**षण्ड** (પું.) સાંઢ, આખલો

**हरिण** (પું.) હરણ

# પક્ષીવાચક શબ્દો

**अन्यपुष्टा** (સ્ત્રી.), **कलकण्ठ**, **काकपुष्ट**, **कुहूक**, **कोकिल** (પું), **कोकिला**, **परभृता** (સ્ત્રી.), **पिक** (પું.) કોયલ

**उत्पादशयन**, **खञ्जन** (પું.) ખંજનપક્ષી

**उलूक**, **काकारि**, **कौशिक**, **घूक**, **दिवान्ध**, **निशाट** (પું.) ઘુવડ

**एकदृश्**, **काक**, **काण**, **काण**, **गूढमैथुन**, **द्विक**, **बलिभुज्**, **मुखर**, **वायस**, **सकृत्प्रज** (પું.) કાગડો

**कपोत**, **पारापत**, **रक्तलोचन** (પું.) કબૂતર, પારેવું

**कलहंस**, **चक्राङ्ग**, **मराल**, **हंस** (પું) હંસ

**कलिङ्ग** (પું.) કાકાકૌઆ

**कामिन्**, **सारस** (પું.) સારસ પક્ષી

**काष्ठकुट्ट** (પું.) લક્કડખોદ પક્ષી

**कीर**, **शुक** (પું.) પોપટ

**कुक्कुट**, **कुर्कुट**, **चरणायुध**, **ताम्रचूड**, **निशावेदिन्** (પું.) કૂકડો, મરઘો

**केकिन्**, **चन्द्रकिन्**, **मयूर** (પું.) મોર

**कोक**, **चक्रवाक**, **द्वन्द्वचर**, **रथाङ्ग** (પું.) ચકવાક, ચકવો

**क्रौञ्च** (પું.) કૌંચપક્ષી

**गृध्र** (પું.) ગીધ

**चकोर**, **ज्योत्स्नाप्रिय**, **विषसूचक** (પું.) ચકોરપક્ષી

**चटक** (પું.) ચકલો

**चटका**, **चटिका** (સ્ત્રી.) ચકલી

**चातक**, **बप्पीह**, **सारङ्ग** (પું.) ચાતકપક્ષી, સારંગપક્ષી, બપૈયો

**चर्मचटका**, **चर्मचटिका**, **चर्मचटी**, **मुखविष्ठा**, **वल्गुलिका** (સ્ત્રી.) ચામાચીડિયું, વાગોળ

**चिल्ल**, **शकुनि** (પું.) સમળી

**जीवंजीव**, **विषदर्शनमृत्युक** (પું.) મોરનાં પીછાં જેવાં પીછાંવાળું પક્ષી કે જે વિષદર્શન થતાં જ મૃત્યુ પામે છે.

**तित्तिर**, **तित्तिर** (પું.) તેતર પક્ષી

**द्विज**, **नीडज** (પું.) પક્ષી

**बक** (પું.) બગલો

**बलाक**, **बलाहक** (પું.) બગલાની જાત, કુંજપક્ષી, કુંજડો

**बलाका** (સ્ત્રી.) બગલી

**बुलबुल** (પું.) બુલબુલ

**भारण्ड**, **भारुण्ड** (પું.) ભારંડપક્ષી

**मराल** (પું.) બતક

**राजहंस** (પું.) શરીર ધોળું તથા ચાંચ અને પગ ઘણા રાતા હોય તેવો હંસ

**श्येन** (પું.) બાજપક્ષી, સીંચાણો

**सारिका** (સ્ત્રી.) સારિકા, મેના

**सुगृह** (પું.) સુઘરી

# જીવજંતુવાચક શબ્દો

**अकर्ण, दृक्कर्ण, सर्प** (પું.) સાપ, નાગ

**अकूपार, कच्छप, कमठ, कूर्म, चतुर्गति** (પું.) કાચબો

**अजगर** (પું.) અજગર

**अजिह्व, दर्दुर, प्लव, भेक, मण्डूक** (પું.) દેડકો

**अलि, वृश्चिक** (પું.) વીંછી

**अष्टपाद्, ऊर्णनाभ, कौलिक, जालकारक, तन्तुवाय, लालास्राव** (પું.) કરોળિયો

**इन्द्रगोप** (પું.) ઇન્દ્રગોપ, ગોકળગાય

**उद्देहिका, उपदेहिका, उपदीका** (સ્ત્રી.) ઊધઈ, ઊધેઈ

**उन्दुर, खनक, मूषक** (પું.) ઉંદર

**कर्कट, कर्कटक, षोडशांह्रि** (પું.) કરચલો

**कर्णकीटा, कर्णजलूका, शतपदी** (સ્ત્રી.) કાનખજૂરો

**काष्ठकीट, घुण** (પું.) લાકડાનો કીડો

**कीकस** (પું.બ.વ) પેટમાં થતા કરમિયા

**कुड्यमत्स्य** (પું.), **गृहगोधिका, गृहगोलिका, भित्तिका** (સ્ત્રી) ગરોળી

**केशकीट** (પું.), **यूका, षट्पदी** (સ્ત્રી.) જૂ

**कृकलास** (પું.) કાકીડો, કાચીંડો

**कृमि** (પું) જંતુ, નાનું જીવડું, કરમિયું

**खद्योत** (પું.) ખદ્યોત, આગિયો જીવડો

**गण्डूपद** (પું.) અળસિયો

**गर्दभी** (સ્ત્રી) છાણના કીડા, ગદહીઆ

**गोधा** (સ્ત્રી.) ઘો

**घृतेली** (સ્ત્રી.) ઘીમેલ

**चञ्चरीक, भ्रमर, भृङ्ग, षट्पद** (પું.) ભમરો

**चीरी** (સ્ત્રી.) રાત્રે 'ચીં-ચીં' કરે છે તે, તમરું

**छुछुन्दर** (પું.) છછુંદર, ઉંદર જેવું પ્રાણી

**जलूका** (સ્ત્રી.) જળો

**दंश, दंशक, मशक** (પું.) મચ્છર

**नकुल** (પું.) નોળિયો

**नक्र, मकर** (પું.) મગરમચ્છ

**पतङ्ग, शलभ** (પું.) પતંગિયું, તીડ

**पिपील, पिपीलक** (પું.) મકોડો, મોટી કીડી

**पिपीलिका, हीनाङ्गी** (સ્ત્રી.) કીડી

**मक्षिका** (સ્ત્રી.) માખી

**मत्कुण** (પું.) માંકડ

**मधुमक्षिका** (સ્ત્રી.) મધમાખી

**लिक्षा** (સ્ત્રી.) લીખ

**शल्लकी, शल्यकी** (સ્ત્રી.) શાહૂડી

**षाडहिला** (સ્ત્રી.) ખિસકોલી

# ઈચ્છાદર્શક શબ્દો

૧. ઈચ્છાદર્શક પ્રત્યય '**सन्**' છે તેથી આવા શબ્દો '**सन्नन्त**' કહેવાય છે. '**सन्**' પ્રત્યય લાગે ત્યારે પરોક્ષ ભૂતકાળની જેમ ધાતુ બેવડાય છે.

૨. ઈચ્છાદર્શક રૂપને '**उ**' લગાડવાથી '**ઈચ્છનાર**' દર્શક નામ બને છે; જેમકે, **चिकीर्षुः** = કરવાની ઈચ્છાવાળો

૩. ઈચ્છાદર્શક રૂપને '**आ**' લગાડવાથી ભાવવાચક નામ બને છે; જેમકે, **जिज्ञासा** = જાણવાની ઈચ્છા

૪. ભાવવાચક નામનો જેની સાથે સંબંધ હોય તે નામ છઠ્ઠી વિભક્તિમાં આવે છે; જેમકે, **जलस्य पिपासा** = પાણી પીવાની ઈચ્છા

૫. ઈચ્છાદર્શક ભાવવાચક નામને '**उ**' લગાડવાથી જે નામ (વિશેષણ) બને છે, તેનો સંબંધ જેની સાથે હોય તે બીજી વિભક્તિમાં આવે છે; જેમકે, **कटं चिकीर्षुः** = સાદડી બનાવવાની ઈચ્છાવાળો

❋

| ઈચ્છા (ભાવવાચક નામ) | ઈચ્છા કરનાર (કર્તૃવાચક નામ) |
|---|---|
| **ईप्सा, प्रेप्सा, लिप्सा** (સ્ત્રી.) મેળવવાની ઈચ્છા, લાલચ | **ईप्सु, प्रेप्सु, लिप्सु** (વિ.) મેળવવાની ઈચ્છાવાળો, લાલચુ |
| **चिकीर्षा** (સ્ત્રી.) કરવાની ઈચ્છા | **चिकीर्षु** (વિ.) કરવાની ઈચ્છાવાળો |
| **जिगमिषा** (સ્ત્રી.) જવાની ઈચ્છા | **जिगमिषु** (વિ.) જવાની ઈચ્છાવાળો |
| **जिघत्सा** (સ્ત્રી.)ખાવાની ઈચ્છા, ભૂખ | **जिघत्सु** (વિ.) ખાવાની ઈચ્છાવાળો |
| **जिघृक्षा** (સ્ત્રી.) ગ્રહણ કરવાની ઈચ્છા | **जिघृक्षु**(વિ)ગ્રહણકરવાનીઈચ્છાવાળો |
| **जिज्ञासा** (સ્ત્રી.) જાણવાની ઈચ્છા | **जिज्ञासु** (વિ.) જાણવાની ઈચ્છાવાળો |
| **जिहासा** (સ્ત્રી.) ત્યાગ કરવાની ઈચ્છા | **जिहासु**(વિ)ત્યાગકરવાનીઈચ્છાવાળો |
| **जिहीर्षा** (સ્ત્રી.) હરણ કરવાની ઈચ્છા | **जिहीर्षु**(વિ)હરણકરવાનીઈચ્છાવાળો |
| **तितिक्षा** (સ્ત્રી.) સહન કરવાની ઈચ્છા | **तितिक्षु**(વિ)સહનકરવાનીઈચ્છાવાળો |
| **तितीर्षा** (સ્ત્રી.) તરવાની ઈચ્છા | **तितीर्षु** (વિ.) તરવાની ઈચ્છાવાળો |

**दित्सा** (સ્ત્રી.) આપવાની-દાન કરવાની ઇચ્છા

**दिदृक्षा** (સ્ત્રી.) જોવાની ઇચ્છા

**दिधक्षा** (સ્ત્રી.) બાળવાની ઇચ્છા

**पिपासा** (સ્ત્રી.) પીવાની ઇચ્છા, તૃષા, તરસ

**बुभुक्षा** (સ્ત્રી.) ખાવાની ઇચ્છા, ભૂખ

**बुभुत्सा** (સ્ત્રી.) બોધ પામવાની ઇચ્છા

**मुमुक्षा** (સ્ત્રી.) મુક્ત થવાની ઇચ્છા

**मुमूर्षा** (સ્ત્રી.) મરવાની ઇચ્છા

**यियक्षा** (સ્ત્રી.) પૂજવાની ઇચ્છા

**रिंसा** (સ્ત્રી.) રમવાની-ક્રીડા કરવાની ઇચ્છા

**रुरुत्सा** (સ્ત્રી.) રોકવા-રુંધવાની ઇચ્છા

**विजिगीषा** (સ્ત્રી.) વિજય પામવાની કે જીતવાની ઇચ્છા

**विजिहीर्षा** (સ્ત્રી.) ક્રીડા-વિલાસ કરવાની ઇચ્છા

**विधित्सा** (સ્ત્રી.) કરવા-રચવાની ઇચ્છા

**विवक्षा** (સ્ત્રી.) કહેવા-બોલવાની ઇચ્છા

**शिशयिषा**, **सुषुप्सा** (સ્ત્રી.) સૂવાની ઇચ્છા

**दित्सु** (વિ.) આપવાની-દાન કરવાની ઇચ્છાવાળો

**दिदृक्षु** (વિ.) જોવાની ઇચ્છાવાળો, જોવાની ઇચ્છા કરનાર

**दिधक्षु** (વિ.) બાળવાની ઇચ્છાવાળો

**पिपासु** (વિ.) પીવાની ઇચ્છાવાળો, તૃષાતુર

**बुभुक्षु** (વિ.) ખાવાની ઇચ્છાવાળો

**बुभुत्सु** (વિ.) બોધ પામવાની ઇચ્છાવાળો

**मुमुक्षु** (વિ.) મુક્ત થવાની ઇચ્છાવાળો

**मुमूर्षु** (વિ.) મરવાની અણી ઉપર આવેલો, મરણાસન્ન

**यियक्षु** (વિ.) પૂજવાની ઇચ્છાવાળો

**रिंसु** (વિ.) રમવા-ક્રીડા કરવાની ઇચ્છાવાળો

**रुरुत्सु** (વિ.) રોકવા-રુંધવાની ઇચ્છાવાળો

**विजिगीषु** (વિ.) વિજય પામવાની કે જીતવાની ઇચ્છાવાળો

**विजिहीर्षु** (વિ.) ક્રીડા-વિલાસ કરવાની ઇચ્છાવાળો

**विधित्सु** (વિ.) કરવા-રચવાની ઇચ્છાવાળો

**विवक्षु** (વિ.) કહેવા-બોલવાની ઇચ્છાવાળો

**शिशयिषु**, **सुषुप्सु** (વિ.) સૂવાની ઇચ્છાવાળો

**सन्धित्सा** (સ્ત્રી.) સાંધવા-બાંધવા-જોડવાની ઇચ્છા

**संयुयुक्षा, संयुयूषा** (સ્ત્રી.) જોડવા-સંયોગ કરવાની ઇચ્છા

**संवुवूर्षा** (સ્ત્રી.) ઢાંકવા-છુપાવવાની ઇચ્છા

**सिसृक्षा** (સ્ત્રી) સર્જન કરવાની ઇચ્છા, છોડી મૂકવાની ઇચ્છા

**सन्धित्सु** (વિ.) સાંધવા-બાંધવા-જોડવાની ઇચ્છાવાળો

**संयुयुक्षु, संयुयूषु** (વિ.) જોડવા-સંયોગ કરવાની ઇચ્છાવાળો

**संवुवूर्षु** (વિ.) ઢાંકવા-છુપાવવાની ઇચ્છાવાળો

**सिसृक्षु** (વિ.) સર્જન કરવાની ઇચ્છાવાળો, છોડી મૂકવાની ઇચ્છાવાળો

## આઠ પ્રકારે ઉત્પન્ન થનારા ત્રસ જીવો

૧. **अण्डजाः** પક્ષી, સાપ વગેરે ઇંડામાંથી ઉત્પન્ન થનારા જીવો છે.

૨. **पोतजाः** હાથી વગેરે પોત (જરાયુ વિનાના) ગર્ભથી ઉત્પન્ન થનારા જીવો છે.

૩. **रसजाः** મદિરાના કીડા વગેરે રસમાં ઉત્પન્ન થનારા જીવો છે.

૪. **जरायुजाः** મનુષ્ય, ગાય વગેરે 'જરાયુજ' અર્થાત્ ઓરમાંથી ઉત્પન્ન થનારા જીવો છે.

૫. **स्वेदजाः** જૂ, માંકડ, મચ્છર વગેરે પરસેવામાંથી ઉત્પન્ન થનારા જીવો છે.

૬. **संमूर्च्छनोद्भवाः** માછલાં, સર્પ વગેરે સંમૂર્ચ્છિમ એટલે પોતાની મેળે ઉત્પન્ન થનારા જીવો છે.

૭. **उद्भिदः** 'द्' (પું.બ.વ.) ખંજન પક્ષી, તીડ વગેરે જમીન ફાડીને ઉત્પન્ન થનારા જીવો છે.

૮. **उपपादुकाः** દેવો અને નારકો પોતાની મેળે ઉત્પન્ન થનારા જીવો છે.

ત્રસ જીવો આમ આઠ પ્રકારે ઉત્પન્ન થાય છે.

# વિવિધ વૃત્તિઓ

## (વૃત્તિ = વર્તન)

## શ્વાનવૃત્તિ અને ગજવૃત્તિ

लाङ्गूलचालनमधश्चरणावपातं, भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिण्डदस्य कुरुते, गजपुंगवस्तु, धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते ॥

– ભર્તૃહરિ નીતિશતક

### ૧. શ્વાનવૃત્તિ : (સારા-ખરાબ બંને અર્થમાં)

માલિકની વફાદારી, અલ્પ નિદ્રા અને ઘ્રાણેન્દ્રિયની તીવ્રતા આ શ્વાનગુણો પ્રશંસનીય છે.

કૂતરું મૈથુનરત અને માલિકની ખુશામત કરનારું પ્રાણી છે. ભૂખ્યું થયેલું કૂતરું ભોજન આપનાર માલિકની આગળ પૂંછડી પટપટાવે છે, નીચે બેસીને પગમાં પડે છે, જમીન પર સૂઈને પોતાનું મુખ ને પેટ બતાવે છે અને ભોજન મળતાંની સાથે જ ખાવા લાગી જાય છે.

શ્વાનની જેમ બીજાની ખુશામત કરવી એ માણસની શ્વાનવૃત્તિ છે. નોકરને શેઠની ખુશામત કરવી પડે છે તેથી નોકરી શ્વાનવૃત્તિ કહેવાય છે. **શ્વાનવૃત્તિ ત્યજવા યોગ્ય છે.**

### ૨. ગજવૃત્તિ : (સારા અર્થમાં)

હાથી સ્વમાની પ્રાણી છે. એની સામે જ્યારે એનો ખોરાક મૂકવામાં આવે છે ત્યારે એ તરત જ ખાવા લાગી જતો નથી, પોતે ઘણો ભૂખ્યો થયેલો હોવા છતાં પોતાના ખોરાકને ધીરજથી જોયા કરે છે. મહાવત જ્યારે ઘણા કાલાવાલા કરે છે, પ્રેમથી ખાવા માટે આગ્રહ કરે છે ત્યારે જ ખાય છે.

હાથી સ્વમસ્તીમાં જ મસ્ત હોય છે ને મંદ મંદ ગતિએ ચાલ્યો જતો હોય છે. એ જ્યારે ચાલ્યો જતો હોય ત્યારે પાછળ કૂતરાં ભસતાં હોય, બાળકો કિકિયારી કરતાં હોય તોપણ એ જાણે ઉદાસીનભાવમાં જ હોય છે.

ઉત્તમ પુરુષો હાથી જેવા ગુણવાળા હોય છે. ઉત્તમ પુરુષોની હાથી જેવી વૃત્તિ ગજવૃત્તિ કહેવાય છે. **ગજવૃત્તિ સદા આદરણીય છે.**

### ૩. ચાતકવૃત્તિ : (માનીનું પ્રતીક)

**रे रे चातक सावधानमनसा मित्र क्षणं श्रूयता-**
**मम्भोदा बहवो हि सन्ति गगने सर्वेऽपि नैतादृशाः ।**
**केचिद् वृष्टिभिरार्द्रयन्ति वसुधां गर्जन्ति केचिद् वृथा**
**यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः ॥**

**અર્થ :** હે ચાતક, હે મિત્ર ક્ષણવાર સાવધાન મનથી સાંભળ, આકાશમાં મેઘો(વાદળો) ઘણા છે, પરંતુ તે સઘળા સરખા કે દયાળુ નથી, કેમકે કેટલાક મેઘ વૃષ્ટિથી પૃથ્વીને ભીંજવી દે છે અને કેટલાક તો માત્ર ગર્જના જ કરે છે (વરસતા નથી). માટે જે જે મેઘને તું દેખે તે સર્વની આગળ તું દીન વચન કહેતો નહિ. (જળની યાચના યોગ્ય મેઘની પાસે જ કરજે).

**एक एव खगो मानी, वने वसति चातकः ।**
**पिपासितो वा म्रियते, याचते वा पुरन्दरम् ॥**

ચાતક પક્ષી સ્વમાની પુરુષનું પ્રતીક છે. જંગલમાં એક માત્ર ચાતક પક્ષી જ માનવાળું અર્થાત્ સ્વમાન ધરાવતું વસે છે. તરસ્યું થયેલું એ જળ વિના મરી જાય છે - મરવું પસંદ કરે છે, પણ સ્વમાની હોવાથી વરસાદના દેવ એવા ઈન્દ્ર સિવાય અન્ય કોઈની પાસે પણ જળની યાચના કરતું નથી.

સંયોગવશ જીવનમાં યાચના કરવાની જરૂર પડે ત્યારે પણ સ્વમાની એવા ઉત્તમ પુરુષોએ જેની તેની પાસે યાચના કરવી યોગ્ય નથી એવો હિતકર બોધ આપણને આ ચાતકવૃત્તિ દ્વારા મળે છે.

### ૪. હંસવૃત્તિ : (વિવેકનું પ્રતીક)

**हंसो हि क्षीरमादत्ते तन्मिश्रा वर्जयत्यपः ।**
**नीरक्षीरविभागे तुं हंसो हंसो, बको बकः ॥**

હંસ ઉત્તમ પક્ષી છે અને એ વિવેકનું પ્રતીક છે. એ પાણીમિશ્રિત દૂધમાંથી દૂધ ખેંચી લે છે અને પાણીનો ત્યાગ કરે છે. હંસ પક્ષી આ રીતે નીર-ક્ષીરનો વિવેક કરે છે. આ વિવેક બગલામાં હોતો નથી. હંસ અને બગલો એ બંનેના શરીરનો વર્ણ સફેદ છે. એમના શરીરનો સફેદ વર્ણ (બાહ્ય દેખાવ) સમાન હોવાથી એ એમને જુદા પાડી બતાવતો નથી, પણ નીર-ક્ષીરનો વિભાગ અર્થાત્ વિવેક જ હંસને હંસ તરીકે અને બગલાને બગલા તરીકે જુદા પાડી બતાવે છે.

નીર-ક્ષીરનો વિવેક એ હંસવૃત્તિ છે. હંસનો નીર-ક્ષીરનો વિવેક આદરણીય છે. હંસની જેમ પ્રત્યેક પદાર્થમાંથી અસાર છોડીને સાર ગ્રહણ કરવાની વૃત્તિવાળા અને માણસમાં રહેલા અવગુણ છોડીને ગુણ ગ્રહણ કરવાની વૃત્તિવાળા અથવા સારા-માઠા પ્રસંગે હિત-અહિતનો વિચાર કરીને હિતનો સ્વીકાર કરનારા અને અહિતનો ત્યાગ કરનારા વિવેકી પુરુષો હંસવૃત્તિવાળા ઉત્તમ પુરુષો કહેવાય છે. **ઉત્તમ પુરુષોએ હંસવૃત્તિવાળા અર્થાત્ વિવેકી બનવું જોઈએ.**

### ૫. મધુકરવૃત્તિ : (સારા-ખરાબ બંને અર્થમાં)

ભમરો પુષ્પોને હાનિ પહોંચાડ્યા વિના પુષ્પરસનું પાન કરીને ઉદરપૂર્તિ કરી લે છે. **ભમરાનો આ ગુણ આદરણીય છે.**

જે વિદ્યાર્થી, સંન્યાસી, સાધુ અને સંત ગૃહસ્થની રસોઈ ખૂટી ન પડે એવી રીતે અનેક ઘરોમાં ફરી થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરીને ઉદરપૂર્તિ કરે છે, એમની એ ભિક્ષા માધુકરી અર્થાત્ મધુકરવૃત્તિ કહેવાય છે. આવી **મધુકરવૃત્તિ સદા આદરણીય છે.**

મધુકર એટલે ભ્રમર. ભ્રમર એટલે ભમરો. ભમરો રસલંપટ હોવાથી ભ્રમરવૃત્તિ નિંદ્ય છે. રસલંપટતાથી ભમરો જેમ અનેક પુષ્પોના રસનો આસ્વાદ માણે છે તેમ ભોગલંપટતાથી અનેક સ્ત્રીઓને ભોગવનાર કામાસક્ત પુરુષ ભ્રમરવૃત્તિવાળો લંપટ પુરુષ કહેવાય છે.

**આત્માની ઊર્ધ્વગતિ કરવાની ઇચ્છાવાળા ઉત્તમ પુરુષોએ અધોગતિ કરનારી ભ્રમરવૃત્તિ હંમેશાં ત્યજવા યોગ્ય છે.**

### ૬. વૃક્ષવૃત્તિ : (સજ્જનતાનું પ્રતીક)

**छायामन्यस्य कुर्वन्ति तिष्ठन्ति स्वयमातपे ।**

**फलान्यपि परार्थाय, वृक्षाः सत्पुरुषा इव ॥**

વૃક્ષો સજ્જનતાનું પ્રતીક છે. પોતે તડકામાં ઊભાં રહે છે અને બીજાને છાંયો આપે છે. એઓનાં ફળો પણ બીજાને માટે જ હોય છે, પોતે ખાતાં નથી તેથી વૃક્ષો સજ્જન જેવા છે.

**पिबन्ति नद्यः स्वयमेव नाऽम्भः**
**स्वयं न स्वादन्ति फलानि वृक्षाः ।**
**नादन्ते सस्यं खलु वारिवाहाः**
**परोपकाराय सतां विभूतयः ॥**

**અર્થ :** નદીઓ પોતાનું જળ પોતે પીતી નથી. વૃક્ષો પોતાનાં ફળ પોતે ખાતાં નથી. વાદળો(પોતે ઉગાડેલા) અનાજને ખાતાં નથી. સજ્જનોની સંપત્તિ પરોપકારને માટે (જ) હોય છે.

પુણ્યોદયે આપણને મળેલી ભૌતિક સંપત્તિ આપણે ભોગવીએ એમાં એની સાર્થકતા નથી, પણ એ પરાર્થે ખરચાય એમાં જ એની સાર્થકતા છે એવો હિતકર બોધ વૃક્ષો દ્વારા આપણને મળે છે. **વૃક્ષવૃત્તિ સદા આદરણીય છે.**

### ૭. બકવૃત્તિ : (માયાવીપણાનું પ્રતીક)

બગલો માયાવી છે, સફેદ ઠગ છે. એનો હૃદયગત ભાવ જુદો હોય છે અને બહારનો ડોળ જુદો હોય છે. માયાવીપણાથી પોતે ધ્યાન ધરતો હોય એવો ડોળ કરીને એ નદીના પાણીમાં ઊભો રહે છે. એ વખતે યોગીની મુદ્રા જેવી નિરુદ્ધ અને એકાગ્ર એની દેહસ્થિતિ હોય છે, પરંતુ એ નદીમાંથી માછલું પકડવા માટે હોય છે, હિંસા માટે હોય છે. એના માયાવીપણાને નહિ જાણી શકતું માછલું જેવું એની નજીકમાં આવે છે કે તરત જ એ ઝડપ મારીને એને પકડી લે છે.

કેટલાક ધૂર્ત માણસો આ બગલા જેવી માયાવી વૃત્તિવાળા હોય છે, તેથી જ લોકો એઓને બગભગત કે તકસાધુ કહેતા હોય છે. લૌકિક(દુન્યવી) લાભ માટેની હૃદયની મેલી મુરાદ એ માણસને માટે બકવૃત્તિ છે. **આ બકવૃત્તિ આ લોક, પરલોકમાં દુઃખદાયક હોવાથી આત્મહિતૈષી ઉત્તમ આત્માઓ માટે સદા ત્યાજ્ય છે.**

### ૮. કાકવૃત્તિ : (ગુણ-દોષ બંનેનું પ્રતીક)

કાગડાને જ્યારે ભક્ષ્ય મળી આવે છે ત્યારે તે એકલપેટો નહિ હોવાથી 'કા-કા'રવ કરીને બીજા અનેક કાગડાઓને બોલાવીને એઓની સાથે મળીને સમૂહભોજન કરે છે. **કાગડાનો આ ગુણ આદરણીય છે.**

**જે માણસ એકલપેટો નથી, પણ અનેકને ભોજન આપીને પછી જ પોતે ભોજન કરે છે તેવો ઉત્તમ માણસ કાકવૃત્તિવાળો સારો માણસ કહેવાય છે.**

## કુટુંબવત્સલ કાગડો

**गात्रं ते मलिनं तथा श्रवणयोरुद्वेगकृत् केङ्कृतं,**

**भक्ष्यं सर्वमपि स्वभावचपलं दुश्चेष्टितं ते सदा ।**

**एतैर्वायस सङ्गतोऽस्यविनयैर्दोषैरमीभिः परं,**

**यत्सर्वत्र कुटुम्बवत्सलमतिस्तेनैव धन्यो भवान् ॥**

કાગડો અનેક દોષોવાળો હોવા છતાં કુટુંબવત્સલ છે, તેથી ગુણાનુરાગી એક કવિ કાગડાને ઉદ્દેશીને કહે છે કે, "હે કાગડા ! તારું શરીર મલિન અર્થાત્ કાળું હોવાથી આંખોને અપ્રિય છે, તારો કેંકારવ અર્થાત્ કર્કશ અવાજ કાનને ઉદ્વેગ પમાડનારો છે, વળી તું ભક્ષ્યાભક્ષ્યના વિવેક વિનાનો હોવાથી અત્યંત અશુચિ પદાર્થો પણ ખાય છે, સ્વભાવથી પણ તું ચંચળ છે અર્થાત્ તારી ચેષ્ટા હંમેશાં ખરાબ છે. તું આ બધા અવિનયવાળા દોષોથી ભરેલો હોવા છતાં તારી મતિ કુટુંબવત્સલ અર્થાત્ કાગડાની જાત પ્રત્યે સ્નેહવાળી છે. આ એક મોટા ગુણને કારણે જ તારા બધા દોષો ઢંકાઈ જાય છે અને તું પક્ષી હોવા છતાં માનવોના પણ ધન્યવાદને પાત્ર બને છે !" **કાગડાનો આ ગુણ આદરણીય છે.**

કાગડો સ્વભાવથી અશુચિ પદાર્થોમાં જ આસક્તિવાળો હોય છે તેથી એ દૂધપાક આદિ મિષ્ટ પદાર્થોનેય છોડીને હંમેશાં વિષ્ટા-શ્લેષ્માદિ અત્યંત અપવિત્ર પદાર્થો ખાવા દોડી જાય છે. આ એક મોટા દોષને કારણે કાગડો જગતમાં નિંદા અને ધિક્કારને પાત્ર બને છે !

આ કર્મજન્ય વિચિત્ર સંસારમાં કર્મવશ જીવો ઓછાવત્તા અંશે ગુણ-દોષ બંનેવાળા હોય એ સ્વાભાવિક છે.

**ઉત્તમ મનુષ્યો સ્વભાવથી જ ગુણદૃષ્ટિવાળા હોવાથી તેઓ અનેક દોષોને છોડીને પણ એક ગુણને જ જોનારા-જાણનારા હોય છે; જ્યારે અધમ પ્રકારના મનુષ્યો સ્વભાવથી જ દોષદૃષ્ટિવાળા હોવાથી તેઓ અનેક ગુણોને છોડીને એક અવગુણ(દોષ)ને જ જોનારા-જાણનારા હોય છે.**

અશુચિ પદાર્થોમાં આસક્તિવાળા કાગડાની જેમ વિષ્ટાતુલ્ય દોષોમાં આસક્તિવાળા અધમ માણસોની વૃત્તિ 'કાકવૃત્તિ' કહેવાય છે. આ **કાકવૃત્તિ નિંદ્ય હોવાથી નવ ગજના નમસ્કારને પાત્ર છે.**

**૯. યાચકવૃત્તિ :** (એકલપેટા સ્વાર્થીનું પ્રતીક)

**काक आह्वयते काकान्, याचको न तु याचकान् ।**
**काकयाचकयोर्मध्ये, वरं काको न याचकः ॥**

પોતાને જ્યારે ભક્ષ્ય પદાર્થ જોવા મળે છે ત્યારે કાગડો 'કા-કા'રવ કરીને બીજા કાગડાઓને પણ ભોજન માટે બોલાવે છે અને સમૂહભોજનનો આનંદ માણે છે; પરંતુ યાચકને કોઈ દાતા તરફથી જ્યારે ભોજનની પ્રાપ્તિ થાય છે ત્યારે એ ભોજન માટે બીજા યાચકોને નિમંત્રણ કરતો નથી. પ્રાપ્ત થયેલું ભોજન અન્ય યાચકને આપતો નથી,પોતે એકલો જ ખાય છે. તેથી કાગડો અને યાચક એ બેમાં આપીને ખાનારો કાગડો, પક્ષી જાતિનો હોવા છતાંય સારો છે, પણ આપ્યા વિના ખાનારો એકલપેટો માણસ સારો નથી. **ઉત્તમ પુરુષો માટે યાચકવૃત્તિ ત્યાજ્ય છે.**

**तृणादपि लघुस्तूलस्तूलादपि च याचकः ।**
**वायुना किं न नीतोऽसौ, मामयं प्रार्थयेदिति ॥**

તૃણ(તણખલા) કરતાં પણ રૂ હલકું છે અને રૂ કરતાંય યાચક હલકો છે. વજનમાં હલકા રૂને પોતાની સાથે લઈ જનારો વાયુ એના કરતાંય વધુ હલકા યાચકને પોતાની સાથે કેમ ન લઈ ગયો ? વાયુએ વિચાર્યું કે "હું જો એને મારી સાથે લઈશ તો યાચના કરવાના સ્વભાવવાળો એ મારી પાસે પણ કાંઈ ને કાંઈ માગ્યા વગર રહેશે નહિ." માટે જ વાયુ એને પોતાની સાથે લઈ ગયો નહિ.

યાચક હોવું અર્થાત્ સંયોગવશ ક્યારેક જ યોગ્ય સ્થાનેથી સ્વમાનભેર યાચના કરીને કોઈ વસ્તુ મેળવવી પડે અને યાચકવૃત્તિવાળા હોવું એ બેમાં ઘણો મોટો તફાવત છે. બીજા લોકો પાસેથી જાતજાતની અનેક વસ્તુઓ માગી ભીખીને કેવી રીતે મેળવ્યા કરવી અથવા કોઈ દાતા પાસેથી સતત દાન મેળવવાની લાલસા રાખ્યા કરવી; ગમે તેટલું મળવા છતાં સંતોષ માનવો નહિ, હંમેશાં અસંતોષી જ રહેવું એ યાચકવૃત્તિ અર્થાત્ નફ્ફટવૃત્તિ છે. આવી યાચકવૃત્તિ માણસને સદા અને સર્વત્ર અપ્રિય બનાવનારી અને અપમાનિત કરનારી, અહિતકર અને અધમ પ્રકારની હોવાથી સદા સર્વથા ત્યાજ્ય છે.

## ૧૦. ગીધવૃત્તિ : (લોભનું પ્રતીક)

ગીધ જ્યારે શિકાર ઉપર ઝપટ મારે છે ત્યારે આખાય પક્ષીને પોતાની વિશાળ પાંખોથી ઢાંકી દઈને પોતાની સોડમાં લઈ લે છે. ગીધની આ લોભી વૃત્તિ છે. તેથી જ મહાપુરુષો ઉપદેશ આપે છે કે "**मा गृधः कस्यस्विद् धनम् ।**" અર્થાત્ હે માનવ ! તું કોઈનાય ધન ઉપર ગીધવૃત્તિ રાખીશ નહિ. લોભિયા માણસની વૃત્તિ ગીધ જેવી જ હોય છે. **પારકું બધું પોતાની સોડમાં સમાવી દેવાની ગીધ જેવી વૃત્તિ અહિતકર હોવાથી ઉત્તમ આત્માઓ માટે હંમેશાં ત્યજવા યોગ્ય છે.**

## ૧૧. આસુરીવૃત્તિ : (અશુભ ભાવનું પ્રતીક)

**दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।**
**अज्ञानं चाभिजातस्य पार्थ सम्पदमासुरीम् ॥**

**ભાવાર્થ :** દંભ, દર્પ(ઘમંડ), અભિમાન(અહમ્-હુંપણું), ક્રોધ, પારુષ્ય(કઠોરતા) અને અજ્ઞાન આ છ દુર્ગુણો, હે પાર્થ ! આસુરી સંપત્તિ લઈને જન્મેલામાં હોય છે.

જંગલી, રાક્ષસી, ક્રોધી, તામસી, જલદ, આકરા, કરડા, દાહક-બાળનાર એવા અશુભ ભાવવાળા તેમજ ચૂગલીખોર, મોટાઈ રાખનાર, ખાવાની વૃત્તિવાળા, વગર સમજ્યે બૂમ-બરાડા પાડનાર નિર્દય અને અભિમાની સ્ત્રી-પુરુષોને અસુર કહેવામાં આવે છે. આવા અહિતકર, અનર્થકારી દુર્ગુણોવાળી વૃત્તિને 'આસુરી વૃત્તિ' કહે છે. **ઉત્તમ આત્માઓને માટે આ આસુરીવૃત્તિ સદા ત્યાજ્ય છે. ઉત્તમ સ્ત્રી-પુરુષોની વૃત્તિ સદ્‌ગુણોવાળી હોવાથી એવી વૃત્તિને 'દૈવી સંપત્તિ' કે 'દૈવી વૃત્તિ' કહે છે, જે અનુકરણીય છે.**

## ૧૨. સાહસવૃત્તિ : (લાભ-હાનિ બંનેનું પ્રતીક)

'**साहसे श्रीः प्रतिष्ठिता ।**' એ સૂક્તિ સાહસની પ્રશસ્તિ કરનારી છે.

પોતાની શક્તિ આદિનો વિચાર કર્યા વગર અશક્ય કે મુશ્કેલ કાર્યમાં એકાએક ઝંપલાવવું અને એને માટે સતત પુરુષાર્થ કર્યા કરવો એ સાહસવૃત્તિ છે. સાહસવૃત્તિમાં ક્યારેક ભાગ્યયોગે સફળતા મળી જાય તો

જગતમાં ડંકો વાગી જાય-વાહ વાહ થઈ જાય, પણ જો દુર્ભાગ્યે નિષ્ફળતા મળે તો જગત હાંસી કરે, ફિટકાર વરસાવે ને બુદ્ધિમાન માણસ પણ મૂર્ખમાં ખપી જાય. **સાહસવૃત્તિની આ બંને બાજુ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.**

❋

# વિવિધ અવલોકનો

## ૧. વિહંગાવલોકન (ખેચરદષ્ટિ)

પક્ષી આકાશમાં ઊંચે ઊડીને પૃથ્વીતલ પર રહેલા સમગ્ર ગ્રામ-નગરને એક નજરમાં નીરખી લે છે, પછી પોતે ક્યાં જવું ને શું કરવું એને અંગેનો યોગ્ય *નિર્ણય કરે છે. એવી જ રીતે વિવેકી પુરુષ કોઈ એકાદ વ્યક્તિ કે* વસ્તુને જોઈને નહિ, પરંતુ સમસ્ત સમાજ, વસ્તુસમૂહ કે વસ્તુનાં તમામ પાસાંને લક્ષમાં રાખીને, લાભહાનિનો વિચાર કરીને પોતે શું કરવું એને અંગેનો યોગ્ય નિર્ણય કરે છે. બુદ્ધિમાન પુરુષના આવા વિવિકપૂર્વકના અવલોકનને વિહંગાવલોકન કહે છે.

## ૨. ગૃધ્રાવલોકન

ગીધ, બાજ, સમડી જેવાં પક્ષીઓ આકાશમાં ગમે તેટલાં ઊંચે ઊડતાં હોય તોપણ એમની નજર તો નીચે જમીન ઉપર પડેલા સડેલા માંસ ઉપર જ રહે છે. ગીધ વગેરે પક્ષીઓનો આ સ્વાભાવિક દોષ છે. દોષદષ્ટિ - ગૃધ્રાવલોકનવાળાં મનુષ્યોમાં પણ આવો સ્વાભાવિક દોષ હોય છે. હંમેશાં અન્યના દુર્ગુણો જ જોયા કરવા એ અશુચિ ચાટવા સમાન નિંદ્ય કાર્ય છે, ગીધવૃત્તિ છે. **ઉત્તમ આત્માઓએ આ ગીધવૃત્તિ સદા ત્યજવા યોગ્ય છે.**

## ૩. સિંહાવલોકન

સિંહ દૂર દૂર દોડતો જાય ત્યારે વચ્ચે વચ્ચે પાછળ નજર કરતો જાય છે ને આગળ વધે છે. સિંહની જેમ આગળ વધતા જવું ને સાથે પાછળ પણ નજર કરવી, પાછળ જોતા રહેવું તેને સિંહાવલોકન કહે છે. આગળ વધતાં વધતાં વચ્ચે વચ્ચે પાછળ પણ જોતાં રહેવું એ દરેક ક્ષેત્રમાં પ્રગતિનો માર્ગ છે. આગળનું કથન કરતાં પહેલાં પૂર્વનું સારાંશરૂપે કહેવું, ધૈર્ય, શૌર્ય, પરાક્રમ સાથેની અગ્રેસર ગતિમાં ઊભા રહીને આગળ-પાછળ, ઉપર-નીચે નજર કરીને લાભાલાભ વિચારવા, ગુણદોષનું મંથન કરવું તે સિંહાવલોકન છે.

## ૪. તત્ત્વાવલોકન (સૂક્ષ્માવલોકન)

કોઈ પણ બાબતને બારીક નજરથી જોવી, દરેક બાબતની ઝીણવટભરી તપાસ કરવી, કોઈ પણ વિષયમાં બારીકાઈથી ઊંડા ઊતરવું એને તત્ત્વાવલોકન(સૂક્ષ્માવલોકન) કહે છે.

સામાન્ય બુદ્ધિવાળા જીવો ઉપલક(સ્થૂલ)દષ્ટિવાળા હોય છે. તેઓ કોઈ પણ બાબતમાં ઊંડો વિચાર કરી શકતા નથી. તેઓ ઊંડો વિચાર કર્યા વિના જ જ્યાં ત્યાં ઝંપલાવી દેવાની આદતવાળા હોય છે.

જાળ ઉપર પાથરેલા દાણા જોઈને કબૂતરો તે ચણવા ઊતરી પડે છે, પારધીની જાળમાં ફસાઈ જાય છે ને મોતને ભેટે છે.

એવી જ રીતે સ્થૂલ દષ્ટિવાળા જીવો તત્ત્વાવલોકન કરી શકતા નથી. ઉપલક દષ્ટિથી જોઈ અહિતકર કાર્યનો પ્રારંભ કરે છે અને વિનાશ નોતરે છે.

સૂક્ષ્મ(તીક્ષ્ણ) બુદ્ધિવાળા જીવો કોઈ પણ બાબતનું ઝીણવટભરી દષ્ટિથી અવલોકન કરવા પ્રેરાય છે, આરપાર જોવા પ્રયત્ન કરે છે. ઊંડા ઊતરીને તત્ત્વ(રહસ્ય) પારખી લે છે અને પોતાની જાતનું રક્ષણ કરે છે.

જળપાન માટે તળાવના કિનારે આવેલા એક તૃષાતુર વાંદરાએ તળાવના પાણી તરફ જતાં પગલાં જોયાં, પણ તળાવમાંથી બહાર નીકળીને કિનારે આવનાર કોઈનાંય પગલાં જોયાં નહિ એથી એ ચતુર વાંદરાએ તત્ત્વ પારખી લીધું-રહસ્યને પામી લીધું કે મગર જેવો કોઈ હિંસક જીવ તળાવના પાણીમાં છુપાઈને રહેલો હોવો જોઈએ. આમ તત્ત્વ પારખીને તળાવના પાણીથી દૂર કિનારે રહીને જ કમળની નાળથી જળપાન કરી તૃષા છિપાવી ને જાતનું રક્ષણ કર્યું.

એક બોધકથા મુજબ જંગલનો રાજા સિંહ માંદો પડ્યો એથી એ શિકાર કરવા બહાર જઈ શકતો નથી. ભૂખના દુઃખથી પિડાઈને ગુફામાં જ રહ્યો છે. જંગલમાં વસતાં અન્ય પ્રાણીઓ એની પાસે આવે છે ને ગુફાની બહાર રહીને ખબરઅંતર પૂછે છે ત્યારે સિંહ કપટભર્યા પ્રેમથી એમને ગુફાની અંદર આવવા કહે છે ને અંદર આવનારનો કોળિયો કરી જાય છે. કોઈને બહાર નીકળવા દેતો નથી. એક શિયાળ પણ સિંહની ખબરઅંતર પૂછવા આવ્યું. સિંહ જ્યારે એને અંદર આવવા આગ્રહ કરે છે ત્યારે ગુફામાંથી નીકળીને બહાર આવનારા કોઈ પણ પ્રાણીનાં પગલાં ત્યાં નહિ જોવાથી ચતુર શિયાળે તત્ત્વ પારખી લીધું. ગુફામાં ગયું નહિ ને જાતનું રક્ષણ કર્યું.

એવી જ રીતે તત્ત્વજિજ્ઞાસુ, તત્ત્વપિપાસુ જ્ઞાનીઓ પણ તીક્ષ્ણ બુદ્ધિથી સૂક્ષ્મ તત્ત્વને જાણીને તત્ત્વજ્ઞાની બને છે. સંસારસાગરને તરી જઈને આત્મહિત સાધે છે.

## વિવિધ રંગ

**वर्ण** (પું.) રંગ

**अवदात, गौर, धवल, पाण्डुर, शुक्ल, शुभ्र, श्वेत, विशद** (પું.) ધોળો-સફેદ રંગ

**ईषत्पाण्डु, धूसर** (પું.) કાંઈક ધોળાશ પડતો રંગ

**कापोत** (પું) કબૂતર જેવો રાખોડિયો રંગ

**गौर, पीत, हारिद्र** (પું.) પીળો રંગ

**नील, हरित्** (પું.) લીલો રંગ, લીલો-પીળો મિશ્રિત રંગ

**रक्त, रोहित, लोहित, माञ्जिष्ठ, शोण** (પું.) લાલ-રાતો રંગ

**पाटल, श्वेतरक्त** (પું.) ગુલાબી રંગ, ધોળો-લાલ મિશ્રિત રંગ

**अरुण** (પું.) ઊગતી સંધ્યા જેવો કાંઈક રાતો રંગ

**पिञ्जर, पिङ्गल, कपिश, हरि** (પું.) લાલ મિશ્રિત ધોળો રંગ

**कृष्ण, मेचक, श्यामल, काल** (પું.) કાળો રંગ

**धूमल, धूम्र** (પું) રાતો-કાળો મિશ્રિત ધુમાડિયો રંગ

**कर्बुर, किर्मीर, चित्रल** (પું.) કાબરચિતરો, કાબરો, તરેહવાર રંગ

| નોંધ : આ બધા રંગવાચક શબ્દો રંગ અર્થમાં હોય ત્યારે પુંલિંગમાં અને વિશેષ્ય સાથે વિશેષણ તરીકે હોય ત્યારે ત્રિલિંગમાં વપરાય છે. |
|---|

## વિવિધ મેલ

૧. **किट्ट** (પું.ન.) કાન વગેરેનો મેલ
૨. **कुलक** (ન.) જીભનો મેલ
૩. **दूषिका** (સ્ત્રી.) આંખનો મેલ
૪. **पिञ्जूष** (પું.) કાનનો મેલ
૫. **पिप्पिका** (સ્ત્રી.) દાંતનો મેલ
૬. **शिङ्घाण** (પું.), **सिङ्घाण** (ન.) નાક-કાનનો મેલ
૭. **श्लेष्मन्** (પું.) કફ, સળેખમ
૮. **सृणिका, लाला** (સ્ત્રી.) મુખની લાળ
૯. **उच्चार** (પું.), **पुरीष** (ન.), **विष्ठा** (સ્ત્રી.) પેટનો મળ, વિષ્ઠા
૧૦. **मूत्र** (ન.) મૂત્ર, પેશાબ

## વિવિધ માપ

**आभोग, प्रपञ्च, व्यास, विस्तार** (પું.) વિસ્તાર, ઘેરાવો

**आयाम** (પું.), **दैर्घ्य** (ન.) લંબાઈ

**उच्छ्राय, उत्सेध** (પું.) ઊંચાઈ

**परिणाह** (પું.), **विशालता** (સ્ત્રી.) પહોળાઈ

## વિવિધ ધાતુઓ

**अकुप्य** (न) સોનું, રૂપું, કોઈ પણ ધાતુ
**अग्निज, अष्टापद** (ન.) સોનું
**आर, आरकूट** (પું.ન), **पित्तला** (ત્રિ), **रिरी, रीरी** (સ્ત્રી.) પિત્તળ
**आपुष, आलीनक** (ન.) કલાઈ
**उरग** (પું.), **सीसक** (પું.ન.) સીસું
**कांस्य, रवण** (ન.) કાંસુ, ત્રાંબુ-કલાઈ મિશ્રિત ધાતુ
**कुप्य** (ન) સોના-રૂપા સિવાયની ધાતુ
**ताम्र** (ન.) ત્રાંબું
**पारद** (પું.) પારો
**रौप्य** (ન.) રૂપું

## વિવિધ રસ

૧. **मधुर, रसज्येष्ठ, स्वादु** (પું.) મધુર-મીઠો-ગળ્યો રસ
૨. **अम्ल, दन्तशठ, पाचन** (પું.) ખાટો રસ
૩. **लवण, सर्वरस** (પું.) ખારો રસ
૪. **कटु, मुखशोधन** (પું.) કડવો રસ, તીખો રસ
૫. **तिक्त** (પું.) તીખો રસ, કટુ રસ
૬. **कषाय, तुवर-तूवर** (પું.) તૂરો રસ

## વિવિધ પ્રમાણ

**प्रसृत** (ન) અડધી અંજલિ, પસલી પ્રમાણ
**कुडव** (પું.) બે પસલી પ્રમાણ
**प्रस्थ** (પું.ન.) ચાર કુડવ પ્રમાણ
**आढक** (ત્રિ.) ચાર પ્રસ્થ પ્રમાણ
**द्रोण** (પું.ન.) ચાર આઢક પ્રમાણ
**खारी** (સ્ત્રી.) સોળ દ્રોણ પ્રમાણ
**हस्त** (પું.) ચોવીસ આંગળ પ્રમાણ
**दण्ड** (પું.) ચાર હાથ પ્રમાણ
**क्रोश** (પું.), **गव्यूत** (ન.) બે હજાર દંડ પ્રમાણ, ગાઉ
**गव्यूत** (ન.) બે કોશ, બે ગાઉ
**योजन** (ન.) ચાર ગાઉ પ્રમાણ

૧. **घनोदधि** (પું.) બરફની જેમ થીજેલું પાણી
૨. **घनवात** (પું.) થીજેલા ઘી જેવો કઠિન વાયુ
૩. **तनुवात** (પું.) પાતળો વાયુ
૪. **आकाश** (પું.) આકાશ

**આ ચારના આધારે નરકાવાસો રહેલા છે.**

## વિવિધ અવાજ

૧. **तार** (પું.) મસ્તકમાંથી નીકળતો અત્યંત ઊંચો અવાજ
૨. **मन्द्र** (પું.) મનુષ્યની છાતીમાંથી નીકળતો ગંભીર અવાજ
૩. **मध्य** (પું.) કંઠમાંથી નીકળતો અવાજ
૪. **कल** (પું.) મધુર અવાજ
૫. **क्ष्वेडा** (સ્ત્રી.), **सिंहनाद** (પું.)સુભટોની સિંહ જેવી ગર્જના
૬. **कलकल, कोलाहल** (પું.) માણસોના સમૂહનો કલકલાટ
૭. **तुमुल** (પું.) યુદ્ધનો શોરબકોર
૮. **मर्मर** (પું.) વસ્ત્ર કે પાંદડાનો અવાજ
૯. **कणति** (પું.), **कणित** (ન) કણસવું, દુઃખથી પીડાયેલા માણસનો અવાજ
૧૦. **कुजन, कूजित** (ન.) પક્ષીઓનો અવાજ
૧૧. **वाशित, वासित** (ન.) પશુઓનો અવાજ

✡

## વિવિધ વચન

**अनुलाप** (પું.) વારંવાર બોલવું.
**अपलाप** (પું.) છુપાવવાનું વચન
**आलाप** (પું.) એકબીજાને સંબોધન પૂર્વકની વાતચીત
**उल्लाप** (પું.) શોક-ભય વગેરેથી સ્વરનું બદલાવું.
**प्रलाप** (પું.) અર્થ વિનાનું બોલવું.
**विप्रलाप** (પું) પરસ્પર વિરુદ્ધ બોલવું.
**विलाप** (પું.), **परिदेवन** (ન.) શોક કરવો, રુદનપૂર્વક બોલવું.
**संलाप** (પું.) પરસ્પર ન્યાયપૂર્વકની વાતચીત
**परिभाषण** (ન.) નિંદાપૂર્વક ઠપકો
**प्रतिशासन** (ન.) સેવક આદિને બોલાવી આજ્ઞા કરવી.
**चाटु** (પું.ન.) મિથ્યા વખાણ કરવા, ખુશામત કરનારું વચન
**क्लिष्ट, सङ्कुल** (ન.) પૂર્વાપર વિરુદ્ધ વચન, આંધળો દેખે ને બહેરો સાંભળે તેવું વચન
**निरस्त** (ન.) ઉતાવળે બોલેલું વચન
**अम्रेडित** (ન) એક જ શબ્દ બે-ત્રણ વાર બોલાય તેવું વચન; જેમકે, સાપ-સાપ, પધારો-પધારો, પકડો-પકડો
**असम्बद्ध, निरर्थक** (ન.) અર્થ વગરનું બોલવું, નિરર્થક વચન
**सङ्गत** (ન.) યુક્તિવાળું વચન
**परुष** (ન.) કઠોર વચન
**घोषणा** (સ્ત્રી.) ઊંચે અવાજે બોલવું, પોકારીને બોલવું

## વિવિધ સ્વર

૧. **षड्ज** (પું.) મોરનો સ્વર
૨. **ऋषभ** (પું.) ગાયનો સ્વર
૩. **गान्धार** (પું.) ઘેટાં-બકરાંનો સ્વર
૪. **मध्यम** (પું.) ક્રૌંચ પક્ષીનો સ્વર
૫. **पञ्चम** (પું.) કોયલનો સ્વર (ફૂલ આવે તેવા સાધારણ કાળમાં)
૬. **धैवत** (પું.) ઘોડાનો સ્વર
૭. **निषाद-निषद** (પું.) હાથીનો સ્વર

## વિવિધ હાસ્ય

૧. **स्मित** (ન.) મંદ હાસ્ય, મોં મલકાવવું, દાંત ન દેખાય તેવું હાસ્ય
૨. **हसित** (ન.) દાંતના અંકુરા કાંઈક દેખાય તેવું હાસ્ય
૩. **विहसित** (ન.) કાંઈક અવાજ થાય તેવું હાસ્ય
૪. **अट्टहास** (પું.) મોટા અવાજવાળું હાસ્ય
૫. **अतिहास** (પું.) અતિશય હસવું, નિરંતર હસવું.
૬. **अपहास** (પું.) વિના કારણ હસવું.
૭. **आच्छुरितक** (ન.) બીજાને ક્રોધ ચડે તેવું હાસ્ય

## વિવિધ મહોત્સવો

| | | |
|---|---|---|
| ૧. **રૌપ્ય મહોત્સવ** | ૨૫ | વરસે ઊજવાય છે. |
| ૨. **સુવર્ણ મહોત્સવ** | ૫૦ | વરસે ઊજવાય છે. |
| ૩. **હીરક મહોત્સવ** | ૬૦ | વરસે ઊજવાય છે. |
| ૪. **અમૃત મહોત્સવ** | ૭૫ | વરસે ઊજવાય છે. |
| ૫. **શતાબ્દી મહોત્સવ** | ૧૦૦ | વરસે ઊજવાય છે. |

**दीर्घसूत्र, चिरक्रिय** (પું.) આળસું, ધીમું કામ કરનારો
**कुण्ठ** (પું.) ક્રિયામાં આળસુ
**क्रियावत्** (પું.) ક્રિયામાં તત્પર
**कार्यक्षम, अलङ्कर्मीण** (પું.) કાર્ય કરવામાં સમર્થ
**कर्मठ, कर्मशूर** (પું.) આરંભેલા કાર્યને પ્રયત્નપૂર્વક પૂર્ણ કરનાર
**कर्मशील** (પું.) કાર્યમાં સદા તત્પર

**वैतालिक** (પું.) ભાટ, ચારણ, સ્તુતિ વડે પ્રભાતમાં રાજાને જગાડનાર, બંદીજન
**घाण्टिक** (પું.) દેવ વગેરેની આગળ ઘંટ વગાડીને કહેનાર-શ્રાવક
**बन्दिन्, मङ्गलपाठक** (પું.) સ્તુતિ-મંગલપાઠ બોલનાર, ભાટ, ચારણ
**मागध** (પું.) રાજા વગેરેના પૂર્વજોનાં પરાક્રમોની સ્તુતિ કરનાર ભાટ

## સ્વર્ગ સંબંધી

**धन्वन्तरि, अश्विनीपुत्र, नासत्य, वडवासुत** (પું.દ્વિ.વ.) સ્વર્ગના બે વૈદ્ય

**विश्वकर्मा, देववर्धकि** (પું.) દેવોનો શિલ્પી, વિશ્વકર્મા

**गान्धर्व, देवगायन, हाहा** (પું.બ.વ.) દેવોના ગાયકો-ગવૈયા

❖

## વિષ્ણુ સંબંધી

**कमला, लक्ष्मी, श्री** (સ્ત્રી.) વિષ્ણુની પત્ની

**वैनतेय** (પું.) વિષ્ણુનું વાહન, ગરુડ

**पाञ्चजन्य** (પું.) વિષ્ણુનો શંખ

**नन्दक** (પું.) વિષ્ણુની તલવાર

**कौमोदकी** (સ્ત્રી.) વિષ્ણુની ગદા

**शार्ङ्ग** (ન.) વિષ્ણુનું ધનુષ

**सुदर्शन** (પું.) વિષ્ણુનું ચક્ર

**कौस्तुभ** (પું) વિષ્ણુના વક્ષ:સ્થળનો મણિ

**स्यमन्तक** (પું.) વિષ્ણુના હાથનો મણિ

**श्रीवत्स** (પું.) વિષ્ણુનું ચિહ્ન, લાંછન, રુવાંટાંનું બનેલું શ્રીવત્સ વિષ્ણુના વક્ષ:સ્થળમાં હોય છે.

## શંકર સંબંધી

**शङ्कर** (પું.) શંકર

**कपर्द** (પું.) શંકરની જટા

**खट्वाङ्ग** (પું.) શંકરનું સુખાસન

**पिनाक** (પું.ન.) શંકરનું ધનુષ

## ઇન્દ્ર સંબંધી

**अमरावती** (સ્ત્રી.) ઇન્દ્રની નગરી

**इन्द्राणी, पोलोमी, शची** (સ્ત્રી.) ઇન્દ્રાણી, ઇન્દ્રની પત્ની

**जयन्त** (પું.) ઇન્દ્રનો પુત્ર

**जयन्ती** (સ્ત્રી.) ઇન્દ્રની પુત્રી

**वैजयन्त** (પું.) ઇન્દ્રનો પ્રાસાદ (મહેલ), ઇન્દ્રનો ધ્વજ

**ऐरावण, ऐरावत** (પું.) ઇન્દ્રનો હાથી

**उच्चैश्रवस्** (પું.) ઇન્દ્રનો ઘોડો

**मातलि** (પું.) ઇન્દ્રનો સારથિ

**सुधर्मन्** (પું.) ઇન્દ્રની સભા

**देवनन्दिन्** (પું.) ઇન્દ્રનો દ્વારપાળ

**अशनि** (પું.સ્ત્રી.), **कुलिश, वज्र** (પું.ન.), **दम्भोलि, पवि** (પું.) વજ્ર, ઇન્દ્રનું હથિયાર

**देवायुध** (ન.) ઇન્દ્રનું ધનુષ

**नन्दन** (ન.) ઇન્દ્રનું વન

**नन्दीसरस्** (ન.) ઇન્દ્રનું સરોવર

**कल्प, पारिजात, मन्दार, हरिचन्दन, संतान** (પું.) ઇન્દ્રનાં વૃક્ષો

**पाक** (પું.), **अद्रि** (પું.બ.વ.), **वृत्र, पुलामा 'अन्', नमुचि, बल, जम्भ** (પું.) આ સાત ઇન્દ્રના શત્રુ

## નવ નિધિ

**नैसर्प, पाण्डक, पिङ्गल, सर्वरत्नक, महापद्म, काल, महाकाल, माणव, शङ्खक** (પું.)

## કામદેવ સંબંધી

**कामदेव** (પું.) કામવાસનાનો દેવ, મદન

**इषु** (પું.), **चाप, अस्त्र** (ન.) આ ત્રણ કામદેવનાં પુષ્પો

**शंवर, शूर्पक** (પું.) કામદેવના શત્રુ

**मकर, मीन** (પું) કામદેવનું ચિહ્ન, ધ્વજ

**अरविन्द, अशोक, चूत** (ન.), **नवमल्लिका** (સ્ત્રી.), **नीलोत्पल** (ન.) આ પાંચ કામદેવનાં બાણ

**रति** (સ્ત્રી.) કામદેવની પત્ની

**मनस्** (ન.), **शृङ्गार, सङ्कल्प, आत्मन्** (પું.) કામદેવની યોનિ- ઉત્પત્તિ સ્થાન

**मधु, चैत्र** (પું.) કામદેવનો મિત્ર

**अनिरुद्ध** (પું.) કામદેવનો પુત્ર

## યમદેવ સંબંધી

**यम, अन्तक, कृतान्त** (પું.) યમદેવ, યમરાજા

**धूर्मोणा** (સ્ત્રી.) યમની સ્ત્રી

**संयमनी** (સ્ત્રી.) યમની નગરી

**वैध्यत** (પું.) યમનો પ્રતિહારી

**चण्ड** (પું.) યમનો દાસ

**चित्रगुप्त** (પું.) યમનો લેખક

## કુબેર સંબંધી

**कुबेर, धनद** (પું.) કુબેરદેવ

**पुष्पक** (ન.) કુબેરનું વિમાન

**चैत्ररथ** (ન.) કુબેરનું વન

**अलका** (સ્ત્રી.) કુબેરની નગરી

**नलकुबर** (પું.) કુબેરનો પુત્ર

## વિવાહ સંબંધી

**विवाह, परिणय** (પું.) વિવાહ, લગ્ન

**जन्य** (પું) વરનો સંબંધી, મિત્ર કે સાથી

**वरयात्रा** (સ્ત્રી.) વરયાત્રા

**वर्णक** (ન.) પીઠી

**हेलि** (પું.) વરનો મહોત્સવ

**हस्तबन्ध** (પું.) હસ્તમેળાપ

## પુષ્પ સંબંધી

**कुड्मल, मुकुल** (પું.ન.) અર્ધ ખીલેલી પુષ્પની કળી

**कलिका** (સ્ત્રી.), **कोरक** (પું.ન.) પુષ્પની કળી, કોર

**पराग** (પું.) પુષ્પરજ

**मकरन्द, मधु, पुष्परस** (પું.) પુષ્પરસ, મધ

**गुच्छ** (પું.), **स्तबक** (પું.ન.) નહિ ખીલેલી કૂંપળોનો ગુચ્છો

**फुल्ल, प्रबुद्ध, विकसित, हसित** (ન.) ખીલેલું પુષ્પ

**मीलित, मुद्रित, निद्राण, सङ्कुचित** (ન.) બિડાયેલું પુષ્પ

## નગર સંબંધી

**नगर-री** (સ્ત્રી.ન.), **पत्तन, पुटभेदन** (ન.) નગર, મુખ્ય શહેર

**द्रोणमुख, कर्बट** (પું.ન.) ચારસો પરગણામાં સુંદર નગર

**कर्बुटिक** (ન) બસો ગામોમાં શ્રેષ્ઠનગર

**कार्वट** (ન.) સો ગામોમાં શ્રેષ્ઠ નગર

**पत्तन, पुटभेदन** (ન.) પચાસ ગામોમાં શ્રેષ્ઠ નગર

**निगम** (પું.) પચીસ ગામોમાં શ્રેષ્ઠ નગર

**निवेशन** (ન.) નિગમનું અર્ધશ્રેષ્ઠ નગર

**उपपुर, शाखापुर** (ન.) નગરનું પરું, રાજધાનીથી બીજું નગર

**खेट** (પું.) નગરનો અર્ધો વિસ્તાર

**स्कन्धावार** (પું.), **राजधानी** (સ્ત્રી.ન.) રાજધાની

**कोट्ट** (પું.ન.), **दुर्ग** (ન.) કોટ, કિલ્લો

❖

## વેપાર સંબંધી

**वाणिज्य** (ન), **वणिज्या** (સ્ત્રી.) વેપાર

**वणिज्, आपणिक, नैगम** (પું.) વેપારી

**क्रयिन्, क्रायक, क्रयिक** (પું.) ખરીદ કરનાર

**विक्रयिन्, विक्रायक, विक्रयिक** (પું.) વેચનાર

**मूल्य** (ન.), **वक्रय** (પું.) મૂલ્ય, કિંમત

**मूलद्रव्य** (ન.), **नीवि-वी** (સ્ત્રી.) મૂળધન, પૂંજી, મૂડી

**लाभ** (પું.), **फल** (ન.) લાભ, નફો

**परिवर्तन** (ન.) માલનો અદલોબદલો

**क्रेय** (ન.) વેચવા યોગ્ય દ્રવ્ય

**क्रय्य** (ન.) વેચવા માટે વિસ્તારેલું દ્રવ્ય

**विक्रेय** (ન.) ખરીદવા યોગ્ય દ્રવ્ય

**विक्रय** (પું.) વેચાણ, વકરો

❖

## વહાણ સંબંધી

**सांयात्रिक** (પું.) વહાણ વડે વેપાર કરનાર, વહાણવટી

**बोहित्थ** (ન.), **पोत** (પું.) વહાણ

**नियामक** (પું.)વહાણ ચલાવવાને શક્તિમાન, વહાણના મધ્યસ્તંભ ઉપર બેસી સમુદ્રનો રસ્તો જોનાર

**कर्णधार, नाविक** (પું.) સુકાની, ખલાસી

**नौकादण्ड** (પું.) નાવ ચલાવવાનો દંડ, હલેસું

**कूपक** (પું.) વહાણનો કૂવાસ્તંભ, જેમાં નાવ દોરીથી બંધાય છે તે સઢ

**तरण्ड** (પું.) નાની હોડી, મછવો

**आतर**(પું.), **तरपण्य**(ન) વહાણનુંભાડું

## બે પ્રકારની ઇન્દ્રિય

૧. **ज्ञानेन्द्रिय, बुद्धीन्द्रिय** સ્પર્શન(ચામડી), રસન(જીભ), ઘ્રાણ(નાક), ચક્ષુ(આંખ), કર્ણ(કાન) આ પાંચ જ્ઞાનેન્દ્રિય છે.

૨. **कर्मेन्द्रिय, क्रियेन्द्रिय** વાણી, હાથ, પગ, ગુદા, ગુહ્યેન્દ્રિય આ પાંચ કર્મેન્દ્રિય છે.

## ત્રણ પ્રકારની શક્તિ

**प्रभुत्वशक्ति** (પું.) કોશ, દંડના પ્રભાવે ઉત્પન્ન થયેલી શક્તિ

**उत्साहशक्ति** (પું.) પરાક્રમ આદિ વડે ઉત્પન્ન થયેલી શક્તિ

**मन्त्रशक्ति** (પું.) સંધિ, વિગ્રહ વગેરે પાંચને યથાસ્થાને સ્થાપન કરવાથી ઉત્પન્ન થયેલી શક્તિ

## ત્રણ પ્રકારની સ્ત્રી

**मुग्धा, मध्या, प्रौढा**

## ચાર પ્રકારની સ્ત્રી

**पद्मिनी, चित्रिणी, हस्तिनी, शङ्खिनी**

## ચાર ઉપાય

**सामन्** (ન.) મીઠી વાતોથી સમજાવીને મેળવી લેવું.

**दान** (ન.) લાંચ આપવી.

**दण्ड** (પું.ન.) દંડ કરવો, શિક્ષા કરવી.

**भेद** (પું.) ભેદ પાડવો, સંગઠન તોડવું

આ રાજનીતિના ચાર ઉપાયો છે.

## ચાર આશ્રમ

**ब्रह्मचारिन्** (પું.) પહેલો બ્રહ્મચર્યાશ્રમ

**गृहस्थ** (પું.) બીજો ગૃહસ્થાશ્રમ

**वानप्रस्थ** (પું.) ત્રીજો વાનપ્રસ્થાશ્રમ

**सांन्यासिक, परिव्राजक, तापस** (પું.) ચોથો સંન્યાસ આશ્રમ

## ચાર પ્રકારનાં શસ્ત્ર

**पाणिमुक्त** (ન.) शक्ति વગેરે હાથથી મૂકી શકાય તેવું શસ્ત્ર

**यन्त्रमुक्त** (ન.), शर (બાણ) વગેરે યન્ત્ર-ધનુષ વગેરેથી મૂકી શકાય તેવું શસ્ત્ર

**अमुक्त** (ન.) शस्त्रिका (છરી) વગેરે મૂકવું ન પડે, હાથમાં જ રાખી શકાય તેવું શસ્ત્ર

**मुक्तामुक्त** (ન.) यष्टि (લાકડી) વગેરે મૂકી પણ શકાય ને હાથમાં પણ રાખી શકાય તેવું શસ્ત્ર

## ૪ પ્રકારની બુદ્ધિ

**मेधा** = ધારણ કરનારી બુદ્ધિ

**पण्डा** = તત્ત્વને અનુસરનારી બુદ્ધિ

**ज्ञान** = મોક્ષવિષયક બુદ્ધિ

**विज्ञान**= મોક્ષ સિવાયનાં અન્યશાસ્ત્રશિલ્પાદિ વિષયવાળી બુદ્ધિ

## ૬ ભાષા

**संस्कृत, प्राकृत, मागधी, पैशाची, शौरसेनी, अपभ्रंश**

## ૬ દર્શનકારો

**अनेकान्तवादिन्, स्याद्वादिन्, आर्हत** (પું.) જૈન

**शून्यवादिन्, सौगत** (પું.) બૌદ્ધ

**नैयायिक, अक्षपाद** (પું.) નૈયાયિક

**साङ्ख्य, कापिल** (પું.) સાંખ્ય

**वैशेषिक, कणाद** (પું.) વૈશેષિક

**चार्वाक, नास्तिक** (પું.) ચાર્વાક, નાસ્તિક

## રાજ્યને ઉપકારક ૬ ગુણ

**सन्धि** (પું.) સંધિ, સુલેહ, સમાધાન, મૈત્રી

**विग्रह** (પું.) લડાઈ

**यान** (ન.) લડાઈ કરવા સામે જવું, યુદ્ધયાત્રા

**आसन** (ન.) લડાઈ વગેરેની નિવૃત્તિ, કિલ્લામાં ભરાઈ રહેવું.

**द्वैध** (ન.) એકની સાથે સંધિ કરી બીજે લડાઈ કરવા જવું, શત્રુમાં ભેદ પાડવો

**आश्रय**(પું)બળવાનનોઆશ્રયલેવો.

## સાત વ્યસન

**मृगया** (સ્ત્રી.) શિકાર

**अक्ष** (પું.) પાસો, જુગાર

**परस्त्री** (સ્ત્રી.) પરસ્ત્રીગમન

**पान** (ન.) મદિરાપાન

**वाक्पारुष्य** (ન.) કર્કશ વચન

**अर्थदूषण**(ન.)**आदान**=સૌનીપાસેથી ગ્રહણ કરવું, **अदान** = નહિ આપવું, **विनाश**=ધનનોનાશ,**परित्याग**=ત્યાગ આમ ચાર પ્રકારનું અર્થદૂષણ છે.

**दण्डपारुष्य** (ન.) આકરો દંડ

આ સાત વ્યસનો રાજાને ત્યાગ કરવા લાયક છે

## રાજ્યનાં સાત અંગ

૧. **स्वामिन्** (પું.) રાજા

૨. **अमात्य** (પું.) મંત્રી, પ્રધાન

૩. **सुहृद्** (પું.) મિત્ર

૪. **कोश** (પું.) ધનભંડાર, ખજાનો

૫. **राष्ट्र** (ન.) દેશ

૬. **दुर्ग** (પું.) કિલ્લો

૭. **बल** (ન.) લશ્કર, સેના

## શરીરની સાત ધાતુ

**रस, रुधिर, मांस, मेदस्, अस्थि, मज्जा, शुक्र**

## અષ્ટ મહાસિદ્ધિ

૧. **लघिमन्** (પું.) અત્યંત હલકા થવાની શક્તિ
૨. **वशिता** (સ્ત્રી.) સર્વને વશ કરવાની શક્તિ
૩. **ईशित्व** (ન.) જીવ કે અજીવ સર્વ કોઈ આજ્ઞા માને તેવી શક્તિ
૪. **प्रकाम्य** (ન.) ઇચ્છિત પ્રાપ્ત થાય તેવી શક્તિ
૫. **महिमन्** (પું.) અત્યંત મોટા થવાની શક્તિ
૬. **अणिमन्** (પું.) અત્યંત નાના થવાની શક્તિ
૭. **यत्रकामावसायित्व** (ન.) વિષ વગેરેને અમૃતરૂપે પરિણમાવવાની શક્તિ
૮. **प्राप्ति** (પું.) પોતે પૃથ્વી ઉપર રહેલો હોવા છતાં ચંદ્ર-સૂર્યને પણ આંગળીના ટેરવાથી સ્પર્શ કરવાની શક્તિ

## નવ રસ

**शृङ्गाररस, हास्यरस, करुणरस, रौद्ररस, बीररस, भयानकरस, बीभत्सरस, अद्भुतरस, शान्तरस**

## ચૌદ વિદ્યા

**अङ्ग-६, वेद-४, मीमांसा-१, तर्कविद्या-१, धर्मशास्त्र-१, पुराण-१( =१४ )**

### મોતીની ઉત્પત્તિનાં સ્થાન

હાથીનું મસ્તક અને એનાં દાંત, શુન અને સૂઅરની દાઢા, મેઘ, સર્પ, વાંસ અને મત્સ્ય - આટલાં સ્થાનોમાં મોતી ઉત્પન્ન થાય છે.

### *અનેક પ્રકારની સ્ત્રીઓ*

**भामिनी**-કોપવાળી સ્ત્રી. **गौरी**-ગૌરી-દસ વર્ષની કન્યા. **तरुणी**-યુવાન સ્ત્રી, યુવતી. **गृहिणी**-પરણેલી સ્ત્રી. **पुरन्ध्री**-પુત્ર, નોકર વગેરે કુટુંબવાળી સ્ત્રી. **महिषी**-અભિષેક કરાયેલી રાજાની રાણી, પટરાણી. **भोगिनी**-પારકે ઘેર રહેનરી કેશ સમારવા વગેરે કળા જાણનારી સ્ત્રી, દાસી. **सैरन्ध्री**-દૂતી. **द्विरूढा**-પુનર્લગ્ન કરેલી સ્ત્રી. **पतिव्रता**-પતિવ્રતા, સતી સ્ત્રી. **पुंश्चली**-કુલટા સ્ત્રી. **निष्पतिसुता**-પુત્ર વિનાની વિધવા સ્ત્રી. **निन्दुः**-જેની સંતતિ મરી જતી હોય તે સ્ત્રી. **रजस्वला, ऋतुमती**-ગજસ્વલા, ઋતુવાળી સ્ત્રી. **प्रसूतिका**-સુવવાડી સ્ત્રી, પ્રસૂતા સ્ત્રી.

# સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા

**ડૉ. અરુણોદય ન. જાની**-વડોદરા

સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા એ છે કે એમાં સંબોધન સહિત આઠ વિભક્તિઓ છે. તે પૈકી પ્રથમા કર્તૃવાચક, દ્વિતીયા કર્મવાચક, તૃતીયા કરણ(સાધન)વાચક, ચતુર્થી સંપ્રદાન(વસ્તુ સ્વીકારનાર)વાચક, પંચમી અપાદાન(છૂટા પડવા)વાચક, ષષ્ઠી સંબંધવાચક, સપ્તમી અધિકરણ(સ્થાન) વાચક છે અને આઠમી વિભક્તિ સંબોધન માટે છે.

છઠ્ઠી વિભક્તિનો સંબંધ ક્રિયા સાથે સીધો કે આડકતરો પણ હોતો નથી. તે માત્ર અન્ય પદ સાથેનો સંબંધ દર્શાવનાર છે; જેમકે, '**दशरथस्य पुत्रः**' આમાં '**दशरथ**' શબ્દની છઠ્ઠી વિભક્તિ પિતા-પુત્રના સંબંધની વાચક છે. બાકીની સાત વિભક્તિઓ ક્રિયાપદ સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલી હોવાથી તે '**કારક વિભક્તિ**' કહેવાય છે. આવી રીતે પ્રત્યેક વિભક્તિ પોતપોતાનો વિશિષ્ટ અર્થ દર્શાવનારી હોવાને કારણે સંસ્કૃત ભાષામાં ક્યાંય સંદિગ્ધતા રહેતી નથી અને તેના પદોને વાક્યમાં આડાઅવળા ગમે ત્યાં મૂકી શકાય છે; જેમકે, '**देवदत्तः जलं पिबति ।**' આ વાક્યમાં '**जलं पिबति देवदत्तः ।**' અથવા '**पिबति जलं देवदत्तः ।**' એમ પદોના સ્થાનમાં ફેરફાર કરવા છતાં અર્થમાં લેશમાત્ર ફરક પડતો નથી, કારણ કે '**देवदत्तः**' કર્તા હોવાથી તેની પ્રથમ વિભક્તિ છે, '**जलं**' કર્મ હોવાથી એની દ્વિતીયા વિભક્તિ છે અને '**पिबति**' ક્રિયાવાચક છે. પ્રથમા-દ્વિતીયા વિભક્તિના અર્થ નિશ્ચિત હોવાથી પદક્રમ ફરે તોપણ અર્થ ફરતો નથી. તેથી આખા વાક્યનો અર્થ '**देवदत्त**' કર્તા દ્વારા '**જલ**'ને પીવાની ક્રિયા એવો થાય છે. ટૂંકમાં '**દેવદત્ત પાણી પીએ છે.**'

**'HORSE DRINKS WATER'** આ અંગ્રેજી ભાષાના વાક્યમાં **'WATER DRINKS HORSE'** આમ પદોનાં સ્થાન ફેરવવા જતાં વાક્યાર્થ ફરી જતો હોવાથી પદોમાં ફેરફાર કરી શકાશે નહિ.

સંસ્કૃત ભાષાની બીજી વિશિષ્ટતા એ ભાષામાં રચાતા શ્લોકો અંગેની છે. ઉપર બતાવેલા કારણે સંસ્કૃત શ્લોકોમાં અલંકાર અને છંદની

દૃષ્ટિએ પદો ગમે તેમ ગોઠવી શકાય છે, પરંતુ શ્લોકનો અર્થ કરતી વખતે તેના પદોને વ્યવસ્થિત ગોઠવવામાં આવે છે અને આવી ગોઠવણીને **'અન્વય'** કહેવાય છે; જેમકે,

**अथ प्रजानामधिपः प्रभाते जाया-प्रतिग्राहित-गन्धमाल्याम् ।**
**वनाय पीतप्रतिबद्धवत्सां यशोधनो धेनुमृषेर्मुमोच ॥**

(રઘુવંશ સર્ગ-૨, શ્લો.૧)

આ શ્લોકમાં પ્રથમ અવ્યય પછી ષષ્ઠી, પછી પ્રથમા, પછી સપ્તમી, પછી દ્વિતીયા, પછી ચતુર્થી, પછી દ્વિતીયા, ફરીથી પ્રથમા, પછી દ્વિતીયા, પછી ષષ્ઠી અને છેવટે ક્રિયાપદ છે. તેથી અર્થ કરવા માટે આ બધાં આડાઅવળાં પદોનો નીચે પ્રમાણે અન્વય કરવો પડશે.

**अथ प्रभाते यशोधनः प्रजानामधिपः जायाप्रतिग्राहित-गन्धमाल्यां पीतप्रतिबद्धवत्सां ऋषेः धेनुं वनाय मुमोच ।**

ઉપર પ્રમાણે અન્વય (પદોની અર્થાનુસારિણી વાક્ય રચના) કરવાથી શ્લોકાર્થ સહેલાઈથી સમજી શકાય છે.

**શ્લોકાર્થ :** પછી સવારમાં યશ જેનું ધન છે એવા પ્રજાના ઉપરીએ (રાજા દિલીપે) પત્ની વડે જેની પાસે ગંધ ને માળાનો સ્વીકાર કરાવાયો છે અને જેના વાછરડાને ધવરાવીને બાંધી દેવામાં આવ્યું છે એવી ઋષિની ગાયને વનમાં (ચરવા) જવા માટે છોડી.

આ શ્લોકમાં અનુપ્રાસ અલંકાર માટે **'प्रजानामधिपः'** એ પદ પછી **'प्रभाते'** શબ્દ મૂક્યો છે અને **'यशोधन'** શબ્દને પ્રાસ માટે **'धेनु'** શબ્દ સાથે મૂક્યો છે.

આમ શ્લોકાર્થ સારી રીતે સમજવા માટે સર્વપ્રથમ પદોની વિભક્તિ જાણીને પછી જે તે પદો સાથે તેનાં વિશેષણો ગોઠવી અન્વય કરવાથી શ્લોકાર્થ સહેલાઈથી સમજાઈ જાય છે.

આ પ્રકારના અન્વયને **'દંડાન્વય'** (દંડની જેમ સીધો અન્વય) કહેવાય છે. બીજો પ્રકાર **'ખંડાન્વય'** છે. એમાં ખંડ કરીને અર્થાત્ ટુકડા પાડીને પ્રશ્નો પૂછીને અન્વય કરાય છે. અન્વય એટલે વાક્યમાં પદોનો પરસ્પર ઘટતો સંબંધ. એમાં સૌપ્રથમ મુખ્ય વાક્ય લેવાય છે; જેમકે –

**यशोधनः ऋषेः धेनुं मुमोच ।**

પ્રશ્ન : **कीदृशः यशोधनः ?** ઉત્તર : **प्रजानामधिपः ।**

પ્રશ્ન : **कीदृशीं धेनुम् ?** ઉત્તર : **ऋषेः धेनुम् ।**

પ્રશ્ન : **पुनः कीदृशीम् ?** ઉત્તર : **जायाप्रतिग्राहितगन्धमाल्याम् ।**

પ્રશ્ન : **पुनः कीदृशीम् ?** ઉત્તર : **पीतप्रतिबद्धवत्साम् ।**

પ્રશ્ન : **कदा मुमोच ?** ઉત્તર : **अथ=शयनादुत्थानानन्तरम् ।**

પ્રશ્ન : **कदा मुमोच ?** ઉત્તર : **प्रभाते ।**

પ્રશ્ન : **किमर्थं मुमोच ?** ઉત્તર : **वनाय=वनं गन्तुम् ।**

આમ પ્રશ્નો પૂછી-પૂછીને ખંડાન્વય કરાય છે ત્યારે વિદ્યાદાતા ગુરુ સમાસનો વિગ્રહ પણ સમજાવે છે; જેમકે –

**यशोधनः ।**

૧. **यशः धनं यस्य सः =यशोधनः** (બહુવ્રીહિ)

**जायाप्रतिग्राहितगन्धमाल्याम् ।**

૨. **गन्धश्च माल्यं च=गन्धमाल्ये** (દ્વન્દ્વ)

૩. **जायया प्रतिग्राहिते=जायाप्रतिग्राहिते** (તૃ.તત્પુ.)

૪. **जायाप्रतिग्राहिते गन्धमाल्ये यस्याः सा=**
**जायाप्रतिग्राहितगन्धमाल्या** (બહુવ્રીહિ)
**ताम् = जायाप्रतिग्राहितगन्धमाल्याम् ।**

**पीतप्रतिबद्धवत्साम् ।**

૫. **आदौ पीतः पश्चात् प्रतिबद्धः=पीतप्रतिबद्धः** (કર્મધારય)

૬. **पीतप्रतिबद्धः वत्सः यस्याः सा=**
**पीतप्रतिबद्धवत्सा** (બહુવ્રીહિ)
**ताम् = पीतप्रतिबद्धवत्साम् ।**

નોંધ : '**पीत**' શબ્દ **पा ( पिब् )** ધાતુનું ભૂ.કૃ.નું રૂપ છે. એનો સામાન્ય અર્થ '**પીધેલો**' થાય છે, પરંતુ એ અર્થ અહીં નથી. અહીં '**पीत**' શબ્દ '**पानम्**' (વિશેષણને બદલે ભાવવાચક નામ) અર્થમાં છે. **पीतं=पानम् अस्ति यस्य=पीतः** અર્થાત્ જેણે પાન કર્યું છે એવો (વાછરડો).

આવી સુંદર પ્રાચીન શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીને શ્લોકના પદોનું વ્યાકરણ, પરસ્પર સંબંધ(અન્વય), સમાસ વગેરે બાબતોનું જ્ઞાન એક સાથે મળી જાય છે.

સંસ્કૃત ભાષાનું શિક્ષણ શાસ્ત્રીય પદ્ધતિથી કેવી રીતે અપાય એનું અહીં દિગ્દર્શન માત્ર કરાવ્યું છે. આવી રીતનું શિક્ષણ સમર્થ ગુરુ પાસે ભણનાર વિદ્યાર્થી જ મેળવી શકે.

વર્તમાનકાલીન શિક્ષકગણ આ પ્રાચીન શિક્ષણ પદ્ધતિથી કેળવાયેલો હોય અને એ રીતે જ સંસ્કૃત ભાષાનું શિક્ષણ આપે તો સંસ્કૃત ભાષાનું અધ્યાપન શાસ્ત્રીય, સર્વાંગીણ, સુગમ અને સરળ બની રહે.

— **ડૉ. અ.ન.જાની** (વડોદરા)

અપદાંત '**म्**' અને '**न्**' પછી '**श-ष-स-ह**' આવે તો '**म्**'ના સ્થાને નિત્ય અનુસ્વાર થાય છે; જેમ કે, **पुंसि, दंश, बृंहणम्**

અપદાંત '**म्**' અને '**न्**' પછી વર્ગપંચમ અને અંતઃસ્થ સિવાયનો વ્યંજન આવે તો પછીના વર્ગનો અનુનાસિક નિત્ય થાય છે; જેમકે, गन्ता, कम्पिता

પદાંત '**म्**'નો વ્યંજન પર છતાં અનુક્રમે તે જ વર્ણનો અનુનાસિક અને અનુસ્વાર વિકલ્પે થાય; જેમ કે, **किम् पृच्छति, किं पृच्छति ।**

❄

સંસ્કૃત શબ્દોમાં અનુસ્વારને બદલે પરસવર્ણ જ કરવો; જેમકે, **गङ्गा, चञ्चू, कण्ठ, सम्प, शान्ति ।**

**अनुस्वारस्य ययि परसवर्णः ।** અનુસ્વાર પછી '**શ-ષ-સ-હ**' સિવાયના વ્યંજનો આવે તો તે અનુસ્વારને બદલે તેના પછી આવેલા વ્યંજનનો સવર્ણ અનુનાસિક વ્યંજન મુકાય છે. **वा पदान्तस्य ।** આ સૂત્રથી શબ્દમાં બે પદ જુદા હોય ત્યાં વિકલ્પ છે; જેમ કે **त्वं कुरु ।** અથવા **त्वङ्कुरु ।**

'**धनंजय**' શબ્દમાં સમાસમાં બે પદ હોવાથી વિકલ્પ આવે; જેમકે **धनंजयः, धनञ्जयः** '**धनम् + जय**'માં '**म्**'ના સ્થાને તેના પછી આવેલા '**ज**' વર્ગનો અનુનાસિક વ્યંજન '**ञ्**' મુકાયો છે.

# છન્દઃશાસ્ત્ર

**લેખક : રાષ્ટ્રપતિસમ્માનિત ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)**
**નિવૃત્ત અધ્યક્ષ** : સંસ્કૃત, પાલિ તથા પ્રાકૃત વિભાગ,
**આર્ટ્સ ફેકલ્ટી**, મ.સ. યુનિવર્સિટી - વડોદરા
**માજી નિયામક** : ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ-વડોદરા

ડૉ. **અ.ન.જાની**એ સહેલાઈથી સમજી શકાય એવી સુંદર ને સરળ શૈલીમાં અધ્યયન કરનાર-કરાવનાર મુમુક્ષુઓના લાભાર્થે નિઃસ્વાર્થભાવે સંક્ષેપમાં તૈયાર કરી આપેલો આ છન્દઃશાસ્ત્ર વિભાગ અહીં સાભાર રજૂ કરવામાં આવ્યો છે.

**સંકલન : મુનિશ્રી હિતવિજયજી**

આપણે સામાજિક વ્યવહારમાં જે સીધીસાદી રીતે વાત કરીએ છીએ તેને **'ગદ્ય'** કહે છે; જેમકે, **'હું રોજ પાઠશાળા જાઉં છું'**, **'સારાં પુસ્તક વાંચવાથી સારું જીવન ઘડાય છે'**, **'માતાપિતા અને મુનિઓ વંદનીય છે.'** પરંતુ માનવી જ્યારે ઊર્મિશીલ બનીને પોતાના વિચારો લયબદ્ધ-સ્વરૂપે વ્યક્ત કરે છે ત્યારે તે **'પદ્ય'** બની જાય છે. **'પદ્ય'** કાવ્યરચનાના નિયત નિયમો અનુસાર રચાય છે. જો એમાં પદ્યસ્વરૂપ હોય, પણ કાવ્યનું તત્ત્વ ન હોય તો એ કાવ્ય નહિ, પણ જોડકણું બની રહે છે; જમકે, **'રવિ પછી તો સોમ છે, ત્રીજો મંગળવાર'**.

ગદ્ય સ્વાભાવિક છે, પદ્ય પ્રયત્નસાધ્ય છે. છતાં જે પ્રાચીનતમ સાહિત્ય પદ્યમાં રચાયું છે તે જળવાયું છે, કેમકે તે કંઠસ્થ કરવામાં ઉપયોગી હોવાથી ચિરંજીવ બની શકે છે. આથી વેદો, આગમો, ત્રિપિટકો પુરાણો ઇત્યાદિ પદ્યમાં ઉપલબ્ધ છે. કંઠસ્થ સાહિત્ય મૌખિક પરંપરામાં પેઢીઓ ને પેઢીઓ સુધી વારસાગત રહી શકે છે, એટલું જ નહિ એમાંના શબ્દો પણ એ જ ક્રમે અકબંધ જળવાઈ રહે છે. ગદ્યમાં શબ્દો, વાક્યો કે કંડિકાઓ સ્મૃતિભ્રંશથી લુપ્ત થવાનો ભય રહે છે. આથી જ ધાર્મિક સાહિત્ય તેમજ વિવિધ શાસ્ત્રોના સાહિત્યમાં પદ્યબદ્ધ કૃતિઓ વધુ ઉપયોગી નીવડેલી છે. પદ્ય સાહિત્ય સમજવા માટે છન્દઃશાસ્ત્રના જ્ઞાનની આવશ્યકતા રહે છે.

કાવ્ કે કવિતાનું એકમ **'શ્લોક'** કે **'કડી'** છે. સ્તુતિ કે અન્ય ભાવની અભિવ્યક્તિ શ્લોકોના બનેલા અધ્યાયોમાં થાય છે. અધ્યાયોના સમૂહને વિષય *પ્રમાણે **'કાંડ'**, **'પર્વ'** ઇત્યાદિમાં સંયોજિત કરાય છે. મહાકાવ્યના વિભાગોને* (અધ્યાયોને) **'સર્ગ'** પણ કહે છે.

વાલ્મીકિ-રામાયણમાં પારધીના બાણથી હણાયેલા ક્રૌંચ પક્ષીનું કલ્પાન્ત જોઈ દયાર્દ્ર બનેલા હૃદયવાળા મહર્ષિ વાલ્મીકિનું દુઃખ જે શ્લોકમાં વ્યક્ત થયું તે શ્લોકનો છંદ અનુષ્ટુભ જ હતો, પરંતુ લોકભાષામાં તે 'શ્લોક' કહેવાયો, તેથી કોઈ પણ છંદમાં રચાયેલ પદ્ય શ્લોક જ કહેવાય છે. પછી તે પ્રકારની રચનાને અક્ષરગણના કે માત્રાગણનાથી તેનું બંધારણ જોઈ તેને તે તે પ્રમાણે જુદાજુદા છંદો(વૃત્તો કે જાતિ)માં વિભક્ત કરવામાં આવી. પિંગલ નામના ઋષિએ સર્વપ્રથમ આ શાસ્ત્ર રચ્યું, જે **'છન્દઃશાસ્ત્ર'** તરીકે ઓળખાય છે. એમાં વૈદિક છંદોનું વિવરણ વિશેષ છે. માત્ર લૌકિક છંદો માટે પણ ઘણા વિદ્વાનોએ છંદઃશાસ્ત્ર રચ્યાં છે, પરંતુ તેમાં **'વૃત્તરત્નાકર'** એ જાણીતો ગ્રંથ છે. તેના કરતાંય સરળ ગ્રંથ **'છંદોમંજરી'** નામનો છે. **'સુવૃત્તતિલક'**માં તો કયો ભાવ વ્યક્ત કરવા માટે કયો છંદ ઉચિત છે એ પણ દર્શાવ્યું છે.

શ્લોક શબ્દનો અર્થ **'કાવ્ય રચવું'** એવો થાય છે. શ્લોકના આયામ એકંદરે લાંબા હોવાથી એની રચના સામાન્ય રીતે ચાર પેટા એકમોમાં કરાય છે. એ પેટા એકમો(ભાગ)ને **'પાદ'** કે **'ચરણ'** કહે છે. પાદ શબ્દ **पद्** (=જવું) ધાતુ પરથી બનેલો છે અને ચરણ શબ્દ **चर्** (= ફરવું) ધાતુ પરથી બનેલો છે. જેમ ગાયને ચાર પાદ હોવાથી તે સારી રીતે જઈ શકે છે અથવા એને ચાર ચરણ હોવાથી એ સારી રીતે ફરી શકે છે તેમ (**गो**=) વાણીને વેદમાં કામધેનુ કહી હોવાથી વાણીરૂપી કામધેનુને પણ ચાર પાદ કે ચરણ છે.

શ્લોકના મુખ્ય બે ભાગ હોય છે. પ્રથમ અર્ધભાગને પૂર્વાર્ધ અને પછીના અર્ધભાગને ઉત્તરાર્ધ કહે છે. પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ બંનેના પણ બબ્બે ભાગ હોવાથી એક આખા શ્લોકના કે કડીના ચાર ભાગ પડે છે. તે દરેક ભાગને પાદ કે ચરણ કહે છે. તેથી એક શ્લોકના ચાર પાદ(ચરણ) હોય છે. પૂર્વાર્ધના પ્રથમ ચરણના અંતે અને બીજા ચરણના આરંભ વચ્ચે સંધિ થઈ શકે, પણ ત્રીજા ચરણ સાથે થતી નથી. ત્રીજા ચરણના અંતે અને ચોથા ચરણના આરંભમાં સંધિ થઈ શકે છે. લાંબાં ચરણોવાળો શ્લોક ચાર પંક્તિમાં લખાય છે, જ્યારે ટૂંકાં ચરણોવાળો શ્લોક બે પંક્તિમાં લખાય છે.

દરેક શ્લોકની બેકી (૨-૪) પંક્તિને **'સમ'** (યુજ્) ચરણ કહે છે અને એકી (૧-૩) પંક્તિને **'વિષમ'** (અયુજ્) ચરણ કહે છે.

પૂર્વાર્ધ પૂરો થયે એક દંડ (।) મુકાય છે તે અપૂર્ણતા સૂચવે છે અને ઉત્તરાર્ધના અંતે બે દંડ (।।) મુકાય છે તે પૂર્ણતા સૂચવે છે.

સંસ્કૃત સાહિત્યમાં રચાયેલા પદ્યો **'છંદ'** અને **'વૃત્ત'** એમ બે નામથી જાણીતા છે. એ પદ્યોની રચના અર્થાત્ બંધારણને સમજાવનારું શાસ્ત્ર તે છન્દઃશાસ્ત્ર. છન્દઃશાસ્ત્રની રચના દરેક દેશમાં થતી હોય છે. એ શાસ્ત્રગ્રંથની રચના જૈનોમાં સુધર્માસ્વામી અને વૈદિકોમાં પિંગલ જેવી પ્રતિભાસંપન્ન વ્યક્તિ કરી શકે છે.

છંદોનું બંધારણ (છંદના અક્ષરોનો ક્રમ, યતિ, માત્રા વગેરેનું વિવરણ) સમજાવવા માટે શાસ્ત્રકારોએ લઘુ-ગુરુ વર્ણોની ગોઠવણીથી ત્રણ-ત્રણ અક્ષરોનો એક ગણ એવા આઠ ગણો અર્થાત્ સમૂહ કલ્પ્યા છે. એ ગણો દ્વારા છંદનું લક્ષણ અપાય છે. લક્ષણ એટલે છંદને ઓળખાવનારી વ્યાખ્યા અર્થાત્ છંદના સ્વરૂપનું વિવરણ. એમાં વ્યંજનોનું મહત્ત્વ નથી, સ્વરોનું જ મહત્ત્વ છે. સ્વરોના હ્રસ્વ અને દીર્ઘ એવા વ્યાકરણપ્રસિદ્ધ બે પ્રકારો છે. **'અ, ઇ, ઉ, ઋ'** હ્રસ્વ સ્વર છે અને **'આ, ઈ, ઊ, ૠ, એ, ઐ, ઓ, ઔ'** દીર્ઘ સ્વર છે. છંદઃશાસ્ત્રમાં અક્ષરોના ઉચ્ચારણ પ્રમાણે એના બે ભાગ કરવામાં આવ્યા છે. હ્રસ્વ સ્વરવાળો અક્ષર **'લઘુ'** અને દીર્ઘ સ્વરવાળો અક્ષર **'ગુરુ'** કહેવાય છે. **'નમન'** અને **'સુરભિ'** આ બે શબ્દોમાંના ત્રણેય અક્ષરો લઘુ છે અને **'માતાજી'** શબ્દમાં ત્રણેય અક્ષરો ગુરુ છે. છંદમાં લઘુ અને ગુરુ અક્ષરો હોય છે.

હ્રસ્વ સ્વર પછી જો **જોડાક્ષર** આવતો હોય તો તે દોઢાતો ($૧\frac{૧}{૨}$) હોવાથી ગુરુ બને છે; દા.ત., **'રક્ત'** શબ્દમાં બંને સ્વર દેખાય છે હ્રસ્વ, પરંતુ બોલતી વખતે જોડાક્ષર છૂટો પડે છે અને એનો પૂર્વનો ભાગ આગળના સ્વર સાથે બોલાય છે. **'રક્ત'** શબ્દ **'રક્ + ત'** એ રીતે બોલાય છે, તેથી **'રક્'**ના **'ર'**માંનો **'અ'** ગુરુ બને છે.

**'પ્રયત્ન'** શબ્દ **'પ્ર + યત્ + ન'** એમ બોલાતો હોવાથી **'પ્ર'** લઘુ, **'યત્'** ગુરુ અને **'ન'** લઘુ કહેવાય છે; જ્યારે **'અપ્રયત્ન'** શબ્દ **'અપ્ + ર + યત્ + ન'**. આ પ્રમાણેના વિભાગથી બોલાતો હોવાથી **'અપ્'** ગુરુ, **'ર'** લઘુ, **'યત્'** ગુરુ અને **'ન'** લઘુ કહેવાય છે.

**'ઋ'** હ્રસ્વ હોવાથી લઘુ છે, પણ એના પછી જોડાક્ષર આવે તો એ ગુરુ બને છે; દા.ત., **'કૃષ્ણ = કૃષ્ + ણ'**, **'વૃષ્ણિ = વૃષ્ + ણિ'**.

અંતે રહેલો ખોડો વ્યંજન પૂર્વ સ્વરની સાથે જોડાય છે, તેથી **'આયુષ્માન્'** શબ્દમાં **'આ + યુષ્ + માન્'** એમ ત્રણેય સ્વરો ગુરુ ગણાય છે.

અનુસ્વાર અને વિસર્ગની પૂર્વનો હ્રસ્વ સ્વર પણ ગુરુ બને છે; દા.ત., **'હંસ'**, **'અન્તઃકરણ'**. આમાં **'હ'** અને **'ત'** નો **'અ'** ગુરુ બને છે.

આ પ્રમાણે જોડાક્ષર તથા અનુસ્વાર અને વિસર્ગની પૂર્વનો હ્રસ્વ સ્વર ગુરુ બનતો હોવાથી એને **'ગુરુસ્વર'** એવી સંજ્ઞા અપાઈ છે અને ગુરુસ્વરના પ્રતિપક્ષી સ્વરને **'લઘુસ્વર'** એવી સંજ્ઞા મળી છે.

**શ્લોક : सानुस्वारश्च दीर्घश्च विसर्गी च गुरुर्भवेत् ।**
**वर्णः संयोगपूर्वश्च तथा पादान्तगतोऽपि वा ॥**

**અર્થ :** અનુસ્વારવાળો, દીર્ઘ અને વિસર્ગવાળો અક્ષર ગુરુ બને છે. સંયુક્તાક્ષર(જોડાક્ષર)ની પૂર્વે આવેલો અક્ષર તથા પાદના અંતે આવેલો લઘુ અક્ષર ગુરુ બને છે.

શ્લોકમાંના લઘુ અને ગુરુ વર્ણો દર્શાવવા માટે શાસ્ત્રકારોએ 'ı' અને 'ऽ' એવી સંજ્ઞાઓ અનુક્રમે નક્કી કરી હતી, પરંતુ પછીના કાળથી વધુ સરળતા ખાતર લઘુ વર્ણ માટે 'U' અને ગુરુ વર્ણ માટે '—' આવી સંજ્ઞાઓ પ્રચલિત થઈ છે.

છંદોના મુખ્ય બે પ્રકાર છે : **અક્ષરમેળ છંદ** અને **માત્રામેળ છંદ**. અક્ષરમેળ છંદોમાં અક્ષરોની ગણતરી કરાય છે અને માત્રામેળ છંદમાં માત્રાની ગણતરી કરાય છે.

અક્ષરમેળ છંદનાં ચરણોમાં લઘુ-ગુરુનાં સ્થાન ચોક્કસ હોય છે. એ સ્થાન જાણવાં સહેલાં પડે તે માટે ત્રિ-અક્ષરી ગણ(સમૂહ) નક્કી કરવામાં આવ્યા છે. શાસ્ત્રકારોએ લઘુ-ગુરુ અક્ષરોની ગોઠવણી કરીને નીચે મુજબ એવા આઠ ગણોની રચના કરી છે :

| (अ) ગણ | સંજ્ઞા | સમજૂતિ |
|---|---|---|
| ૧. **ભગણ** | — U U | આ ગણમાં આદિમાં ગુરુ અક્ષર છે. |
| ૨. **જગણ** | U — U | આ ગણમાં મધ્યમાં ગુરુ અક્ષર છે. |
| ૩. **સગણ** | U U — | આ ગણમાં અંતમાં ગુરુ અક્ષર છે. |

(आ)

| ગણ | સંજ્ઞા | સમજૂતિ |
|---|---|---|
| ૧. યગણ | U – – | આ ગણમાં આદિમાં લઘુ અક્ષર છે. |
| ૨. રગણ | – U – | આ ગણમાં મધ્યમાં લઘુ અક્ષર છે. |
| ૩. તગણ | – – U | આ ગણમાં અંતમાં લઘુ અક્ષર છે. |

(श्र)


| ગણ | સંજ્ઞા | સમજૂતિ |
|---|---|---|
| ૧. મગણ | – – – | આ ગણમાં ત્રણેય અક્ષરો ગુરુ છે. |
| ૨. નગણ | U U U | આ ગણમાં ત્રણેય અક્ષરો લઘુ છે. |

નીચેનો શ્લોક કંઠસ્થ કરવાથી આઠેય ગણોના બંધારણને સહેલાઈથી યાદ રાખી શકાશે.

શ્લોક : **आदिमध्याऽवसानेषु, भजसा यान्ति गौरवम् ।**
**यरता लाघवं यान्ति, मनौ तु गुरुलाघवम् ॥**

**અર્થ :** આદિમાં મધ્યમાં અને અંતે **'ભ, જ, સ'** આ ત્રણેય ગણો ગુરુપણાને પામે છે, જ્યારે **'ય, ૨, ત'** આ ત્રણેય ગણો લઘુપણાને પામે છે અને **'મ, ન'** આ બે ગણો અનુક્રમે ગુરુપણાને અને લઘુપણાને પામે છે.

## આઠ ગણોની વૈકલ્પિક ગોઠવણી–૧




આમાં આઠ ગણો રચવા માટે અંતિમ **'મા'** અને **'તા'** એ બે અક્ષરો પુનરુક્ત થયા છે.


| | |
|---|---|
| ૧. માતારા (– – –) = મગણ | ૫. ભાનસ (– U U) = ભગણ |
| ૨. તારાજ (– – U) = તગણ | ૬. નસય (U U U) = નગણ |
| ૩. રાજભા (– U –) = રગણ | ૭. સય મા (U U –) = સગણ |
| ૪. જભાન (U – U) = જગણ | ૮. ય માતા (U – –) = યગણ |

**નોંધ :** આ આઠેય ગણોનું બંધારણ પ્રથમ વિકલ્પ મુજબ જ જાણવું.

આમાંના દરેક ગણનું બંધારણ યાદ રાખવા માટે તે તે ગણના નામના અક્ષરથી શરૂ થતા એકેક શબ્દનું ઉદાહરણ યાદ રાખવાથી સરળતા રહેશે; જેમકે,

| | દૃષ્ટાંત | | દૃષ્ટાંત |
|---|---|---|---|
| ૧. ભગણ | — U U **ભારત** | ૫. રગણ | — U — **રામજી** |
| ૨. જગણ | U — U **જકાત** | ૬. તગણ | — — U **તારાજ** |
| ૩. સગણ | U U — **સમળી** | ૭. મગણ | — — — **માતાજી** |
| ૪. યગણ | U — — **યશોદા** | ૮. નગણ | U U U **નગર** |

## આઠ ગણોની વૈકલ્પિક ગોઠવણી–૨




આ પ્રકારની ગોઠવણીમાં છેલ્લે **'લગા'** મૂકવાથી **'માતા'**ના પુનરાવર્તનની જરૂર રહેતી નથી. એને બદલે 'લ' અને 'ગા' વધે છે, પણ એ વધારાની સંજ્ઞાનું જ્ઞાન કરાવે છે. (લ=લઘુ, ગા=ગુરુ)

| | | | |
|---|---|---|---|
| ૧. યમાતા | = યગણ | ૫. જભાન | = જગણ |
| ૨. માતારા | = મગણ | ૬. ભાનસ | = ભગણ |
| ૩. તારાજ | = તગણ | ૭. નસલ | = નગણ |
| ૪. રાજભા | = રગણ | ૮. સલગા | = સગણ |

**શ્લોક :** **<u>म</u>स्त्रिगुरुस्त्रिलघुश्च <u>न</u>कारो**
**<u>भा</u>दिगुरुः पुनरादिलघु<u>र्य</u>ः ।**
**<u>जो</u> गुरुमध्यगतो <u>र</u>लमध्यः**
**<u>सो</u>ऽन्तगुरुः कथितोन्तलघुस्तः ॥** (દોધક છંદ)

**અર્થ : મ**: એટલે મગણ ત્રણ ગુરુવાળો (૧— ૨— ૩—) છે અને નકાર એટલે નગણ ત્રણ લઘુવાળો (૧U ૨U ૩U) છે. ભગણ આદિ ગુરુવાળો (૧— ૨U ૩U) છે, જ્યારે **યઃ** એટલે યગણ આદિ લઘુવાળો (૧U ૨— ૩—) છે.

**જ:** એટલે જગણ મધ્યગુરુવાળો ( ¹U ²– ³U ) છે અને રગણ **લ** એટલે લઘુ મધ્યવાળો ( ¹– ²U ³– ) છે. **સ:** એટલે સગણ અંતે ગુરુવાળો ( ¹U ²U ³– ) અને **ત:** એટલે તગણ અંતમાં લઘુવાળો ( ¹– ²– ³U ) છે.

**નોંધ :** આ શ્લોકમાં **'રલમધ્ય'** એટલે કે **ર**ગણમાં મધ્ય લઘુ અક્ષર હોય એ અર્થબોધ સ્પષ્ટ રીતે થઈ શકે છે.

આ આઠ ગણોના બંધારણને સારી રીતે સમજી લઈને મગજમાં બરાબર બેસાડી દેવામાં આવે તો તમામ છંદોનું જ્ઞાન સહેલાઈથી થઈ જાય, કારણ કે છન્દઃશાસ્ત્રમાં છંદોનું બંધારણ સમજાવવા માટે આ આઠ ગણોનો જ ઉલ્લેખ થયો છે.

**બીજી પરિભાષા** : શ્લોક કે કડીનાં બધાં ચરણો એક સાથે બોલી શકાતાં નથી, પરંતુ દરેક ચરણના અંતે તેમજ ચરણના વચ્ચેના ભાગે અમુક અમુક સ્થળે થોડો વિરામ લેવામાં આવે છે અર્થાત્ સહેજ અટકીને આગળ ગવાય છે. આ વિરામને **'યતિ'** કહે છે; જેમકે, મન્દાક્રાન્તામાં '૪-૬-૭' અક્ષરે **'યતિ'** આવે છે. **'યતિ'** એટલે અટકવું કે વિરામ.

**અંકોની પરિભાષા :** દરેક ચરણમાં **'યતિ'**(વિરામ) ક્યાં ક્યાં આવે છે એ ટૂંકમાં કહેવા માટે છંદના લક્ષણોમાં અંકો(આંકડા)ની સંખ્યા દર્શાવવા સાંકેતિક શબ્દો વપરાયા છે; જેમકે મન્દાક્રાન્તાના લક્ષણમાં **'જલધિ, ષટ્, અગ'** શબ્દોય વપરાયા છે, જે અનુક્રમે **'૪-૬-૭'** ના અંકો કહે છે. અંકો માટેની આ સંજ્ઞાઓ જાણવા અને યાદ રાખવા યોગ્ય છે. (જુઓ અંકસંજ્ઞા પૃ.૨૪૫)

❋

## છંદોના પ્રકાર

પૂર્વે જણાવ્યા મુજબ છંદોના અક્ષરમેળ છંદ અને માત્રામેળ છંદ એવા બે મુખ્ય પ્રકાર છે. અક્ષરમેળ છંદને **'વૃત્ત'** કહે છે અને માત્રામેળ છંદને **'જાતિ'** કહે છે. અક્ષરમેળ છંદના ત્રણ પેટા ભેદ છે : **સમવૃત્ત, અર્ધસમવૃત્ત** અને **વિષમવૃત્ત**. માત્રામેળ છંદના પેટા ભેદ નથી. એટલે પેટા ભેદ સહિત છંદોના ચાર પ્રકાર છે :

**૧. સમવૃત્ત, ૨. અર્ધસમવૃત્ત, ૩. વિષમવૃત્ત, ૪. માત્રામેળ છંદ**

## છંદ કોષ્ટક

- ૧. અક્ષરમેળ છંદ
  - ૧. સમવૃત્ત (अ)
  - ૨. અર્ધસમવૃત્ત (आ)
  - ૩. વિષમવૃત્ત (इ)
- ૨. માત્રામેળ છંદ (ई)

## ચાર પ્રકારના છંદોની સામાન્ય સમજ

સામાન્ય રીતે દરેક શ્લોકનાં ચારેય ચરણ અક્ષરસંખ્યા કે માત્રાસંખ્યાની દૃષ્ટિએ એક સરખા માપનાં હોય છે. આમ છતાં કેટલાંક છંદોનાં એકી (૧-૩) ચરણોમાં અને બેકી (૨-૪) ચરણોમાં સંખ્યાભેદ કે માત્રાભેદ હોય છે, તો વળી કેટલાક છંદોનાં ચારેય ચરણમાં સંખ્યાભેદ કે માત્રાભેદ હોય છે.

૧. **સમવૃત્ત : 'સમ'** એટલે એક સરખી અક્ષરસંખ્યાનાં પાદોવાળા **'વૃત્ત'** એટલે છંદ. અક્ષરસંખ્યા છંદના એક ચરણ(પાદ) માટેની હોય છે. છંદનાં ચારેય ચરણોમાં અક્ષરસંખ્યા સમાન(એક સરખી) હોવાથી જ **'સમવૃત્ત'** કહેવાય છે; જેમકે **અનુષ્ટુભ્** છંદનાં ચારેય ચરણોમાં '૮-૮' અક્ષરોની, વસંતતિલકા છંદનાં ચારેય ચરણોમાં **'૧૪-૧૪'** અક્ષરોની, માલિની છંદનાં ચારેય ચરણોમાં **'૧૫-૧૫'** અક્ષરોની અને સ્રગ્ધરા છંદનાં ચારેય ચરણોમાં **'૨૧-૨૧'** અક્ષરોની સંખ્યા હોય છે અને તે
૮-૮ (પૂર્વાર્ધ),
૮-૮ (ઉત્તરાર્ધ) એ રીતે લખીને બતાવાય છે.

૨. **અર્ધસમવૃત્ત :** જે શ્લોકમાં પહેલા અને ત્રીજા પાદમાં અક્ષરોની સંખ્યા સમાન હોય, જ્યારે બીજા અને ચોથા પાદમાં અક્ષરોની સંખ્યા એથી જુદી હોય એવા છંદને **'અર્ધસમવૃત્ત'** કહેવાય છે. આમાં એકી (૧-૩) ચરણોમાં સરખી સંખ્યા અને બેકી (૨-૪) ચરણોમાં સરખી સંખ્યા હોય છે. આમ પૂરી સમાનતા ન હોવાથી અને અર્ધી સમાનતા હોવાથી એવા વૃત્તને **અર્ધસમવૃત્ત**(અર્ધા ભાગમાં સમવૃત્ત) એવી સંજ્ઞા છે; જેમકે વિયોગિની છંદમાં પહેલા અને ત્રીજા પાદમાં **'૧૦-૧૦'** અક્ષરોની સંખ્યા હોય છે,

જ્યારે બીજા અને ચોથા પાદમાં **'૧૧-૧૧'** અક્ષરોની સંખ્યા હોય છે અને તે
**'૧૦-૧૧'** (પૂર્વાર્ધ),
**'૧૦-૧૧'** (ઉત્તરાર્ધ) એ રીતે લખીને બતાવાય છે.

૩. **વિષમવૃત્ત :** જે શ્લોકનાં એકી (૧-૩) અને બેકી (૨-૪) પાદોમાં અક્ષરોની સંખ્યા જુદી જુદી હોય છે એને **'વિષમવૃત્ત'** કહેવાય છે; જેમકે ઉદ્ગતા છંદમાં પૂર્વાર્ધનાં પહેલા-બીજા પાદમાં **'૧૦-૧૦'** અક્ષરોની સંખ્યા હોય છે, જ્યારે ઉત્તરાર્ધનાં ત્રીજા-ચોથા પાદમાં **'૧૧-૧૩'** અક્ષરોની સંખ્યા હોય છે. આમાં પૂર્વાર્ધમાં અક્ષરસંખ્યા સરખી છે, પણ ઉત્તરાર્ધમાં વિષમ (જુદી-જુદી) છે અને તે
**'૧૦-૧૦'** (પૂર્વાર્ધ),
**'૧૧-૧૩'** (ઉત્તરાર્ધ) એ રીતે લખીને બતાવાય છે.

૪. **માત્રા છંદ :** માત્રાછંદમાં અક્ષરોની નહિ, પણ માત્રાઓની ગણતરી કરાય છે. એમાં લઘુ અક્ષરની એક માત્રા અને ગુરુ અક્ષરની બે માત્રા ગણાય છે; જેમકે,

| | | |
|---|---|---|
| ૧. **શર્કરા** | = શર્ + ક + રા<br>– ∪ –<br>૨ + ૧ + ૨ | પાંચ માત્રા |
| ૨. **જામદગ્ન્ય** | = જા + મ + દગ્ + ન્ય<br>– ∪ – ∪<br>૨ + ૧ + ૨ + ૧ | છ માત્રા |

દા.ત. ૧. આર્યા છંદના શ્લોકમાં પહેલા પાદમાં ૧૨, બીજા પાદમાં ૧૮; ત્રીજા પાદમાં ૧૨ અને ચોથા પાદમાં ૧૫ માત્રા હોય છે.

૨. ગીતિ છંદના શ્લોકમાં પહેલા પાદમાં ૧૨, બીજા પાદમાં ૧૮; ત્રીજા પાદમાં ૧૨ અને ચોથા પાદમાં ૧૮ માત્રા હોય છે.

આટલું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી આપણે કેટલાક અતિપ્રચલિત છંદોનાં જ માત્ર લક્ષણો જોઈએ.

# ૧. સમવૃત્ત છંદ વિભાગ

ગાયત્રી છંદમાં '૮-૮' અક્ષરનાં ત્રણ જ પાદ હોય છે. તેમાં પહેલું અને બીજું ચરણ મળી પૂર્વાર્ધ થાય છે અને ત્રીજું ચરણ સ્વતંત્ર ઉત્તરાર્ધની ગરજ સારે છે. આ ગાયત્રી છંદમાં ત્રણ ચરણમાં ભાવ પૂર્ણપણે વ્યક્ત ન થાય ત્યારે એમાં ચોથા ચરણની પૂર્તિ કરીને ભાવ વ્યક્ત કરાય છે. ગાયત્રી છંદમાં ચોથું ચરણ ઉમેરવાથી શ્લોક અર્થાત્ અનુષ્ટુભ્ છંદ બને છે. આમ અનુષ્ટુભ્ એ ગાયત્રી છંદનું જ વિસ્તૃતીકરણ છે. અનુષ્ટુભ્ એ વૈદિક નામ છે. સંધિના નિયમાનુસાર થતાં ફેરફારને કારણે ક્યારેક આ છંદ અનુષ્ટુપ્ કે અનુષ્ટુબ્ એમ પકારાન્ત કે બકારાન્ત પણ લખાય છે.

'વૃત્ત' સામાન્ય રીતે સમવૃત્ત હોય છે. એમાં શ્લોકના દરેક ચરણમાં પ્રાયઃ **૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ કે ૨૩** અક્ષર હોય છે. આવાં વૃત્તોની સંખ્યા ઘણી હોવાથી અહીં એમાંનાં કેટલાંક વધુ પ્રચલિત વૃત્તોનો પરિચય આપ્યો છે.

❋

## આઠ અક્ષરવાળા છંદ

૧. **અનુષ્ટુભ્:** અનુષ્ટુભ્ શ્લોકના ચારેય પાદમાં આઠ-આઠ અક્ષરો હોવાથી એ સમવૃત્ત છંદ છે.

લક્ષણ : **श्लोके षष्ठं गुरु ज्ञेयं, सर्वत्र लघु पञ्चमम् ।** ૮-૮

**द्विचतुःपादयो र्ह्रस्वं, सप्तमं दीर्घमन्ययोः ॥** ૮-૮

**અર્થ :** શ્લોકના દરેક પાદમાં છઠ્ઠો અક્ષર ગુરુ જાણવો, ચારેય પાદમાં પાંચમો અક્ષર લઘુ જ હોય છે, જ્યારે સાતમો અક્ષર બેકી પાદમાં લઘુ(હ્રસ્વ) અને એકી પાદમાં ગુરુ (દીર્ઘ) હોય છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **એકી પાદના અક્ષર** : | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **લઘુ-ગુરુ સંજ્ઞા** : | U̲ | U̲ | U̲ | U̲ | U | – | – | U̲ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **બેકી પાદના અક્ષર** : | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **લઘુ-ગુરુ સંજ્ઞા** : | U̲ | U̲ | U̲ | U̲ | U | – | U | U̲ |

બાકીના અક્ષરોમાં લઘુ-ગુરુ એ બેમાંથી ગમે તે અક્ષર પ્રયોજાય છે. તે દર્શાવવા માટે લઘુ-ગુરુની 'U –' આ બંને સંજ્ઞાઓ 'U̲' આમ ઉપર-નીચે લખાય છે. 'U̲' આ બંને ભેગી સંજ્ઞાઓથી (ચિહ્નોથી) એમ સમજવાનું છે કે આ સ્થાને લઘુ કે ગુરુ બેમાંથી કોઈપણ એક અક્ષર પ્રયોજી શકાય છે.

અનુષ્ટુભ્‌ના ચરણમાં આઠ અક્ષારો પૈકી '૫ - ૬ - ૭' એ ત્રણ જ અક્ષરોનું ધ્યાન રાખવાનું હોય છે, બાકીના પાંચનું નહિ. આથી આ છંદમાં લાંબાં કાવ્યો રચવા સરળ પડ્યાં છે.

કોઈ પણ પાદના અંતે લઘુ અક્ષર હોય તોપણ એને ગુરુ માનવામાં આવે છે.

અનુષ્ટુભ્ છંદનું લક્ષણ એ જ છંદમાં અપાયું છે. અનુષ્ટુભ્ છંદ સામાન્ય રીતે શ્લોક તરીકે ઓળખાય છે.

**અનુષ્ટુભ્ શ્લોક : चला लक्ष्मीश्चलाः प्राणाश्चलं जीवितयौवनम् ।**
**चलाचले च संसारे धर्म एको हि निश्चलः ॥**

**અર્થ :** લક્ષ્મી(ધન) અસ્થિર(ચંચળ) છે. પ્રાણો પણ અસ્થિર છે અને જીવિત તથા યૌવન પણ અસ્થિર છે. સ્થિરાસ્થિર એવા આ સંસારમાં એકમાત્ર ધર્મ જ નિશ્ચલ(સ્થિર) છે. (માટે બુદ્ધિમાન માનવોએ હંમેશાં ધર્મમાં જ તત્પર રહેવું જોઈએ.)

❋

૨. **પ્રમાણિકા** અને **સમાનિકા** : (આ બંને છંદ ૮-૮ અક્ષરના છે.)

લક્ષણ : **प्रमाणिका जरौ लगौ**
**ग्लौ समानिका रजौ तु ।**

પ્રમાણિકા

| ગણરચના : | **प्रमाणि** | **काजरौ** | **लगौ** | **બંધારણ** |
|---|---|---|---|---|
| (બંધારણ) | U–U | –U– | U– | ૮-૮ |
| | જગણ | રગણ | લ ગુ | ૮-૮ |

સમાનિકા

| **ग्लौस** | **मानिका** | **र जौ तु** |
|---|---|---|
| – U | –U– | U–U |
| ગુ લ | રગણ | જગણ |

**લક્ષણનો અર્થ :** જેમાં જગણ અને રગણ પછી એક લઘુ અને એક ગુરુ હોય તેને **'પ્રમાણિકા'** છંદ કહે છે. આ પ્રમાણિકા છંદમાં લઘુ-ગુરુ (∪ –) એવી અક્ષરોની ચાર જોડી આવે છે.

જેમાં રગણ અને જગણની પૂર્વે એક ગુરુ અને એક લઘુ હોય તેને **'સમાનિકા'** છંદ કહે છે. આ સમાનિકા છંદમાં (પ્રમાણિકાથી ઊલટી) ગુરુ-લઘુ (– ∪) એવી અક્ષરોની ચાર જોડી આવે છે.

સંસ્કૃત છંદઃશાસ્ત્રમાં દરેક છંદનાં લક્ષણ(લઘુ-ગુરુ-યતિ વગેરે) તે તે છંદના શ્લોકમાં અપાય છે. તેમાં તે તે છંદના નામનો પણ સમાવેશ કરાય છે. નામ, લક્ષણ અને ઉદાહરણ બધું એક જ શ્લોકમાં વણી લીધેલું હોય છે, જેથી તે સ્મરણશક્તિને અનુકૂળ બને છે. (દા.ત., જુઓ દોધક છંદ પૃ. ૨૧૫)

કોઈ પણ ચરણ ત્રણ-ત્રણ અક્ષરના ગુણાકારથી વધુ સંખ્યાના અક્ષરોનું હોય તો બાકીના એક કે બે અક્ષરની ઉમેરણી 'લ' કે 'ગ' જેમ આવતા હોય તેમ આપીને બતાવાય છે; જેમકે ૧૭ અક્ષરનું મંદાક્રાન્તા વૃત્ત **'મ, ભ, ન, ત, ત'** એ (૫x૩=) ૧૫ અક્ષર ઉપરાંત **(गुरू)** (દ્વિ.વ.)=ગ ગ = બે ગુરુ એમ ૧૭ અક્ષરનું બને છે.

છંદમાં અંતે (ત્રણને બદલે) એક કે બે જ અક્ષર હોય તો લઘુને માટે **'લ'** અને ગુરુને માટે **'ગ'** એવી ટૂંકી સંજ્ઞા અપાય છે. છંદની દૃષ્ટિએ છેલ્લા બંને અક્ષર લઘુ (હ્રસ્વ) આવતા હોય તો 'લ'ને બદલે 'લૌ' અને બંને અક્ષર ગુરુ (દીર્ઘ) આવતા હોય તો 'ગ' ને બદલે 'ગૌ' અગર ગુરૂ લખાય છે.

**પ્રમાણિકા શ્લોક :** **शुभा सरस्वती मतिप्रदा भवेदियं सदा ।**
**यथा भवेन् ममाऽत्र जन्म मङ्गलं भवाऽर्णवे ॥**

**અર્થ :** શુભ સરસ્વતી મને સદા મતિ આપનારી થાવ, જેથી અહીં ભવસાગરમાં મારો જન્મ મંગળ(મય) થાય.

---

**સમાનિકા શ્લોક :** **यस्य कृष्णपादपद्ममस्ति हृत्तडागसद्मनि ।**
**धीः समानिका परेण नोचिताऽत्र मत्सरेण ॥**

**અર્થ :** કૃષ્ણનાં ચરણકમળ જેના હૃદયરૂપી તળાવમાં રહેનારા છે તેની સમભાવવાળી બુદ્ધિ તીવ્ર મત્સરવાળી હોય તે ઉચિત નથી.

## અગિયાર અક્ષરવાળા છંદ

૩. ઇન્દ્રવજ્રા : (૧૧ અક્ષર)

**લક્ષણ :** **स्यादिन्द्रवज्रा यदि तौ जगौ गः ।**

| | | | | |
|---|---|---|---|---|
| ગણરચના | **स्यादिन्द** | **वज्राय** | **दितौज** | **गौ गः** |
| (બંધારણ) | – – ∪ | – – ∪ | ∪ – ∪ | – – |
| | તગણ | તગણ | જગણ | ગુ ગુ |

**લક્ષણનો અર્થ :** જે છંદમાં બે તગણ, પછી જગણ અને અંતે બે ગુરુ(અક્ષર) હોય તે છંદ **ઇન્દ્રવજ્રા** કહેવાય છે. [**जः (=जगण) च गः (गुरुः) च=जगौ**]

**યતિ** : સામાન્ય રીતે ૫ + ૬ કે ૪ + ૭

(શબ્દોના તોડ પ્રમાણે યતિ યથારુચિ જાણવી.)

જેમકે, **नमोऽस्तु ते । व्यास विशालबुद्धे**

૪ + ૭

**નોંધ** : ઇન્દ્રવજ્રા વગેરે ૧૧-૧૨ અક્ષરવાળા છંદોમાં યતિ નિશ્ચિત નથી. ક્યાંક ૪ અક્ષર પછી ને ૭ અક્ષર પછી તો ક્યાંક ૫ અક્ષર પછી અને ૬ અક્ષર પછી એમ ગાવાની અનુકૂળતા મુજબ યતિ હોવાથી છન્દઃશાસ્ત્રના લેખકોએ લક્ષણમાં યતિનો નિર્દેશ કર્યો નથી. દા.ત.,

**ઇન્દ્રવજ્રા શ્લોક :** **द्रव्याणि भूमौ, पशवश्च गोष्ठे,** ૫+૬
**भार्या गृहद्वारि, जनः स्मशाने ।** ૬+૫
**देहश्चितायां, परलोकमार्गे,** ૫+૬
**कर्मानुगो, गच्छति जीव एकः ॥** ૪+૭

**અર્થ :** ધન ભૂમિમાં, પશુઓ ગમાણમાં, પત્ની ઘરના દ્વારે, લોક સ્મશાને અને દેહ ચિતામાં રહી જાય છે.(જીવની સાથે પરલોકમાં પુણ્ય-પાપ સિવાય બીજું કાંઈ જ જતું નથી. પાપથી ભેગું કરેલું બધું અહીં જ રહી જાય છે.) **કર્માનુસારે પરલોકના માર્ગે તો જીવ એકલો જ જાય છે.**

૪. ઉપેન્દ્રવજ્રા : (૧૧ અક્ષર)

| | | | | |
|---|---|---|---|---|
| લક્ષણ : | **उपेन्द्रवज्रा प्रथमे लघुः सा ।** | | | |
| ગણરચના | **उ पे न्द्र** | **व ज्रा प्र** | **थ मे ल** | **घुःसा** |
| (બંધારણ) | U — U | — — U | U — U | — — |
| | જગણ | તગણ | જગણ | ગુ ગુ |

**[ सा=इन्द्रवज्रा ( यदि ) प्रथमे लघुः ( तदा ) उपेन्द्रवज्रा ( भवति )]**

**લક્ષણનો અર્થ :** ઇન્દ્રવજ્રાનો પહેલો અક્ષર જો લઘુ હોય તો તે છંદ ઉપેન્દ્રવજ્રા કહેવાય છે. એમાં આરંભે **'તગણ'**ને બદલે **'જગણ'** આવે છે.

**યતિ :** સામાન્ય રીતે ૫+૬ (શબ્દોના તોડ પ્રમાણે યતિ યથારુચિ જાણવી.)

જેમકે, **नमो गुरुभ्यो । गुरुपादुकाभ्यः**

૫ + ૬

**નોંધ : उपेन्द्रवज्रा जतजा ततो गौ । અર્થ :** જગણ, તગણ અને જગણ પછી બે ગુરુ આવે તો તે છંદ **ઉપેન્દ્રવજ્રા** કહેવાય છે. ઉપેન્દ્રવજ્રાનું આ બીજું લક્ષણ માત્ર ધ્યાનમાં રાખવા યોગ્ય છે, કારણ કે આ બીજા લક્ષણની અપેક્ષાએ પ્રથમ લક્ષણ વધુ સહેલું છે.

**ઉપેન્દ્રવજ્રા શ્લોક :** **स्वयं महेशः, श्वशुरो नगेशः,** ૫+૬
**सखा धनेशः, तनयो गणेशः ।** ૫+૬
**तथापि भिक्षाटनमेव शम्भोः,** ૫+૬
**बलीयसी केवलमीश्वरेच्छा ॥** ૪+૭

**અર્થ :** જે જાતે જ મોટા ઈશ(રાજા)છે, જેનો સસરો પણ પર્વતોનો રાજા છે, વળી જેનો મિત્ર(કુબેર) ધનનો રાજા છે અને જેનો પુત્ર ગણોનો રાજા(ગણપતિ) છે એવા શંભુને પણ જ્યારે ભિક્ષા મેળવવા માટે ભટકવું પડતું હોય ત્યારે કહેવું પડે છે કે સર્વત્ર ઈશ્વરની ઇચ્છા જ બળવાન છે.

૫. ઉપજાતિ : (૧૧ અક્ષર)

લક્ષણ : अनन्तरोदीरितलक्ष्मभाजौ ।
पादौ यदीयावुपजातयस्ताः ॥

**લક્ષણનો અર્થ :** જેનો ઓછામાં ઓછો એક પાદ પણ ઉપર તરતજ કહેલા (ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રાના) છંદો પૈકીનો હોય તે છંદને (ઉપ = ગૌણ - મિશ્રિત) **ઉપજાતિ** કહેવાય છે.

યતિ : ૪ + ૭ કે ૫ + ૬ (ગાવાની અનુકૂળતા મુજબ)

ઉપજાતિ શ્લોક : **आरम्भगुर्वी क्षयिणी क्रमेण,**
**लघ्वी पुरा वृद्धिमती च पश्चात् ।**
**दिनस्य पूर्वार्धपरार्धभिन्ना,**
**छायेव मैत्री खलसज्जनानाम् ॥**

(૧, ૨, ૪ ચરણ **ઇન્દ્રવજ્રા** અને ત્રીજું ચરણ **ઉપેન્દ્રવજ્રા**)

**અર્થ :** દુર્જનની મિત્રતા સવારની છાયા જેવી, આરંભમાં મોટી અને પછી ક્રમે ક્રમે ઘટતી જાય છે, જ્યારે સજ્જનની મિત્રતા બપોર પછીની છાયા જેવી, આરંભમાં નાની અને પછી ક્રમે ક્રમે મોટી થતી(વધતી) જાય છે.

❋

**ઉપજાતિ એટલે મિશ્રણ.** ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રાના લક્ષણ પછી લેખકે જણાવ્યું છે કે **यदीयौ पादौ अनन्तरोदीरित-लक्ष्मभाजौ (स्तः) ताः उपजातयः (कथ्यन्ते)** અર્થાત્ હમણાં જ ઉપર કહેવાયેલ ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રાના લક્ષણ ધરાવતા જેના પાદ હોય તે બધી ઉપ(પેટા) જાતિઓ કહેવાય છે.

આ લક્ષણને માત્ર ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રાના મિશ્રણ પૂરતું મર્યાદિત ન રાખતાં કોઈ પણ બે જુદા જુદા છંદોના પાદોનું મિશ્રણ થતું હોય તે બધી જાતિને ઉપજાતિ ગણવી; જેમકે સ્વાગતાના પાદ કે પાદોમાં

બાકીના પાદ રથોદ્ધતાના હોય અથવા એથી ઊલટું રથોદ્ધતાના પાદ કે પાદોમાં અન્ય પાદ સ્વાગતાના હોય તો તે ઉપજાતિ કહેવાય, પરંતુ રથોદ્ધતાના પાદનું બંધારણ રથોદ્ધતાના લક્ષણ પ્રમાણે અને સ્વાગતાના પાદનું બંધારણ સ્વાગતાના લક્ષણ પ્રમાણે જાણવું.

**ટૂંકમાં ઉપજાતિ એટલે પેટાજાતિ અર્થાત્ કોઈ પણ બે છંદોનું મિશ્રણ.**

**મિશ્રણ :** સ્વાગતા ૧ પાદ, રથોદ્ધતા ૩ પાદ અથવા એનાથી ઊલટું
સ્વાગતા ૨ પાદ, રથોદ્ધતા ૨ પાદ અથવા એનાથી ઊલટું

આવી રીતે કોઈ પણ બે છંદોના મિશ્રણથી બનતી પેટાજાતિ તે ઉપજાતિ જાણવી.

❋

૫. **રથોદ્ધતા** : (૧૧ અક્ષર)

| | | | | |
|---|---|---|---|---|
| લક્ષણ : | **रान् नराविह रथोद्धता लगौ ।** | | | |
| ગણરચના | **रान्नरा** | **विहर** | **थोद्धता** | **लगौ** |
| (બંધારણ) | – ∪ – | ∪ ∪ ∪ | – ∪ – | ∪ – |
| | રગણ | નગણ | રગણ | લગુ |

**લક્ષણનો અર્થ** : જેમાં રગણ પછી નગણ, રગણ અને અંતે એક લઘુ તથા એક ગુરુ હોય તે છંદ **રથોદ્ધતા** કહેવાય છે. ('रात्'નું 'रान्' સંધિથી થાય છે.)

**યતિ** : ૩ + ૮, ૫ + ૬ (ગાવાની અનુકૂળતા મુજબ)

રથોદ્ધતા શ્લોક : **दोषजातमवधीर्य मानसे,**
**धारयन्ति गुणमेव सज्जनाः ।**
**क्षारभावमपनीय गृह्णते,**
**वारिधेः सलिलमेव वारिदाः ॥**

**અર્થ** : સજ્જનો દોષના સમૂહની અવગણના કરીને મનમાં ગુણને જ ધારણ કરે છે; સમુદ્રની ખારાશનો ત્યાગ કરીને વાદળો તેમાંથી પાણીને જ ગ્રહણ કરે છે. ('**गृह्णते**' આત્મને૦ ત્રી.પુ.,બ.વ.નું રૂપ છે.)

૬. **સ્વાગતા** : (૧૧ અક્ષર)

| | | | | |
|---|---|---|---|---|
| લક્ષણ : | **स्वागतेति रनभाद् गुरुयुग्मम् ।** | | | |
| ગણરચના : | **स्वागते** | **ति र न** | **भाद्गुरु** | **युग्मम्** |
| (બંધારણ) | – ∪ – | ∪ ∪ ∪ | – ∪ ∪ | – – |
| | રગણ | નગણ | ભગણ | ગુ ગુ |

**લક્ષણનો અર્થ** : જેમાં રગણ, નગણ અને ભગણ પછી ગુરુની જોડી અર્થાત્ બે ગુરુ હોય તે છંદ **સ્વાગતા** કહેવાય છે.

**યતિ** : ૪ + ૭

**સ્વાગતા શ્લોક** : **कस्यचित् किमपि नो हरणीयं,**
**मर्मवाक्यमपि नोच्चरणीयम् ।**
**श्रीपतेः पदयुगं स्मरणीयं,**
**लीलया भवजलं तरणीयम् ॥**

**અર્થ** : કોઈની કોઈ પણ વસ્તુની ચોરી કરવી નહિ, કોઈના હૃદયને દુઃખ થાય એવું મર્મવચન બોલવું નહિ, વિષ્ણુનાં ચરણોનું સ્મરણ કરવું અને સહેલાઈથી ભવસાગર તરી જવો.

**નોંધ** : જેમાં છેલ્લા બે અક્ષરો ∪ – (લઘુ-ગુરુ) હોય તે રથોદ્ધતા અને છેલ્લા બંને અક્ષરો – – (ગુરુ) હોય તે સ્વાગતા. રથોદ્ધતા અને સ્વાગતાના ભેદને સમજવાની આ સરળ રીત છે.

❋

૭. **દોધક** : (૧૧ અક્ષર)

| | | | | |
|---|---|---|---|---|
| લક્ષણ : | **दोधकमिच्छति भत्रितयाद् गौ ।** | | | |
| **ગણરચના** : | **दोधक** | **मिच्छति** | **भत्रित** | **याद् गौ** |
| (બંધારણ) | – ∪ ∪ | – ∪ ∪ | – ∪ ∪ | – – |
| | ભગણ | ભગણ | ભગણ | ગુ ગુ |

**લક્ષણનો અર્થ :** જેમાં ત્રણ ભગણ પછી બે ગુરુ હોય તે છંદ દોધક કહેવાય છે.

**યતિ : ૬ + ૫**

દોધક શ્લોક : **देव ! सदोध-कदम्बतलस्थ !**
**श्रीधर ! तावकनामपदं मे ।**
**कण्ठतलेऽसुविनिर्गमकाले**
**स्वल्पमपि क्षणमेष्यति योगम् ? ॥**

**અર્થ :** દોધ એટલે વાછરડા સહિત કદંબની નીચે ઊભા રહેનાર હે શ્રીધર(કૃષ્ણ) દેવ ! મારા પ્રાણ નીકળવાના સમયે તારું નામ મારા કંઠમાં ઘણી થોડી ક્ષણ માટે પણ સંબંધ કરશે ?

❋

૮. **શાલિની :** (૧૧ અક્ષર)

લક્ષણ : **शालिन्युक्ता म्तौ ततस् ताद् गुरू चेत् ।**

| | | | | |
|---|---|---|---|---|
| ગણરચના : | **शालिन्युक्** | **ताम्तौत** | **तस्ताद्गु** | **रू चेत्** |
| (બંધારણ) | – – – | – – ∪ | – – ∪ | – – |
| | મગણ | તગણ | તગણ | ગુ ગુ |

**લક્ષણનો અર્થ :** જેમાં મગણ, તગણ, તગણ અને અંતે બે ગુરુ હોય તે છંદ શાલિની કહેવાય છે. (**ततस् = ततः** = પછી)

**યતિ : ૪ + ૭**

શાલિની શ્લોક : **मार्गे मार्गे निर्मलं ब्रह्मवृन्दं,**
**वृन्दे वृन्दे तत्त्वचिन्तानुवादः ।**
**वादे वादे जायते तत्त्वबोधो,**
**बोधे बोधे भासते स्वस्य रूपम् ॥**

**અર્થ :** માર્ગે માર્ગે બ્રહ્મજ્ઞાનીઓનું નિર્મળ વૃંદ છે. દરેક વૃંદમાં તત્ત્વના ચિંતન અંગે અનુવાદ (ચર્ચા) થાય છે. વાદે વાદે તત્ત્વનો બોધ થાય છે અને જેમ જેમ તત્ત્વનો બોધ થતો જાય છે તેમ તેમ આત્મસ્વરૂપ પ્રકાશિત થતું જાય છે.

## બાર અક્ષરવાળા છંદ

૯. **વંશસ્થ** : (૧૨ અક્ષર)

લક્ષણ : **जतौ तु वंशस्थमुदीरितं जरौ ।**

| | | | | |
|---|---|---|---|---|
| ગણરચના : | **ज तौ तु** | **वं श स्थ** | **मु दी रि** | **तं ज रौ** |
| (બંધારણ) | U – U | – – U | U – U | – U – |
| | જગણ | તગણ | જગણ | રગણ |

**લક્ષણનો અર્થ :** જગણ અને તગણ, જગણ અને રગણ જેમાં હોય તે છંદને **વંશસ્થ** કહેવાય છે.

યતિ : ૫+ ૭ અથવા ૬ + ૬ યથારુચિ

વંશસ્થ શ્લોક : **तथा समक्षं दहता मनोभवं,** ૫+૭
**पिनाकिना भग्नमनोरथा सती ।** ૬+૬
**निनिन्दरूपं हृदयेन पार्वती,** ૫+૭
**प्रियेषु सौभाग्यफला हि चारुता ॥** ૬+૬, ૫+૭

**અર્થ :** શિવે પોતાની સામે તે રીતે કામદેવને બાળી નાખ્યો તેથી જેના મનોરથો ભાંગી પડ્યા છે એવી પાર્વતી હૃદયથી (ખરા ભાવથી) પોતાના રૂપની નિંદા કરવા લાગી, કારણકે ચારુતા(સૌન્દર્ય)નું ફળ જ એ છે કે તે પોતાની પ્રિય વસ્તુઓ મેળવી આપવામાં ભાગ્યશાળી બને !

❋

૧૦. **ભુજંગપ્રયાત** : (સાપની ચાલ) (૧૨ અક્ષર)

લક્ષણ : **भुजंगप्रयातं चतुर्भिर्यकारैः ।**

| | | | | |
|---|---|---|---|---|
| ગણરચના : | **भु जं ग** | **प्र या तं** | **च तु र्भि** | **र्य का रैः** |
| (બંધારણ) | U – – | U – – | U – – | U – – |
| | યગણ | યગણ | યગણ | યગણ |

**લક્ષણનો અર્થ** : જેમાં ચાર યગણ હોય તે છંદને ભુજંગપ્રયાત કહેવાય છે.

**યતિ** : ૬+૬

**ભુજંગપ્રયાત શ્લોક** : **सुरूपं शरीरं पवित्रं कलत्रं,**
**धनं मेरुतुल्यं वचश्चारु चित्रम् ।**
**गुरोश्चाङ्घ्रियुग्मे मनश्चेन्न लग्नं,**
**ततः किं ततः किं ततः किं ततः किम् ? ॥**

**અર્થ** : કાયા રૂપાળી હોય, પત્ની પણ પવિત્ર હોય, મેરુતુલ્ય ધન હોય ને સુંદર અદ્ભુત વાણી હોય, પણ ચિત્ત જો ગુરુના ચરણકમળમાં લાગ્યું ન હોય તો શું ? તો શું ? તો શું ? અર્થાત્ પુણ્યોદયે મળેલું એ બધું નિષ્ફળ થાય છે.

❋

**૧૧. તોટક** : (૧૨ અક્ષર)

| | | | | |
|---|---|---|---|---|
| **લક્ષણ :** | **वद तोटकमब्धिसकारयुतम् ।** | | | |
| **ગણરચના :** | **व द तो** | **टकमब्** | **धिसका** | **र यु त म्** |
| (બંધારણ) | U U – | U U – | U U – | U U – |
| | સગણ | સગણ | સગણ | સગણ |

**લક્ષણનો અર્થ** : જેમાં(અબ્ધિ=) ચાર સકાર (=સગણ) હોય તે છંદને **તોટક** કહે છે.

**યતિ** : ૬ + ૬ અથવા ૫+૭

**તોટક શ્લોક** : **शशिना च निशा निशया च शशी,**
**शशिना निशया च विभाति नभः ।**
**पयसा कमलं, कमलेन पयः,**
**पयसा कमलेन विभाति सरः ॥**

**અર્થ** : ચંદ્રથી રાત્રિ તેમ રાત્રિથી ચંદ્ર શોભે છે, ચંદ્ર અને રાત્રિ એ બંને વડે આકાશ શોભે છે; જળથી કમળ તેમ કમળથી જળ શોભે છે, જળ અને કમળ એ બંને વડે સરોવર શોભે છે.

**૧૨. દ્રુતવિલમ્બિત** : (૧૨ અક્ષર)

| | | | | |
|---|---|---|---|---|
| લક્ષણ : | **द्रुतविलम्बितमाह नभौ भरौ ।** | | | |
| ગણરચના : | **द्रु त वि** | **लम्बित** | **मा ह न** | **भौ भ रौ** |
| (બંધારણ) | U U U | – U U | – U U | – U – |
| | નગણ | ભગણ | ભગણ | રગણ |

**લક્ષણનો અર્થ** : જેમાં નગણ, ભગણ, ભગણ અને રગણ હોય તે છંદને **દ્રુતવિલમ્બિત** કહેવાય છે.

**યતિ** : ૬ + ૬ અથવા ૫+૭

દ્રુતવિલમ્બિત શ્લોક : **अकरुणत्वमकारणविग्रहः,**
**परधने परयोषिति च स्पृहा ।**
**सुजनबन्धुजनेष्वसहिष्णुता,**
**प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम् ॥** ૫+૭

**અર્થ** : નિર્દયતા, વિના કારણ ઝઘડા, પરધનમાં અને પરસ્ત્રીમાં સ્પૃહા, સજ્જનો અને સ્વજનો પ્રતિ અસહિષ્ણુતા – આ બધું દુષ્ટ માણસોને સ્વભાવ સિદ્ધ હોય છે.

## તેર અક્ષરવાળા છંદ

**૧૩. પ્રહર્ષિણી** : (૧૩ અક્ષર)

| | | | | | |
|---|---|---|---|---|---|
| લક્ષણ : | **म्नौ ज्रौ गस्त्रिदशयतिः प्रहर्षिणीयम् ।** | | | | |
| ગણરચના : | **म्नौज्रौगस्** | **त्रिदश** | **यतिःप्र** | **हर्षिणी** | **यम्** |
| (બંધારણ) | – – – | U U U | U U U | – U – | – |
| | મગણ | નગણ | જગણ | રગણ | ગુ |

**લક્ષણનો અર્થ :** મગણ, નગણ, જગણ, રગણ અને અંતે ગુરુવાળી, ૩ અને ૧૦ અક્ષરે યતિવાળી આ પ્રહર્ષિણી છે.

**યતિ :** ૩ + ૧૦

**પ્રહર્ષિણી શ્લોક : सौमित्रिर्वदति विभीषणाय लङ्कां**
**देहि त्वं भुवनपते ! विनैव कोशम् ।**
**एतस्मिन् रघुपतिराह वाक्यमेतत्**
**विक्रीते करिणि किमङ्कुशे विवादः ? ॥**

**અર્થ :** સૌમિત્રિ(લક્ષ્મણ) શ્રીરામને કહે છે કે હે ભુવનપતિ ! તમે વિભીષણને લંકા આપો, પણ ખજાનો ન આપશો. ત્યારે રઘુપતિએ(રામે) કહ્યું કે જયારે હાથી જ વેચાઈ જાય ત્યારે અંકુશની બાબતમાં વિવાદ કરવાનો શો અર્થ ?

## ચૌદ અક્ષરવાળા છંદ

**૧૪. વસંતતિલકા :** (૧૪ અક્ષર)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **લક્ષણ :** | **उक्ता वसन्ततिलका तभजा जगौ गः ।** | | | | |
| ગણરચના : | **उक्ताव** | **सन्तति** | **लकात** | **भजाज** | **गौ गः** |
| (બંધારણ) | – – ∪ | – ∪ ∪ | ∪ – ∪ | ∪ – ∪ | – – |
| | તગણ | ભગણ | જગણ | જગણ | ગુ ગુ |

**લક્ષણનો અર્થ :** જેમાં તગણ, ભગણ, જગણ, જગણ અને અંતે બે ગુરુ હોય તે છંદને **વસન્તતિલકા** કહેવાય છે. (**जगौ=जश्च गश्च**)

**યતિ :** ૪ + ૧૦, ૭+૭ અથવા ૮+૬ (યથારુચિ)

**વસન્તતિલકા શ્લોક : जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं,** ૭+૭ કે ૪+૧૦
**मानोन्नतिं दिशति पापमपाकरोति ।** ૭+૭ કે ૪+૧૦
**चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं,** ૭+૭
**सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥** ૭+૭

**અર્થ :** સત્સંગ બુદ્ધિની જડતા હરી લે છે, વાણીમાં સત્ય આપે છે, સ્વમાનની ઉન્નતિ બતાવે છે, પાપને દૂર કરે છે, મનને પ્રસન્નતાથી ભરી દે છે અને દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. કહો ! સત્સંગ મનુષ્યોનું શું(ભલું) નથી કરતો ?

❋

## પંદર અક્ષરવાળા છંદ

**૧૫. માલિની :** (૧૫ અક્ષર)

**લક્ષણ :** **ननमयययुतेयं मालिनी भोगिलोकैः ।**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ગણરચના :** | **न न म** | **य य यु** | **ते यं मा** | **लिनीभो** | **गिलोकैः** |
| (બંધારણ) | U U U | U U U | — — — | U — — | U — — |
| | નગણ | નગણ | મગણ | યગણ | યગણ |

**લક્ષણનો અર્થ :** જેમાં નગણ, નગણ, મગણ, યગણ અને યગણ હોય તે છંદને **માલિની** છંદ કહેવાય છે. આમાં ભોગી(નાગ)= ૮, લોક = ૭ એમ બે ભાગ પડે છે તેથી –

**યતિ :** ૮ અક્ષર પછી અને ૭ અક્ષર પછી એમ બે યતિ છે.

**માલિની શ્લોક :**
**वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः,**
**सम इह परितोषो निर्विशेषो विशेषः ।**
**स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला,**
**मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ॥**

**અર્થ :** અહીં(જંગલમાં) અમે વલ્કલ(ઝાડની છાલ)નાં વસ્ત્રોથી સંતોષ પામીએ છીએ, તો તમે રેશમી વસ્ત્રોથી તુષ્ટ છો. આમ આપણને બંનેને સમાન પરિતોષ છે, એમાં કશી વિશેષતા(ભેદ) નથી. જેની તૃષ્ણા અનહદ છે તે જ ખરેખર ગરીબ છે. જો મનમાં સંતોષ હોય તો કોણ ધનવાન છે અને કોણ ગરીબ છે ?

# સોળ અક્ષરવાળા છંદ

**૧૬. પંચચામર :** (૧૬ અક્ષર)

**નોંધ : प्रमाणिकापदद्वयं वदन्ति पञ्चचामरम् ।** પ્રમાણિકાના બે પાદોની પુનરાવૃત્તિ થાય અર્થાત્ આઠ અક્ષરના પ્રમાણિકાના પાદમાં બીજો આઠ અક્ષરનો પાદ ઉમેરાય તો ૧૬ અક્ષરનો **પંચચામર** છંદ બને છે. લશ્કર કૂચ કરતું હોય ત્યારે જેવો લય સાંભળવા મળે તેવો લય આ છંદ ગવાય ત્યારે સાંભળવા મળે છે.

**લક્ષણ : जरौ जरौ ततो जगौ च पंचचामरं भवेत् ।**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ગણરચના :** | **जरौज** | **रौततो** | **जगौच** | **पंचचा** | **मरंभ** | **वेत्** |
| (બંધારણ) | U–U | –U– | U–U | –U– | U–U | – |
| | જગણ | રગણ | જગણ | રગણ | જગણ | ગુ |

**લક્ષણનો અર્થ :** જેમાં જગણ અને રગણ, જગણ અને રગણ પછી જગણ ને એક ગુરુ હોય તે છંદને **પંચચામર** છંદ કહેવાય છે. (**जश्च गश्च=जगौ**)

**પંચચામર શ્લોક : नमोऽस्तु ते सरस्वति ! ध्यवित्रि वाजिनीवति ।**
**प्रसीद बुद्धिचेतने ! स्वभक्तहृन्निकेतने ! ॥**

**અર્થ :** બુદ્ધિનું રક્ષણ કરનારી, અન્ન આપનારી, બુદ્ધિ ચેતના આપનારી, પોતાના ભક્તના હૃદયમાં વસનારી હે સરસ્વતી ! તને નમસ્કાર. તું અમને પ્રસન્ન થા.

❋

# સત્તર અક્ષરવાળા છંદ

**૧૭. શિખરિણી :** (૧૭ અક્ષર)

**લક્ષણ : रसैरुद्रैश्छिन्ना यमनसभला गः शिखरिणी ।**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ગણરચના :** | **रसैरु** | **द्रैश्छिन्ना** | **यमन** | **सभला** | **गःशिख** | **रिणी** |
| (બંધારણ) | U–– | ––– | UUU | UU– | –UU | U– |
| | યગણ | મગણ | નગણ | સગણ | ભગણ | લગુ |

**લક્ષણનો અર્થ :** જેમાં યગણ, મગણ, નગણ, સગણ અને ભગણ એ પાંચ ગણ પછી એક લઘુ અને એક ગુરુ હોય તે છંદને **શિખરિણી** છંદ કહેવાય છે. આમાં રસ=૬ અને રુદ્ર=૧૧ એમ બે ભાગ પડે છે તેથી –

**યતિ :** ૬ અક્ષર પછી અને ૧૧ અક્ષર પછી એમ બે યતિ છે.

**શિખરિણી શ્લોક : अजानन् दाहात्म्यं पततु शलभो दीपदहने,**
**स मीनोऽप्यज्ञानाद् बडिशयुतमश्नातु पिशितम् ।**
**विजानन्तोऽप्येते वयमिह विपज्जालजटिलान्,**
**न मुञ्चामः कामानहह गहनो मोहमहिमा ॥**

**ભાવાર્થ :** દાહકતા ન જાણનારું પતંગિયું ભલે દીવાની આગમાં પડે ! તે માછલું પણ અણસમજથી ભલે કાંટા ઉપર ચોંટેલા માંસના ટુકડાને ખાવા જાય ! પરંતુ આ અમે તો વિપત્તિઓના સમૂહથી ભરપૂર એવી કામનાઓને જાણતા છતાં એને છોડતા નથી. અહો ! મોહનો મહિમા કેવો ગહન છે !

**૧૮. પૃથ્વી :** (૧૭ અક્ષર)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| લક્ષણ : | जसौ जसयला वसुग्रहयतिश्च पृथ्वी गुरुः । | | | | | |
| ગણરચના : | जसौज | सयला | वसुग्र | हयति | श्चपृथ्वी | गुरुः |
| (બંધારણ) | U–U | UU– | U–U | UU– | U–– | U– |
| | જગણ | સગણ | જગણ | સગણ | યગણ | લગુ |

**લક્ષણનો અર્થ :** જેમાં જગણ, સગણ, જગણ, સગણ અને યગણ એ પાંચ ગણ પછી એક લઘુ અને છેલ્લો એક ગુરુ હોય તે છંદને **પૃથ્વી** છંદ કહેવાય છે. (**जश्च सश्च यश्च लश्च=जसयलाः**) આમાં વસુ=૮ અને ગ્રહ =૯ એમ બે ભાગ પડે છે તેથી.–

**યતિ :** ૮ અક્ષર પછી અને ૯ અક્ષર પછી એમ બે યતિ છે.

**પૃથ્વી શ્લોક : प्रसह्य मणिमुद्धरेन् मकरवक्त्रदंष्ट्रान्तरात्,**
**समुद्रमपि सन्तरेत् प्रचलदूर्मिमालाकुलम् ।**
**भुजङ्गमपि कोपितं शिरसि पुष्पवद् धारयेत्**
**न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥**

**અર્થ** : કોઈ માણસ જોર કરીને મગરના મુખની દાઢમાંથી મણિ ખેંચીને લાવી શકે, તો કોઈક ઉછળતા મોજાંઓથી ખળભળેલા મહાસાગરને પણ તરી જઈ શકે, કોઈક વળી છંછેડાયેલા સાપને પુષ્પની જેમ મસ્તક ઉપર ધારણ કરી શકે (આ બધું દુષ્કર હોવા છતાં શક્ય બને), પરંતુ રીઢા થયેલા મૂર્ખજનના મનને કોઈ પણ મનાવી શકશે નહિ.

❀

**૧૯. મન્દાક્રાન્તા** : (મંદ આક્રંદ-રુદન) (૧૭ અક્ષર)

**मन्दं आक्रान्तं (=आक्रन्दः) यस्यां सा मन्दाक्रान्ता ।**

(**आ+क्रम्** ધાતુનું ભૂ.કૃ. '**आक्रान्त**' એ વિશેષણને અહીં નામ તરીકે લીધું છે.)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| લક્ષણ : | **मन्दाक्रान्ता जलधिषडगैर्म्भौं नतौ ताद् गुरू चेत् ।** | | | | | |
| ગણરચના : | **मन्दाक्रान्** | **ताजल** | **धिषड** | **गैर्म्भौंन** | **तौताद्गु** | **रूचेत्** |
| (બંધારણ) | – – – | – ∪ ∪ | ∪ ∪ ∪ | – – ∪ | – – ∪ | – – |
| | મગણ | ભગણ | નગણ | તગણ | તગણ | ગુ ગુ |

**લક્ષણનો અર્થ** : જેમાં મગણ, ભગણ, નગણ, તગણ, તગણ અને અંતે બે ગુરુ હોય તે છંદને **મન્દાક્રાન્તા** છંદ કહેવાય છે. આમાં જલધિ=૪, ષટ્=૬ અને અગ(પર્વત)=૭ એમ ત્રણ ભાગ પડે છે તેથી –

**યતિ** : ૪ અક્ષર પછી, ૬ અક્ષર પછી અને ૭ અક્ષર પછી એમ ત્રણ યતિ છે.

**નોંધ** : આમાં મંદ આક્રંદ(કલ્પાન્ત-રુદન) હોવાથી આ છંદ કરુણ રસયુક્ત રચનામાં વપરાય છે. કાલિદાસનું '**મેઘદૂત**' કાવ્ય આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

મન્દાક્રાન્તા શ્લોક : **मौनान् मूकः, प्रवचनपटुश्चाटुलो जल्पको वा,**
**धृष्टः पार्श्वे, वसति च तदा, दूरतश्चाप्रगल्भः ।**
**क्षान्त्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः,**
**सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥**

**અર્થ :** જો ન બોલે તો મૂંગો કહે, જો બોલવામાં ચતુર હોય તો ખુશામતિયો કે બબડાટ કરનારો કહે, જો પાસે ઊભો રહે તો નફ્ફટ ગણાય, જો દૂર રહે તો ઢીલો કહે, જો ક્ષમા રાખે તો બીકણ ગણાય, જો સહન ન કરે તો કુલીન ન ગણાય. સેવાનો ધર્મ ખરેખર અત્યંત ગહન છે અને યોગીઓ પણ ન સમજી શકે એવો છે.

❋

## ૨૦. હરિણી : (૧૭ અક્ષર)

**લક્ષણ :** **नसमरसला गः षड् वेदैर्हयैर्हरिणी मता ।**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ગણરચના :** | **नसम** | **रसला** | **गःषड्वे** | **दैर्हयैर्** | **हरिणी** | **मता** |
| (બંધારણ) | ∪∪∪ | ∪∪– | – – – | –∪– | ∪∪– | ∪– |
| | નગણ | સગણ | મગણ | રગણ | સગણ | લ ગુ |

**લક્ષણનો અર્થ :** જેમાં નગણ, સગણ, મગણ, રગણ અને સગણ - આ પાંચ ગણ પછી એક લઘુ ને એક ગુરુ હોય તે છંદને **હરિણી** છંદ કહેવાય છે. આમાં ષટ્ = ૬, વેદ = ૪ અને હય = ૭ એમ ત્રણ ભાગ પડે છે તેથી –

**યતિ :** ૬ અક્ષર પછી, ૪ અક્ષર પછી અને ૭ અક્ષર પછી એમ ત્રણ યતિ છે.

**હરિણી શ્લોક :** **वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे,**
**न तु खलु तयोर्ज्ञाने शक्तिं करोत्यपहन्ति वा ।**
**भवति च पुनर्भूयान् भेदः फलं प्रति तद् यथा,**
**प्रभवति शुचिर्बिम्बग्राहे मणिर्न मृदां चयः ॥**

**અર્થ :** સમભાવવાળા ગુરુ જેવી રીતે બુદ્ધિમાન વિદ્યાર્થીને વિદ્યાનું દાન કરે છે(બરાબર) તેવી જ રીતે બુદ્ધિહીન(જડ)ને પણ કરે છે. તેઓ એ બેમાંથી કોઈ એકને જ્ઞાનની શક્તિ આપતા નથી અને બીજાની

જ્ઞાનશક્તિને હણતા નથી; આમ છતાં વિદ્યા ફળવા, નહિ ફળવાની બાબતમાં જે ઘણો મોટો ફેર પડે છે તે પોતાની યોગ્યતા, અયોગ્યતાને કારણે. નિર્મળ એવો મણિ જ પ્રતિબિંબ ઝીલવા સમર્થ બની શકે છે, પણ માટીનો ઢગલો નહિ અર્થાત્ પ્રતિબિંબ ઝીલવાની શક્તિ મણિમાં જ હોય છે, માટીના ઢગલામાં હોતી નથી.

## ઓગણીસ અક્ષરવાળા છંદ

૨૧. **શાર્દૂલવિક્રીડિત** : (વાઘની વિશિષ્ટ ક્રીડા-રમત) (૧૯ અક્ષર)

લક્ષણ : **सूर्याश्वैर् मसजस्तताः सगुरवः शार्दूलविक्रीडितम् ।**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ગણરચના :** | **सूर्याश्वैर्** | **मसजस्** | **तताःस** | **गुरवः** | **शार्दूल** | **विक्रीडि** | **तम्** |
| (બંધારણ) | — — — | ∪ ∪ — | ∪ — ∪ | ∪ ∪ — | — — ∪ | — — ∪ | — |
| | મગણ | સગણ | જગણ | સગણ | તગણ | તગણ | ગુ |

**લક્ષણનો અર્થ** : જેમાં મગણ, સગણ, જગણ, સગણ, તગણ, તગણ અને અંતે એક ગુરુ હોય તે છંદને **શાર્દૂલવિક્રીડિત** છંદ કહેવાય છે. (**गुरुणा सहिताः - सगुरवः । 'मसजस्तताः'**નું વિશેષણ) આમાં સૂર્ય = ૧૨ અને અશ્વ = ૭ એમ બે ભાગ પડે છે તેથી –

*યતિ : ૧૨ અક્ષર પછી અને ૭ અક્ષર પછી એમ બે યતિ છે.*

**નોંધ** : લક્ષણમાં (**मसजस्**) જે ખોડો '**स्**' છે તે '**स**' (અકારાંત)નો અર્થ ધરાવે છે. (સ્ = સગણ). આ છંદ અતિપ્રચલિત છે. બહુધા દેવ-દેવીઓના ધ્યાનશ્લોકોમાં વપરાય છે. સરસ્વતીના જાણીતા ધ્યાનશ્લોકો '**या कुन्देन्दु॰**' અને '**शुक्लां ब्रह्मविचार॰**' આ છંદમાં રચાયા છે. આ છંદ લગ્નપ્રસંગે '**मंगलाष्टक**'માં પણ લોકપ્રિય છે.

શાર્દૂલવિક્રીડિત : **संतप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते,**
**मुक्ताकारतया तदेव नलिनीपत्रे स्थितं राजते ।**
**स्वात्यां सागरशुक्तिमध्यपतितं सन्मौक्तिकं जायते,**
**प्रायेणाऽधममध्यमोत्तमगुणः संसर्गतो जायते ॥**

**અર્થ :** તપાવેલા લોખંડ ઉપર પડેલા જળનું નામનિશાન પણ રહેતું નથી. તે જ જળ જો કમળના પાંદડા ઉપર પડે તો મોતીની જેમ શોભી ઊઠે છે અને જો સાગરની છીપમાં સ્વાતિ નક્ષત્રમાં પડે તો ઉત્તમ મોતી બની જાય છે. આમ અધમ, મધ્યમ કે ઉત્તમ પ્રકારનો ગુણ સંસર્ગ(સંગ-સોબત) અનુસાર પેદા થાય છે.

❋

## એકવીસ અક્ષરવાળા છંદ

૨૨. સ્રગ્ધરા : (૨૧ અક્ષર)

**स्रजं (=मालां) धारयति सा स्रग्धरा** (પુષ્પ વગેરેની) માળા ધારણ કરનારી.

**લક્ષણ :** **म्रभ्नैर्यानां त्रयेण त्रिमुनि-यति-युता स्रग्धरा कीर्तितेयम् ।**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગણરચના : | म्रभ्नैर्या | नांत्रये | णत्रिमु | नियति | युतास्त्रग् | धराकी | र्तितेयम् |
| (બંધારણ) | – – – | – ∪ – | – ∪ ∪ | ∪ ∪ ∪ | ∪ – – | ∪ – – | ∪ – – |
| | મગણ | રગણ | ભગણ | નગણ | યગણ | યગણ | યગણ |

**લક્ષણનો અર્થ :** જેમાં મગણ, રગણ, ભગણ, નગણ, યગણ, યગણ, યગણ–આ સાત ગણ હોય તે છંદને સ્રગ્ધરા છંદ કહેવાય છે. આમાં મુનિ=૭, ૭, ૭ એમ ત્રણ ભાગ પડે છે તેથી –

**યતિ :** સાત-સાત-સાત અક્ષરે ત્રણ યતિ છે.

**સ્રગ્ધરા શ્લોક :** **नम्रत्वेनोन्नमन्तः परगुणकथनैः स्वान् गुणान् ख्यापयन्तः,**
**स्वार्थान् संपादयन्तो विततपृथुतरारम्भयत्नाः परार्थे ।**
**क्षान्त्यैवाक्षेपरुक्षाक्षरमुखरमुखान् दुर्मुखान् दूषयन्तः,**
**सन्तः साश्चर्यचर्या जगति बहुमताः कस्य नाऽभ्यर्चनीयाः ॥**

**અર્થ :** જેઓ નમ્ર બનીને ઉન્નત થાય છે, બીજાના ગુણગાન કરીને પોતાના ગુણોને પ્રખ્યાત કરે છે, બીજા માટે અનેક મહાન પ્રયત્નો કરી પરમાર્થ કરી સ્વાર્થ સાધતા જાય છે, આક્ષેપથી કઠોર વચન બોલતા મુખવાળા દુર્જનોને ક્ષમાથી જ સુધારતા એવા આશ્ચર્યકારક આચરણવાળા અને બહુમાન પામેલા સંતો આ જગતમાં કોને પૂજનીય નથી હોતા ?

# ૨. અર્ધસમવૃત્ત છંદ વિભાગ

## ૧. વિયોગિની (સુન્દરી) : (અક્ષર ૧૦-૧૧ પૂર્વાર્ધમાં)
(અક્ષર ૧૦-૧૧ ઉત્તરાર્ધમાં)

લક્ષણ : **विषमे ससजा गुरुः समे**
**सभरा लोऽथ गुरुर्वियोगिनी ।**

| ગણરચના : | विषमे | ससजा | गुरुःस | मे |
|---|---|---|---|---|
| (બંધારણ) | UU– | UU– | U–U | – |
| | સગણ | સગણ | જગણ | ગુ |

| | सभरा | लोथगु | रुर्वियो | गिनी |
|---|---|---|---|---|
| | UU– | –UU | –U– | U– |
| | સગણ | ભગણ | રગણ | લ ગુ |

**લક્ષણનો અર્થ :** જેના વિષમ એટલે પહેલા અને ત્રીજા પાદમાં સગણ, સગણ, જગણ અને પછી એક ગુરુ હોય અને સમ એટલે બીજા તથા ચોથા પાદમાં સગણ, ભગણ, રગણ અને અંતે એક લઘુ અને એક ગુરુ હોય તે છંદ **વિયોગિની** છંદ કહેવાય છે.

**યતિ :** એકી પાદમાં ૩ + ૭, બેકી પાદમાં ૪ + ૭

**નોંધ :** આ છંદ વિયોગજનિત કરુણ રસ નિષ્પન્ન કરે છે. કાલિદાસે **'રઘુવંશ'**માં કરુણરસસભર **અજવિલાપ** અને **રતિવિલાપ** આ છંદમાં રચ્યા છે.

વિયોગિની શ્લોક : **महतां यदि निन्दने रति-**
**र्गुणसंख्यैव तदा विधीयताम् ।**
**असतामपि चेत् स्तवे रति-**
**र्ननु दूषणमेव गण्यताम् ॥**

**અર્થ :** હે જીવ ! જો તને મહાપુરુષોની નિંદા કરવામાં જ આનંદ આવતો હોય તો એમના ગુણોની સંખ્યા જ ગણવા લાગી જા અને જો દુર્જનોની પ્રશંસા કરવામાં જ આનંદ આવતો હોય તો એમના દોષો જ ગણવા લાગી જા.

**ભાવાર્થ :** [મહાપુરુષો(સજ્જનો)ની નિંદા કરવી અને દુર્જનોના ગુણગાન કરવા – આવો સ્વભાવ સામાન્ય જનોનો હોય છે, પરંતુ આવો સ્વભાવ અહિતકર ને દુઃખદ હોવાથી એનું પરિવર્તન કરવું જરૂરી હોય છે. અહિતકર સ્વભાવના સરળ પરિવર્તનનો ઉપાય બતાવતા એક હિતેચ્છુ કવિ કહે છે કે] હે જીવ ! જો તને સજ્જનોની નિંદાનો જ રસ હોય, એમની નિંદા કરવાની જ તને કુટેવ પડી ગઈ હોય અને દુર્જનોની પ્રશંસા કરવામાં જ તને રસ હોય, એમની પ્રશંસા કર્યા કરવાની તને કુટેવ પડી ગઈ હોય તો તું મહાપુરુષોના ગુણોની અને દુર્જનોના દોષોની ગણતરી કરવા લાગી જા. તેથી તને મહાપુરુષોના દોષો અને દુર્જનોના ગુણો શોધવાનો અવકાશ જ નહિ મળે અને તારું ચિત્ત નિર્મળ થશે. સ્વભાવ સુધારવાનો આ એક સુલભ માર્ગ છે.

**૨. પુષ્પિતાગ્રા :** અક્ષર ૧૨-૧૩ પૂર્વાર્ધમાં,
૧૨-૧૩ ઉત્તરાર્ધમાં

**લક્ષણ :** **अयुजि नयुगरेफतो यकारो**
**युजि च नजौ जरगाश्च पुष्पिताग्रा ।**

| ગણરચના : | अयुजि | नयुग | रेफतो | यकारो |
|---|---|---|---|---|
| (બંધારણ) | UUU | UUU | –U– | U–– |
| | નગણ | નગણ | રગણ | યગણ |

---

| युजिच | नजौ ज | रगा श्च | पुष्पिता | ग्रा |
|---|---|---|---|---|
| UUU | U–U | U–U | –U– | – |
| નગણ | જગણ | જગણ | રગણ | ગુ |

**લક્ષણનો અર્થ :** જેના અયુજિ અર્થાત્ એકી એટલે પહેલા અને ત્રીજા પાદમાં નગણ, નગણ પછી રગણ અને યગણ છે; યુજિ અર્થાત્ બેકી એટલે બીજા અને ચોથા પાદમાં નગણ, જગણ, જગણ તથા રગણ પછી એક ગુરુ અક્ષર હોય તે છંદને **પુષ્પિતાગ્રા** છંદ કહેવાય છે.

**યતિ :** એકી પાદ ૬+૬, બેકી પાદ ૫+૮ કે ૭+૬ (યથારુચિ)

**પુષ્પિતાગ્રા શ્લોક :** **परिहरत पराङ्गनानुषङ्गं,**
**बत यदि जीवितमस्ति वल्लभं वः ।**
**हर हर ! हरिणीदृशो निमित्तं,**
**दश दशकन्धरमौलयो लुठन्ति ॥**

**અર્થ :** (બત=) અરેરે ! જો તમને તમારું જીવન વહાલું હોય તો તમે પરસ્ત્રીનો સંગ પરિહરો(ટાળો). શિવ શિવ ! (ખેદવાચક અવ્યય) હરિણીના જેવી આંખવાળી સુંદરી સીતાના કારણે રાવણનાં દસ માથાં (ધરતી પર) આળોટે છે.

❋

## ૩. વિષમવૃત્ત છંદ વિભાગ

૧. ઉદ્‌ગતા : (પાદોની અક્ષરસંખ્યા : ૧૦-૧૦ પૂર્વાર્ધ, ૧૧-૧૩ ઉત્તરાર્ધ)

લક્ષણ : **प्रथमे सजौ यदि सलौ च**
**नसजगुरुकाण्यनन्तरम् ।**
**यद्यथ भनजलगाः स्युरथो**
**सजसा जगौ च भवतीयमुद्‌गता ॥**

| | | | | |
|---|---|---|---|---|
| ગણરચના : | प्र थ मे | सजौ य | दि स लौ | च |
| (બંધારણ) | ∪ ∪ — | ∪ — ∪ | ∪ ∪ — | ∪ |
| | સગણ | જગણ | સગણ | લ |

| | | | |
|---|---|---|---|
| नसज | गुरुकाण् | यनन्त | रम् |
| – U U | U U U | U – U | – |
| નગણ | સગણ | જગણ | ગુ |

| | | | |
|---|---|---|---|
| यद्यथ | भनज | लगाःस्युर् | अथो |
| – U U | U U U | U – U | U – |
| ભગણ | નગણ | જગણ | લગુ |

| | | | | |
|---|---|---|---|---|
| सजसा | जगौच | भवती | यमुद्ग | ता |
| U U – | U – U | U U – | U – U | – |
| સગણ | જગણ | સગણ | જગણ | ગુ |

**લક્ષણનો અર્થ** : જેમાં પ્રથમ પાદમાં સગણ, જગણ પછી સગણ અને એક લઘુ આવે અને બીજા પાદમાં નગણ, સગણ અને જગણ પછી એક ગુરુ આવે; ત્રીજા પાદમાં ભગણ, નગણ અને જગણ પછી એક લઘુ ને એક ગુરુ આવે અને છેલ્લા પાદમાં સગણ, જગણ, સગણ અને જગણ પછી એક ગુરુ આવે તે છંદ ઉદ્‌ગતા છંદ કહેવાય છે. (**जश्च गश्च = जगौ**)

**યતિ** : યથારુચિ

**નોંધ** : સમવૃત્તના બે અથવા બેથી વધુ પાદોની યોજના કરીને ચાર પાદ બનાવવામાં આવે તો અર્ધસમવૃત્ત અને વિષમવૃત્તના અનેક પ્રકારો થાય. તે બધા **ઉપજાતિ**(પેટાજાતિ) કહેવાય.

ઉદ્‌ગતા શ્લોક : **अथ वासवस्य वचनेन**
**रुचिरवदनस्त्रिलोचनम् ।**
**क्लान्तिरहितमभिराधयितुं**
**विविध-तपांसि विदधे धनंजयः ॥**

**અર્થ** : પછી ઇન્દ્રના કહેવાથી સુંદર મુખવાળા અર્જુને ત્રિનેત્ર(શંકર)ને પ્રસન્ન કરવા માટે કંટાળા(ખેદ)રહિતપણે જાતજાતનાં તપ કર્યાં.

# ૪. માત્રામેળ છંદ વિભાગ

૧. આર્યા :

લક્ષણ : यस्याः पादे प्रथमे, द्वादशमात्रास्तथा तृतीयेऽपि ।
अष्टादश द्वितीये, चतुर्थके पंचदश साऽऽर्या ॥

| | | |
|---|---|---|
| | यस्याः पादे प्रथमे, | द्वादशमात्रास्तथा तृतीयेऽपि । |
| લઘુ-ગુરુ | — — — — U U — | — U U — — U — U — — — |
| માત્રા | ૨ ૨ ૨ ૨ ૧ ૧ ૨ (૧૨) | ૨ ૧ ૧ ૨ ૨ ૧ ૨ ૧ ૨ ૨ ૨ (૧૮) |
| | अष्टादश द्वितीये, | चतुर्थ के पंचदश सार्या ॥ |
| લઘુ-ગુરુ | — — U — U — — | U — U — — U U U — — |
| માત્રા | ૨ ૨ ૧ ૨ ૧ ૨ ૨ (૧૨), | ૧ ૨ ૧ ૨ ૨ ૧ ૧ ૧ ૨ ૨ (૧૫) |

**લક્ષણનો અર્થ :** જેમાં પહેલા અને ત્રીજા પાદમાં **૧૨** માત્રા હોય, બીજા પાદમાં **૧૮** માત્રા(અહીં છેલ્લો **'पि'** લઘુ હોવા છતાં ગુરુ બોલાય છે.) હોય અને ચોથા પાદમાં ૧૫ માત્રા હોય તે છંદને **આર્યા** છંદ કહેવાય છે.

**બંધારણ :** ૧૨-૧૮ (અક્ષર પૂર્વાર્ધમાં)
૧૨-૧૫ (અક્ષર ઉત્તરાર્ધમાં)

**આર્યા શ્લોક :** **अनुचितकर्मारम्भः स्वजनविरोधो बलीयसा स्पर्धा ।
प्रमदाजनविश्वासो मृत्युद्वाराणि चत्वारि ॥**

**અર્થ :** અયોગ્ય કાર્યની શરૂઆત કરવી, સ્વજનોનો વિરોધ કરવો, પોતાનાથી વધારે બળવાન સાથે હરીફાઈ કરવી અને સ્ત્રીજનોનો વિશ્વાસ કરવો – આ ચાર મોતનાં દ્વાર છે. (મોતને આમંત્રણ આપવા સમાન છે.)

# અલંકાર

આ અલંકાર-વિભાગ મહામહિમોપાધ્યાય બ્રહ્મર્ષિ અધ્યાપક (ડૉ.) **કેશવરામ કાશીરામ શાસ્ત્રી**(બાંભણિયા), વિદ્યાવાચસ્પતિ, ડી.લિટ્.-લિખિત **'વૃત્તમંજરી'** પુસ્તિકાના પરિશિષ્ટ : ૩ ના **'અલંકાર'** વિભાગમાંથી ટૂંકાવીને સાભાર રજૂ કરવામાં આવ્યો છે.

> શરીર પર સર્વપ્રથમ સુંદર વસ્ત્રો જોઈયે, પછી આભૂષણ હોય તો જ શોભામાં અભિવૃદ્ધિ થઈ શકે.
>
> અંગત જીવનની વિશુદ્ધિ એ વસ્ત્રાકલ્પ છે. પાપભીરુતા એ માનવદેહનું મહામૂલું ઘરેણું - આભૂષણ છે.
>
> જેમ અલંકારથી માણસ શોભે છે તેમ ભાષા-કાવ્ય(ગદ્ય-પદ્ય) પણ અલંકારથી શોભે છે. •

**સંકલન : મુનિશ્રી હિતવિજયજી**

અલંકાર એટલે શણગાર(ઘરેણું-ભૂષણ). જેમ દેહને સુશોભિત બનાવવા બાહ્ય શણગાર એટલે કે ઘરેણાં પહેરવાનો લોકમાં રિવાજ છે, જેમ મકાનો સુશોભિત કરવા રાચરચીલું ચિત્રો વગેરે ઉપકરણો મૂકવામાં આવે છે, તેમ વાણીને સુશોભિત કરવા વાણીના અલંકાર પ્રયોજવામાં આવે છે. દા.ત. **'તું પરાક્રમી છે'** આ એક સાદું (અલંકારરહિત) વિધાન છે. **'તું તારાં ઉદાત્ત પરાક્રમોથી શોભે છે'** આ આલંકારિક વિધાન છે. **'તેજ જેમ સૂર્યને, સૂર્ય જેમ દિવસને અને દિવસ જેમ આકાશને તેમ તારાં ઉદાત્ત પરાક્રમ તને શોભા આપે છે.'** આ પ્રમાણેનું કથન વળી એના કરતાંય વધુ આલંકારિક છે.

અલંકારો ગદ્ય તેમ પદ્ય બંને પ્રકારના સાહિત્યમાં પ્રયોજાય છે, પણ એ વાણીને બહારની શોભા આપનાર અલંકાર માત્ર છે, વાણીનો આત્મા તો ધ્વનિ અથવા રસ જ છે, માટે સંસ્કૃતભાષાના સાહિત્યશાસ્ત્રીઓએ ધ્વનિવિહોણા અથવા રસવિહોણા કેવળ આલંકારિક કાવ્યને અધમ અર્થાત્ નિમ્નકોટિનું કહ્યું છે.

આ અલંકાર બે પ્રકારનો છે : (૧) **શબ્દના અલંકાર** અને (૨) **અર્થના અલંકાર**. જેમાં અમુક પ્રકારના શબ્દ પ્રયોજવાને કારણે સુંદરતા આવતી હોય તે **શબ્દના અલંકાર** અને જેમાં વસ્તુનું નિરૂપણ સીધી સાદી રીતને બાજુ પર રાખી કાંઈક આડકતરી, પરંતુ રમણીય રીતે

કરવામાં આવ્યું હોય તે **અર્થના અલંકાર**. એમાં આધાર શબ્દ પર નહિ, પણ એના અર્થ પર રહેલો હોય છે.

પર્યાય એટલે તદર્થક બીજા શબ્દ, મૂળ શબ્દના સ્થાને પ્રયોજાય તોય અલંકાર કાયમ રહે એ અર્થનો અલંકાર અને મૂળ શબ્દના સ્થાને તદર્થક અન્ય શબ્દ પ્રયોજવાથી અલંકાર નષ્ટ થાય તો એ શબ્દનો અલંકાર જાણવો. દા.ત. **'દીવા નથી દરબારમાં છે અંધારું ઘોર'** આ તૂક(કવિતાની કડી)ના બે અર્થ છે : **'દરબારમાં "દીવા" એટલે 'બત્તીઓ નથી એટલે ઘોર અંધકાર છે'** એ એક અર્થ; **'દીવાનથી'** એટલે **'દીવાન સાહેબની ગેરવર્તણૂકને લીધે રાજ્યમાં ઘોર અંધાધૂધી ચાલી રહી છે'** એ બીજો અર્થ. **'દીવા નથી'** એને સ્થાને **'બત્તીઓ નથી'** એ પર્યાય મૂકિયે તો બંને અર્થ પછી ન રહે, પણ એક જ અર્થ રહે માટે આ શબ્દાલંકાર. **'એ લલનાનું મુખ કમળ જેવું સુંદર છે'** એ વાક્યને બદલે **'એ લલનાનું મુખ સરોજ જેવું ખુબસૂરત છે'** એમ કહિયે તોપણ મુખની કમળ સાથેની સરખામણી બરાબર જળવાય છે માટે આ **અર્થાલંકાર**

## ૧. શબ્દના અલંકાર

શબ્દના પુનઃ પુનઃ ભિન્ન ભિન્ન અર્થોવાળા શબ્દપ્રયોગથી થતો શબ્દાલંકાર.

હાલ આપણે ત્યાં ગુજરાતીમાં સામાન્ય રીતે શબ્દના ચાર અલંકાર વપરાયેલા જોવામાં આવે છે : (૧) **અનુપ્રાસ**, (૨) **યમક**, (૩) **શ્લેષ** અને (૪) **વક્રોક્તિ**.

(૧) **અનુપ્રાસ** : જયાં વ્યંજન એકસરખા આવે, પછી એઓની સાથેના સ્વર સરખા હોય કે ન હોય, ત્યાં અનુપ્રાસ (=રસાદિને અનુકૂલ વર્ણોની રચના). આ અનુપ્રાસના (૧) **છેક**, (૨) **વૃત્તિ**, (૩) **અંત્ય**, (૪) **લાટ** એવા ચાર ભેદ જાણીતા છે.

(૧) **છેકાનુપ્રાસ**, (૨) **વૃત્ત્યનુપ્રાસ** :

૧. એક વ્યંજન ફરીથી એક વાર આવે, ૨. એક વ્યંજન ફરીથી અનેક વાર આવે, ૩. એકથી વધારે વ્યંજન ફરીથી એક જ ક્રમે એક વાર આવે, પછી એઓની વચ્ચે સ્વર હોય કે ન હોય અને હોય તો

જુદા હોય અને ૪. આવા વ્યંજન ફરીથી અનેક વાર આવે. આ ચાર પ્રકારમાંથી ત્રીજો પ્રકાર એ **છેકાનુપ્રાસ** અને બાકીના ત્રણ એ **વૃત્ત્યનુપ્રાસ**.

**'પ્રાણપ્રિયા' 'વારિનો વેરી'** આ બંને ત્રીજા પ્રકારનાં એટલે છેકાનુપ્રાસનાં ઉદાહરણ છે. **'પ્'** અને **'ર્'** જે ક્રમે **'પ્રાણ'** શબ્દમાં છે તે જ ક્રમે ફરીથી એક જ વાર **'પ્રિયા'** શબ્દમાં છે અને એઓની વચ્ચે સ્વર નથી. **'વ્'** અને **'ર્'** જે ક્રમે **'વારિ'** શબ્દમાં છે તે જ ક્રમે ફરીથી એક જ વાર **'વેરી'** શબ્દમાં છે અને એઓની વચ્ચે જુદા સ્વર છે. **'દોરંગી દુનિયા'** એ પહેલા પ્રકારનું એટલે વૃત્ત્યનુપ્રાસનું ઉદાહરણ છે : એમાં **'દ્'** ફરીથી એક જ વાર આવ્યો છે.

**'કરી કદર જે શકે નર કરોડમાં કોક તે'** એ બીજા પ્રકારનું એટલે વૃત્ત્યનુપ્રાસનું ઉદાહરણ છે : એમાં **'ક્'** ફરીથી અનેક વાર આવ્યો છે.

**'પ્રાણપ્રિયાના પ્રેમના વિપ્રે પ્રકારો વર્ણવ્યા'** એ ચોથા પ્રકારનું એટલે *વૃત્ત્યનુપ્રાસનું ઉદાહરણ છે : એમાં 'પ્' અને 'ર્' ફરીથી અનેક વાર આવ્યા છે.*

છેકાનુપ્રાસ અને વૃત્ત્યનુપ્રાસ અનુક્રમે આ બંને શબ્દાલંકારના નમૂના :

(૧) "જલધિ-જલ-દલ ઉપર દામિની દમકતી
યામિની વ્યોમસર માંહીં સરતી;
કામિની કોકિલા, કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી." (કાંત) - છેકાનુપ્રાસ

(૨) 'છળ-ભેદે છાની રીતે છોને લોક છેતરીને
છેડે બાંધ્યું છે તે પાપ છોડ્યું કેમ છૂટશે ?' (ક.દ.ડા) - વૃત્ત્યનુપ્રાસ

(૩) **અંત્યાનુપ્રાસ :** શબ્દોના અંતમાં, યતિ આવતો હોય ત્યાં અથવા કવિતાની તૂકોના અંતમાં વર્ણસમૂહો એવી રીતે આવે કે શરૂઆતના વ્યંજન જુદા હોય અને ત્યાર પછી બધું સમાન હોય ત્યારે અંત્યાનુપ્રાસ થાય છે.

આ અંત્યાનુપ્રાસ ગેયતામાં મધુરતા લાવનાર અંગ છે, વિચારમાં નહિ, એટલે જ્યાં ગેયતાનું પ્રાધાન્ય હશે ત્યાં અંત્યાનુપ્રાસનો આદર થશે અને જ્યાં વિચારનું પ્રાધાન્ય હશે ત્યાં એનો આદર નહિ થાય.

આપણી કહેવતોમાં અંત્યાનુપ્રાસનો છૂટથી ઉપયોગ કરવામાં

આવ્યો છે : **'શક્તિ પ્રમાણે ભક્તિ' 'બાપ એવા બેટા અને વડ એવા ટેટા' 'ચાર મળે ચોટલા ત્યાં ઊંધા વળે ઓટલા'** વગેરે.

**'સરસ પવન વાતો ખૂબ આનંદ થાતો'** આ યતિનો અંત્યાનુપ્રાસ છે. તૂકોના અંત્યાનુપ્રાસનું ઉદાહરણ નીચે મુજબ છે :

"મધુર મધુર ઠંડો વાય છે વાયુ આજે,
પરમ વિમળ શોભા ચંદ્રિકાની વિરાજે.
અનુકૂળ સઘળી છે હર્ષની આજ ચીજો;
અવસર નહિ આવે આ સમો કોઈ બીજો." (કાંત)

(૪) **લાટાનુપ્રાસ** : સમગ્ર શબ્દસમૂહ તેનો તે જ ફરી વાર આવે, શબ્દાર્થ પણ એ જ હોય, પરંતુ ભાવાર્થે કરી ભેદ હોય એનું નામ **લાટાનુપ્રાસ.**

લાટ એટલે સાબરમતી નીચેનો દક્ષિણ ગુજરાતનો પ્રદેશ; ત્યાંના લોકો સ્વભાવે ટીખળી એટલે આવો પ્રયોગ કરતા; **ઉદાહરણ :**

"માંદો પરે'જ ના રાખે તો શો લાભ દવા લઈ ?
માંદો પરે'જ જો રાખે તો શો લાભ દવા લઈ ?"

આમાં પૂર્વાર્ધનો ભાવાર્થ એ છે કે પરહેજી ન રાખે તો દવાથી કશો લાભ થવાનો નથી અને ઉત્તરાર્ધનો ભાવાર્થ એ છે કે પરહેજી રાખનારને પરહેજીથી જ લાભ થવાનો છે તેથી એણે દવા લેવી નિરર્થક છે.

૨. **યમક** : એક સ્વર-વ્યંજનનો સમૂહ તે અને તે જ સ્વરૂપમાં ફરી વાર આવે તથા બંનેમાંથી જો કોઈ સાર્થક હોય તો બીજો નિરર્થક અથવા ભિન્નાર્થક હોય ત્યારે યમક થાય છે. આ બંને સમૂહ પ્રાયઃ લગોલગ આવે છે, પરંતુ ક્યારેક અલ્પ વ્યવધાન પણ હોય છે. ગુજરાતીમાં **'ઝમક'** (યમક) એ આ જ.

ઉદાહરણં : "**રચના રચનાર** રે ધણી, **કરુણાળુ કરુણા** કરો ઘણી;
**પ્રભુતા પ્રભુ** તારી તું ધરી **મજરો** લૈ **મજ** રોગ લે હરી." (ક.દ.ડા.)

(૩) **શ્લેષ** : એકના એક શબ્દનો અથવા શબ્દસમૂહનો તે અને તે રૂપમાં અથવા ટુકડા પડ્યે અનેક અર્થ થાય એને **શ્લેષ** કહે છે. **ઉદાહરણ** :

"ચોમાસું આવતાં સૃષ્ટિ નવ જીવન મેળવે."

જીવન = જિંદગી અને પાણી. વર્ષાૠતુનો પ્રારંભ થતાં સૃષ્ટિને નવી જિંદગી પ્રાપ્ત થાય છે, કારણ કે એને નવું પાણી મળે છે. **આ અભંગ શ્લેષનું ઉદાહરણ છે** : આમાં જીવન શબ્દના ટુકડા નથી થયા અને બંને અર્થ પ્રાપ્ત થયા છે.

**સભંગ શ્લેષનું ઉદાહરણ** : "કાવ્યાસ્વાદ ન જો ચાખ્યો, હાહા ! જીવનથી ગયો." જીવનથી ગયો = જીવન રદ છે અને જીવ નથી ગયો=જીવતો છે, શ્વાસ લે છે. આમાં કવિ કહેવા એમ માગે છે કે જેણે કાવ્યનો આસ્વાદ નથી ચાખ્યો તેનો જીવ ભલે ન ગયો હોય, એ ભલે જીવતો હોય, પરંતુ એનું જીવન રદ છે, નિરર્થક છે. અહીં બીજો અર્થ કરવા '**જીવ નથી**' એ પ્રમાણે ટુકડા પાડવા પડ્યા છે.

૪. **વક્રોક્તિ** : એક વ્યક્તિ એક વાક્ય કે શબ્દ બોલે, એ વાક્ય કે શબ્દને બીજી વ્યક્તિ શ્લેષ અથવા કાકુ(કરડાકીથી કે વ્યંગમાં બોલવું એ ) દ્વારા અન્યથાં યોજી, બોલનારના આશયથી બીજો જ આશય સમઝી એ પ્રમાણે વ્યવહાર કરે એ વક્રોક્તિ (વક્ર=વાંકી, ઉક્તિ=વચન).

૧. ઉદાહરણ : એકે કહ્યું : "**આ ઘોડામાં પાણી નથી.**" ત્યાં બીજો કહે છે : "**પાણી તો કૂવામાં હોય, આ ઘોડામાં પાણી હોત તો મારા ઘરમાંથી પાણી ભરવા કૂવે ન જાત.**" પૂર્વ વક્તા 'પાણી' શબ્દ ઘોડાનો ખાસ વિશેષ ગુણ વેગ વગેરે એ અર્થમાં યોજે છે, જ્યારે ઉત્તર વક્તા '**પાણી**' પીવાના પાણી અર્થમાં યોજી ઉડાઉ જવાબ આપે છે. **આ શ્લેષ વક્રોક્તિનું ઉદાહરણ છે.**

૨. ઉદાહરણ : એકે કહ્યું : "**ભાઈ, મારે ઘેર લગ્નમાં અવશ્ય આવજો**", ત્યારે બીજો કહે છે : "**ભાઈ, તમારો મારા પ્રત્યે સદ્‌ભાવ બહુને એટલે તમારે ત્યાં મારે આવ્યા વગર કેમ ચાલે ?**" આ કાકુ-વક્રોક્તિનું ઉદાહરણ છે. આનો ભાવાર્થ એ છે કે '**તમારો મારા પ્રત્યે જોઈયે એવો સદ્‌ભાવ નથી એટલે હું તમારે ત્યાં નથી આવવાનો.**' બીજાની બોલવાની રીત ઉપરથી એના હૃદયનો આશય સમઝી શકાય, પછી શબ્દાર્થ ભલે ઊલટો જ હોય.

## ૨. અર્થના અલંકાર

૧. **ઉપમા :** એક વસ્તુનું વર્ણન કરતી વખતે એના અમુક ગુણનો સચોટ ખ્યાલ આપવા એને એવા ગુણવાળી બીજી એક કે વધારે વસ્તુ સાથે સરખાવવામાં આવે એ **ઉપમા અલંકાર**. દા.ત. **'એ સજ્જનનું હૃદય નવનીત જેવું કોમળ છે.'** આ પ્રમાણે નવનીત સાથે સરખાવતાં સજ્જનના હૃદયની કોમળતાનો જેવો સચોટ ખ્યાલ આવે છે તેવો **'એ સજ્જનનું હૃદય કોમળ છે.'** એવી સાદી ઉક્તિથી નથી આવતો, માટે આ **અલંકાર** કહેવાય.

જેનું વર્ણન આપણે કરવા માગિયે છિયે તે ઉપમેય અથવા પ્રસ્તુત કહેવાય છે. ઉપરના વાક્યમાં **'સજ્જનનું હૃદય' ઉપમેય** અથવા **પ્રસ્તુત** છે. જેની સાથે સરખાવવામાં આવે તે **ઉપમાન** અથવા **અપ્રસ્તુત**. અહીં **'નવનીત' ઉપમાન** અથવા **અપ્રસ્તુત** છે. જે ગુણનો સચોટ ખ્યાલ આપવા સરખામણી કરવામાં આવે છે તે **સાધારણ ધર્મ. અહીં કોમળતા એ સાધારણ (સમાન) ધર્મ છે.** સરખામણીનો બોધક શબ્દ એ **ઉપમાવાચક** અથવા **વાચક**. અહીં **'જેવું'** એ **ઉપમાવાચક** છે.

જે ઉપમામાં ચારે અવયવ સ્પષ્ટ હોય તે **પૂર્ણોપમા**; જેમકે

"દેવે દીધી દયા કરી કેવી મને, અહા ! મૂર્તિ મનોહર માશુકની !<br>
નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી, મૃદુ મૂર્તિ મનોહર માશુકની" (કાંત)

અહીં મૂર્તિનાં - માશુકનાં વિશેષણો રમ્યતા ઊભી કરે છે.

એક અથવા વધારે અંગ લુપ્ત હોય તે **લુપ્તોપમા અલંકાર. 'એ સજ્જનનું હૃદય નવનીત જેવું છે !** એ લુપ્તોપમા અલંકાર : આમાં **'કોમળ'** શબ્દ પ્રયોજાયો નથી, અર્થાત્ લુપ્ત છે.

૨. **ઉપમેયોપમા :** એક વાક્યમાં ઉપમેય અને ઉપમાન બીજા વાક્યમાં ઉપમાન અને ઉપમેયરૂપે રજૂ કરવામાં આવે એ **ઉપમેયોપમા** અલંકાર. ઉદાહરણ :

"જગતભરનાં સાહિત્યનો અભ્યાસ કરતાં મને એમ પ્રતીત થયું કે 'શેક્સ્પિયરનો જોટો કાલિદાસ છે અને કાલિદાસનો જોટો શેક્સ્પિયર છે."

પૂર્વાર્ધમાં શેકસ્પિયર ઉપમેય છે અને કાલિદાસ ઉપમાન છે, ઉત્તરાર્ધમાં શેકસ્પિયર ઉપમાન બને છે અને કાલિદાસ ઉપમેય બને છે. આ પ્રમાણે કહેવાનો ફલિતાર્થ એ છે કે **'આ બે કવિની સાથે જેની સરખામણી થઈ શકે તેવો ત્રીજો કોઈ કવિ જગતભરમાં નથી.'** આ સીધી સાદી વાત આડકતરી રીતે કહેવી એનું નામ **ઉપમેયોપમા અલંકાર**.

૩. **અનન્વય** : એક વસ્તુની સરખામણી એની પોતાની સાથે કરવામાં આવે એ **અનન્વય અલંકાર. ઉદાહરણ** : "વસુદેવ-દેવકીએ પૂર્વજન્મમાં તપ કરી પ્રભુને પ્રસન્ન કર્યા. પ્રભુએ દર્શન આપી વરદાન માગવા કહ્યું ત્યારે એમણે માગ્યું કે **'પ્રભુ, અમને તમારા જેવો પુત્ર પ્રાપ્ત થાઓ.'** પ્રભુએ કહ્યું : **'તથાસ્તુ'**. પછી પ્રભુએ વિચાર્યું કે **'મારા જેવો તો હું જ છું,'** એટલે પછી પ્રભુ પોતે જ વસુદેવ-દેવકીને ત્યાં પુત્ર તરીકે જન્મ્યા.

પ્રભુ પોતાને પોતાની સાથે સરખાવે છે. આનો ફલિતાર્થ એ છે કે પ્રભુ સમાન બીજો કોઈ નથી.

૪. **પ્રતીપ** : નૈસર્ગિક રીતે ઉપમાન ઉપમેય કરતાં ગુણમાં ચડિયાતું હોય છે. આ સર્વસાધારણ વાત ઉલટાવી ઉપમાનને જ્યાં ઉતારી પાડવામાં આવે એ **પ્રતીપ અલંકાર. ઉદાહરણ** :

૧ ચંદ્ર સમું મુખ તારું દેખી થાતો પ્રકાશ અમ હૃદયે,
તો શો લાભ અમોને આકાશે ચંદ્રના થતા ઉદયે ?"

સમગ્ર વિશ્વને ચાંદનીથી ઉજાળતો ચંદ્ર આ આશકને મન કાંઈ નથી.

અહીં ઉપમાનરૂપ ચંદ્રને ઉતારી પાડવામાં આવ્યો છે.

૨. "દારુણ હું, હાલાહલ, એવો તું ગર્વ ના કદી કરજે,
દુર્જનનાં વચનો પણ તારા જેવાં જ એ ન વીસરજે."

હળાહળ ઝેરનું કાતિલપણું બેનમૂન, પણ અહીં એ દુર્જનનાં વચનોની હરોળમાં મુકાયું એ રીતે ઊતરી પડ્યું.

૫. **સ્મરણ** : એક વસ્તુને જોતાં પૂર્વે અનુભવેલી એના જેવી વસ્તુ યાદ આવે એ **સ્મરણ અલંકાર**. વસ્તુ તત્સદૃશ જોઈયે. એ યાદ આવેલી વસ્તુ તત્સદૃશ ન હોય તો **સ્મરણ અલંકાર** નહિ. **ઉદાહરણ** : **"ચાતક પક્ષી જોતાં મને મેઘ યાદ આવે છે અને મેઘ યાદ આવતાં શ્રીકૃષ્ણ યાદ આવે છે."**

આમાં પૂર્વાર્ધમાં **સ્મરણ અલંકાર** નથી અને ઉત્તરાર્ધમાં છે. પૂર્વાર્ધમાં ચાતક અને મેઘ વર્ણની અપેક્ષાએ સરખા નથી, જ્યારે ઉત્તરાર્ધમાં મેઘ અને શ્રીકૃષ્ણ શ્યામ વર્ણને કારણે સરખા છે.

૬. **રૂપક** : ઉપમેય અને ઉપમાન વચ્ચે જ્યાં અભેદનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય એ **રૂપક અલંકાર**. **ઉદાહરણ** :

૧. "રામ-રમકડું જડિયું, રાણાજી, મને રામ-રમકડું જડિયું;
રૂમઝૂમ કરતું મારે મંદિરિયે પધાર્યું, નહિ કોઈને હાથે ઘડિયું." (મીરાં)

૨. "સ્વયંવરના સુભટ જીતવા ધરે શ્યામા સાજ.
પ્રેમ-પાશ લીધો પ્રેમદા નાખવા મંડપ-ક્ષેત્ર,
ભ્રુકુટિધનુષ આકર્ષિયું બાણ બન્યો નેત્ર." (પ્રેમાનંદ)

પ્રથમ ઉદાહરણમાં **'રામ'** અને **'રમકડું'** (રામ એ જ રમકડું) એ બંને વચ્ચે અભેદ બતાવવામાં આવ્યો છે અને દ્વિતીય ઉદાહરણમાં **'પ્રેમ'** અને **'પાશ'**, **'મંડપ'** અને **'ક્ષેત્ર'**, **'ભ્રુકુટિ'** અને **'ધનુષ'** તેમ **'નેત્ર'** અને **'બાણ'** વચ્ચે અભેદ બતાવવામાં આવ્યો છે.

૭. **ભ્રાંતિમાન** : ઉપમેય વિશે ઉપમાનની ભ્રાંતિ એ **ભ્રાંતિમાન અલંકાર**. **ઉદાહરણ** :

"કેસૂડું સમઝી જાતો ભમરો શુક-ચાંચમાં;
જાંબૂડું સમઝી એને પકડે શુક ચાંચમાં."

ભમરાને પોપટની ચાંચમાં કેસૂડાની ભ્રાંતિ થયેલી છે અને પોપટને ભમરામાં જાંબૂડાની ભ્રાંતિ થયેલી છે.

૮. **અપહ્નુતિ** : ઉપમેયનો નિષેધ કરી ઉપમાનનું સ્થાપન કરવું એ **અપહ્નુતિ અલંકાર**. ઉદાહરણ : બુદ્ધિહીન માણસના સંબંધમાં કોઈ કહે છે કે **"આ માણસ નથી,** આ ગધેડો છે." એ અપહ્નુતિ અલંકાર છે.

૯. **ઉત્પ્રેક્ષા** : ઉપમેય વિશે ઉપમાનની ઉત્કટ સંભાવના એ **ઉત્પ્રેક્ષા અલંકાર**. **ઉદાહરણ** :

"ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ." (કાંત)

૧૦. **અતિશયોક્તિ** : સીધેસીધો ઉપમાનથી જ જ્યાં ઉપમેયનો નિર્દેશ કરવામાં આવે તે **અતિશયોક્તિ અલંકાર. ઉદાહરણ** :

"**આ ગામમાં બેપગારાં પશુ જ વસે છે.**" આ વાક્યમાં માણસોને સીધે સીધાં પશુ જ કહ્યાં છે.

"જૂનું રે થયું રે દેવળ જૂનું રે થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું."

એ અતિશયોક્તિનું સુંદર ઉદાહરણ છે. અહીં **'શરીર'**ને **'દેવળ'** કહ્યું છે અને **'જીવ'**ને **'હંસ'** કહ્યો છે એ અતિશયોક્તિ છે.

૧૧. **વ્યતિરેક** : ઉપમાન કરતાં ઉપમેયનું ચડિયાતાપણું બતાવવામાં આવે એ **વ્યતિરેક અલંકાર. ઉદાહરણ** :

"ગ્રહેશ ને શર્વરીપતિ તે ગોપ્ય ઊભાં ફરે;
વૈદર્ભીના વક્ત્ર આગળ અમર તે આરતી કરે." (પ્રેમાનંદ)

**'ગ્રહેશ'** એટલે **'સૂર્ય'** અને **'શર્વરીપતિ'** એટેલે **'ચંદ્ર'**, એ બંને દમયંતીના સુંદર મુખનું ભક્તિભાવપૂર્વક પૂજન કરી રહ્યા છે. આ પ્રમાણે કહેવાનો આશય એ છે કે ઉપમેય જે **દમયંતીનું મુખ** તે ઉપમાન જે **સૂર્ય-ચંદ્ર** તેના કરતાં ઘણું ચડિયાતું છે.

પ્રતીપ અને વ્યતિરેક બંનેમાં ઉપમેયનું ચડિયાતાપણું હોય છે, પરંતુ વ્યતિરેકમાં કવિ ઉપમેયનું ચડિયાતાપણું બતાવવા માગે છે, જ્યારે પ્રતીપમાં ઉપમાનને ઉતારી પાડવાની વૃત્તિ હોય છે. આ તફાવત ધ્યાનમાં રહે.

૧૨. **પ્રતિવસ્તૂપમા** : એક જ સમાનધર્મ બંને વાક્યોમાં ભિન્ન ભિન્ન શબ્દોથી નિરૂપિત કરવામાં આવ્યો હોય ત્યાં **વસ્તૂપમા અલંકાર. ઉદાહરણ** :

"ચાલ્યો ગયો અરે પ્યારો, પ્યારી જીવન શે ટકે ?
માછલું બા'ર પાણીની શ્વાસ કેમ ભરી શકે ?"

પ્યારાથી અલગ થતાં પ્યારી મરી જાય છે અને પાણીથી અલગ થતાં માછલું મરી જાય છે. આ **'મરી જવું'** એ પ્રમાણેનો સાધારણ ધર્મ જે એક જ છે તે **'જીવન શે ટકે'** અને **'શ્વાસ કેમ ભરી શકે'** એ પ્રમાણેના જુદા જુદા શબ્દોથી બતાવવામાં આવ્યો છે.

૧૩. **દૃષ્ટાંત** : એક જ નહિ, પરંતુ સરખા એવા બે ધર્મ બે વાક્યોમાં નિરૂપિત કરવામાં આવે ત્યાં **દૃષ્ટાંત અલંકાર. ઉદાહરણ** :

"મરતાં મરતાં સંતો બીજાઓને સુખી કરે,
બળતો બળતો ધૂપ સુવાસિત બધું કરે."

**'બીજાઓને સુખી કરવા'** અને **'બધું સુવાસિત કરવું'** એ બે ધર્મ સરખા છે, પરંતુ એક નથી. **દૃષ્ટાંત** અને **પ્રતિવસ્તૂપમા** આ બે અલંકાર વચ્ચે આ જ મોટું તારતમ્ય છે.

૧૪. **અર્થાંતરન્યાસ** : એક વાતનું બીજી વાતથી જ્યાં સમર્થન થતું હોય ત્યાં **અર્થાંતરન્યાસ**. આ બંને વાતો વચ્ચે કાં સામાન્યવિશેષભાવ, કાં હેતુમદ્ભાવ હોય છે. પ્રતિવસ્તૂપમા અને દૃષ્ટાંતમાં પણ બીજી વાતથી એક વાતનું સમર્થન થાય છે, પરંતુ બંને વાત વચ્ચે જે સંબંધ અર્થાંતરન્યાસમાં હોય છે તે સબંધ દૃષ્ટાંતમાં નથી હોતો. **ઉદાહરણ** :

"કરેણ પણ આપતી કુસુમ તો ગુલાબી ઘણાં,
અને મૂૅરખ માનશે કુસુમ તે ગુલાબો તણાં;
ગુલાબ નિત મસ્ત જે હૃદયમાં ન લાવેય તે,
કરી કદર જે શકે નર કરોડમાં કોક તે."

**'મૂરખ માણસે કરેણનાં ફૂલોને અને ગુલાબનાં ફૂલોને એકસરખાં ગણ્યાં.'** આ વિશેષ વાતનું સમર્થન **'મોટે ભાગે માણસો કદરહીન હોય છે'** એ સામાન્ય વાતથી થયું. આ રીતે બંને વાતો વચ્ચે સામાન્યવિશેષ ભાવ છે. આ ઉદાહરણ હેતુમદ્ભાવનું પણ છે. "મૂરખ માણસે ગુલાબનાં ફૂલોને કરેણનાં ફૂલોની હરોળમાં મૂક્યાં એ વાત ગુલાબ મનમાંયે નથી લાવતું." 'મોટે ભાગે લોકો મૂરખ હોય છે અને મૂરખનું દુઃખ શું ?'

૧૫. **અપ્રસ્તુતપ્રશંસા** : પ્રસ્તુત વાત કહેવી હોય એને બદલે અપ્રસ્તુત વાત કહે અને તેથી આડકતરી રીતે પ્રસ્તુત વાતનો જ બોધ થાય ત્યાં **અપ્રસ્તુતપ્રશંસા અલંકાર.**

અર્થાંતરન્યાસમાં આપેલી કવિતા અપ્રસ્તુત પ્રશંસાનું પણ ઉદાહરણ બની શકે છે. કોઈ ઉત્તમ પ્રકારના કવિને સાધારણ કવિની હરોળમાં લોકો મૂકે ત્યારે જો એ કવિ આ રીતે પોતાની વાતને રજૂ કરે તો એ **પ્રસ્તુતપ્રશંસા.** જેની કદર લોકોએ નથી કરી તે ઉત્તમ પ્રકારનો કવિ પ્રસ્તુત છે; એના સંબંધમાં સીધેસીધું ન કહેતાં એ પરિસ્થિતિમાં મુકાયેલ અપ્રસ્તુત ગુલાબનું

અહીં કથન છે, માટે એ **અપ્રસ્તુતપ્રશંસા**. અપ્રસ્તુતપ્રશંસાના આ પ્રકારને **'અન્યોક્તિ'** પણ કહેવામાં આવે છે.

જમવા બેઠેલો **'દૂધપાક આપો'** એમ કહેવાને બદલે **'દૂધપાક બહુ જ સરસ થયો છે'** એમ કહે એ પણ **અપ્રસ્તુતપ્રશંસા** છે.

૧૬. **પર્યાયોક્ત** : પ્રસ્તુત વાતને જ બીજે પ્રકારે કહેવી એ **પર્યાયોક્ત**. અપ્રસ્તુતપ્રશંસામાં પ્રસ્તુત વાત નથી કહેવાતી, જ્યારે પર્યાયોક્તમાં પ્રસ્તુત વાત જ કહેવાય છે. **ઉદાહરણ** : **"એ પરમ ધાર્મિક રાજાએ પોતાના રાજ્યમાંથી દુર્ગુણને દેશવટો દીધો હતો."** એમ કહેવામાં આવે એ **પર્યાયોક્ત**. આમાં વાત તો તેની તે કહી છે, પરંતુ પ્રકારભેદ કરીને કહી છે, જ્યારે **અપ્રસ્તુત પ્રશંસા**માં બીજી વાત જ કહી હોય છે.

૧૭. **શ્લેષ** : તેના તે શબ્દોમાંથી બીજો અર્થ પણ નીકળે એ **શ્લેષ અલંકાર. ઉદાહરણ** :

"ઉદય ભાનુ તણો જગમાં થતાં, તિમિર સર્વ તુરંત સરી જતાં;
વિમલ ચિત્ત બધા જનનાં થતાં, ધરમ-કાર્ય શરૂ સઘળા થતાં."

આ વર્ણન **'ભાનુ'** નામના રાજાને તેમ સૂર્યને એમ બંનેને એકસરખું લાગુ પડે છે. "**ભાનુ**' શબ્દ પૂરતો આ **શબ્દશ્લેષ** છે, બાકી **અર્થશ્લેષ** છે. **'ભાનુ'** શબ્દને છોડીને બાકીના શબ્દોને સ્થાને પર્યાયો મૂકો તોપણ અર્થ તો તેનો તે જ રહે છે તેથી આ શબ્દાલંકાર નથી.

૧૮. **સમાસોક્તિ** : કેવળ વિશેષણો શ્લિષ્ટ હોય ત્યાં **સમાસોક્તિ અલંકાર. શ્લેષમાં વિશેષણો ઉપરાંત વિશેષ્ય પણ શ્લિષ્ટ(શ્લેષવાળું) હોય છે.** ઉદાહરણ : **"યુદ્ધમાં અન્યને છોડી જયલક્ષ્મી તને વરી."** આમાં વિશેષ્યભૂત **'યુદ્ધ'** અને **'જયલક્ષ્મી'** એ બીજાને લાગુ નથી પડતાં; બાકી વિશેષણો **'અન્યને છોડી'** અને **'વરી'** એ સ્વયંવરમાં બીજાઓને છોડી અમુક એકને પસંદ કરતી કન્યાને લાગુ પડે છે.

૧૯. **સહોક્તિ** : જ્યાં બે બનાવોનું ચમત્કારજનક સાહચર્ય હોય ત્યાં **સહોક્તિ અલંકાર. ઉદાહરણ** : "**આકાશમાંથી વરસાદનાં ટીપાં સાથોસાથ વિરહિણી(સ્ત્રી)નાં નેત્રમાંથી આંસુનાં ટીપાં પડ્યાં.**"

વર્ષાઋતુમાં વિરહિણી સ્ત્રી બહુ ઉત્કંઠિત બને છે અને પતિના વિરહની વેદનાને લઈ આંસુ સારે છે એ વાત અહીં સુંદર રીતે દર્શાવવામાં આવી છે.

**નોંધ :** ઉપર આપેલા અર્થાલંકાર પ્રાયઃ ઉપમામૂલક છે, હવે થોડાક વિરોધમૂલક અર્થાલંકાર અને પછી થોડાક પ્રકીર્ણ અલંકાર આપવામાં આવ્યા છે.

૨૦. **વિરોધ** : નૈસર્ગિક રીતે વિરોધ ન રાખનારો સંબંધ એ **વિરોધ અલંકાર. ઉદાહરણ** : "એ નાનો બાળક પોતાની બાને પૂછે છે કે **'બા, આપણી ગાય તો કાળી છે, પણ એનું દૂધ કાં ધોળું ?'** એ **વિરોધાલંકાર** છે.

૨૧. **વિશેષોક્તિ**, ૨૨ **વિભાવના** : નૈસર્ગિક રીતે જ્યાં કારણ હોય ત્યાં કાર્ય હોવું જોઈયે અને જ્યાં કારણ ન હોય ત્યાં કાર્ય પણ ન હોય; એનાથી ઊલટું, જ્યાં કારણ છે, પરંતુ કાર્ય નથી એવું નિરૂપણ કરવામાં આવે ત્યાં **વિશેષોક્તિ અલંકાર** અને જ્યાં કારણ નથી છતાં કાર્ય છે એવું નિરૂપણ છે ત્યાં **વિભાવના અલંકાર. ઉદાહરણ** :

"આકાશની કોમળ કાંતિ જે રવિ, જોઈ શક્યો ના નિજ તેજપુંજમાં,
અંધારની આંખ વડે નિશીથ તે પેખી શક્યો સૌ સુખ વિશ્વકુંજમાં." (ઉમાશંકર)

આમાં પૂર્વાર્ધમાં **વિશેષોક્તિ અલંકાર** છે. સામાન્ય રીતે જ્યાં તેજ હોય ત્યાં વસ્તુ દેખી શકાય, પરંતુ અહીં સૂર્ય તેજોરૂપ હોવા છતાંય આકાશની કાંતિ જોઈ નથી શકતો. ઉત્તરાર્ધમાં **વિભાવના અલંકાર** છે. સામાન્ય રીતે જયાં અંધકાર હોય ત્યાં વસ્તુ ન દેખાય, પરંતુ અહીં અંધકાર હોવા છતાં નિશીથ જોઈ શકે છે.

૨૩. **અસંગતિ** : સામાન્ય રીતે કાર્ય અને કારણ સમાન દેશમાં રહે છે, એનાથી ઊલટું, કારણ ક્યાંક અને કાર્ય ક્યાંક એવું જ્યાં વર્ણવવામાં આવે ત્યાં **અસંગતિ અલંકાર. ઉદાહરણ** :

"પૃથ્વીની પટરાણીની લજ્જા રક્ષાઈ દેવથી,
ખેંચાતાં દ્રૌપદીવસ્ત્રો નવસ્ત્રા કીર્તિ કૌરવી." (સુંદરમ્)

દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચાતાં દ્રૌપદી નવસ્ત્રા થવી જોઈયે, પરંતુ અહીં તો એને બદલે કૌરવી કીર્તિ નવસ્ત્રા(ઉઘાડી) થઈ છે, માટે આ **અસંગતિ અલંકાર.**

૨૪. **વિષમ** : સામાન્ય રીતે સરખેસરખાનો મેળ ખાય અને માણસ જે ચાહતો હોય તે એને મળે, એનાથી ઊલટું, જ્યાં જેનો મેળ ન ખાવો જોઈયે તેનો મેળ ખાય અને જ્યાં ચાહે કાંઈક અને આવી મળે કાંઈક ત્યાં **વિષમ અલંકાર. ઉદાહરણ :**

**૧ "ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી."**

૨. **"સૈરંધ્રીની સોડ ચહંત કીચક અગ્નિ તણી છેવટ સોડ પામ્યો."** (સૈરંધ્રી = દાસી, એ દ્રૌપદી)

૨૫. **વ્યાજસ્તુતિ** : ઉપરથી નિંદા અથવા સ્તુતિ હોય અને અંદરથી ઊલટી રીતે સ્તુતિ અથવા નિંદા હોય ત્યાં **વ્યાજસ્તુતિ અલંકાર. ઉદાહરણ** :

૧. "હે ગંગા, આ તારો વિવેક શો ? કાંઈ ના સમઝ પડતી;
પાપી જનને પણ તું કર પકડી સ્વર્ગમાં લઈ જ જતી."

પાપી કોણ અને પુણ્યશાળી કોણ એનું ગંગાજીને ભાન નથી એ ઉપરથી નિંદા, પરંતુ અંદરથી સ્તુતિ એ કે તારા વગર પાપીઓનો ઉદ્ધાર કોણ કરત ?

૨. "ચાતક, ચકવા, ચતુર નર પ્રતિદિન ફરે ઉદાસ;
ખર, ઘૂવડ ને મૂર્ખ નર સુખે સૂએ નિજવાસ."

આના પૂર્વાર્ધમાં ઉપર નિંદા અને અંદર સ્તુતિ છે, જ્યારે ઉત્તરાર્ધમાં ઉપર સ્તુતિ અને અંદર નિંદા છે.

૨૬. **વ્યાજોક્તિ** : છાની રાખવાની વાત બહાર પડી જાય એને ખૂબીથી ઢાંકી દેવી એનું નામ **વ્યાજોક્તિ અલંકાર. ઉદાહરણ** :

**પહેલી સખી** - "સખી, આજ તો આખી રાત જાગી."

**બીજી સખી** - "શું પ્રિયામિલનની આશથી ?"

**પહેલી સખી** - "ના, સખી, માંકડના ત્રાસથી."

૨૭. **આક્ષેપ** : વાતને વધારે સચોટ રીતે કહેવા પોતાની જ વાતને અધવચથી તોડી નાખવી એનું નામ **આક્ષેપ અલંકાર. ઉદાહરણ** :

**દૂતી** - "તું પરદેશ તો જાય છે, પણ તારી પ્રિયાની અહીં સ્થિતિ શી થશે એનો વિચાર કર; અથવા સુખેથી જા, જે થશે તેની તને ત્યાં ખબર પડશે."

અહીં દૂતી (પ્રિયને) એમ કહેવા માગે છે કે વિયોગનાં પારાવાર દુઃખ પ્રિયાને સહન કરવાં પડશે. આ દુઃખો વિસ્તારથી વર્ણવે એના કરતાં પોતાની વાત તોડી એમ કહે કે **'એના મરણના ખબર તને પરદેશમાં મળશે'** તો એ પોતાની વાત વધારે સચોટ રીતે કહી શકે માટે એણે એમ કર્યું છે.

# અંક સંજ્ઞા

## (અંક = આંકડો, સંજ્ઞા = સાંકેતિક નામ)

આપણે ત્યાં સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન આદિ પ્રાચીન જૈન આગમગ્રંથોમાં તેમજ વૈદિક ગ્રંથો, જ્યોતિષ-છંદાદિ વિષયક ગ્રંથો, શિલાલેખો અને ગ્રંથોની પ્રશસ્તિઓમાં સંખ્યા અને સંવતનો નિર્દેશ શબ્દાંકો દ્વારા ખૂબ જ કરવામાં આવ્યો છે. આ અંકોની કલ્પના, તે તે સંપ્રદાયોમાં પ્રચલિત ધાર્મિક તેમજ વ્યાવહારિક વસ્તુઓની ગણતરીના આધારે કરવામાં આવી છે.

શબ્દાંકોનો જે જે અંક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છે. નીચે આપવામાં આવેલા શબ્દાંકો પૈકી કેટલાક શબ્દાંકો વૈકલ્પિક છે. એટલે તેવા સ્થળે કયા શબ્દાંકથી કયો અંક લેવો એ નક્કી કરવા માટે સાધકબાધક પ્રમાણો વિચારવાના રહે છે. એ રીતે નિર્ણીત થયેલો અંક જ પ્રામાણિક મનાય છે.

**'રન્ધ્ર, ખ, છિદ્ર'**નો ઉપયોગ **'શૂન્ય'** માટે પણ થયો છે અને **'નવ'** માટે પણ થયો છે. **'ગો'** શબ્દ એક તેમજ **'નવ'**ની સંખ્યા માટે પણ વપરાય છે. **'પક્ષ'** શબ્દ બે પખવાડિયાં અને પંદર દિવસ માટે પણ વપરાય છે. તેવી જ રીતે **'શ્રુતિ'** શબ્દ બે કાન અને ચાર વેદ માટે, **'લોક, ભુવન'** વગેરે શબ્દો ત્રણ, સાત અને ચૌદ માટે, **'ગુણ'** શબ્દ ત્રણ અને છ માટે, **'તત્ત્વ'** શબ્દ ત્રણ, પાંચ, નવ અને પચીસ માટે, **'સમુદ્રવાચક'** શબ્દો ચાર અને સાત માટે તથા **'વિશ્વવાચક'** શબ્દો ત્રણ, તેર અને ચૌદ માટે વપરાયેલા જોવામાં આવે છે.

સંખ્યાબંધ ગ્રંથોમાં પ્રસંગવશાત્ તે તે વસ્તુ, વય, વર્ષ વગેરેની ગણતરી શબ્દાંકો દ્વારા અપાયેલી જોવામાં આવે છે. અહીં આપવામાં આવેલા ઘણાખરા શબ્દાંકો પ્રત્યક્ષ ગ્રંથોમાં તપાસીને જ લખવામાં આવ્યા છે.

('ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા – લે. મુનિશ્રી પુણ્યવિજયજી'માંથી ટુંકાવીને સાભાર)

**નોંધ :** આ અંક સંજ્ઞા વિભાગમાં આપેલા શબ્દાંકો, મહદંશે ઉપર્યુક્ત ગ્રંથમાંથી તેમજ પૂ.આ.શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ.સા. સંપાદિત **'સંખ્યાવાચક શબ્દકોશ'**માંથી લેવામાં આવ્યા છે.

પદ્યબદ્ધ સાહિત્યમાં(શ્લોકોમાં) ગ્રંથરચના–વર્ષ આદિની મોટી સંખ્યાઓ દર્શાવવા માટે આવા સંખ્યાવાચક શબ્દસંકેતોની જરૂર પડી અને પછી તો ગદ્યમાંય આ પદ્ધતિ પ્રચલિત થઈ. જ્યોતિષ આદિના ગ્રંથોમાં સંખ્યાસૂચક અક્ષરસંકેતોની એક બીજી પદ્ધતિ પણ પ્રયોજાઈ હતી તે પણ આ વિભાગમાં છેલ્લે દર્શાવી છે.

કવિતાના પાદનું માપ આપવામાં કયા અક્ષર કે માત્રાએ તાલી આપવામાં આવે છે અથવા કેટલા અક્ષર કે માત્રાએ યતિ એટલે વિસામો આવે છે એ બતાવવા માટે દરેક સંખ્યાની સંજ્ઞાઓ કહેવામાં આવે છે.

જુદા જુદા અંકો બતાવવા ભિન્નભિન્ન આશયથી જુદા જુદા શબ્દો વપરાય છે. દરેક જગ્યાએ આપેલા સંજ્ઞાસૂચક શબ્દો ઉપરાંત તેના પર્યાયવાચી કોઈ પણ શબ્દથી તે તે સંખ્યાનો બોધ થઈ શકે છે; જેમ કે, આકાશવાચી કોઈ પણ શબ્દથી '૦'(શૂન્ય)નો બોધ થઈ શકે છે. તેવી જ રીતે ભૂમિવાચી અને ચન્દ્રવાચી કોઈ પણ શબ્દથી '૧'(એક)ની સંખ્યાનો બોધ કરવામાં આવે છે. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું.

આ બધા શબ્દોની પાછળ રૂઢિગત કોઈક કથાનક, કોઈક દાર્શનિક કે સામાજિક માન્યતા રહેલી હોય છે તેથી તે તે બાબતોથી અમુક અમુક સંખ્યાનો બોધ થાય છે. ષડ્દર્શનના બોધવાળા વિદ્વાનો આ અંકસંજ્ઞાઓને ભિન્ન ભિન્ન આશયથી સારી રીતે સમજી શકે છે. આ સંદર્ભમાં ભારતીય પ્રાચીન લિપિમાલા, શબ્દકલ્પદ્રુમ અને ભગવદ્ગોમંડલ(શબ્દકોશ) ઉપયોગી નીવડશે.

આ વિષય ઘણો લાંબો-પહોળો છે. આ વિષયને અહીં બહુ સંક્ષેપમાં પણ નહિ અને બહુ વિસ્તારમાં પણ નહિ એ રીતે રજૂ કરવામાં આવ્યો છે.

**કેટલાક શબ્દો અનેક(એક કરતાં વધુ) સંખ્યા માટે વપરાય છે.**

૧. જેમાં વચ્ચે-વચ્ચે દ્વીપો રહેલા છે એવા સમુદ્રો જૈનમતે અસંખ્યાત છે, પરંતુ ઈતરમતે સમુદ્રો અપેક્ષાએ ૪ અને ૭ પણ મનાય છે. ૪ દિશાના **૪ સમુદ્રો** અને લવણવારિ, ક્ષીરવારિ, દધિવારિ, આજ્યવારિ, સુરાવારિ, ઈક્ષુવારિ, સ્વાદુવારિ. આ પ્રમાણે અનુક્રમે લવણ(મીઠું), દૂધ, દહીં, ઘી, મદિરા, ઈક્ષુરસ અને સ્વાદિષ્ઠ પાણીવાળા **૭ સમુદ્રો** જાણવા. આ અપેક્ષાભેદ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

૨. **'અંગુલિ'** શબ્દ **૪, ૫, ૧૦** અને **૨૦**ની સંખ્યા દર્શાવવા વપરાય છે : ૧ હાથની-૪, અપેક્ષાએ અંગુઠા સહિત-૫, બે હાથની-૧૦, હાથપગની-૨૦.

૩. **'અગ્નિવાચક'** શબ્દો-૩, ૫, ૬ અને ૭ની સંખ્યા દર્શાવવા વપરાય છે : ભૌમ-દિવ્ય-જઠરાગ્નિ-૩; પાંચ પવિત્ર અગ્નિનો સમુદાય : દક્ષિણ, ગાર્હપત્ય, આહવનીય, સભ્ય અને આવસથ્ય-૫; કર્મકાંડના ૬ પ્રકારના અગ્નિ : ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણાગ્નિ, સભ્યાગ્નિ, આવસથ્ય અને ઔપાસનાગ્નિ-૬; કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, ધૂમ્રવર્ણા, ઉગ્રા, પ્રદીપ્તા - આ ૭ જીભવાળો અગ્નિ છે.

૪. **'અવસ્થા-દશા'** શબ્દ ૩, ૪, ૬, ૮ અને ૧૦ની સંખ્યા દર્શાવવા વપરાય છે : જાગ્રત્-સ્વપ્નાવસ્થા-સુષુપ્તિ-૩; વેદાંત પ્રમાણે જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તિ-તુરીયાવસ્થા-૪; નિરુક્તિ પ્રમાણે જન્મ, સ્થિતિ, વર્ધન, વિપરિણમન, અપક્ષય અને નાશ-૬; પુરાણ પ્રમાણે કૌમાર, પૌગંડ, કિશોર, યૌવન, બાલ, તારુણ્ય, વૃદ્ધ અને વર્ષીયાન્-૮; કામશાસ્ત્ર પ્રમાણે વિરહીની ૧૦ દશા : અભિલાષા, ચિંતા, સ્મૃતિ, ગુણકથન, ઉદ્વેગ, સંલાપ, ઉન્માદ, વ્યાધિ, જડતા અને મરણ-૧૦; શૃંગારશાસ્ત્ર પ્રમાણે કામની દસ દશા : નયનપ્રીતિ, ચિત્તાસંગ, અર્થસંકલ્પ, નિદ્રાચ્છેદ, તનુતા, વિષયનિવૃત્તિ, ત્રપાનાશ, ઉન્માદ, મૂર્ચ્છા અને મૃત્યુ-૧૦

૫. ચરણ(પાદ)વાચક શબ્દો ૨ અને ૪ની સંખ્યા દર્શાવવા વપરાય છે : માનવના પગ-૨, પશુના પગ-૪, શ્લોકના પાદ-૪

આમ બીજા પણ કેટલાક શબ્દો એક કરતાં વધુ સંખ્યા માટે વપરાય છે.

**अङ्कानां वामतो गतिः** । અર્થાત્ અંકગણના જમણેથી ડાબી બાજુ થાય છે; (**वाम** = ઊંધી, **वामतः** = ઊંધી બાજુથી-જમણેથી ડાબે) જેમ કે,

૧. **गुण-नयन-रसेन्दुमिते वर्षे** = ૧૬૨૩ વર્ષે

જમણેથી ડાબે (ઇન્દુ=૧, રસ=૬, નયન=૨, ગુણ=૩)

૨. **अम्बरगुण-क्ष्माखण्ड-दाक्षायणीप्राणेशाङ्कितवत्सरे**=૧૧૬૦ વર્ષે

(અમ્બરગુણ=૦, ક્ષ્માખંડ=૬, દાક્ષાયણીપ્રાણેશ=રુદ્ર ૧૧)

૩. **मुनि-वसु-सागर-सितकरमितवर्षे** = ૧૪૮૭ વર્ષે

[સિતકર(ચન્દ્ર)= ૧, સાગર = ૪, વસુ = ૮, મુનિ = ૭]

૪. **रस-निधि-जलनिधि-चन्द्रमिते वर्षे** = ૧૪૯૬ વર્ષે

(ચન્દ્ર = ૧, જલનિધિ = ૪, નિધિ = ૯, રસ = ૬)

૫. **षडङ्क-विश्वमिते वर्षे** = ૧૪૯૬ વર્ષે

(વિશ્વ = ૧૪, અંક = ૯, ષડ્ = ૬)

૬. **शरेभ-विश्वे वर्षे यमिताम्** = ૧૪૮૫માં રચાયેલી

(વિશ્વ = ૧૪, ઇભ = ૮, શર = ૫)

૭. **भुवन-श्रुति-रविसङ्ख्ये वर्षे** = ૧૨૪૩ વર્ષે

(રવિ = ૧૨, શ્રુતિ = ૪, ભુવન = ૩)

૮. **जिन-भुवने स्वर्गमिते वर्षे** = ૧૪૨૪માં સ્વર્ગવાસ પામેલા (ભુવન-૧૪, જિન=૨૪) આમાં એક એક અંકને બદલે અંક જોડી છે.

૯. **शिखि-नयन-सिन्धु-शशिमिते वर्षे** = ૧૪૨૩ અથવા ૧૭૨૩ વર્ષે

(શશી= ૧, સિન્ધુ ૪/૭, નયન = ૨, શિખી = ૩)

૧૦. **गुण-जलनिधि-निधि-विधुपरिमिते संवत्सरे** = ૧૯૭૩ વર્ષે

(૩૭૯૧ વર્ષે નહિ.) (વિધુ= ૧, નિધિ=૯, જલનિધિ=૭, ગુણ=૩)

૧૧. **गुण-चन्द्रदिनाङ्के** = ૧૩મી તારિખે
(ચન્દ્ર=૧, ગુણ=૩) (**चन्द्रगुणदिनाङ्के** નહિ.)

૧૨. **रसेन्दुदिनाङ्के** = ૧૬મી તારિખે
(ઈન્દુ=૧, રસ=૬) (**इन्दुरसदिनाङ्के** નહિ.)

૧૩. **गुणचन्द्रे तिथौ** = ત્રયોદશી(તેરસ)ના દિવસે
(ચન્દ્ર=૧, ગુણ=૩) (**चन्द्रगुणे तिथौ** નહિ.)

છન્દ:શાસ્ત્રમાં અક્ષરસંખ્યા તથા યતિ(=અટકવું) માટે અંકસંજ્ઞા વપરાય છે તેનાં ઉદાહરણો :

૧. **ननमयय-युतेयं मालिनी भोगिलोकैः ।**

આ માલિની છંદમાં '**न, न, म, य, य**' આ પાંચ ગણ છે. ૧૫ અક્ષરમાં બે ભાગ છે : ભોગી(નાગ)=૮, લોક=૭ આમ બે યતિ છે.

૨. **जसौ जसयला वसुग्रहयतिश्च पृथ्वी गुरुः ।**

આ પૃથ્વી છંદમાં '**ज, स, ज, स, य**' આ પાંચ ગણ છે અને અંતે એક લઘુ તથા એક ગુરુ છે. ૧૭ અક્ષરમાં બે ભાગ છે :
વસુ=૮, ગ્રહ=૯ આમ બે યતિ છે.

૩. **मन्दाक्रान्ता जलधिषडगै-र्म्भौ नतौ ताद् गुरू चेत् ।**

આ મન્દાક્રાન્તા છંદમાં '**म, भ, न, त, त**' આ પાંચ ગણ છે અને અંતે બે ગુરુ છે. ૧૭ અક્ષરમાં ત્રણ ભાગ છે : જલધિ(સમુદ્ર)=૪, ષટ્=૬, અગ(પર્વત)=૭ આમ ત્રણ યતિ છે.

૪. **रसैरुद्रैश्छिन्ना यमनसभलागः शिखरिणी ।**

આ શિખરિણી છંદમાં '**य, म, न, स, भ**' આ પાંચ ગણ છે અને અંતે એક લઘુ તથા એક ગુરુ છે. ૧૭ અક્ષરમાં બે ભાગ છે : રસ=૬, રુદ્ર=૧૧ આમ બે યતિ છે.

## શૂન્ય

૧. **શૂન્ય, બિંદુ, રંધ્ર, છિદ્ર** (છિદ્રવાચક શબ્દો) ગોળાકાર હોવાથી શૂન્યવાચક છે.

૨. **ખ, અંબર, અનંત, ગગન, નભસ્, વિયત્, વ્યોમ, આકાશ** (આકાશવાચક શબ્દો) આકાશનું કોઈ માપ નથી અને એ અંદરથી પોલું દેખાય છે માટે શૂન્યવાચક છે.

૩. **કલશ** – ગોળાકાર છે.

૪. **પુષ્કર** – હાથીની સૂંઢ ગોળાકાર છે.

૫. **પૂર્ણ** – શૂન્યનો પર્યાય છે.

૬. **તિલક** – ગોળાકાર છે.

૭. **વિષ્ણુપાદ** (=આકાશ) – વિષ્ણુનું પગલું આકાશમાં છે. આકાશ શૂન્ય છે.

૮. **શિવલિંગ, શિવ** (લિંગ-લિંગી અભેદ) ગોળાકાર છે.

**નોંધ :** આ બધા શબ્દો અભાવ, અવકાશ-ખાલી જગ્યા વગેરેનો બોધ કરાવતા હોવાથી શૂન્યના વાચક તરીકે રૂઢિથી સ્વીકારવામાં આવ્યા છે. ગોળાકાર બધામાં મુખ્ય છે. ગોળાકાર શૂન્યવાચક છે.

❄

## અંક-૧

૧. **એક :** ૧ સૂચક સાંકેતિક શબ્દ

૨. **અ :** મૂળાક્ષરમાં પહેલો હોવાથી એક સંખ્યાસૂચક સાંકેતિક અક્ષર

૩. **અજ, અબ્જ, પિતામહ, બ્રહ્મા :** કમળમાં જન્મેલ બ્રહ્મા એક જ પ્રથમ દેવ

૪. **અતીત** (=ભૂતકાળ) : ભૂત, ભવિષ્ય વર્તમાન એ ત્રણ કાળમાં ભૂતકાળનું સ્થાન પ્રથમ છે.

૫. **અદ્વૈતવાદ :** જીવ અને શિવ એવું દ્વૈત નથી, બ્રહ્મ જ એક માત્ર છે એવો મત

૬. **અલખ** (=અલક્ષ્ય-પરમાત્મા): પરમાત્મા-ઈશ્વર એક જ છે.

૭. **અંગુષ્ઠ:**આંગળીઓમાંઅંગૂઠોપ્રથમછે.

૮. **આત્મા, જીવ :** એક જ છે.

૯. **આદિ :** શરૂઆતનો પ્રથમ ભાગ, સંખ્યાની હરોળમાં પહેલું પદ, પહેલો પાક

૧૦. **ઈન્દુ, શશાંક, શશી, સુધાંશુ, શીતરશ્મિ, વિધુ, ચંદ્ર :** દૃષ્ટિપથમાં એક જ હોય છે.

૧૧. **ઈન્દ્ર :** (૧) અપેક્ષાએ દેવોના નાયક (રાજા) દેવેન્દ્ર એક

(૨) બારમાંનો પ્રથમ આદિત્ય (સૂર્ય)

(૩) ઈન્દ્રનો અર્થ સૂર્ય છે. સૂર્ય દષ્ટિપથમાં એક જ હોય છે.

**૧૨. કલિ, કલિપાશ :**

જુગાર રમવાના પાશા ઉપર એકની સંજ્ઞા. જે પાશા ઉપર એક ટપકું કે એકડો હોય તેને કલિ કહે છે.

**૧૩. કાકાક્ષિ :**

કાગડાને આંખ બે પણ કીકી એક જ હોય છે.

**૧૪. ખડ્ગ :** (= ગેંડાનું શીંગડું)

ગેંડાનું શીંગડું એક જ હોય છે.

**૧૫. ગો, ભૂમિ, મહી, કુ, પૃથ્વી, ક્ષિતિ, ધરા, વસુંધરા, ઈલા :**

સાત લોકમાં પ્રથમ છે. પૃથ્વી પ્રત્યક્ષ ગોચર એક જ છે. બાકીની છ આપણને અગોચર છે.

**૧૬. તનુ :** કુંડલીમાં પહેલું સ્થાન

**૧૭. તિલક :** કપાળમાં એક જ કરાય છે.

**૧૮. દીપ :** સૂર્ય જગતનો દીવો છે, તે એક જ છે.

**૧૯. નાયક, સેનાપતિ :**

લશ્કર વગેરેમાં નાયક એક જ હોય છે.

**૨૦. પતાકા :**

(૧) હાથથી થતા ૨૮ પ્રકારના અભિનયમાંનો પ્રથમ અભિનય

(૨) મંદિર ઉપર ધ્વજ એક જ હોય છે.

**૨૧. પ્રભવ :** બાર્હસ્પત્ય સંવત્સરના ૬૦માંનું પ્રથમ વર્ષ

**૨૨. મન :** અંતઃકરણ એક જ છે.

**૨૩. મુખ :** સામાન્ય રીતે મુખ એક જ હોય છે.

**૨૪. મેરુ :** જૈનેતર સર્વ મતે એક જ છે.

**૨૫. મેષ :** બારમાંહેની પ્રથમ રાશિ

**૨૬. રમા, લક્ષ્મી :**

વિષ્ણુની પત્ની એક જ છે.

**૨૭. રાશિ :** (=સમુદાય) અનેકનો સમુદાય એક જ હોય છે.

**૨૮. રૂપ :** (૧) રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ એ પાંચ વિષયોમાંનો પ્રથમ વિષય હોવાથી જૈન શાસ્ત્રોમાં રૂપ શબ્દ એક અર્થમાં રૂઢ છે. (૨) ન્યાયમતે ૨૪ ગુણોમાંનો પ્રથમ ગુણ

**૨૯. વિનાયક, એકદંત** (=ગણેશ) એમના બે દાંતમાંથી એક ભગ્ન, એક વિદ્યમાન

**૩૦. શુક્રાચાર્ય, શુક્રનેત્ર :** એકાક્ષ હતા. આંખો બે હતી, પણ વામન અવતારમાં એક આંખ ફૂટી તેથી એકનેત્ર કહેવાયા.

**૩૧. શંખ :** (૧) વિષ્ણુના ચાર આયુધોમાંનું પ્રથમ આયુધ.

(૨) ૧૮માંની મુખ્ય સ્મૃતિ.

**૩૨. સૂર્ય :** દષ્ટિપથમાં એક જ છે.

**૩૩. હરનેત્ર :** શંકરના કપાળમાં એક નેત્ર

**૩૪. હસ્તિકર :** હાથીની સૂંઢ એક જ હોય છે.

**નોંધ :** આ બધા શબ્દોના વાચક પદાર્થો સામાન્યથી એકેક જ મળે છે, માટે રૂઢિથી તેમને એકની સંખ્યાના વાચક માનવામાં આવ્યા છે

## અંક-૨

૧. **દ્વિ** : બેની સંજ્ઞા

૨. **અયન** : ઉત્તરાયણ, દક્ષિણાયન

૩. **અવસ્થા** : સુખ-દુઃખ; જીવનની અવસ્થા બે

૪. **અશ્વિનીકુમાર, નાસત્ય, દસ્ર** : આ દેવો બે છે. આ નામો દ્વિવચનમાં જ વપરાય છે.

૫. **અસિધારા** : બે ધારી તલવાર

૬. **કુટુંબ** : કુંડલીમાં બીજું સ્થાન

૭. **કૃતાંત, દંડધર, યમરાજ, યમ, યમલ, યુગ્મ, દ્વન્દ્વ, દ્વય** : બેનું જોડકું-જોડલું

૮. **ગજદંત, હસ્તિદંત** : હાથીના બહારના બે દાંત

૯. **ચરણ, પાદ** : માનવના બે પગ

૧૦. **દલ, દ્વિદલ** : બે ફાડવાળું કઠોળ

૧૧. **દિવાકરનિશાકરૌ, પુષ્પદંતૌ, રવિચંદ્રૌ** : સૂર્ય-૧, ચંદ્ર-૧ મળી બે

૧૨. **દંપતી** : પતિ-પત્નીની જોડી

૧૩. **દંત, દંશ, રાજદંત** : (૧) દૂધિયા દાંત, સ્થાયી દાંત (૨) માનવમુખના ઉપલી હરોળના રાજદંત બે (૩) સાપના આગળના દાંત બે

૧૪. **દ્વિજ** : બ્રાહ્મણ (જન્મ-જનોઈ બે જન્મ), મુનિ (જન્મ-દીક્ષા બે જન્મ), પક્ષી (ઈંડું-પક્ષી બે જન્મ), દાંત (બે વાર આવે છે : દૂધિયા-સ્થાયી)

૧૫. **નદીતટ** : નદીના કિનારા બે

૧૬. **નય** : (૧) વ્યવહારનય, નિશ્ચયનય; (૨) જ્ઞાનનય, ક્રિયાનય

૧૭. **નવતત્ત્વભેદ** : જીવ-અજીવ બે મુખ્ય ભેદ

૧૮. **નેત્ર, ચક્ષુ; કર્ણ, શ્રુતિ; કર, બાહુ, હસ્ત, પાણિ; કુચ, સ્તન; ઓષ્ઠ; ગુલ્ફ, જાનુ; જંઘા** : શરીરના બે-બે અવયવવાચક શબ્દો

૧૯. **પક્ષ** : (૧) માસનાં પખવાડિયાં બે (૨) પક્ષીની પાંખ બે

૨૦. **પ્રમાણ** : પ્રત્યક્ષ પ્રમાણ, પરોક્ષ પ્રમાણ

૨૧. **પ્રીતિ-રતિ** : કામદેવની પત્ની બે

૨૨. **ભરત-શત્રુઘ્ન** : ભાઈ બે

૨૩. **મિથુન** : સ્ત્રી-પુરુષ યુગલ

૨૪. **રથધુર્ય** : રથને જોડાતા બળદ બે

૨૫. **રામ-લક્ષ્મણ** : ભાઈ બે

૨૬. **રામનંદન, લવ-કુશ** : ભાઈ બે

૨૭. **લોક** : આ લોક, પરલોક (બે લોક)

૨૮. **વિનાયક-સ્કન્દ** (ગણેશ અને કાર્તિકેય) : ભાઈ બે

૨૯. **શૃંગ** : પશુનાં શીંગડાં બે

૩૦. **સર્પજિહ્વા** : સાપની જીભ બે

**નોંધ** : આ બધા શબ્દોના વાચ્ય પદાર્થો કે વ્યક્તિઓ સામાન્યથી બેની સંખ્યામાં (જોડમાં) જોવા મળે છે, તેથી એ બધાને અને એમના પર્યાયોને રૂઢિથી બે સંખ્યાવાચક માનવામાં આવે છે.

## અંક-૩

૧. **ત્રિ :** ત્રણની સંજ્ઞા

૨. **અગ્નિ, પાવક, વહ્નિ :**

(૧) ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણ-આ ત્રણ પ્રકારના અગ્નિ વૈદિક યજ્ઞમાં હોય છે.

(૨) ભૌમ-દિવ્ય-જઠરાગ્નિ

૩. **અગ્નિત્રિપુટી, અગ્નિત્રેતા :**

માતા, પિતા, ગુરુ - આ ત્રિપુટી અગ્નિની માફક પવિત્ર અને પૂજ્ય છે.

૪. **અર્થ :** વાચ્ય, લક્ષ્ય, વ્યંગ્ય - સાહિત્યશાસ્ત્રમાં આ ત્રણ અર્થ છે.

૫. **કમ્બુગ્રીવરેખા, ગ્રીવારેખા :**

શંખની ડોકની ત્રણ રેખા

૬. **કાલિદાસકાવ્ય :** કુમારસંભવ, રઘુવંશ, મેઘદૂત-કાલિદાસનાં ત્રણ કાવ્યો

૭. **કાલિદાસ નાટક :**

માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય, અભિજ્ઞાન શાકુંતલ-કાલિદાસનાં ત્રણ નાટક

૮. **કોશ:** અન્નમય-પ્રાણમય-મનોમયકોશ

૯. **ગંગામાર્ગ :** સ્વર્ગ-મૃત્યુ-પાતાલલોક

૧૦. **ગારવ :** રસ-ઋદ્ધિ-સાતાગારવ

૧૧. **ગોરવ :** ગાય ગાંધાર સ્વર બોલે છે તે ત્રીજો સ્વર છે.

૧૨. **જરાંઘ્રિ :** લાકડી સાથે વૃદ્ધાવસ્થાના ત્રણ પગ

૧૩. **તત્ત્વ :** ઈશ્વર, જીવ, જગત

૧૪. **ત્રેતા:** જુગારમાંત્રણ ટપકાંવાળો પાશો

૧૫. **પુરુષ :** પહેલો-બીજો-ત્રીજો પુરુષ (વ્યાકરણમાં)

૧૬. **પ્રમાણ :** પ્રત્યક્ષ-અનુમાન-શબ્દ (આગમ) પ્રમાણ (સાંખ્ય અને યોગમતે)

૧૭. **પ્રાણ :** અન્ન, જલ, વાયુ

૧૮. **ત્રિમુનિ, મુનિત્રય :**

પાણિનિ, પતંજલિ, કાત્યાયન-આ ત્રણ વ્યાકરણના મુનિ

૧૯. **યજ્ઞોપવીત :** (=જનોઈ)

જનોઈના તંતુ ત્રણ

૨૦. **વચન :** વ્યાકરણમાં એક-દ્વિ-બહુવચન

૨૧. **વજ્ર :** ઇન્દ્રનું વજ્ર, હનુમાન શરીર (વજ્રાંગ=બજરંગ), ભીમ શરીર-બંનેના શરીર વજ્ર જેવા મજબૂત હોવાથી વજ્રસમ મનાય છે.

૨૨. **સન્નિપાત :** વાત, પિત્ત, કફ - આ ત્રણ દોષથી થનારો રોગ

૨૩. **સહોદર :** કુંતીના ત્રણ પુત્રો : યુધિષ્ઠિર, અર્જુન, ભીમ

૨૪. **સ્વર :** ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત - આ ત્રણ વેદના સ્વર

૨૫. **ત્રિકટુ :** સૂંઠ, મરી, પીપર

૨૬. **ત્રિકાલ, કાલ :**

ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળ

૨૭. **ત્રિકૂટ :** ત્રણ શિખરવાળો પર્વત જે ખારા સમુદ્રની વચ્ચે આવેલો છે.

૨૮. **ત્રિકૂટકૂટ :** પર્વતના ત્રણ શિખર

૨૯. **ત્રિક્ષેત્ર :** પ્રયાગ, કાશી, ગયા

૩૦. **ત્રિગુણ, ગુણ :** (૧) સત્ત્વ, રજસ્, તમસ્ (૨) મંદ, સુગંધી, શીતલ (વાયુના)

૩૧. **ત્રિગુપ્તિ, ગુપ્તિ :**

મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ

**૩૨. ત્રિતય, ત્રિવર્ગ :**
(૧) ધર્મ, અર્થ, કામ (પુરુષાર્થ)
(૨) સ્થિતિ, વૃદ્ધિ, ક્ષય (ભાવ)

**૩૩. ત્રિતાપ, તાપ :**
આધિ, વ્યાધિ, ઉપાધિ-માણસના હૃદયને બાળનાર ત્રણ તાપ-અગ્નિ

**૩૪. ત્રિદશા, દશા, અવસ્થા :**
(૧)જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ
(૨) અનાગત, વ્યક્તાભિવ્યક્ત, તિરોહિત - સાંખ્યમતે પદાર્થની ત્રણ અવસ્થા
(૩) બાલ, યુવા, વૃદ્ધ
(૪) જન્મ, જરા, મૃત્યુ

**૩૫. ત્રિદેવ, દેવ, ઈશ્વર :**
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ

**૩૬. ત્રિદેહ, દેહ :** સ્થૂલ-સૂક્ષ્મ-કારણ શરીર (અજ્ઞાનનું બનેલું)

**૩૭. ત્રિદોષ, દોષ :** (૧) વાત, પિત્ત, કફ
(૨) રાગ, દ્વેષ, મોહ

**૩૮. ત્રિદંડ, દંડ :**
(૧) મનોદંડ, વચનદંડ, કાયદંડ (જૈન)
(૨) વાગ્દંડ=મૌન, કાયદંડ=નિરિચ્છા, મનોદંડ=યોગ (મન-વચન-કાયનિગ્રહ)

**૩૯. ત્રિનેત્ર, શિવનેત્ર, ઈશ્વરનયન :**
(૧) કામને બાળવા શંકરના કપાળમાં ત્રીજું નેત્ર (૨) સૂર્ય, ચંદ્ર, અગ્નિ (કપાળમાં)

**૪૦. ત્રિપદી :** ઉત્પાદ, ધ્રુવ, વ્યય (ઉત્પત્તિ, સ્થિતિ, વિનાશ)

**૪૧. ત્રિપુર, પુર :** ત્રિપુરાસુરના ત્રણ ધાતુના ત્રણ પુર

**૪૨. ત્રિફલા :** હરડે, બહેડાં, આમળાં

**૪૩. ત્રિબ્રહ્મ, બ્રહ્મ :**
પરબ્રહ્મ, શબ્દબ્રહ્મ, નાદબ્રહ્મ

**૪૪. ત્રિમધુ :** મધ, ઘી, સાકર

**૪૫. ત્રિમૌલિમૌલિ :**
ત્રિમૂર્તિ શંકરનાં ત્રણ મસ્તકો

**૪૬. ત્રિયામા :** ત્રણ પ્રહરવાળી રાત્રિ

**૪૭. ત્રિરત્ન, રત્નત્રયી, જૈનરત્ન :**
સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર

**૪૮. ત્રિરામ, રામ :**
રામ, પરશુરામ, બલરામ

**૪૯. ત્રિલોક, ત્રિજગત, જગત, વિશ્વ, ભુવન :** ઊર્ધ્વ-અધો-મધ્યલોક;
સ્વર્ગ-મૃત્યુ-પાતાલલોક;
દેવલોક, મનુષ્યલોક, નારકલોક

**૫૦. ત્રિવર્ણ :** (૧) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય (૨) લાલ, પીળો, વાદળી એ ત્રણ મૂળ રંગ

**૫૧. ત્રિવલય :** યંત્રમાં આવતાં ત્રણ વર્તુળો

**૫૨. ત્રિવિક્રમ, ક્રમ :** વિષ્ણુનાં ત્રણ પગલાં : ભૂમિમાં, આકાશમાં, પાતાળમાં

**૫૩. ત્રિવિદ્યા :** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ - આ ત્રણ વેદ તે ત્રણ વિદ્યા

**૫૪. ત્રિવેદ, શ્રુતિ :** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ - મૂળ વેદ આ ત્રણ જ છે. અથર્વવેદ પાછળથી ઉમેરાયો છે.

**૫૫. ત્રિવેણી :** (૧) ઇડા, પિંગલા, સુષુમ્ણા એ ત્રણ નાડી (૨) ગંગા, યમુના, સરસ્વતી એ ત્રણ નદી

**૫૬. ત્રિશલ્ય, શલ્ય :**
માયા-નિયાણ-મિથ્યાત્વશલ્ય (જૈન)

**૫૭. ત્રિશૂલ, શૂલ :** ત્રણ શૂલવાળું આયુધ

૫૮. **ત્રિશક્તિ, શક્તિ :** (૧) પ્રભુ-ઉત્સાહ-મંત્રશક્તિ એ ત્રણ રાજશક્તિ
(૨) અભિધા, લક્ષણા, વ્યંજના - એ ત્રણ શબ્દશક્તિ
(૩) ઇચ્છા, જ્ઞાન, ક્રિયા - એ ત્રણ ઈશ્વરશક્તિ
(૪) પ્રધાન, પ્રકૃતિ, માયા - એ ત્રણ શક્તિ
(૫) મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી
(૬) સત્, ચિત્, આનંદ

૫૯. **ત્રિસંધ્યા, સંધ્યા :**
સવાર, બપોર, સાંજ

૬૦. **ત્રેતા :** જુગારના પાશા ઉપર ત્રણ ટપકાં

૬૧. **ત્રૈવિધ :** ત્રણ વેદ જાણનાર

૬૨. **સ્વર :** હ્રસ્વ, દીર્ઘ, પ્લુત - એ વર્ણોના ત્રણ સ્વર

૬૩. **લિંગ :** પુંલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ

**નોંધ :** આ બધું ત્રણ-ત્રણની સંખ્યામાં હોવાથી રૂઢિથી ત્રણ સંખ્યાવાચક મનાય છે. આ પ્રમાણે આગળ સર્વત્ર સમજી લેવું.

## અંક-૪

૧. **અજમુખ, વિધિમુખ :**
બ્રહ્માનાં ચાર દિશાનાં ચાર મુખ

૨. **અનુયોગ :** દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ

૩. **અબ્ધિ, જલધિ, સમુદ્ર, સાગર :**
પૃથ્વીની ચાર બાજુ આવેલા ચાર દિશાના ચાર સમુદ્ર

૪. **અભિનય :** આંગિક (શરીર દ્વારા), વાચિક (વાણી દ્વારા), આહાર્ય (વેશ દ્વારા), સાત્ત્વિક (મનના ભાવો દ્વારા)

૫. **અર્થ, પુરુષાર્થ :** ધર્મ, અર્થ, કામ, મોક્ષ

૬. **અવસ્થા, દશા :**
(૧) જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયા
(૨) બાલ્ય, કૌમાર, યૌવન, વૃદ્ધત્વ (વૈદક)

૭. **અંગ, દેહાંગ :** શિર, ધડ, હાથ, પગ

૮. **અંગુલિ, કરાંગુલિ :** અંગૂઠા વિના એક હાથની ચાર આંગળી

૯. **અંતઃકરણ :** મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર

૧૦. **આશ્રમ :** બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ

૧૧. **ઈશ્વર :** બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, રાજા

૧૨. **ઉપવેદ :** આયુર્વેદ(વૈદક), ધનુર્વેદ (શસ્ત્રવિદ્યા), ગાંધર્વવેદ (સંગીત), સ્થાપત્યવેદ (શિલ્પશાસ્ત્ર-બાંધકામ, ચિત્રકળા, મંત્રજંત્ર)

૧૩. **ઉપાય, નીતિ :** સામ, દાન, ભેદ, દંડ (રાજનીતિ)

૧૪. **કથા, વિકથા :** દેશકથા, રાજકથા, ભક્ત(ભોજન)કથા, સ્ત્રીકથા (જૈન)

૧૫. **કષાય :** ક્રોધ-માન-માયા-લોભકષાય

૧૬. **કૃત :** જુગાર રમવાના પાસા ઉપર ચાર અંકને 'કૃત' એવી સંજ્ઞા છે. એ કૃત (સત્ય)યુગની દ્યોતક છે.

૧૭. **કેન્દ્ર, સ્થાન :** કુંડલીમાં ૧-૪-૭-૧૦ આ ચાર મુખ્ય સ્થાન છે.

૧૮. **ગજજાતિ :** ભદ્ર, મંદ, મૃગ, મિશ્ર - એ હાથીની ચાર જાતિ

૧૯. **ગતિ :** દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકગતિ

૨૦. **ગવાંઘ્રિ, ગોચરણ, અંઘ્રિ, ચરણ, પાદ, અંહ્રિ :** (૧) પશુના ચાર પગ-ચરણ
(૨) શ્લોકનાં ચાર પાદ-ચરણ

૨૧. **ગાનપ્રકાર :** સ્થાયી, આરોહી, અવરોહી, સંચારી

૨૨. **ગોસ્તન :** ગાયનાં ચાર આંચળ

૨૩. **ચતુરિકાસ્તંભ :** લગ્નની ચોરીના ચાર સ્તંભ-થાંભલા

૨૪. **જાપ :** ભાષ્ય(વાચિક)-ઉપાંશુ-માનસ-અજપાજાપ

૨૫. **તત્ત્વ:** પૃથ્વી, જળ, તેજ, વાયુ(ચાર્વાક)

૨૬. **દશરથનંદન :** રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન

૨૭. **દિશા, દિક્ :** પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ (મુખ્ય ચાર દિશા)

૨૮. **દેવ :** ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક (ચાર નિકાયના દેવો)

૨૯. **ધ્યાન :** આર્ત્ત-રૌદ્ર-ધર્મ-શુક્લધ્યાન

૩૦. **પદાર્થ :** કેવળપ્રકૃતિ, કેવળવિકૃતિ, પ્રકૃતિ-વિકૃતિસ્વરૂપ, ન પ્રકૃતિ ન વિકૃતિ (કૂટસ્થ) - એ ચાર પદાર્થો સાંખ્યમતે

૩૧. **પાઠક :** ચાર વેદના પાઠ કરનાર

૩૨. **પ્રમાણ :** પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન (સાદૃશ્ય) - શબ્દપ્રમાણ (ન્યાયમતે)

૩૩. **પ્રમોદ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ચોથું વર્ષ

૩૪. **પ્રહર, યામ :** દિવસના ચાર પહોર

૩૫. **બાલસ્ત્રીઅવસ્થા :**
ગૌરી (૮વર્ષની), રોહિણી(૧૦ વર્ષની), કન્યા(૧૨ વર્ષની), રજસ્વલા(૧૩ વર્ષની)

૩૬. **બુદ્ધિ :** ઔત્પાતિકી-વૈનયિકી-કાર્મિકી-પારિણામિકીબુદ્ધિ

૩૭. **ભોજન** (અન્ન) :
ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય

૩૮. **માલા :** તુલસી, પ્રવાલ, રુદ્રાક્ષ સ્ફટિક - એ ચાર દ્રવ્યોની જપમાળા

૩૯. **મુક્તિ, મોક્ષ :** સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય (ભક્તિમાર્ગમાં)

૪૦. **યુગ :** કૃત(સત્ય) - ત્રેતા- દ્વાપર - કલિયુગ

૪૧. **યોજનકોશ :** એક જોજનના ચાર કોશ (ગાઉ)

૪૨. **રીતિ :** વૈદર્ભી, પાંચાલી, ગૌડી, લાટી (અલંકારશાસ્ત્ર પ્રસિદ્ધ)

૪૩. **રોહિણી :** ૨૭માનું ચોથું નક્ષત્ર

૪૪. **લોકપાલ, દિક્પાલ :**
સોમ, યમ, વરુણ, કુબેર (ચારદિશાના ચાર)

૪૫. **વર્ણ :** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર (લોકોના ચાર વર્ણ)

૪૬. **વાણી :** પરા-પશ્યન્તી-મધ્યમા-વૈખરી વાણી

૪૭. **વારણરદ :** હાથીના ચાર દાંત (બહાર દેખાતા ચાર દાંતવાળા હાથીની અપેક્ષાએ)

૪૮. **વિષ્ણુભુજા :** વિષ્ણુના ચાર હાથ

૪૯. **વેદ, શ્રુતિ :** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ

૫૦. **સુખ :** આરોગ્ય, પત્ની, પુત્ર, અન્નજળ

૫૧. **સેનાંગ :** હસ્તિ-અશ્વ-રથ-પાયદળ

૫૨. **સંઘ :** સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા

૫૩. **સંજ્ઞા :** આહાર-નિદ્રા-ભય-મૈથુનસંજ્ઞા

૫૪. **સંપ્રદાય :** શિવ, વિષ્ણુ, ગણેશ, દેવી

## અંક-૫

૧. **પંચ :** પાંચની સંજ્ઞા

૨. **અક્ષ, ઇન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય :** શ્રોત્ર (કાન), સ્પર્શન (ચર્મ), ચક્ષુષ્ (આંખ), રસન (જીભ), ઘ્રાણ (નાક)

૩. **અનુત્તર :** જયંત, વૈજયંત, વિજય, અપરાજિત, સર્વાર્થસિદ્ધ
(પાંચ અનુત્તર વિમાન)

૪. **પંચામૃત, અમૃત :**
(૧) દૂધ, દહીં, ઘી, મધુ, સાકર
(૨) દૂધ, દહીં, ઘી, સાકર, પાણી

૫. **પંચાચાર, આચાર :** (૧) જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર (જૈનમુનિના પાંચ આચાર)
(૨) સદાચાર, નિયતાચાર, ગણાચાર, જાત્યાચાર, લિંગાચાર (વીર શૈવધર્મના)

૬. **પંચાશ્રવ, આશ્રવ :**
ઇન્દ્રિય, કષાય, અવ્રત, યોગ, ક્રિયા
(આ પાંચ દ્વારા કર્મબંધ થાય.)

૭. **પંચાંગ :** (૧) તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ (૨) હાથ-૨, પગ-૨, મસ્તક-૧

૮. **પંચાંગુલિ, કરાંગુલિ :**
અંગૂઠા સાથે એક હાથની પાંચ આંગળીઓ

૯. **પંચાગ્નિ, પંચાગ્નિતપ, પંચતપ, પંચધૂણી :** ચાર દિશામાં ચાર અગ્નિકુંડ અને ઉપર સૂર્યનો તાપ એમ પાંચ પ્રકારના અગ્નિ વડે ઉનાળામાં કરાતું તપ

૧૦. **પંચકલ્યાણક, કલ્યાણક :**
ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળ-નિર્વાણકલ્યાણક તીર્થંકરના જીવનના આ પાંચ પ્રસંગોને

૧૧. **પંચકોશ :** અન્ન-પ્રાણ-મનો-વિજ્ઞાન આનંદમય કોશ (=ખોળિયું) (વેદાંતમતે)

૧૨. **કર્મેન્દ્રિય :** વાણી, હાથ, પગ, ગુદા, ઉપસ્થ (પાંચ કર્મેન્દ્રિય)

૧૩. **પંચકન્યા :** (વાસ્તવમાંપાંચસતીઓ)
अहल्या द्रौपदी तारा सीता मन्दोदरी तथा।
पंचकं ना स्मरेन्नित्यं सर्वपापप्रणाशनम्॥
અર્થ : 'અહલ્યા, દ્રૌપદી, તારા, સીતા અને મંદોદરી-સર્વ પાપનો નાશ કરનારા આ પંચકનું અર્થાત્ પાંચ સતીઓનું ના એટલે મનુષ્યે નિત્ય સ્મરણ કરવું'-આ સાચો અર્થ છે. 'पंचकं ना'ની સંધિ 'पंचकन्ना' થાય. વ્યાકરણ નહિ જાણનારાઓએ એને અશુદ્ધ સમજી 'पंचकन्या' એવો ફેરફાર કર્યો. તેથી અર્થમાં ગોટાળો થયો. આ પાંચ કન્યાઓ નથી, પાંચ સતીઓ છે.

૧૪. **પંચકારણ :**
(૧) કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ, ભાગ્ય
(૨) અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા, દૈવ

૧૫. **પંચક્લેશ :** અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ

૧૬. **પંચકૃત્ય :** સૃષ્ટિ, સ્થિતિ, ધ્વંસ, તિરોધાન, અનુગ્રહ (ઈશ્વરનાં પાંચ કર્મ)

૧૭. **પંચક્ષમા :** ઉપકાર-અપકાર-વિપાક-આજ્ઞા-ધર્મક્ષમા (પાંચ પ્રકારની ક્ષમા)

૧૮. **પંચગતિ :**
દેવ-મનુષ્ય-તિર્યંચ-નારક-મોક્ષગતિ

૧૯. **પંચગુણ, પંચમહાભૂતગુણ :**
શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ

૨૦. **પંચક્ષેત્ર :** ગયા, હરદ્વાર, કુરુ, પ્રયાગ, ગંગા-સાગરસંગમ

૨૧. **પંચોપચાર, ઉપચાર :**

૨૨. **પંચચક્ર :** રાજચક્ર, મહાચક્ર, દેવચક્ર, વીરચક્ર, પશુચક્ર

૨૩. **પંચગવ્ય, પંચગોરસ :**
દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર, ગોબર(છાણ) (ગાયથી પેદા થયેલ પાંચ પદાર્થ)

૨૪. **પંચતત્ત્વ :** ગુરુતત્ત્વ, મંત્રતત્ત્વ, મનસ્તત્ત્વ, દેવતત્ત્વ, ધ્યાનતત્ત્વ (વૈષ્ણવમતે)

૨૫. **પંચતનુ, અંગ, શરીર :**
તૈજસ, કાર્મણ, આહારક, ઔદારિક, વૈક્રિય (પાંચ પ્રકારનાં શરીર)

૨૬. **પંચતરુ :** વડ, પીપળો, ઉદુમ્બર, આમ્ર, અશોકવૃક્ષ (પાંચ પવિત્ર વૃક્ષ)

૨૭. **પંચતીર્થ :** પ્રયાગ, પુષ્કર, નૈમિષ, વિશ્રાંતિ, શૌકર (પાંચ તીર્થનો સમુદાય)

૨૮. **પંચદિવ્ય :** (૧) દુંદભિનાદ, વસ્ત્રવૃષ્ટિ, ગંધોદકવૃષ્ટિ, વસુધારાવૃષ્ટિ, 'અહોદાનં અહોદાનં' એવી ઘોષણા (તીર્થંકર દાન વિષયક) (૨) હસ્તિ, કળશ, ચામર, છત્ર, માળા (રાજ્યવિષયક)

૨૯. **પંચદેવ :**
(૧) આદિત્ય, રુદ્ર, વિષ્ણુ, ગણેશ, અંબિકા
(૨) સૂર્ય, અગ્નિ, શિવ, દુર્ગા, ગણેશ
(૩) ગણપતિ, ગૌરી, ભાનુ, હરિ, હર
(૪) શંકર, નારાયણ, ગણપતિ, રવિ, દેવી

૩૦. **પંચતૃણ :** કુશ, કાશ, સરકડું, દાભ, ઈખ

૩૧. **પંચધાતુ :** સોનું, રૂપું, ત્રાંબું, સીસું, લોઢું

૩૨. **પંચધાન્ય:** ચોખા, જવ, ઘઉં, તલ, મગ

૩૩. **પંચનિદ્રા :** નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ (જૈન)

૩૪. **પંચનિયમ :** શૌચ (શુદ્ધિ), સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન

૩૫. **પંચનિર્ગ્રંથ :** પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક (જૈન)

૩૬. **પંચજ્ઞાન :** મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવળજ્ઞાન (જૈન)

૩૭. **પંચપદાર્થ :** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય (જૈન)

૩૮. **પંચપરમેષ્ઠી :** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ (જૈન)

૩૯. **પંચપર્વ :** કૃષ્ણપક્ષની અષ્ટમી, ચતુર્દશી, અમાસ, રવિસંક્રાતિ અને પૂર્ણિમા

૪૦. **પંચપલ્લવ :** વડ, પીપળો, ઉદુમ્બર, આમ્ર, અશોક (જૈનેતરમતે આ પાંચ વૃક્ષોનાં પાંદડાં પવિત્ર મનાય છે. તોરણમાં અને પૂજાવિધિમાં આ પાંચેય વૃક્ષોનાં પાંદડાં વપરાય છે.)

૪૧. **પંચપાંડવ :** યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, સહદેવ, નકુલ

૪૨. **પંચપિતા :** (૧) જનક (જન્મદાતા), ઉપનયનદાતા (જનોઈ આપનાર), વિદ્યાદાતા (વિદ્યા આપનાર ગુરુ), અન્નદાતા (ભરણપોષણ કરનાર), ભયત્રાતા (ભય-સંકટથી બચાવનાર)
(૨) જનક, ગુરુ, ભયત્રાતા, શ્વસુર, અન્નદાતા (આ પાંચ પિતાતુલ્ય મનાય છે.)

૪૩. **પંચપુરુષ, પંચજન :**
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, અંત્યજ (નિષાદ અને ચાંડાલ)

૪૪. **પંચવર્ણ :** ધોળો, લાલ, પીળો, લીલો, કાળો

૪૫. **પંચપ્રણામ :** હાથ-૨, ઢીંચણ-૨, લલાટ (મસ્તક)-૧ આ પાંચ અંગદ્વારા પ્રણામ

૪૬. **પંચાંગ :** હાથ-૨, ઢીંચણ-૨, લલાટ-૧

૪૭. **પંચપ્રાણ, પ્રાણ, અસુ, અનિલ, પવન, વાયુ :**
પ્રાણ-અપાન-વ્યાન-ઉદાન-સમાનવાયુ (શરીરની અંદરના પાંચ વાયુ)

૪૮. **પંચવિષય, પંચગુણ, પંચતન્માત્ર, પંચબાણ, પંચશર :**
(૧) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - આ પાંચ કામદેવનાં વિષયોરૂપી પાંચ બાણ છે. આને પંચ તન્માત્ર પણ કહે છે. તન્માત્ર એટલે સ્થૂલ પંચમહાભૂતોનું સૂક્ષ્મ સ્વરૂપ
(૨) કમળ, અશોક, આંબાનો મોર, નવમાલિકા, નીલકમલ (કામદેવનાં ૫ બાણ)

૪૯. **પંચમહાભૂત, પંચભૂત :**
પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ

૫૦. **પંચમહાકાવ્ય :** રઘુવંશ, કુમારસંભવ, કિરાતાર્જુનીય, શિશુપાલવધ, નૈષધીયચરિત

૫૧. **પંચમહાવ્રત :** હિંસા-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહવિરમણ મહાવ્રત

૫૨. **પંચમહાયજ્ઞ, પંચયજ્ઞ, યજ્ઞ :**
દેવ-પિતૃ-ભૂત-બ્રહ્મ-નૃયજ્ઞ (પાંચ સૂનાના પાપથી બચવા પાંચ યજ્ઞ)

૫૩. **પંચજીવભેદ, જીવભેદ :**
પૃથ્વી-અપ્-તેઉ-વાઉ-વનસ્પતિકાય (આ પાંચ એકેન્દ્રિય જીવો છે.)

૫૪. **પંચમેરુ, મેરુ :** જંબૂદ્વીપ-૧, ધાતકીખંડદ્વીપ-૨, પુષ્કરવરદ્વીપ-૨

૫૫. **પંચમુષ્ટિ :** તીર્થંકરો પાંચ મુઠ્ઠીથી કેશલુંચન કરે છે.

૫૬. **પંચમાતા :** (૧) જનની, ગુરુપત્ની, મોટા ભાઈની પત્ની, મોટી બહેન અને ભિક્ષા આપનારી સ્ત્રી (૨) રાજપત્ની, ગુરુપત્ની, ભ્રાતૃપત્ની, પત્નીમાતા, સ્વમાતા (આ પાંચ સ્ત્રીઓ માતાતુલ્ય મનાય છે.)

૫૭. **પંચમહાપાપ :** (૧) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ (૨) ભયભીત દશામાં રહેવું, અન્યાય સહન કરવો, પાડોશી ઉપર થતો અન્યાય મૂંગે મોઢે સહન કરવો, આળસમાં આયુષ્ય વીતાડવું, અજ્ઞાન દૂર કરવાનો પ્રયત્ન ન કરવો. (૩) બ્રહ્મહત્યા, મદિરાપાન, ગુરુપત્ની સાથે વ્યભિચાર, સોનાની ચોરી અને તે ચાર પાપ કરનારાઓનો સંગ

૫૮. **પંચરત્ન :** (૧) કનક-કુલિશ-નીલ-પદ્મરાગ-મૌક્તિકરત્ન (૨) નીલમ. હીરો, માણેક, મોતી, પ્રવાલ

૫૯. **પંચવર્ગ :** વ્યંજનોના કંઠ્યાદિ (ક,ચ,ટ,ત,પ) પાંચ વર્ગ

૬૦. **પંચયમ :** અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ (યોગના)

૬૧. **પંચવાદ્ય :** તત, આનદ્ધ, સુષિર, ઘન અને વીરોનું ગર્જન

૬૨. **પંચવેદ :** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, આયુર્વેદ

૬૩. **પંચસૂના :** (સૂના=પ્રાણીવધસ્થાન) ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણિયો, પાણિયારું ગૃહસ્થના ઘરમાં આ પાંચ હિંસાનાં સ્થાન છે. (મનુસ્મૃતિ)

૬૪. **સુરવૃક્ષ :** કલ્પ-મંદાર-પારિજાત-

૬૫. **પંચસમિતિ :** ઈર્યા-ભાષા-એષણા-આદાનભંડમત્તનિક્ખેવણ-પારિષ્ઠાપનિકા સમિતિ

૬૬. **સુપાર્શ્વફણા :** સાતમા સુપાર્શ્વનાથ તીર્થંકરની મૂર્તિ ઉપર સાપની ફણાનાં પાંચ મુખ

૬૭. **પંચસૂર, સૂર :** કાગ, કોયલ, ચીબડી, પશુ, માનવ

૬૮. **પંચસન્ધિ :** (વ્યાકરણમાં) अच् (સ્વરોની), हल् (વ્યંજનોની), વિસર્ગ, પ્રકૃતિભાવ, સ્યાદિ - આ પાંચ સન્ધિ છે.

૬૯. **પંચસંધ્યંગ, સંધ્યંગ :** મુખ, પ્રતિમુખ, ગર્ભ, વિમર્શ, નિર્વહણ (એક પ્રયોજનથી યુક્ત કથાઓનો અવાંતર પ્રયોજનસાથેસંબંધતેનાટકમાંસંધિ કહેવાયછે. સંધિએટલે નાટકનોસાંધો-વિભાગ)

૭૦. **પંચસ્કંધ :** રૂપ-વેદના-સંજ્ઞા-સંસ્કાર-વિજ્ઞાનસ્કંધ (બૌદ્ધમતે)

૭૧. **પંચસ્નેહ :** ઘી, તેલ, ચરબી, મજ્જા, મીણ

૭૨. **પંચસ્વર :** અ, ઇ, ઉ, ઋ, ૡ

૭૩. **પંચસ્વાધ્યાય, સ્વાધ્યાય :** વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા (જૈન)

૭૪. **શંભુમુખ :** અઘોર, ઈશાન, વામદેવ, સદ્યોજાત, તત્પુરુષ (શંભુનાં પાંચ મુખ)

## અંક-૬

૧. **ષટ્ ખટ્ :** છની સંજ્ઞા

૨. **અગ્નિ :** ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણાગ્નિ, સભ્યાગ્નિ, આવસથ્ય, ઔપાસનાગ્નિ (કર્મકાંડમાં ૬ અગ્નિ)

૩. **અલિપાદ :** ભમરાના છ પગ

૪. **અવસ્થા :** જન્મ, અસ્તિત્વ, ફેરફાર, વધારો, ઘટાડો, મૃત્યુ (નિરુક્ત પ્રમાણે)

૫. **આતતાયી :** અગ્નિદ (આગ લગાડનાર), ગરદ (ઝેર આપનાર), શસ્ત્રપાણિ (શસ્ત્રથી હુમલો કરનાર), ધનાપહૃત્ (ધનનું હરણ કરનાર), ક્ષેત્રાપહારી, (ખેતર પડાવી લેનાર), દારાપહારી (પત્નીનું અપહરણ કરનાર)

૬. **ઈતિ :** અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, પક્ષી, ઉંદર, અન્ય રાજાની ચડાઈ (અનાજનો નાશ કરનારી છ ઇતિ-આપત્તિ)

૭. **ઊર્મિ :** (૧) જન્મ, મરણ (દેહની), ભૂખ, તરસ (પ્રાણની), હર્ષ, શોક (મનની)
(૨) ભૂખ, તરસ, ઠંડી, ગરમી, શોક, હર્ષ
(૩) ભૂખ, તરસ, ઘડપણ, મૃત્યુ, હર્ષ, શોક
(૪) ઠંડી, ગરમી, લોભ, મોહ, ભૂખ, તરસ (આ છ જાતની ઊર્મિ છે. ઊર્મિ એટલે મોજું=પીડા-દુઃખ-ચિત્તક્ષોભ)

૮. **ઋતુ :** શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત

૯. **કાય :** પૃથ્વી-અપ્-તેજસ્-વાયુ-વનસ્પતિ-ત્રસકાય (આ છ પ્રકારના જીવો)

૧૦. **કારક :** કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ (છ વિભક્તિ)

૧૧. **કાલ :** વર્તમાન-૧, ભવિષ્ય-૨, ભૂતકાળ-૩

૧૨. **ક્ષ્માખંડ, ખંડ :** ભરતક્ષેત્રના છ ખંડ

૧૩. **ગાયત્રી :** છ અક્ષરના ચરણવાળો છંદ

**૧૪. ગુહવક્ત્ર, કુમારવદન, ષડાનન, ષાણ્માતુર** : છ મુખવાળા અને છ કૃત્તિકાઓના પુત્ર કાર્તિક સ્વામી

**૧૫. ચક્ર** : મૂળાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞા (શરીરમાં ગુદાથી બ્રહ્મરંધ્ર સુધીનાં છ ચક્ર)

**૧૬. દેવ** : ગણેશ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, કાર્તિકેય (સુબ્રહ્મણ્ય)

**૧૭. પર્યાપ્તિ** : આહાર-શરીર-ઇન્દ્રિય-શ્વાસોચ્છ્વાસ-ભાષા-મનપર્યાપ્તિ

**૧૮. પ્રમાણ** : પ્રત્યક્ષ-અનુમાન-શબ્દ-ઉપમાન-અર્થાપત્તિ - અનુપલબ્ધિપ્રમાણ (વેદાંતમતે)

**૧૯. વજ્રકોણ** : વજ્રરત્નના છ ખૂણા

**૨૦. વર્ષધરપર્વત** : હિમવંત-મહાહિમવંત-નિષધ-નીલવંત-રુક્મિ-શિખરીપર્વત

**૨૧. વર્ષાર્ધ** : છ માસ

**૨૨. વિકૃતિ** : દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ-કડાવિગઈ

**૨૩. ષટ્કર્મ** : (૧) જારણ, મારણ, ઉચ્ચાટન, મોહન, સ્તંભન, વશીકરણ (તાંત્રિકનાં છ કર્મ) (૨) અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, યજન, યાજન (બ્રાહ્મણનાં છ કર્મ) (૩) દેવપૂજા, ગુરુભક્તિ, શાસ્ત્રશ્રવણ, સંયમ, તપ, દાન (શ્રાવકનાં છ કર્મ) (૪) ધૌતી, બસ્તી, નેતી, નૌલિ, ત્રાટક, કપાલભાતી (દેહશુદ્ધિ માટે હઠયોગની છ ક્રિયા)

**૨૪. ષડ્ગુણ, ગુણ** : (૧) સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ, સંશ્રય (રાજનીતિના ઉપકારક છ ગુણ) (૨) મોટાઈ, ધર્મભાવ, કીર્તિ, યશ, જ્ઞાન, મનની સ્વતંત્રતા (૩) ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય (ઈશ્વરના છ ગુણ-છ ઐશ્વર્ય)

**૨૫. ષડંગ, વેદાંગ, અંગ, દેહાંગ** : (૧) શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ (વેદાંગ) (૨) મસ્તક-૧, ધડ-૧, હાથ-૨, પગ-૨ (દેહાંગ)

**૨૬. ષડ્જ** : ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ (આ છ જેમાંથી ઉત્પન્ન થાય છે તે પ્રથમ સ્વર 'સા')

**૨૭. ષડાવશ્યક, આવશ્યક** : સામાયિક, ચઉવિસત્થો, વંદન, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ (જૈન)

**૨૮. ષડ્દર્શન, દર્શન** : (૧) સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, વેદાંત (૨) બૌદ્ધના ચાર દર્શન, જૈનદર્શન, ચાર્વાક (આ છ દર્શન વેદનિરપેક્ષ છે.)

**૨૯. ષડ્દુર્ગ, દુર્ગ** : ધન્વદુર્ગ (રણથી ઘેરાયેલો પ્રદેશ), સ્થલદુર્ગ (ઈંટ-પથ્થરનો પ્રદેશ), જલદુર્ગ (ચારે બાજુ ઊંડી ખાઈવાળો પ્રદેશ), વનદુર્ગ (વૃક્ષોથી ઘેરાયેલો પ્રદેશ), સૈન્યદુર્ગ (લશ્કરથી સુરક્ષિત પ્રદેશ), ગિરિદુર્ગ (પર્વત ઉપરનો પ્રદેશ)

**૩૦. ષડ્ભાષા, ભાષા** : પ્રાકૃત, સંસ્કૃત, માગધી, પિશાચી, શૌરસેની, અપભ્રંશ

**૩૧. ષડ્દ્રવ્ય, દ્રવ્ય** : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાલ, જીવ (જૈન)

**૩૨. ષડ્રસ, રસ** : મધુર, અમ્લ, લવણ, કટુ, કષાય, તિક્ત

૩૩. **રાગ :** ભૈરવ, માલકોષ, હિંડોલ, દીપક, શ્રી, મેઘ

૩૪. **ષડ્રિપુ :** કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર

૩૫. **રિપુ, શત્રુ :** કુંડલીમાં છઠ્ઠું સ્થાન

૩૬. **વૈષ્ણવ :** બલિ, વિભીષણ, ભીષ્મ, પ્રહ્લાદ, નારદ, ધ્રુવ

૩૭. **સમાસ :** કર્મધારય-દ્વન્દ્વ-તત્પુરુષ-બહુવ્રીહિ-નઞ્-અલુક્સમાસ

૩૮. **ષટ્સંપત્તિ :** શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન (વેદાંતના અધિકારીના છ ગુણ)

૩૯. **સંવત્સર :** સંવત્સર, વત્સર, શરદ, હાયન, અબ્દ, વર્ષ

## અંક-૭

૧. **સપ્ત :** સાતની સંજ્ઞા

૨. **તુલા :** સાતમી રાશિ

૩. **કલત્ર :** કુંડલીમાં સાતમું સ્ત્રીસ્થાન

૪. **છંદ :** ગાયત્રી, ઉષ્ણિહ્, અનુષ્ટુભ્, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુભ્, જગતી

૫. **સપ્તાશ્વ, અશ્વ :** (૧) સૂર્યના રથના સાત ઘોડા (૨) સૂર્યના રથનો ઘોડો સાત માથાવાળો પણ મનાય છે. (૩) સૂર્યના કિરણના સાત રંગ=સાત અશ્વ

૬. **સપ્તરશ્મિ, સપ્તકિરણ :** સૂર્યના પ્રકાશના સાત કિરણ

૭. **કુલાચલ, કુલપર્વત, કુલગિરિ :** મહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન્, ઋક્ષ, વિંધ્ય, પારિયાત્ર

૮. **સપ્તર્ષિ, ઋષિ :** મરીચિ, અત્રિ, અંગિરા, પુલહ, પુલસ્ત્ય, ક્રતુ, વસિષ્ઠ

૯. **સપ્તક્ષેત્ર, પુણ્યક્ષેત્ર, ક્ષેત્ર :** જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા (જૈન)

૧૦. **સપ્તાહ :** રવિથી શનિ-સાત દિવસનું અઠવાડિયું

૧૧. **તત્ત્વ :** જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ (જૈન)

૧૨. **સપ્તતાલ, તાલ :** અતિદ્રુત, દ્રુત, વિષમદ્રુત, લઘુ, લઘુવિરામ, ગુરુ, પ્લુત

૧૩. **સપ્તદ્વીપ, સપ્તખંડ, સપ્તભૂમિ :** જંબૂ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક, પુષ્કરદ્વીપ

૧૪. **સપ્તજ્વાલા, સપ્તજિહ્વા, અગ્નિજિહ્વા, સપ્તાર્ચિ, સપ્તદીધિતિ :** (૧) કાલી, કરાલી, મનોજવા, સુલોચના, ધૂમ્રવર્ણા, સ્ફુલિંગિની, વિશ્વરુચિ (૨) કરાલી, ભૂમિની, શ્વેતા, લોહિતા, નીલલોહિતા, સુવર્ણા, પદ્મરાગા (અગ્નિની લપકારા મારતી સાત જીભ)

૧૫. **સપ્તચિરંજીવ :** કૃપાચાર્ય, બલિ, વ્યાસ, હનુમાન, પરશુરામ, અશ્વત્થામા, વિભીષણ (સાત ચિરંજીવ-અમર મહાત્માઓ છે. આઠમા માર્કંડેય મનાય છે.)

૧૬. **સપ્તધાતુ :** (૧) રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર (શરીરની સાત ધાતુ) (૨) સોનું, ચાંદી, ત્રાંબું, કલાઈ, લોઢું, સીસું, જસત (વૈદકશાસ્ત્રાનુસાર)

૧૭. **સપ્તધાન્ય :** ઘઉં, ચોખા, અડદ, મગ, જવ, તલ, કાંગ

**૧૮. સપ્તનરક, સપ્તપૃથ્વી, દુર્ગતિ :** (૧) રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા (૨) ધમ્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી (નરક પૃથ્વીનાં નામ)

**૧૯. સપ્તનગરી, સપ્તપુરી :** અયોધ્યા, મથુરા, માયા (હરિદ્વાર), કાશી, કાંચી, અવન્તી (ઉજ્જૈન), દ્વારિકા (મોક્ષદાયક સાત નગરીઓ)

**૨૦. સપ્તનય :** નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનય

**૨૧. સપ્તપદાર્થ, પદાર્થ :** દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય, અભાવ (વૈશેષિક દર્શન)

**૨૨. સપ્તપદી :** લગ્નવિધિ વખતે બોલાતા શ્લોક, વિવાહમાં સપ્તપદી મુખ્ય ગણાય છે. साप्तपदीनं सख्यम् । કોઈ પણ વ્યક્તિ સાથે સાત પગલાં ચાલવાથી મૈત્રી થાય. લગ્ન વખતે પતિ-પત્ની સાત પગલાં સાથે ચાલે છે અને સાત પ્રતિજ્ઞાઓ જાહેર કરે છે.

**૨૩. સપ્તવર્ણ, સપ્તપલાશ, સપ્તછદ:** એકી સાથે સાત પાનના ગુચ્છાવાળું સાતપુડાનું ઝાડ

**૨૪. સપ્તપાતાલ :** અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ, પાતાલ

**૨૫. સપ્તભય :** આ લોકભય, પરલોકભય, અપયશભય, આજીવિકાભય, આદાનભય, અકસ્માતભય, મરણભય

**૨૬. સપ્તભંગી :** સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ, સ્યાત્ અસ્તિ નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાન્નાસ્તિ અવક્તવ્ય, સ્યાદસ્તિ નાસ્તિ અવક્તવ્ય (સ્યાદ્વાદના સાત અવયવ)

**૨૭. સપ્તમાતૃકા :** બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઈંદ્રાણી, ચામુંડા (કે મહાલક્ષ્મી) (સાત દેવીઓ)

**૨૮. સપ્તરંગ :** જામલી, ભૂરો, નીલ, લીલો, પીળો, નારંગી, લાલ (મેઘ ધનુષના સાત રંગ)

**૨૯. સપ્તવાર :** રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ

**૩૦. સપ્તવ્યસન :** જુગાર, શિકાર, માંસ ભક્ષણ, મદિરાપાન, વેશ્યાગમન, પરસ્ત્રીગમન, ચોરી

**૩૧. સપ્તશૃંગ, સપ્તશિખર :** કુલાચલ પર્વતોનાં સાત શિખર, તે નામનો એક પર્વત (જુઓ કુલાચલ)

**૩૨. માનસપુત્ર :** મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ (બ્રહ્માએ 'મને પુત્ર થાઓ' એવો સંકલ્પ કરતાં એમના દેહનાં જુદાં જુદાં અંગોમાંથી આ સાત પુત્રો થયા.)

**૩૩. રાજ્યાંગ :** સ્વામી (રાજા), અમાત્ય, સુહૃદ્ (મિત્ર રાજાઓ), કોશ (ખજાનો), પ્રકૃતિ (પ્રજા), દુર્ગ, સેના

**૩૪. સપ્તસ્વર, સપ્તસૂર :** ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ (આ સાત સ્વરનું ટૂંકું રૂપ અનુક્રમે **'સારિગમપધની'** છે.)

**षड् जायन्ते यस्मात्=षड्जः** ।આ એક મુખ્ય સ્વરમાંથી બાકીના છ સ્વરો ઉત્પન્ન થાય છે.

૩૫. **સપ્તસાગર :** ક્ષાર-ઈક્ષુ-સુરા-ઘૃત-ક્ષીર-દધિવારિ, શુદ્ધોદક

૩૬. **સપ્તમેઘ, મેઘ :** પ્રલયકાળના મેઘ સઘળું ડુબાડી દે છે. એ સાત જાતના હોય છે.

## અંક-૮

૧. **અષ્ટ :** આઠની સંજ્ઞા

૨. **અનુષ્ટુભ્ :** આઠ અક્ષરના ચરણવાળો છંદ

૩. **ભાવ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સર-માંહેનો આઠમો સંવત્સર

૪. **અવસ્થા :** કૌમાર, પૌગંડ, કિશોર, બાલ, યૌવન, તારુણ્ય, વૃદ્ધ, વર્ષીયાન્ (પુરાણ પ્રમાણે)

૫. **અષ્ટમંગલ, મંગલ :**
(૧) દર્પણ, ભદ્રાસન, વર્ધમાન, કળશ, મત્સ્યયુગલ, શ્રીવત્સ, સ્વસ્તિક, નંદ્યાવર્ત (૨) સિંહ, બળદ, હાથી, કળશ, પંખો, પતાકા, ભેરી, દીપ (રાજ્યાભિષેક વખતે) (૩) બ્રાહ્મણ, ગાય, અગ્નિ, સોનું, ઘી, સૂર્ય, જળ, રાજા (મનુસ્મૃતિ) (૪) ડાબલાં-૪, કપાળ-૧, છાતી-૧, ખાંધ-૧, પૂંછડું-૧ એવાં ઘોડાના શરીરનાં આઠ શુભ ચિહ્નો

૬. **અષ્ટાંગ, અંગ :** (૧) યુગ, પરિવૃત્તિ, વર્ષ, માસ, દિવસ, નિત્યા, વાર, ઉદયઘટિકા (તાંત્રિકમતે) (૨) ધર્મશાસ્ત્ર, ન્યાયાધીશ, પંચ, લેખક, જોશી, સોનું, અગ્નિ, પાણી (ન્યાય કચેરીનાં આઠ અંગ) (૩) યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ (યોગનાં આઠ અંગ) (૪) અંગવિદ્યા, સ્વપ્નવિદ્યા, સ્વરવિદ્યા, ભૌમવિદ્યા, વ્યંજનવિદ્યા, લક્ષણવિદ્યા, ઉત્પાતવિદ્યા, અંતરિક્ષવિદ્યા (નિમિત્તશાસ્ત્રનાં આઠ અંગ) (૫) હાથ-૨, પગ-૨, ઢીંચણ-૨, છાતી-૧, કપાળ-૧ (૬) ઘૂંટણ-૧, પગ-૧, હાથ-૧, છાતી-૧, માથું-૧, વાણી-૧, દષ્ટિ-૧, બુદ્ધિ (મન)-૧ (માણસના આઠ અંગ અવયવ)

૭. **અષ્ટાંગ પ્રણામ** : ઉપરનાં આઠ અંગ દ્વારા કરાતા પ્રણામ. પ્રણામ કરતી વખતે દષ્ટિ અને મન પરમાત્મા તરફ જોઈએ. અન્યત્ર ન ભટકવા જોઈએ.

૮. **અર્ઘ્ય :** પાણી, દૂધ, ઘી, મધ, દહીં, દર્ભ, રક્તચંદન, સરસવ (૨) પાણી, દૂધ, દર્ભ, ચોખા સાથે દહીં-ઘી, જવ, સરસવ, દહીં, ઘી

૯. **અહિકુલ, કુલ :** શેષ, તક્ષક, અનંત, વાસુકિ, શંખપાલ, મહાપદ્મ, કંબલ, કર્કોટક

૧૦. **ઉપચાર** (પૂજાસામગ્રી), **પૂજાભેદ :**
(૧) મંગળા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા, શયન (પુષ્ટી માર્ગીય આઠ સમયના દર્શન) (૨) જળ-ચંદન-પુષ્પ-ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય-ફળપૂજા (જૈનમતે અષ્ટપ્રકારી પૂજા)

૧૧. **કમલ :** આઠ અક્ષરના ચરણવાળો છંદ

૧૨. **કર્મ :** જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય- વેદનીય-મોહનીય-આયુષ્ય-નામ-ગોત્ર-અંતરાયકર્મ

૧૩. **ગિરિ, પર્વત :** ઉદય-અસ્ત-કનક-શંખ-નારાયણ-હિમ-ઈશાન-મેરુપર્વત

૧૪. **દિક્પાલ :** ઈન્દ્ર, અગ્નિ, યમ, નિર્ઋતિ, વરુણ, વાયુ, સોમ(કુબેર), ઈશાન

**૧૫. દિગ્ગજ, ગજ, ઈભ, કરિન્, હસ્તી :** ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ, સુપ્રતીક (દિશાની રક્ષા કરતા આઠ હાથી)

**૧૬. દિશા :** પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ (ચાર મુખ્ય), અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય, ઈશાન (ચાર ખૂણા)

**૧૭. પૃથ્વી :** રત્નપ્રભા આદિ-૭, સિદ્ધશિલા-૧

**૧૮. પ્રવચનમાતા :** ઈરિયા-ભાષા-એષણા-આદાનભંડમત્તનિક્ખેવણ-પારિષ્ઠાપનિકા સમિતિ (પાંચ સમિતિ); મન-વચન-કાયગુપ્તિ (ત્રણ ગુપ્તિ)

**૧૯. પ્રભાવક :** પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યામંત્રબલી, તાન્ત્રિક, મહાકવિ

**૨૦. બુદ્ધિગુણ, ધીગુણ :** શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, ઊહ, અપોહ, અર્થનિશ્ચય, તત્ત્વજ્ઞાન

**૨૧. મદ :** જાતિ-કુળ-બળ-રૂપ-તપ-વિદ્યા-લાભ-ઐશ્વર્યમદ

**૨૨. મહાસિદ્ધિ, સિદ્ધિ, ભૂતિ :** અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ

**૨૩. માતૃકા :** બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, નારસિંહી, ઐન્દ્રી, ચામુંડા (અથવા મહાલક્ષ્મી)

**૨૪. મૈથુન :** સ્મરણ, કીર્તન, કેલિ (રમત), પ્રેક્ષણ, ગુહ્યભાષણ, સંકલ્પ, અધ્યવસાય, ક્રિયાનિષ્પત્તિ (શરીરસંબંધ)

**૨૫. બ્રાહ્મણગુણ, ગુણ :** દયા, ક્ષાન્તિ, અનસૂયા, શૌચ (પવિત્રતા), અનાયાસ, મંગલ, અકાર્પણ્ય, અસ્પૃહા (બ્રાહ્મણે કેળવવાના આઠ ગુણ)

**૨૬. પ્રહર, યામ :** રાત્રિ-દિવસના મળી આઠ પહોર

**૨૭. લક્ષ્મી :** ધાન્ય, ધન, ધૈર્ય, વીર્ય (પરાક્રમ), રાજ, વિદ્યા, જય, સૌભાગ્ય

**૨૮. લોક :** બ્રહ્મ-પિતૃ-સોમ-ઇન્દ્ર-ગંધર્વ-રાક્ષસ-યક્ષ-પિશાચલોક (વેદાંત)

**૨૯. વસુ :** (૧) દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ, વિભાવસુ (ભાગવત પુરાણ) (૨) ધર, ધ્રુવ, સોમ, આપ, અનિલ, અનલ, પ્રત્યૂષ, પ્રભાસ

**૩૦. વિવાહ :** બ્રાહ્મ, પ્રાજાપત્ય, આર્ષ, દૈવ, ગાંધર્વ, આસુર, રાક્ષસ, પૈશાચ (આઠ પ્રકારે વિવાહ સંબંધ)

**૩૧. વ્યસન :** પૈશુન્ય (ચાડી ચુગલી), સાહસ (વગર વિચાર્યે કાર્ય), દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા, અર્થદૂષણ (થાપણ ઓળવવી), વાક્પારુષ્ય (કઠોર વાણી), દંડપારુષ્ય (ખોટી સજા, ખોટો દંડ)

**૩૨. શિવસ્વરૂપ :** (૧) ભવ, શિવ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, મહાદેવ, ભીમ, ઈશાન (૨) પંચમહાભૂત, સૂર્ય, ચંદ્ર, યજમાન (જીવ)

**૩૩. સિદ્ધગુણ :** અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય, અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું, અગુરુલઘુપણું (જૈન)

**૩૪. સ્પર્શ :** હળવો, ભારે, મૃદુ, કર્કશ, ચીકણો, લૂખો, ઠંડો, ગરમ (જૈન)

## અંક-૯

૧. **નવ :** નવની સંજ્ઞા

૨. **અંક, સંજ્ઞા :** ૧થી ૯

૩. **અંગ :** જમણા-ડાબા પગનો અંગૂઠો-૧, જમણા-ડાબા પગનો ઢીંચણ-૧, જમણા-ડાબા હાથનું કાંડું-૧, જમણો-ડાબો ખભો-૧, મસ્તક-૧, કપાળ-૧, કંઠ-૧, છાતી-૧, નાભિ-૧ (જિનપૂજાનાં નવ અંગ)

૪. **કૃત્તરાવણશીર્ષ :**
રાવણનાં કપાયેલાં નવ માથાં

૫. **ખંડ :** (૧) ઇન્દ્ર, શૈલ, તામ્ર, ગભસ્તિ, નાગ, સૌમ્ય, ચારણ, ગાંધર્વ, ભર્ત (૨) ઇલાવૃત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભરત, હિરણ્ય, ઉત્તરકુરુ

૬. **ગુણ :** સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, સંસ્કાર-એમ નવ ગુણો વાયુમાં છે.

૭. **દ્રવ્ય :** પૃથ્વી, જલ. તેજ, વાયુ, આકાશ, કાલ, દિક્, આત્મા, મન (વૈશેષિક)

૮. **નવકુળ, નવનાગ :**
અનંત, વાસુકિ, શેષ, પદ્મનાભ, કંબલ, શંખમાલ, ધૃતરાષ્ટ્ર, તક્ષક, કાલીય (સર્પ જાતિનાં નવ કુટુંબ)

૯. **નવગ્રહ, ગ્રહ, ખગ, ખેચર :**
સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ

૧૦. **નવગ્રૈવેયક, ગ્રૈવેયક :**
સુદર્શન, સુપ્રતિબદ્ધ, મનોરમ, સર્વતોભદ્ર, સુવિશાલ, સુમનસ. સૌમનસ, પ્રીતિકર, આદિત્ય (બાર દેવલોકની ઉપરના નવ ગ્રૈવેયક વિમાન) (જૈન)

૧૧. **નવચંડિકા, નવચંડી, નવદુર્ગા, માતૃકા :** (૧) શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી, સિદ્ધિદાત્રી
(૨) બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, નારસિંહી, ઐન્દ્રાણી, ચામુંડા, શિવદૂતી

૧૨. **નવજાતિ :** ગોવાળ, માળી, તેલી, વણકર, હલવાઈ, તંબોલી, કુંભાર, લુહાર, વાળંદ (પુરાણ)

૧૩. **નવતત્ત્વ :** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ (જૈન)

૧૪. **નવદ્વાર, દ્વાર, છિદ્ર, રન્ધ્ર :**
મોઢું-૧, આંખ-૨, કાન-૨, નાક-૨, ગુદા-૧, ઉપસ્થ-૧

૧૫. **નવધાભક્તિ :** શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન (પાદુકાપૂજન), વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન ('હું' અને 'મારું' તમને સોંપુ છું એવો ભાવ)

૧૬. **નવનાડી, નાડી :** ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિની, કુહૂ, સુખા, અલંબુષા (શરીરમાંની નવ નાડી)

૧૭. **નવનાથ, નાથ :**
ગોરખનાથ, જ્વાલેંદ્રનાથ, કારિણનાથ, ગહિનીનાથ, ચર્પટનાથ, રેવણનાથ, નાગનાથ, ભર્તૃનાથ, ગોપીચંદ્રનાથ (નાથ સંપ્રદાયના નવ નાયકો)

૧૮. **નવનારદ, નારદ :**
સુદર્શન, સુપ્રતિબદ્ધ, સુવિશાલ, મનોરમ, સર્વતોભદ્ર, સુમનસ, સૌમનસ્ય, પ્રિયંકર, નંદીકર

**૧૯. નવનિધાન, નવનિધિ, નિધિ :** (૧) નૈસર્પ, પાંડક, પિંગલ, સર્વરત્નક, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવ, શંખક (૨) મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ, ખર્વ (કુબેરના નવ નિધિ-ભંડાર)

**૨૦. નવનંદ, નંદ :** (નંદવંશના નવ રાજા) મૂળ રાજા નંદ, તેના વંશમાં બીજા આઠ રાજા થયા.

**૨૧. નવપદ :** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ

**૨૨. પ્રતિવાસુદેવ :** અશ્વગ્રીવ, તારક, મેરક, મધુ, નિશુંભ, બલિ, પ્રહ્‌લાદ, રાવણ, જરાસંધ

**૨૩. પ્રમાણ :** પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ, અનુપલબ્ધિ, સંભવ, ઐતિહ્ય, ચેષ્ટા

**૨૪. બ્રહ્મગુપ્તિ, બ્રહ્મવૃત્તિ, ગુપ્તિ :** સ્ત્રી-પશુ-નપુંસકરહિત સ્થાનમાં રહેવું, સ્ત્રી સાથે રાગથી એકાંતમાં વાત કરવી નહિ, સ્ત્રી બેઠેલી હોય ત્યાં પુરુષ બે ઘડી અને પુરુષ બેઠેલો હોય ત્યાં સ્ત્રી ત્રણ પહોર ન બેસે, સ્ત્રીનાં અંગોપાંગ જોવાં-ચિંતવવાં નહિ, સ્ત્રીપુરુષ સૂતાં હોય કે કામક્રીડા કરતાં હોય ત્યાં ભીંત વગેરેના આંતરે ન રહેવું, પૂર્વકાલીન ભોગ ક્રીડાનું સ્મરણ ન કરવું, રસવાળો આહાર ન કરવો, ક્ષુધા શમે તેથી વધુ આહાર ન લેવો, શરીરની શોભા ન કરવી. (બ્રહ્મચર્ય પાલન માટેની આ નવ વાડ છે.)

**૨૫. બળદેવ :** અચલ, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, રામચંદ્ર, બલભદ્ર

**૨૬. બૃહતી :** નવ અક્ષરના ચરણવાળો છંદ

**૨૭. નવરત્ન, રત્ન :**

(૧) મુક્તા, માણેક, વૈડૂર્ય, ગોમેદ, વજ્ર, વિદ્રુમ, પદ્મરાગ, મરક્ત, નીલ (હીરો)

(૨) ધન્વંતરિ, ક્ષપણક, અમરસિંહ, શંકુ, વેતાલભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર, વરરુચિ (વિક્રમાદિત્યના દરબારના નવ મહાપંડિત પુરુષો)

(૩) બીરબલ, માનસિંગ, ટોડરમલ, અબુલફઝલ, ફૈઝી, તાનસેન, ખાનખાનાન, હકીમ મહુમામ, મુલ્લા દોપિયાઝા (અકબર દરબારના રત્નસમાન નવ પુરુષો)

**૨૮. નવરસ, રસ :**

શૃંગાર - વીર - કરુણ - રૌદ્ર - હાસ્ય - ભયાનક-બીભત્સ-અદ્‌ભુત-શાંતરસ

**૨૯. નવરાત્ર :** આસો-ચૈત્ર માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ-નોરતાં

**૩૦. વાસુદેવ :** ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, સિંહપુરુષ, પુંડરિક, દત્ત, લક્ષ્મણ, કૃષ્ણ

**૩૧. નવવિષ, વિષ :** વત્સનાભ, હારિદ્રક, સક્તુક, પ્રદીપન, સૌરાષ્ટ્રિક, શૃંગક, કાલકૂટ, હલાહલ, બ્રહ્મપુત્ર (નવ જાતનાં ઝેર)

**૩૨. નવશક્તિ :** પ્રભા, માયા, જયા, સૂક્ષ્મા, વિશુદ્ધા, નંદિની, સુપ્રભા, વિજયા, સર્વસિદ્ધિદા

**૩૩. યુવા :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું નવમું વર્ષ

## અંક-૧૦

૧. **દશ :** દસની સંજ્ઞા

૨. **અગ્નિ, વહ્નિ :** (૧) કલ્માષ, કુસુમ, દહન, શોષણ, તપન (અથવા મહાબલ), પીઠર, પતંગ, સ્વર્ણ, અગાધ, ભ્રાજ

(૨) જંભક, દીપક, વિભ્રમ, ભ્રમ, શોભન, આવસથ્ય, આહવનીય, દક્ષિણ, અન્વાહાર્ય, ગાર્હપત્ય

(૩) ભાજક, રંજક, ક્લેદક, સ્નેહક, ધારક, રંધક, દ્રાવક, વ્યાપક, પાવક, શ્લેષ્મક (પહેલા ત્રણ વાત-પિત્ત-કફ એ ત્રણ દોષોમાં રહે છે. બાકીના સાત શરીરની સાત ધાતુઓમાં રહે છે.)

૩. **અગ્નિકલા** (રક્તવર્ણા) : ધૂમાર્ચિ, ઉષ્મા, જ્વલિની, જ્વાલિની, વિસ્ફુલિંગિની, સુશ્રી, સુરૂપા, કપિલા, હવ્યવહા, દ્રવ્યવહા

૪. **અવતાર :** મત્સ્ય, કચ્છપ(કૂર્મ), વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ (વિષ્ણુના દસ મુખ્ય અવતાર)

૫. **આશા, દિશા, દિક્ :**
પૂર્વાદિ ચાર, ઈશાનાદિ વિદિશા ચાર, આકાશ-પાતાલ બે (કુલ-૧૦)

૬. **કરાંગુલિ, હસ્તાંગુલિ, અંગુલિ :** અંગૂઠા સાથે બે હાથની દસ આંગળીઓ

૭. **કામદશા, અવસ્થા :** અર્થ, ચિંતન, શ્રદ્ધા, સ્મરણ, વિકલતા, લજ્જાનાશ, પ્રમાદ, ઉન્માદ, તદ્ભાવ, મરણ

૮. **દશોપચાર, ઉપચાર** (પૂજાસામગ્રી) : પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, મધુપર્ક, આચમન, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય (દસ પ્રકારે પૂજા)

૯. **દશકર્મ, કર્મ :** ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૂડાકરણ, ઉપનયન, વિવાહ (દસ સંસ્કારો)

૧૦. **દશત્રિક, ત્રિક :** નિસીહિ-પ્રદક્ષિણા-પ્રણામ-દિશાત્યાગ-પ્રમાર્જના-પૂજા-અવસ્થા-વર્ણાદિ-મુદ્રા-પ્રણિધાનત્રિક

૧૧. **દશદેવ, દેવ :** વસુ, સત્ય, ક્રતુ, દક્ષ, કાલ, કામ, ધૃતિ, કુરુ, પુરુરવા, માદ્રવ

૧૨. **દશદોષ, દોષ :** તજ્જાત-સ્વમતિભંગ-પ્રશાસ્તૃ-પરિહરણ-સ્વલક્ષણ-કારણ-હેતુ-સંક્રમણ-નિગ્રહ-વસ્તુદોષ

૧૩. **દશદિક્પાલ, લોકપાલ, દિક્પાલ:** ઇન્દ્ર, અગ્નિ, યમ, નિર્ઋતિ, વરુણ, વાયુ, કુબેર, ઈશાન, બ્રહ્મા, અનંત

૧૪. **દશાંગધૂપ, ધૂપ :** દશાંગધૂપ પ્રસિદ્ધ છે. તેમાં દસ સુગંધી વસ્તુઓનો મેળ હોય છે.

૧૫. **દશનાડી, નાડી :** ઈડા, પિંગળા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિની, પયસ્વિની, અલંબુષા, કુહુ, શંખિની, સુખા

૧૬. **દશબલ, બલ :** દાન, શીલ, ક્ષમા, વીર્ય, ધ્યાન, પ્રજ્ઞા, બલ, ઉપાય, પ્રણિધિ, જ્ઞાન (બુદ્ધિના દસ બળ)

૧૭. **દશવાયુ :** પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય (નાડીમાં સંચરતા દસ વાયુ)

૧૮. **દશયતિધર્મ, યતિધર્મ, શ્રમણધર્મ:** ક્ષમા, નિર્લોભતા, આર્જવ, મૃદુતા, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્યવાસ

૧૯. **રાવણશિરસ્ :** રાવણનાં દસ માથાં

**૨૦. દસપ્રાણ, પ્રાણ, અસુ :**
ઈન્દ્રિય-૫, મનોબળ, વચનબળ, કાયબળ, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ (કુલ-૧૦)

**૨૧. રૂપક :** નાટક, પ્રકરણ, ભાણ, પ્રહસન, ડિમ, વ્યાયોગ, સમવકાર, વીથી, અંક, ઈહામૃગ (રૂપકના દસ પ્રકારો)

**૨૨. પંક્તિ :** દસ અક્ષરના ચરણવાળો છંદ

**૨૩. ધાન્ય :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સર-માંહેનું ૧૦મું વર્ષ

**૨૪. શંભુબાહુ :** પંચમુખ શિવના દસ બાહુ (શિવનું મહેશ્વર સ્વરૂપ પંચમુખ હોવાથી.)

## અંક-૧૧

**૧. અક્ષૌહિણી, કુરુભૂપતિસેના, કૌરવસેના :** જેમાં ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ ઘોડા, ૧૦૯૩૫૦ પાયદળ હોય તેવું સૈન્ય

**૨. અંગ :**
આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતીસૂત્ર, જ્ઞાતાધર્મકથાસૂત્ર, ઉપાસકદશાંગ સૂત્ર, અંતગડસૂત્ર, અનુત્તરોવવાઈસુત્ર, વિપાકસૂત્ર, પ્રશ્નવ્યાકરણ (જૈન)

**૩. ઈશ્વર :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૧૧મું વર્ષ

**૪. કરણ :** બલ, બાલવ, કૌલવ, તૈતિલ, ગરજ, વણિજ, વિષ્ટિ, કિંસ્તુઘ્ન, શકુનિ, ચતુષ્પદ, નાગ

**૫. કુંભ :** અગિયારમી રાશિ

**૬. જિનોપાસકપ્રતિમા, શ્રાવકપ્રતિમા :**
સમ્યક્ત્વ, વ્રત, સામાયિક, પૌષધ, કાયોત્સર્ગ, મૈથુનવર્જન, સચિત્તવર્જન, સ્વયં આરંભવર્જન, પ્રેષ્ય આરંભવર્જન, ઉદ્દિષ્ટવર્જન, શ્રમણભૂત

**૭. ત્રિષ્ટુભ્ :** ૧૧ અક્ષરના ચરણવાળો છંદ

**૮. રુદ્ર, ઈશ્વર, શર્વ, સ્થાણુ, હર :**
અઘોર, પશુપતિ, શર્વ, વિરૂપાક્ષ, વિશ્વરૂપી, ત્ર્યંબક, કપર્દી, ભૈરવ, શૂલપાણિ, ઈશાન, મહેશ

**૯. લાભ :** કુંડલીમાં ૧૧મું સ્થાન

## અંક-૧૨

**૧. અરિહંતગુણ :** પ્રાતિહાર્ય-૮, જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય, અપાયાપગમાતિશય (કુલ-૧૨)

**૨. આદિત્ય, ઈન, માર્તંડ, લોકબંધુ, સૂર્ય :** (૧) વરુણ, સૂર્ય, વેદાંગ, ભાનુ, ઈંદ્ર, રવિ, ગભસ્તિ, યમ, સ્વર્ણરેત, દિવાકર, મિત્ર, વિષ્ણુ

(૨) ધાતા, મિત્ર, અર્યમા, શુક્ર, વરુણ, અંશુમાન્, ભગ, વિવસ્વાન્, પૂષા, સવિતા, ત્વષ્ટા, વિષ્ણુ (૧૨ માસના ૧૨ આદિત્ય)

**૩. અંગ, દ્વાદશાંગી :**
આચારાંગ આદિ ૧૧, દૃષ્ટિવાદ-૧

**૪. ઉપાંગ :** ઔપપાતિક આદિ ૧૨ ઉપાંગ

**૫. કાર્તિકેયનેત્ર, કુમારનયન, સેનાનીનેત્ર :** ૬ મુખનાં બાર ચક્ષુ

**૬. કુમારબાહુ, ગુહબાહુ :**

કાર્તિકેયનાં છ મુખ, બાર હાથ

**૭. ગૃહ, ભવન, સ્થાન :**

કુંડલીનાં તનુ વગેરે બાર ભવન (સ્થાન)

**૮. ચક્રી, ચક્રવર્તિ :** ભરત, સગર, મઘવાન્, સનત, શાંતિ, કુંથુ, અર, સુભૂમ, મહાપદ્મ, હરિષેણ, જય, બ્રહ્મદત્ત

**૯. જગતી :** ૧૨ અક્ષરના ચરણવાળો છંદ

**૧૦. તપ :** અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા (છ પ્રકારનું બાહ્ય તપ); પ્રાયશ્ચિત્ત, વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ (છ પ્રકારે આભ્યન્તર તપ) - આ બાર પ્રકારે તપ થાય છે. (જૈન)

**૧૧. દ્વાદશવ્રત :**

સ્થૂલ પ્રાણાતિપાતવિરમણવ્રત, સ્થૂલ મૃષાવાદવિરમણવ્રત, સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રત, સ્વદારસંતોષવ્રત (પરસ્ત્રીગમનવિરમણવ્રત), પરિગ્રહપરિમાણવ્રત, દિક્પરિમાણવ્રત, ભોગોપભોગપરિમાણવ્રત, અનર્થદંડવિરમણવ્રત, સામાયિકવ્રત, દેશાવકાશિકવ્રત, પૌષધોપવાસવ્રત, અતિથિસંવિભાગવ્રત

**૧૨. દ્વાદશસ્કન્ધ :** ભાગવતના બાર સ્કંધ

**૧૩. પર્ષદા :** તીર્થંકરની દેશના સાંભળનારી બાર પ્રકારની સભા

**૧૪. બહુધાન્ય :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૧૨મું વર્ષ

**૧૫. ભાવના :** અનિત્ય-અશરણ-સંસાર-એકત્વ-અન્યત્વ-અશુચિ-આસ્રવ-સંવર-નિર્જરા-લોકસ્વભાવ-બોધિદુર્લભ-ધર્મભાવના (સંસારથી છૂટવા ને મોક્ષ પામવા માટે આ બાર પ્રકારની ભાવના છે.)

**૧૬. માસ :** કાર્તિક આદિ ૧૨ માસ

**૧૭. મીન :** બારમી રાશિ

**૧૮. મેઘ :** સુબુદ્ધિ, નંદશાલી, કન્યદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, વિકર્તન, સર્વદ, હેમશાલી, જલેન્દ્ર, વજ્રદંષ્ટ્ર, વિષકર (આ બાર પ્રકારના મેઘ છે.)

**૧૯. રાજમંડલ :** અરિ, મિત્ર, ઉદાસીન (તટસ્થ), પાર્ષ્ણિગ્રાહ, આક્રંદ, પુરઃસર, પશ્ચાદ્વર્તી, પાર્ષ્ણિગ્રાહસાર, આક્રંદસાર, અરિસમ, મિત્રસમ, મધ્યમ (નીતિશાસ્ત્ર પ્રમાણે બાર પ્રકારનાં રાજમંડલ)

**૨૦. રાશિ :** મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ, મીન

**૨૧. વિષકર :** બાર મેઘોમાંહેનો ૧૨મો મેઘ

**૨૨. વ્યય :** કુંડલીમાં બારમું સ્થાન

**૨૩. સૂર્યકલા** (પીતવર્ણા) : તપિની, તાપિની, ધૂમ્રા, મરીચિ, જ્વાલિની, રુચિ, સુષુમ્ણા, ભોગા (ભોગદા), વિશ્વા, બોધિની, ધારિણી, ક્ષમા

**૨૪. સંક્રાન્તિ :** (સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં ભ્રમણ) મેષ-વૃષભ-મિથુન-કર્ક-સિંહ-કન્યા-તુલા-વૃશ્ચિક-ધન-મકર-કુંભ-મીનસંક્રાંતિ (૧૨ માસની ૧૨ સંક્રાંતિ)

**૨૫. હૃદયકમલ :** અનાહત ચક્રમાંની ૧૨ પાંખડીઓ (દલ)

## અંક-૧૩

૧. **અઘોષ :** ક, ખ; ચ, છ; ટ, ઠ; ત, થ; પ, ફ; શ, ષ, સ (૧૩ અઘોષ વ્યંજન)

૨. **અતિજગતી :** ૧૩ અક્ષરના ચરણવાળો છંદ

૩. **ક્રિયાસ્થાન :** અર્થ, અનર્થ, હિંસા, અકસ્માત, દૃષ્ટિવિપર્યાસ, મૃષા, અદત્તાદાન, અધ્યાત્મ, માન, અમિત્ર, માયા, લોભ, ઇરિયાપથિકી

૪. **પ્રથમજિનભવ :** ઋષભદેવના ૧૩ ભવ

૫. **પ્રમાથી :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૧૩મું વર્ષ

૬. **મલમાસ** (અધિકમાસ) :

વર્ષના ૧૨ માસ ઉપરાંતનો ૧૩મો માસ (આ માસમાં ધાર્મિક ક્રિયાઓ નિષિદ્ધ હોવાથી તે 'મલમાસ' કહેવાય છે.)

૭. **યક્ષ :** પૂર્ણભદ્ર, મણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ, યક્ષોત્તમ

૮. **વિશ્વેદેવા :** ક્રતુ, દક્ષ, સત્ય, વસુ, પુરૂરવા, આર્દ્રવ, ધુરિ, લોચન, કાલ, કામ, કુરુ, કૃત્ય, મુનિ

## અંક-૧૪

૧. **ગુણસ્થાન :** મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતિસમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદર, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી કેવળી, અયોગી કેવળી

૨. **જીવસ્થાનક :** પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય, પર્યાપ્તા બાદર એકેન્દ્રિય, પર્યાપ્તા સંજ્ઞિ પંચેન્દ્રિય, પર્યાપ્તા અસંજ્ઞિપંચેન્દ્રિય, પર્યાપ્તા બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય; ઉપરના ૭ પર્યાપ્તા+૭ અપર્યાપ્તા =૧૪ જીવસ્થાનક છે. (જૈન)

૩. **ધ્રુવતારા :** ઉત્તરધ્રુવની સીધાણમાં અને દક્ષિણધ્રુવની સીધાણમાં એમ બે ધ્રુવતારા છે. એક પુંજમાં ૭ તારા, બે પુંજમાં ૧૪ તારા

૪. **નિયમ :** સચિત્ત, દ્રવ્ય, વિગઈ, પગરખાં, તંબોલ, વસ્ત્ર, કુસુમ, વાહન, શયન, વિલેપન, બ્રહ્મચર્ય, દિશા, સ્નાન, આહારપાણી - આ ૧૪ના વિષયમાં યથાશક્તિ ત્યાગ (જૈન)

૫. **પૂર્વ :** ઉત્પાદ, અગ્રાયણી, વીર્ય-અસ્તિ-જ્ઞાન-સત્ય-આત્મ-કર્મ-પ્રત્યાખ્યાન-વિદ્યાપ્રવાદ, કલ્યાણપૂર્વ, પ્રાણાયુપૂર્વ, ક્રિયાવિશાલ, લોકબિંદુસાર (જૈન)

૬. **ભુવન, લોક, વિશ્વ :**

ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનોલોક, તપોલોક, સત્યલોક (ઉપરના ૭); અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, પાતાલ (નીચેના ૭)

૭. **મનુ :** સ્વાયંભુવ, સ્વારોચિષ, ઔત્તમ, તામસ, રૈવત, ચાક્ષુષ, વૈવસ્વત, સૂર્યસાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, રૌચ્ય, ભૌત્ય

૮. **મહાસ્વપ્ન :** ગજ, વૃષભ, સિંહ, શ્રીદેવી, ફૂલમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કળશ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, દેવવિમાન, રત્નરાશિ, નિર્ધૂમઅગ્નિ

૯. **માર્ગણા :** ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞિ, આહાર (ચૌદ મૂળ માર્ગણા)

૧૦. **રજ્જુ :** (એક માપ)

લોકની ઊંચાઈ ૧૪ રજ્જુ પ્રમાણ છે.

(૧ રજ્જુ = અસંખ્ય કોડાકોડિ યોજન)

૧૧. **રત્ન :**

(૧) સેનાપતિ-ગૃહપતિ-પુરોહિત-અશ્વ-હસ્તી-વાર્ધકિ-સ્ત્રી-ચક્ર-છત્ર-ચર્મ-મણિ-કાકિણી-ખડ્ગ-દંડરત્ન (ચક્રીનાં ૧૪ રત્નો)
(૨) લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરિ, ચંદ્રમા, કામદુધા, ઐરાવત, રંભા વગેરે દેવાંગનાઓ, ઉચ્ચૈઃશ્રવા, અમૃત, શાર્ઙ્ગ, પાંચજન્ય શંખ, હલાહલ

૧૨. **વિદ્યા :** (૧) વેદ-૪, અંગ-૬, ધર્મશાસ્ત્ર-૧, મીમાંસા-૧, તર્ક (ન્યાય)-૧, પુરાણ-૧ (૨) બ્રહ્મ, ચાતુરી, બલ, વાહન, દેશના, બાહુ, જલતરણ, રસાયણ, ગાયન, વાદ્ય, વ્યાકરણ, ભેદ, જ્યોતિષ, વૈદક

## અંક-૧૫

૧. **અતિશક્વરી :** દરેક ચરણમાં ૧૫ માત્રાવાળો છંદ

૨. **ઘસ્ર, દિન :** પક્ષના પંદર દિવસ

૩. **પક્ષ :** પંદર દિવસનું પખવાડિયું

૪. **પંચદશતિથિ :** એકમથી પૂનમ સુધીની પંદર તિથી

૫. **પરમાધાર્મિક :** અંબ, અંબરીષ, શ્યામ, સબલ, રૌદ્ર, ઉપરૌદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, વન, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ (નારક જીવોને દુઃખ આપનાર પંદર પ્રકારના અધમ દેવો)

૬. **વૃષ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું પંદરમું વર્ષ

૭. **સિદ્ધ :** જિન-અજિન-તીર્થ-અતીર્થ-ગૃહિલિંગ-અન્યલિંગ-સ્વલિંગ-સ્ત્રીલિંગ-પુરુષલિંગ-નપુંસકલિંગ-પ્રત્યેક-સ્વયંબુદ્ધ-બુદ્ધબોધિત-એક-અનેકસિદ્ધ
(પંદર પ્રકારે સિદ્ધ થનારા આત્માઓ)

## અંક-૧૬

૧. **અષ્ટિ :** ૧૬ અક્ષરના ચરણવાળો છંદ

૨. **કમલદલ :** ૧૬ પાંખડીવાળું કમળ

૩. **ચંદ્રકલા, ઇન્દુકલા, શશિકલા :** અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાન્તિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા, પૂર્ણામૃતા

૪. **ચિત્રભાનુ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૧૬મું વર્ષ

૫. **પદાર્થ** (ન્યાયશાસ્ત્રના તત્ત્વ) **:** પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન

૬. **માતૃકા :** ગૌરી, પદ્મા, શચી, મેધા, સાવિત્રી, વિજયા, જયા, દેવસેના, સ્વધા, સ્વાહા, માતા, લોકમાતા, ધૃતિ, પુષ્ટિ, તુષ્ટિ, કુલદેવતા

૭. **વિદ્યાદેવી :** રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, મહાજ્વાલા (સર્વાસ્ત્રા), માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી

૮. **શૃંગાર :** મંજન, હાર, તંબોલ, સુગંધી અરગજાનો રોળ, શીશફલ, રત્નરાખડી, ચુની, ગોફણો, માળા, ગળુબંધ (ગળાનું ઘરેણું), મુક્તાહાર, કંકણ, ચૂડા, અણવટ, વીછુવા, ઝાંઝર

૯. **ષોડશ ઉપચાર :** આવાહન, આસન, અર્ઘ્ય, પાદ્ય, આચમન, મધુપર્ક, સ્નાન, વસ્ત્રાભરણ, યજ્ઞોપવીત, ગંધ (ચંદન), ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, પરિક્રમા, વંદના

૧૦. **ષોડશ સંસ્કાર :** (મનુસ્મૃતિ પ્રમાણે)

ગર્ભાધાન, પુંસવન, અનવલોભન, વિષ્ણુબલિ, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, સૂર્યાવલોકન, અન્નપ્રાશન, ચૂડાકર્મ, ઉપનયન, ગાયત્ર્યુપદેશ, સમાવર્તન, વિવાહ, ઔર્ધ્વદેહિક (મૃત્યુ પછીના સંસ્કાર) (સંસ્કાર અપેક્ષાએ ૧૨ અને ૧૦ પણ છે. ૧૦ સંસ્કાર હાલમાં વિશેષ પ્રચલિત છે.)

૧૧. **સંજ્ઞા :** સુખ-દુઃખ-મોહ-જુગુપ્સા-શોક-ધર્મ-આહાર-ભય-મૈથુન-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-લોક-ઓઘસંજ્ઞા

૧૨. **રત્ન :** કર્કેતન-વજ્ર (હીરક)-વૈડૂર્ય-લોહિતાક્ષ-મસારગલ્લ-હંસગર્ભ-પુલક-સૌગંધિક-જ્યોતિરસ-અંજન-અંજનપુલક-જાતરૂપ-સુભગ-અંક-સ્ફટિક-રિષ્ટરત્ન (કલ્પસૂત્રમાં આ ૧૬ જાતિનાં રત્નો જણાવ્યાં છે.)

## અંક-૧૭

૧. **અત્યષ્ટિ :** ૧૭ અક્ષરના ચરણવાળો છંદ

૨. **પૂજાપ્રકાર, પૂજાભેદ :**

વિલેપન, વસ્ત્રયુગલ, વાસપૂજા, પુષ્પારોહણ, માલ્યારોહણ, વર્ણારોહણ, ચૂર્ણારોહણ, ધ્વજારોહણ, આભરણારોહણ, પુષ્પગ્રહ, પુષ્પપ્રકર, અષ્ટમંગલકરણ, ધૂપોત્ક્ષેપ, ગીત, નૃત્ય, વાદિત્ર, ભેદપૂજા (પૂજાના ૧૭ પ્રકાર)

૩. **સંયમભેદ, સંયમપ્રકાર, સંયમ :**

પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ-વનસ્પતિ સંબંધી, બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિય જીવો સંબંધી, અજીવ સંબંધી, પ્રેક્ષા (દરેક કાર્યમાં પ્રથમ ચક્ષુથી જોવું તે) સંબંધી, ઉપેક્ષા (પ્રમાદી, સાવદ્યવ્યાપારવાળા) સંબંધી (માધ્યસ્થ્ય), પ્રમાર્જના સંબંધી, પારિષ્ઠાપના (મળમૂત્રાદિનો વિધિથી ત્યાગ) સંબંધી, મન-વચન-કાયા સંબંધી - આમ ૧૭ પ્રકારે સંયમ છે. (જૈન)

૪. **સુભાનુ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૧૭મું વર્ષ

## અંક-૧૮

૧. **અષ્ટાદશવર્ણ, વર્ણ :** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર (ચાર મુખ્ય વર્ણ), કંદોઈ, કાછિયા, માળી, વાળંદ, સુથાર, ભરવાડ, કડિયા, તંબોલી, સોની (નવનારૂ), ઘાંચી, છીપા, લુહાર, મોચી, ચમાર (પાંચ કારૂ) આમ કુલ ૧૮ વર્ણ છે. આ તમામ હિંદુ જાતિ છે.

૨. **ઉષ્ટ્રાંગ :** ઊંટનાં ૧૮ અંગ

૩. **ગીતા-અધ્યાય :** ગીતાના ૧૮ અધ્યાય

૪. **તારણ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૧૮મું વર્ષ

૫. **ધૃતિ :** અઢાર અક્ષરના ચરણવાળો છંદ

૬. **પર્વ :** મહાભારતનાં ૧૮ પર્વ

૭. **પાપસ્થાનક :** પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ, અદત્તાદાન (ચોરી), મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ-અરતિ (હર્ષ-શોક), પરપરિવાદ (પરનિંદાકુથલી), માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય (પાપ બાંધવાનાં ૧૮ સ્થાન)

૮. **પુરાણ :** બ્રહ્મ-પદ્મ-વિષ્ણુ-વાયુ-ભાગવત-નારદીય-માર્કંડેય-અગ્નિ-ભવિષ્ય-બ્રહ્મવૈવર્ત-લિંગ-વરાહ-સ્કંદ-વામન-કૂર્મ-મત્સ્ય-ગરુડ-બ્રહ્માંડપુરાણ

૯. **વનસ્પતિ :** અઢાર ભાર વનસ્પતિ

૧૦. **વિદ્યા :** ૧૪ વિદ્યા + આયુર્વેદ-ધનુર્વેદ-ગાંધર્વવેદ, અર્થશાસ્ત્ર (કુલ ૧૮)

૧૧. **વ્યસન :** કામવાસનાથી થતા ૧૦+મૃગયા, જુગાર, દિવાનિદ્રા, નિંદા, સ્ત્રીમાં આસક્તિ, સુરાપાનથી ચડતો નશો-મદ, સંગીત (નાચ-ગાન-વાદન), રઝળપાટ (આમ ૧૮ પ્રકારે વ્યસન-સંકટ)

૧૨. **સ્મૃતિ :** માનવી-આત્રેયી-વૈષ્ણવી-હારિતકી-યાજ્ઞવલ્કી-શનૈશ્ચરી-અંગિરા-આપસ્તંબી-સાંવર્તકી-કાત્યાયની-બૃહસ્પતિ-પારાશરી-શંખી-લિખિતા-દાક્ષી-ગૌતમી-શાતાતર્પ-વાસિષ્ઠી સ્મૃતિ

## અંક-૧૯

૧. **અતિધૃતિ :**
૧૯ અક્ષરના ચરણવાળો છંદ

૨. **જ્ઞાતાધ્યયન :** જ્ઞાતાધર્મકથાનાં ઉત્ક્ષિપ્તાદિ ૧૯ અધ્યયન (જૈન)

૩. **દેવતાતિશય :**
ધર્મચક્ર, ચામર, પાદપીઠ સહિત સિંહાસન, ત્રણ છત્ર, રત્નમય ધ્વજ, સુવર્ણ કમળ ઉપર ચાલવું, ત્રણ ગઢ (સમવસરણ), ચાર મુખે દેશના, ચૈત્યવૃક્ષ, કાંટા ઊંધા થાય, વૃક્ષો નમે, દુંદુભિનાદ, અનુકૂળ વાયુ, પક્ષીઓ પ્રદક્ષિણા આપે, સુગંધી જલવૃષ્ટિ, વિવિધરંગી પુષ્પવૃષ્ટિ, કેશરોમ-દાઢીમૂછ-નખ વધે નહિ, જઘન્યથી ક્રોડ દેવો સેવા કરે, પાંચેય ઇન્દ્રિયોના વિષયોને અનુકૂળ છએ ઋતુની વસ્તુઓ એક જ કાળમાં ફળે (તીર્થંકર સંબંધી આ ૧૯ અતિશયો દેવોએ કરેલા હોય છે.)

૪. **પાર્થિવ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૧૯મું વર્ષ

## અંક-૨૦

૧. **અર :** રથના પૈડાના ૨૦ આરા

૨. **અંગુલિ :** હાથપગની આંગળીઓ ૨૦

૩. **કૃતિ :** ૨૦ અક્ષરના ચરણવાળો છંદ

૪. **કોડી :** વીસની સંખ્યા

૫. **ઘોષ :** ગ, ઘ, ઙ; જ, ઝ, ઞ; ડ, ઢ, ણ; દ, ધ, ન; બ, ભ, મ; ય, ર, લ, વ, હ (વર્ણમાળાના ૨૦ ઘોષ વ્યંજનો)

૬. **નખ, નખર :** બે હાથ ને બે પગના કુલ ૨૦ નખ

૭. **રાવણાક્ષ, રાવણચક્ષુ, રાવણનેત્ર :** રાવણનાં ૧૦ મુખની ૨૦ આંખો

૮. **રાવણબાહુ, રાવણભુજા :** દશમુખ રાવણના ૨૦ બાહુ (હાથ)

૯. **રાવણકર્ણ, રાવણશ્રુતિ :** દશમુખ રાવણનાં ૨૦ કાન

૧૦. **વસા :** ૨૦ વસા (વિંશતિ પરથી)

૧૧. **વિહરમાન :** સીમંધર, યુગમંધર, બાહુ, સુબાહુ, સુજાત, સ્વયંપ્રભ, ઋષભાનન, અનંતવીર્ય, સુરપ્રભ, વિશાલ, વજ્રધર, ચંદ્રાનન, ચંદ્રબાહુ, ભુજંગ, ઈશ્વર, નેમિપ્રભ, વીરસેન, મહાભદ્ર, દેવયશા, અજિતવીર્ય (મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાનમાં વિચરતા ૨૦ તીર્થંકરો)

૧૨. **વ્યય :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૦મું વર્ષ

૧૩. **વ્યાકરણ :** ઐન્દ્ર, જૈનેન્દ્ર, સિદ્ધહૈમચંદ્ર, ચાન્દ્ર, પાણિનીય, સારસ્વત, શાક્ટાયન, વામન, વિશ્રાંત, બુદ્ધિસાગર, સરસ્વતીકંઠાભરણ, વિદ્યાધર, કલાપક, ભીમસેન, શૈવ, ગૌડ, નંદિ, જયોત્પલ, મુષ્ટિવ્યાકરણ, જયદેવ (આ ૨૦ વ્યાકરણ છે.)

## અંક-૨૧

૧. **અગ્નિજિહ્વા :** અગ્નિની સાત જીભના સાત્ત્વિક, રાજસ, તામસ એમ ત્રણ પ્રકાર હોવાથી ૭x૩=૨૧ પ્રકાર

૨. **નરક :** તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, નરક, મહાનરક, કાલસૂત્ર, સંજીવન, મહાવીચિ, તપન, પ્રતાપન, સંહાત, કાલોલ, કુડ્મલ, પ્રતિમૂર્તિક, લોહશંકુ, ઋજીષ, શાલ્મલી, વૈતરણી, અસિપત્રવન, લોહદારક (મનુસ્મૃતિ)

૩. **પ્રકૃતિ :** ૨૧ અક્ષરના ચરણવાળો છંદ

૪. **મૂર્ચ્છના :** ઉત્તરમુદ્રા, રજની, ઉત્તરાયણી, શુદ્ધષડ્જા, મત્સરીક્રાંતા, અશ્વક્રાંતા, અભિરુદ્ગતા, સૌવીરી, હરિણાશ્વા, કપોલનતા, શુદ્ધમધ્યા, માર્ગી, પૌરવી, મંદાકિની, નંદા, વિશાલા, સોમપી, વિચિત્રા, રોહિણી, સુખા, અલાપી (સંગીતશાસ્ત્રાનુસાર) (મતાંતરે અન્ય રીતે પણ છે.)

૫. **સર્વજિત :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૧મું વર્ષ

## અંક-૨૨

૧. **આકૃતિ :** ૨૨ અક્ષરના ચરણવાળો છંદ

૨. **પરિષહ :** ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, અચેલ, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, સમ્યક્ત્વ (આ ૨૨ પ્રકારનાં કષ્ટો જૈન મુનિઓએ વેઠવાં યોગ્ય છે.)

૩. **સર્વધારી :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૨મું વર્ષ

## અંક-૨૩

૧. **વિકૃતિ :** ૨૩ અક્ષરના ચરણવાળો છંદ

૨. **વિકૃતિ :** મહત્, અંહકાર, તન્માત્રા-૫, જ્ઞાનેન્દ્રિય-૫, કર્મેન્દ્રિય-૫, મહાભૂત-૫, મન (સાંખ્ય મતે)

૩. **વિરોધ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૩મું વર્ષ

૪. **વિષય :** વર્ણ-૫, રસ-૫, સ્પર્શ-૮, ગંધ-૨, સચિત્ત-અચિત્ત-મિશ્રશબ્દ-૩ (પાંચ ઇન્દ્રિયના ૨૩ વિષય) (જૈન)

## અંક-૨૪

**૧. અર્હત્, જિન, તીર્થંકર :**
ૠષભદેવ આદિ ૨૪ તીર્થંકરો

**૨. અવતાર :** મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ (૧૦ મુખ્ય), સનકાદિ ચાર ૠષિ, યજ્ઞ, નારદ, દત્તાત્રેય, કપિલ, નરનારાયણ, હરિ, પૃથુ, ૠષભ, હયગ્રીવ, હંસ, ધન્વંતરિ, મોહિત, વ્યાસ (વિષ્ણુના ૨૪ અવતાર)

**૩. ગાયત્રી :** ૨૪ અક્ષરના ત્રણ ચરણવાળો છંદ

**૪. વિકૃતિ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૪મું વર્ષ

**૫. સંકૃતિ :**
૨૪ અક્ષરના ચરણવાળો છંદ

## અંક-૨૫

**૧. અભિકૃતિ :**
૨૫ અક્ષરના ચરણવાળો છંદ

**૨. ઉપાધ્યાયગુણ :**
અંગ-૧૧, ઉપાંગ-૧૨, ચરણસિત્તરી-૧, કરણસિત્તરી-૧ (જૈન)

**૩. ખર :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૫મું વર્ષ

**૪. તત્ત્વ, પ્રકૃતિ :** પુરુષ, મૂળપ્રકૃતિ, મહત્ત, અહંકાર, શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ-૫ તન્માત્રા, શ્રોત્ર-ત્વક્-અક્ષિ-રસના-ઘ્રાણ-૫ જ્ઞાનેન્દ્રિય, વાક્-પાણિ-પાદ-પાયુ-ઉપસ્થ-૫ કર્મેન્દ્રિય, જ્ઞાન-કર્મ ઉભયાત્મક મન, આકાશ-વાયુ-જળ-તેજ-પૃથ્વી-૫ મહાભૂત, (૨૫ તત્ત્વો સાંખ્યમતે)

**૫. ભાવના :** ઈરિયાસમિતિ, મનોગુપ્તિ, એષણાસમિતિ; આદાનનિક્ષેપણસમિતિ, આલોકિત પાન-ભોજન; અનુવીચિભાષણ, ક્રોધ-લોભ-ભય-હાસ્ય પ્રત્યાખ્યાન; અનુવીચિ અવગ્રહયાચના, વારંવાર અવગ્રહયાચના, અવગ્રહ અવધારણ, સમાનધાર્મિક અવગ્રહ યાચના, અનુજ્ઞાપિત પાનભોજન; સ્ત્રી-પશુ-પંડક સંસ્તવ-વસતિવર્જન, રાગસંયુક્ત સ્ત્રીકથાવર્જન, મનોહર ઈન્દ્રિય અવલોકનવર્જન, પૂર્વક્રીડાસ્મરણવર્જન, પ્રણીતરસભોજન-વર્જન; સ્પર્શ-રસ-ગંધ-રૂપ-શબ્દ (મનોજ્ઞમાં રાગ નહિ, અમનોજ્ઞમાં દ્વેષ નહિ.) પાંચ વિષયોની પાંચ ભાવના (પાંચ મહાવ્રતની કુલ ૨૫ ભાવના)

**૬. સ્પર્શવ્યંજન :**
'ક'થી 'મ' સુધીના ૨૫ વર્ણો

## અંક-૨૬

**૧. ઉત્કૃતિ :** ૨૬ અક્ષરના ચરણવાળો છંદ

**૨. નંદન :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૬મું વર્ષ

## અંક-૨૭

**૧. ઉડુ, ૠક્ષ, ભ, નક્ષત્ર :**

અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા,

જયેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી (અભિજિત સાથે કુલ ૨૮ નક્ષત્રો થાય છે.)

૨. **દંડક :** ૨૭ અક્ષરના ચરણવાળો છંદ

૩. **મુનિગુણ, સંયતગુણ :**

મહાવ્રત-૫, રાત્રિભોજનવિરમણ વ્રત-૧, છકાય જીવોની વિરાધનાનો ત્યાગ-૬, પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ-૫, લોભનો ત્યાગ-૧, ક્ષમા-૧, ચિત્તની નિર્મળતા-૧, પ્રમાર્જના અને પ્રતિલેખના-૧, સંયમ-૧, સાવદ્ય ત્રણ યોગનો નિરોધ-૩, પરિષહસહન-૧, ઉપસર્ગસહન-૧ (કુલ-૨૭ જૈનમુનિગુણ)

૩. **વિજય :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૭મું વર્ષ

## અંક-૨૮

૧. **જય :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૮મું વર્ષ

૨. **લબ્ધિ :**

આમર્ષઔષધિ, વિપ્રુડ્૦-ખેલ૦-જલ૦-સર્વ૦-સંભિન્નશ્રોત, અવધિજ્ઞાન, ઋજુમતિ, વિપુલમતિ, ચારણ, આશીવિષ, કેવળજ્ઞાન, ગણધર, પૂર્વધર, તીર્થંકર, ચક્રી, બળદેવ, વાસુદેવ, ક્ષીરાશ્રવ, કોષ્ઠ, પદાનુસારિણી બીજબુદ્ધિ તેજોલેશ્યા, આહારક, શીતલેશ્યા, વૈક્રિય, અક્ષીણમહાનસ, પુલાકલબ્ધિ (આ ૨૮ પ્રકારની લબ્ધિ છે.)

## અંક-૨૯

૧. **મન્મથ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૨૯મું વર્ષ

## અંક-૩૦

૧. **અહોરાત્રમુહૂર્ત્ત :** બે ઘડી (૪૮ મિનિટ)નું ૧ મુહૂર્ત એ હિસાબે ૬૦ ઘડી (૨૪ કલાક)નાં ૩૦ મુહૂર્ત થાય.

૨. **કલ્પ :** શ્વેત, નીલલોહિત, વામદેવ, ગાથાંતર, રૌરવ, પ્રાણ, બૃહત્, કંદર્પ, સદ્ય, ઈશાન, ધ્યાન, શાશ્વત, ઉદાન, ગરુડ, કૌર્મ, નારસિંહ, સમાધિ, આત્રેય, સોમ, ભાવન, તત્પુરુષ, વૈકુંઠ, અર્ચિત, રુદ્ર, લક્ષ્મી, સારસ્વત, વૈરાજ, ગૌરી, માહેશ્વર, પાદ્મ

૩. **દુર્મુખ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૩૦મું વર્ષ

## અંક-૩૧

૧. **સિદ્ધગુણ :**

ચોરસ, ત્રિકોણ, લંબગોળ, થાળી માફક ગોળ, બંગડી માફક ગોળ-આ પાંચ સંસ્થાન એટલે આકૃતિરહિત, શ્વેત, રક્ત, પીત, નીલ, કૃષ્ણ-આ પાંચ વર્ણરહિત, સુગંધ, દુર્ગંધ-આ બે ગંધરહિત, તિક્ત, કટુ, કષાય, આમ્લ, મધુર-આ પાંચ રસરહિત, શીત, ઉષ્ણ, રૂક્ષ, સ્નિગ્ધ, ગુરુ, લઘુ, કર્કશ, મૃદુ-આ આઠ સ્પર્શરહિત, પું.૦, સ્ત્રી૦, નપું૦-આ ત્રણ વેદરહિત, શરીરરહિત, સંગરહિત, જન્મરહિત (સિદ્ધાત્માના આ ૩૧ ગુણ છે.) (જૈન)

૨. **હેમલંબ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૩૧મું વર્ષ

## અંક-૩૨

**૧. દ્વિજ, દંત, રદ :**

માનવ મુખના ૩૨ દાંત

**૨. નરલક્ષણ, પુરુષલક્ષણ :**

(૧) છત્ર, કમળ, ધનુષ, રથ, વજ્ર, કૂર્મ, અંકુશ, વાપી, સ્વસ્તિક, તોરણ, સરોવર, સિંહ, વૃક્ષ, ચક્ર, શંખ, હાથી, સમુદ્ર, કળશ, પ્રાસાદ, મત્સ્ય, યવ, યૂપ, સ્તૂપ, કમંડલૂ, પર્વત, ચામર, દર્પણ, બળદ, પતાકા, અભિષેક કરાતી લક્ષ્મી, પુષ્પમાળા, મોર (જેના હાથ-પગના તળિયામાં આવાં ચિહ્નો હોય તેવો પુરુષ ૩૨ લક્ષણો કહેવાય છે.)

(૨) નખ, ચરણ, હસ્ત, જીભ, હોઠ, તાલુ, આંખના ખૂણા-આ સાત જેના લાલ હોય; કેડ, છાતી, ડોક, નાસિકા, નખ, મુખ-આ છ જેના ઉન્નત હોય; દાંત, ચામડી, વાળ, આંગળીનાં ટેરવાં, નખ-આ પાંચ જેના સૂક્ષ્મ (પાતળા) હોય; નેત્ર, છાતી, નાસિકા, હનુ, ભુજા-આ પાંચ જેના દીર્ઘ (લાંબા) હોય; કપાળ, છાતી, મુખ (વદન) - આ ત્રણ જેના વિસ્તારવાળા (પહોળા) હોય; ડોક, જંઘા, મેહન (ઉપસ્થ)-આ ત્રણ જેના લઘુ (નાના) હોય; સત્ત્વ, સ્વર, નાભિ -આ ત્રણ જેના ગંભીર હોય; તેવો પુરુષ ૩૨ લક્ષણો કહેવાય છે.

૩. **વિલંબી** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૩૨મું વર્ષ

૪. **યોગસંગ્રહ** : આચાર્યે શિષ્ય પાસે આલોચના લેવી, લીધેલી આલોચના આચાર્ય બીજાને કહે નહિ, આપત્તિમાં પણ ધર્મમાં દૃઢ રહે, આ લોકની ઇચ્છા વિના ક્રિયા કરે, ગ્રહણ અને આસેવન શિક્ષાનું સેવન કરે, શરીરની દવા કરાવે નહિ, તપ કરીને તપની વાત બીજાને કહે નહિ, નિર્લોભ તપ કરે, નિર્ભયપણે પરિષહો જીતે, સરળતા રાખે, સંયમની નિર્મળતા રાખે, સમકિતની શુદ્ધિ કરે, સમતામાં રહી ચિત્તસમાધિ જાળવે, શુભ આચરણમાં તત્પર રહે, વિનયમાં તત્પર રહે, દીનતા ધારણ કરે નહિ, પરમાં મોહના ત્યાગરૂપ સંવેગમાં તત્પર રહે, કપટરહિત વ્રત ધારણ કરવામાં તત્પર રહે, દરેક કાર્ય શુભ વિધિપૂર્વક કરે, સંવરભાવમાં વર્તે, પોતાના દોષોને દૂર કરે, સ્વેચ્છાએ વિરક્તભાવ રાખે, મૂલગુણ પચ્ચક્ખાણ કરે, ઉત્તરગુણ પચ્ચક્ખાણ કરે, દ્રવ્ય અને ભાવ વિષયોનો ત્યાગ કરે, પ્રમાદનો ત્યાગ કરે, ક્ષણેક્ષણ સામાચારી અનુષ્ઠાનમાં પ્રવર્તે, ધ્યાનમાં સમ્યક્ પ્રકારે વૃત્તિ ધારણ કરે, મૃત્યુજનક વેદનામાં પણ ગભરાય નહિ, સાંસારિક વસ્તુના સંગનો ત્યાગ કરે, દોષોનું પ્રાયશ્ચિત કરે, અંતિમ ક્ષમાયાચના કરે અને આરાધના કરે. (આ ૩૨ યોગસંગ્રહ છે.)

## અંક-૩૩

૧. **ત્રિદશ, અમર, દેવ, સુર, દાનવારિ** (દાનવ+અરિ) : વસુ-૮, રુદ્ર-૧૧, આદિત્ય-૧૨, ઇન્દ્ર-૧, પ્રજાપતિ-૧ (કુલ-૩૩ સોમપ દેવો)

૨. **વિકારી** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૩૩મું વર્ષ

## અંક-૩૪

૧. **અતિશય** : જન્મથી (મૂળથી)-૪, ઘાતિકર્મના ક્ષયથી-૧૧, દેવકૃત-૧૯ (આ ૩૪ અતિશયો તીર્થંકરોને હોય છે.)

૨. **શાર્વરી** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૩૪મું વર્ષ

## અંક-૩૫

૧. **માર્ગાનુસારિગુણ** : ન્યાયોપાર્જિત વૈભવવગેરેમાર્ગાનુસારિજીવના૩૫ગુણછે.

૨. **વાણીગુણ** : સંસ્કૃત આદિ લક્ષણવાળી, ઉચ્ચ, અગામઠી, મેઘ જેવી ગંભીર, પડઘો પડે તેવી, સરળ, માલકોશ આદિ રાગવાળી (તીર્થંકરોની વાણી આવા ૩૫ ગુણોવાળી હોય છે.)

૩. **પ્લવ** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૩૫મું વર્ષ

## અંક-૩૬

૧. **આચાર્યગુણ, ગુરુગુણ** :
પાંચ ઈન્દ્રિયનો સંવર, બ્રહ્મચર્યની નવ ગુપ્તિ (વાડ) ધારણ કરે, ક્રોધ, માન, માયા, લોભ-આ ચાર કષાયથી મુક્ત, પાંચ મહાવ્રતનું પાલન, પંચવિધ આચાર પાલન, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ (જૈનાચાર્ય આ ૩૬ ગુણોવાળા હોય.)

૨. **શ્રાવકકર્ત્તવ્ય** : જિનાજ્ઞા માને વગેરે શ્રાવકનાં ૩૬ કર્ત્તવ્યો છે.

૩. **રાગિણી** : મૂળ રાગ-૬.
પ્રત્યેક રાગની ૬-૬ રાગિણી હોવાથી સંગીતની ૩૬ રાગિણી છે.

૪. **શુભકૃત** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૩૬મું વર્ષ

## અંક-૪૦

૧. **પરાભવ** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૪૦મું વર્ષ

## અંક-૪૫

૧. **જિનાગમ, આગમ** : અંગ-૧૧, ઉપાંગ-૧૨, છેદસૂત્ર-૬, મૂળસૂત્ર-૪, પયન્ના-૧૦, અનુયોગદ્વાર-૧, નંદિસૂત્ર-૧ (કુલ ૪૫ આગમ)

૨. **વિરોધકૃત** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૪૫મું વર્ષ

## અંક-૪૮

૧. **જગતી** : ૧૨-૧૨ અક્ષરના ચાર ચરણવાળો છંદ

## અંક-૪૯

૧. **તાન** : આરોહ ક્રમવાળી મૂર્ચ્છના :
મધ્યમગ્રામમાં-૨૦, ષડ્જગ્રામમાં-૧૪, ગાંધારગ્રામમાં-૧૫
(એમ ૪૯ તાન સંગીતના છે.)

૨. **રાક્ષસ** : બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૪૯મું વર્ષ

૩. **મરુત** : ઈન્દ્રથી દિતિને ગર્ભ રહ્યો. ઈન્દ્રે વજ્રથી ગર્ભના ૪૯ કટકા કર્યા. તે ૪૯ મરુત કહેવાયા.

## અંક-૫૧

૧. **જ્ઞાનભેદ :** મતિજ્ઞાન-૨૮, શ્રુતજ્ઞાન-૧૪, અવધિજ્ઞાન-૬, મનઃપર્યવજ્ઞાન-૨, કેવળજ્ઞાન-૧ (જ્ઞાનના કુલ ભેદ ૫૧)

૨. **પિંગલ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૫૧મું વર્ષ

## અંક-૫૬

૧. **અંતર્દ્વીપ :** લઘુ હિમવંત અને શિખરી પર્વતની કુલ ૮ દાઢાઓ લવણસમુદ્રમાં નીકળે છે. દરેક દાઢા ઉપર ૭-૭ અંતર્દ્વીપ હોવાથી કુલ ૫૬ અંતર્દ્વીપ છે. (જૈન)

૨. **દુંદુભિ :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૫૬મું વર્ષ

## અંક-૬૦

૧. **ક્ષય :** બાર્હસ્પત્ય ૬૦ સંવત્સરમાંહેનું ૬૦મું વર્ષ

## અંક-૬૨

૧. **માર્ગણા :** ગતિ-૪, ઇન્દ્રિય-૫, કાય-૬, યોગ-૩, વેદ-૩, કષાય-૪, જ્ઞાન (૫+૩)-૮, સંયમ-૭, દર્શન-૪, લેશ્યા-૬, ભવ્ય-૨, સમ્યક્ત્વ-૬, સંજ્ઞી-૨, આહાર-૨ (જૈન)

## અંક-૬૩

**શલાકાપુરુષ :**

તીર્થંકર-૨૪, ચક્રી-૧૨, વાસુદેવ-૯, પ્રતિવાસુદેવ-૯, બળદેવ-૯

## અંક-૬૪

૧. **સ્ત્રીકલા :** નૃત્ય, ઔચિત્ય, ચિત્ર, વાદિત્ર આદિ ૬૪ સ્ત્રીકળા છે.

૨. **ઇન્દ્ર :**

ભવનપતિ દેવોના-૨૦,
જ્યોતિષ્ક દેવોના-૨, વ્યંતર દેવોના-૧૬, વાણવ્યંતરદેવોના-૧૬, વૈમાનિકદેવોના-૧૦ (કુલ ૬૪ ઇન્દ્રો) (જૈન)

૩. **યોગિની :** વિશ્વદુર્ગા વગેરે ૬૪ છે.

## અંક-૬૭

૧. **સમ્યગ્દર્શનબોલ :**

સદ્દહણા-૪, લિંગ-૩, વિનય-૧૦, શુદ્ધિ-૩, દૂષણવર્જન-૫, પ્રભાવક-૮, ભૂષણ-૫, લક્ષણ-૫, જયણા-૬, આગાર-૬, ભાવના-૬, સ્થાન-૬
(કુલ ૬૭ બોલ સમકિતના) (જૈન)

## અંક-૬૮

૧. **તીર્થ :** ૬૮ મનાય છે.

## અંક-૭૦

૧. **ચરણસિત્તરી :** મહાવ્રત-૫, સાધુધર્મ-૧૦, સંયમ-૧૭, વેયાવચ્ચ-૧૦, બ્રહ્મચર્યગુપ્તિ-૯, રત્નત્રયી-૩, તપ-૧૨, કષાયનિગ્રહ-૪

૨. **કરણસિત્તરી :** વસ્ત્ર-પાત્ર-પિંડ-વસતિ શુદ્ધિ-૪, સમિતિ-૫, ભાવના-૧૨, પડિમા-૧૨, ઇન્દ્રિયનિરોધ-૫, પડિલેહણ-૨૫, ગુપ્તિ-૩, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભિગ્રહ-૪

## અંક-૭૨

૧. **પુરુષકલા :** લેખન છે આદિમાં જેના, ગણિત છે શ્રેષ્ઠ જેમાં અને પક્ષી શબ્દ છે અંતમાં જેના એવી કુલ ૭૨ પુરુષકળા છે.)

## અંક-૮૪

૧. **જાતિ :** (૧) શ્રીમાળી આદિ ૮૪ જાતિ (૨) અન્ય રીતે પણ બ્રાહ્મણોની ૮૪ જ્ઞાતિઓ ગણાય છે.

૨. **યોનિ :** યોનિઓ ૮૪ લાખ હોવાથી ૮૪ની સંજ્ઞા

## અંક-૧૦૦

૧. **કમલદલ, શતપત્ર :**
કમળની ૧૦૦ પાંખડીઓ
(૧૦૦ પાંખડીવાળું કમળ)

૨. **કીચક :** વિરાટનગરના રાજાની રાણીના ૧૦૦ ભાઈઓ (વિરાટનગરના રાજાના સો સાળાઓ). ભીમસેને એમનો વધ કર્યો હતો.

૩. **કૌરવ, ધૃતરાષ્ટ્રપુત્ર :**
ધૃતરાષ્ટ્રના ૧૦૦ પુત્રો-કૌરવો

૪. **પુરુષાયુ :** વર્તમાનમાં પુરુષનું આયુષ્ય ૧૦૦ વર્ષનું મનાય છે.

૫. **રાવણાંગુલિ :** રાવણના ૨૦ હાથની ૧૦૦ આંગળીઓ

૬. **શતક્રતુ, શતમખ, શક્રયજ્ઞ :**
૧. ઇન્દ્રે પૂર્વભવમાં શ્રાવકની પડિમાનું ૧૦૦ વાર વહન કરેલું હોવાથી **શતક્રતુ** કહેવાય છે. (જૈન મતે)
૨. સો અશ્વમેધયજ્ઞ કરનાર ઇન્દ્રપદ પામે છે.

૭. **શતતારકા, શતભિષા :**
આ નક્ષત્રમાં ૧૦૦ તારાઓનો સમુદાય છે.

## અંક-૧૦૮

૧. **અક્ષમાલા, જપમાલા, માલા, સ્રજ :**
જાપ કરવાની માળામાં મણકા-૧૦૮

## અંક-૧૨૪

૧. **શ્રાવકાતિચાર :**
સમ્યક્ત્વના અતિચાર-૫, જ્ઞાન-દર્શન-ચારિત્રના-૨૪, બારવ્રતના-૬૦, કર્માદાનના-૧૫, તપાચારના-૧૨, વીર્યાચારના-૩, સંલેષણાના-૫
(શ્રાવકના ૧૨ વ્રતના કુલ ૧૨૪ અતિચાર)

## અંક-૧૫૮

૧. **કર્મપ્રકૃતિ :**
જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિ-૫, દર્શનાવરણીયની-૯, વેદનીયની-૨, મોહનીયની-૨૮, આયુષ્યની-૪, નામની-૧૦૩, ગોત્રની-૨, અંતરાયકર્મની-૫
(આઠ પ્રકારના કર્મની કુલ પ્રકૃતિ-૧૫૮)

## અંક-૫૬૩

૧. **જીવભેદ :** નારક જીવોના ભેદ-૧૪, એકેન્દ્રિયના-૨૨, વિકલેન્દ્રિયના-૬, પંચેન્દ્રિયતિર્યંચના-૨૦, સંમૂર્છિમમનુષ્ય-૧૦૧, ગર્ભજમનુષ્યના-૨૦૨, ભવનપતિના-૫૦, વ્યંતરના-૫૨, જ્યોતિષના-૨૦, કલ્પોપપન્ન વૈમાનિક દેવોના-૪૮, કલ્પાતીત વૈમાનિક દેવોના-૨૮
(ચારેય ગતિના જીવોના કુલ ભેદ ૫૬૩)

## અંક-૧૦૦૦

**૧. ઈન્દ્રનેત્ર, સહસ્રાક્ષ, સહસ્રભગ :**

(૧) ઈન્દ્રના ૫૦૦ મંત્રીની ૧૦૦૦ આંખો ઈન્દ્રનું જ કાર્ય કરનારી હોવાથી ઈન્દ્ર હજાર ચક્ષુવાળા કહેવાય છે. (જૈન મતે)

(૨) ગૌતમ મુનિનું રૂપ ધારણ કરી ઈન્દ્રે ગૌતમ ઋષિની પત્નીને ભોગવી. ઋષિએ ઈન્દ્રને શાપ આપ્યો, તેથી ઈન્દ્રના શરીર ઉપર હજાર યોનિઓ ઉત્પન્ન થઈ. શરમાયેલા ઈન્દ્ર સંતાયા. દેવોએ યોનિઓના સ્થાને આંખની આકૃતિ કરી દીધી, તેથી ઈન્દ્ર સહસ્રભગમાંથી સહસ્રાક્ષ બન્યા.

**૨. અર્જુનબાહુ, સહસ્રબાહુ :**

ડાબી-જમણી બંને બાજુ ૫૦૦-૫૦૦ હાથ (આ એક કલ્પના છે. આ કલ્પનાથી અર્જુનનું હજાર હાથ પ્રમાણ બળ સમજવું.) કૃત્તવીર્યનો પુત્ર કાર્તવીર્ય અર્જુન 'સહસ્રબાહુ' કહેવાતો.

**૩. અર્જુનબાણ :** સહસ્રબાહુ અર્જુનના હજાર હાથના હિસાબે હજાર બાણ (૫૦૦ હાથમાં બાણ, ૫૦૦ હાથમાં ધનુષ)

**૪. અહિપતિમુખ, શેષશીર્ષ :**

શેષનાગનાં હજાર મુખ

**૫. ગંગામુખ :** ગંગાનદીનાં હજાર મુખ

**૬. અંબુજચ્છદ :** કમળની હજાર પાંખડીઓ (હજાર પાંખડીવાળું કમળ)

## અંક-૨૦૦૦

**૧. અહિપતિચક્ષુ, શેષનાગચક્ષુ, અનંતચક્ષુ :** શેષનાગનાં ૧૦૦૦ મુખમાં ૨૦૦૦ આંખો

**૨. અહિપતિજિહ્વા :** શેષનાગના એક મુખમાં બે જીભ. ૧૦૦૦ મુખમાં ૨૦૦૦ જીભ

કર્મવાચક નામ સાથે સંબંધ ધરાવતો અને હેતુને બતાવતો શબ્દ જે હોય તેને સપ્તમી વિભક્તિ લાગે છે. આ નિમિત્ત સપ્તમી છે એટલે આ હેતુ જ્યારે કર્મવાચક નામથી સંબંધિત હોય ત્યારે સપ્તમી વિભક્તિ આવે; જેમકે,

**चर्मणि द्वीपिनं हन्ति, दन्तयोर्हन्ति कुञ्जरम् ।**
**केशेषु चमरीं हन्ति, सिम्नि पुष्कलको हतः ॥**

અર્થ : ચામડા માટે દીપડાને હણે છે, દાંત માટે હાથીને હણે છે, વાળ માટે ચમરી ગાયને હણે છે અને '**सीमन्**' એટલે કસ્તૂરી માટે અર્થાત્ કસ્તૂરીના નિમિત્તથી કસ્તૂરિયો મૃગ હણાય છે.

# ક-ટ-પ-યાદિ ગણ દ્વારા સંખ્યા નિર્દેશ

## સંખ્યાસૂચક કોષ્ઠક

| સંખ્યાંક : | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 'ક' ગણ | ક | ખ | ગ | ઘ | ઙ | ચ | છ | જ | ઝ | ઞ |
| 'ટ' ગણ | ટ | ઠ | ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન |
| 'પ' ગણ | પ | ફ | બ | ભ | મ | | | | | |
| 'ય' ગણ | ય | ર | લ | વ | શ | ષ | સ | હ | ળ | |

કોષ્ઠકની સમજ :

૧. **કટપય** - આ ચાર વ્યંજનો **'એક'** સંખ્યા દર્શાવે છે.
૨. **ખઠફર** - આ ચાર વ્યંજનો **'બે'** સંખ્યા દર્શાવે છે.
૩. **ગડબલ** - આ ચાર વ્યંજનો **'ત્રણ'** સંખ્યા દર્શાવે છે.
૪. **ઘઢભવ** - આ ચાર વ્યંજનો **'ચાર'** સંખ્યા દર્શાવે છે.
૫. **ઙણમશ** - આ ચાર વ્યંજનો **'પાંચ'** સંખ્યા દર્શાવે છે.
૬. **ચતષ** - આ ત્રણ વ્યંજનો **'છ'** સંખ્યા દર્શાવે છે.
૭. **છથસ** - આ ત્રણ વ્યંજનો **'સાત'** સંખ્યા દર્શાવે છે.
૮. **જદહ** - આ ત્રણ વ્યંજનો **'આઠ'** સંખ્યા દર્શાવે છે.
૯. **ઝધળ** - આ ત્રણ વ્યંજનો **'નવ'** સંખ્યા દર્શાવે છે.
૧૦. **ઞન** - આ બે વ્યંજનો **'શૂન્ય'** સંખ્યા દર્શાવે છે.

ક્યારેક કારણવશાત્ **'ઞન'**થી **'દસ'** સંખ્યા પણ સમજવામાં આવે છે.

**નિયમ :** ૧. આ પ્રકારે અંકગણનામાં શબ્દમાં એકલા રહેલા સ્વરનું કે વ્યંજનમાં ભળેલા સ્વરનું મૂલ્ય નથી, માટે શબ્દમાંના કોઈ પણ સ્વરને ગણનામાં લેવો નહિ.

૨. સંયુક્તાક્ષર(જોડાક્ષર)માંનો છેલ્લો એક જ વ્યંજન ગણતરીમાં લેવો, પૂર્વના વ્યંજનો ગણતરીમાં લેવા નહિ. દા.ત., **'રક્ત'**. આમાં **'ક્ત'** જોડાક્ષર છે, એમાંના **'ક્'**ને છોડીને એકલા **'ત'**ને જ ગણતરીમાં લેવો.

૩. **'અઙ્કાનાં વામતો ગતિઃ'** અંકગણના ડાબી બાજુથી થાય છે. અર્થાત્ આપણે લખાણ ડાબી બાજુથી શરૂ કરીને જમણી બાજુ તરફ કરીએ છીએ; જ્યારે સંખ્યાંકો **વામતઃ** એટલે કે ઊલટા ક્રમથી અર્થાત્ જમણી બાજુથી શરૂ કરીને ડાબી બાજુ તરફ લખાય છે.

ઉદાહરણ : **'આદીશ્વર'** શબ્દમાંનો પ્રથમનો **'આ'** સ્વર છોડી દેવો પછીના **'દી'**માંથી **'ઈ'** સ્વર છોડીને 'દ' વ્યંજન ગ્રહણ કરવો. કોષ્ઠકમાં જોઈને **'દ'** =સંખ્યાંક **'૮'** લો અને તેને જમણી બાજુ લખવો. પછી **'શ્વ'** જોડાક્ષરમાંનો પ્રથમનો 'શ' વ્યંજન છોડી દઈને છેલ્લો **'વ'** વ્યંજન ગ્રહણ કરવો. કોષ્ઠકમાં જોઈને 'વ'=સંખ્યાંક '૪' લઈને તેને '૮'ની પહેલાં લખવો. કોષ્ઠકમાં જોઈને '૨'= સંખ્યાંક '૨' લઈને તેને '૪'ની પહેલાં લખવો. આ રીતે **'૨૪૮'**ની સંખ્યા પ્રાપ્ત થશે.

**અભ્યાસાર્થે કેટલાંક વધુ ઉદાહરણો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાર્શ્વનાથ | = ૭૦૪૧, | મહાવીર | = ૨૪૮૫, | અરિહંત | = ૬૮૨, |
| પરમાત્મા | = ૫૫૨૧, | ગણધર | = ૨૯૫૩, | શંકર | = ૨૧૫, |
| વિષ્ણુ | = ૫૪, | બ્રહ્મા | = ૫૨, | સહસ્રપાદ્ | = ૧૨૮૭, |
| રાજન્ | = ૮૨, | જ્યોત્સ્ના | = ૦૧ | ગુરુદેવ | = ૪૮૨૩ |

**'तु'** અંતવાળો શબ્દ અને **'अथ'** આદિવાળો શબ્દ પૂર્વ પદની સાથે સંબંધ રાખતા નથી, પણ પછીના પદની સાથે સંબંધ રાખે છે; જેમકે, **स्यादनन्तजिदनन्तः सुविधिस्तु पुष्पदन्तः** । અહીં **'सुविधि'** શબ્દને અંતે **'तु'** શબ્દ હોવાથી **'पुष्पदन्तः'** એ સુવિધિ જિનનું નામ જાણવું.

**मुक्तिर्मोक्षोऽपवर्गोऽथ मुमुक्षुः श्रमणो यतिः ।**

અહીં **'मुमुक्षु'** શબ્દની આદિમાં **'अथ'** શબ્દ છે તેથી મુમુક્ષુ, શ્રમણ, યતિ વગેરે એકાર્થક જાણવા. અહીં **'अथ'**નો અર્થ હવે (આના પછી).

વિશેષ્ય સહિત કે રહિત, પ્રયોગમાં વપરાયેલું કે ન પણ વપરાયેલું એવું ક્રિયાપદ વાક્ય કહેવાય છે; **लुनीहि । पृथुकान् च खाद । शीलं मे स्वम् ।**

**'स्यादि'** (શબ્દને લાગતા **'सि'** વગેરે પ્રત્યયો) કે **'त्यादि'** (ક્રિયાપદને લાગતા **'ति'** વગેરે પ્રત્યયો) વિભક્તિઓ લાગેલું હોય તે પદ કહેવાય છે.

❉

## મોતીની ઉત્પત્તિનાં સ્થાન

હાથીનું મસ્તક અને એનાં દાંત, શુન અને સુવરની દાઢા, મેઘ, સર્પ, વાંસ અને મત્સ્ય - આટલાં સ્થાનોમાં મોતી ઉત્પન્ન થાય છે.

# પ્રાણવાયુઓ

પ્રાણ એ પણ વાયુ જ છે. શરીરની અંદર ફરનારો વાયુ **'પ્રાણ'** છે. શરીરની બહાર ફરનારો વાયુ એ 'વાયુ' છે.

શરીરમાં ફરીને ગતિ આપવાનું કાર્ય કરનારા વાયુ પાંચ મુખ્ય અને પાંચ ગૌણ છે.

**(૧) શરીરના પાંચ મુખ્ય વાયુઓ :**

૧. **પ્રાણવાયુ :** હૃદયમાં ધબકારાની ગતિથી રુધિરાભિસરણ એટલે લોહીને ફરતું રાખવાની ક્રિયા કરે છે.

૨. **અપાનવાયુ :** આંતરડામાંથી ગુદા દ્વારા મળને બહાર કાઢવાનું કાર્ય કરે છે. આ વાયુ દ્વારા મળોત્સર્ગ એટલે ઝાડા-પેશાબનું ઉત્સર્ગ અને વીર્યસ્ખલન થાય છે. અપાનવાયુની ગતિ અધઃ (નીચે) છે. તે ઊર્ધ્વ(પ્રતિલોમ) થાય ત્યારે ઊલટી(વમન) થાય. (ઊલટી=પ્રતિલોમ ક્રિયા)

૩. **સમાનવાયુ :** નાભિમાં રહીને જઠરાગ્નિને પ્રજ્વલિત રાખે છે.

૪. **ઉદાનવાયુ :** કંઠમાં રહીને ધ્વનિઓ ઉત્પન્ન કરે છે.

૫. **વ્યાનવાયુ :** આખા શરીરમાં ફરતો રહીને સર્વ સાંધાઓને વાળવાની ક્રિયા કરે છે.

**(૨) શરીરના પાંચ ગૌણ વાયુઓ :**

૧. **નાગવાયુ :** એનું સ્થાન નાભિના ઉપરના ભાગમાં છે અને તે ઓડકાર લાવે છે.

૨. **કૂર્મવાયુ :** એનું સ્થાન આંખના પોપચામાં છે અને તે આંખનો ઉન્મેષ-નિમેષ એટલે આંખના ઉઘાડ-બંધ(પલકારા)નું કાર્ય કરે છે.

૩. **કૃકલવાયુ :** એનું સ્થાન હોજરીની ઉપરના ભાગમાં છે અને તે છીંક લાવે છે.

૪. **દેવદત્તવાયુ :** એનું સ્થાન ગળાની નીચેના ભાગમાં છે અને તે બગાસાં લાવે છે.

૫. **ધનંજયવાયુ :** આ વાયુ શરીરવ્યાપી છે. તે મૃતકને ફુલાવે છે અને ધનુર્વા રોગકારક છે.

# આધુનિક શબ્દો


**अगार, आगार** (ન.) રૂમ; ઓરડી
**अग्निरथ** (પું.)એંજિન
**अग्निशकटी, आगगाडी** (સ્ત્રી.) રેલ; આગગાડી
**अवैतनिक, मानार्ह** (પું.) ઑનરરી; માનનીય
**अंदाजपत्र** (ન.) બજેટ
**आचार्य** (પું.) પ્રિન્સિપાલ
**उच्चपीठ** (ન.) પ્લૅટફૉર્મ
**उपाधि** (પું.) ડિગ્રી
**कारागार** (ન.) જેલ; કેદખાનું
**कार्यक्रम** (પું.) પ્રોગ્રામ
**कार्यनिरीक्षक** (પું.) સુપરવાઈઝર
**कार्यालय** (ન.) ઑફિસ
**गणकयन्त्र** (ન.) કમ્પ્યુટર
**गुप्तचर** (પું.) સી.આઈ.ડી; છૂપી પોલીસ
**गोलमेज** (સ્ત્રી.) રાઉન્ડ ટેબલ
**ग्रन्थालय, पुस्तकालय** (ન.) લાઈબ્રેરી; જ્ઞાનભંડાર
**चतुर्वर्त्मक, चत्वर** (ન.) ચકલું, ચૌટું, બજાર; ચઉરાહા (હિંદી), ચોરો(ગુજરાતી), મહોલ્લા આગળની ખુલ્લી જગ્યા
**चालक** (પું.)ડ્રાઈવર
**चिकित्सा** (સ્ત્રી.) રોગ પરખવો, શરીર તપાસવું
**चिकित्सक** (પું.) ડૉક્ટર; વૈદ્ય
**ज्वरमापकयन्त्र** (ન.) થર્મોમીટર
**डाकघर** (ન.) પોસ્ટ ઑફિસ
**द्विचक्रयान** (ન.), **द्विचक्री** (સ્ત્રી) સાઈકલ, સ્કૂટર, મોટર સાઈકલ
**दीपमालिका** (સ્ત્રી.) વીજળીના દીવાનું તોરણ
**दूरदर्शकयन्त्र** (ન.) દૂરબીન
**दूरदर्शन** (ન.) ટી.વી. (ટેલિવિઝન)
**दूरध्वनि, दूरभाष** (પું.) ટેલિફોન
**दैनंदिनी, वासरी** (સ્ત્રી.) ડાયરી
**दैनिक** (ન.) રોજનું વર્તમાનપત્ર
**ध्वनिवर्धकयन्त्र, ध्वनिविस्तारकयन्त्र** (ન.) લાઉડ સ્પીકર
**नगरपालक, महापौर** (પું.) મેયર
**नगरपालिका** (સ્ત્રી.) મ્યુનિસિપાલિટી
**निरीक्षक** (પું.) ઇન્સ્પેક્ટર
**निदेशक, नियामक** (પું.) ડિરેક્ટર; વ્યવસ્થા કરનાર
**निर्देशिका** (સ્ત્રી.) ડિરેક્ટરી
**निर्वाचन** (ન.) ચૂંટણી
**नीति** (સ્ત્રી.) પૉલીસી
**न्यायालय** (ન.) કોર્ટ; અદાલત
**पञ्जीकृत** (ન.) રજિસ્ટર્ડ
**पत्रमञ्जूषा** (સ્ત્રી.) ટપાલપેટી
**पर्यवेक्षक** (પું.) સુપરિન્ટેન્ડન્ટ

**पादत्राण** (न.) પગરખાં
**पुस्तकविक्रेता** (पुं.) બુકસેલર; પુસ્તકના વેપારી
**पौररक्षक** (पुं.) પોલીસ
**प्रतीक्षालय** (पुं.), **विश्रामस्थान** (न.) વેઈટિંગ રૂમ; વિશ્રામઘર
**प्रमाणपत्र** (न.) સર્ટિફિકેટ
**प्रस्ताव** (पुं) પ્રપોઝલ, દરખાસ્ત
**प्राध्यापक** (पुं.) પ્રોફેસર
**प्रान्तपाल** (पुं.) ગવર્નર
**बिन्दुलेखिनी** (स्त्री.) બોલપેન
**भास्वरी** (स्त्री.) ટ્યુબલાઈટ
**महत्त्वर, मृत्तर** (पुं.) મોટરકાર
**महामात्र** (पुं.) રજીસ્ટ્રાર
**मुद्रणालय** (न.) પ્રિન્ટિંગ પ્રેસ; છાપખાનું
**मुद्रितसामग्री** (स्त्री) પ્રિન્ટેડ મેટર; છાપેલી સામગ્રી
**मूत्रदी** (स्त्री.) મૂતરડી
**मूल्यपत्रिका** (स्त्री.) ટિકિટ
**यन्त्रलेखक** (पुं.) ટાઈપરાઈટર
**योजना** (स्त्री.) સ્કીમ; આયોજન
**राज्यपाल** (पुं.) ગવર્નર
**राटिक** (पुं.) રેડીઓ
**लेखनवही** (स्त्री.) નોટબુક
**वक्कील (वाक्+कील)** (पुं.) વકીલ (વાણીનો ખીલો)
**वरयात्रा** (स्त्री.) જાન
**वरयात्रिक** (पुं.) જાનૈયો
**वाचस्पति** (पुं.) ડી.લિટ્
**विद्यावारिधि** (पुं.) પીએચ.ડી.
**वायुयान, विमान** (न.) એરોપ્લેન
**विवरण** (न.) રિપૉર્ટ
**विश्वविद्यालय, विद्यापीठ** (न.) યુનિવર્સિટી
**व्यवस्थापक** (पुं.) મૅનેજર
**शवचिकित्सा** (स्त्री.) પોસ્ટમોર્ટમ
**शयनागार** (न.) બૅડરૂમ; શયનખંડ
**शिरस्त्राण** (न.) હેલ્મેટ; સ્કૂટરચાલકનો ટોપો
**शौचालय** (पुं.) જાજરૂ
**सभापति** (पुं.) ચેરમેન
**समयपत्रक** (न.) ટાઈમટેબલ
**समाचारपत्र** (न.) પેપર; છાપું, અખબાર, વર્તમાનપત્ર
**समान** (न.) સામાન
[ **समं ( सह** = સાથે **) आनीयते** (અણાવાય-લવાય)= **समान** ]
**समाहर्ता** (पुं.) કલેક્ટર
**सामयिक** (न.) મૅગેઝિન
**सुखासनी** (स्त्री.) આરામ ખુરશી
**संसद्** (स्त्री.) પાર્લામેન્ટ
**स्थानक, स्थासन** (न.) સ્ટેશન; થાણું
**स्नातक** (पुं.) ગ્રેજ્યુએટ
**स्नानागार** (न.) બાથરૂમ; સ્નાનઘર

## દિક્પાલો અંગે વિગતવાર માહિતી

| નં. | દિશા | દિક્પાલ | આયુધો | વાહન | પત્ની | દિગ્ગજો |
|---|---|---|---|---|---|---|
| ૧ | પૂર્વ | ઇન્દ્ર | વજ્ર | ઐરાવત | શચી(ઇન્દ્રાણી) | ઐરાવત |
| ૨. | અગ્નિ | અગ્નિ | શક્તિ | મેષ | સ્વાહા | પુંડરીક |
| ૩. | દક્ષિણ | યમ | દંડ | મહિષ | વારાહી | વામન |
| ૪. | નૈર્ઋત્ય | નિર્ઋતિ | ખડ્ગ | પ્રેત | ખડ્ગિની | કુમુદ |
| ૫. | પશ્ચિમ | વરુણ | પાશ | મકર | વારુણી | અંજનં |
| ૬. | વાયવ્ય | વાયુ | અંકુશ | મૃગ | વાયવી | પુષ્પદંત |
| ૭. | ઉત્તર | સોમ(કુબેર) | ગદા | નર | કૌબેરી | સાર્વભૌમ |
| ૮. | ઈશાન | ઈશાન(રુદ્ર) | ત્રિશૂલ | વૃષભ | ઈશાની | સુપ્રતીક |
| ૯. | ઊર્ધ્વ | બ્રહ્મા | પદ્મ | હંસ | બ્રહ્માણી | — |
| ૧૦. | અધઃ | અનન્ત | ચક્ર | ગરુડ | લક્ષ્મી | — |

# વિશ્વ-દર્શન



૧૪ રાજલોક અને અલોક
લોકની ઉપર અનંત અલોક
અલોકાકાશ
લોકની ફરતો બધી
દિશામાં અનંત અલોક
લોકનો અગ્રભાગ
પહોળાઈ ૧ રાજ
અનંતાનંત સિદ્ધાત્માઓ
સિદ્ધશિલા (મોક્ષસ્થાન) ૪૫ લાખ યોજન લાંબી
પાંચ અનુત્તર વિમાન
જયંત
વૈજયંત
વિજય
અપરાજિત
સર્વાર્થ સિદ્ધ
૧૧૧ વિમાન
૧૦૭ વિમાન
૧૦૦ વિમાન
નવ ગ્રૈવેયક
કુલ ૩૧૮ વિમાન
આરણ
અચ્યુત
આનત
પ્રાણત
સહસ્રાર
મહાશુક્ર
લાંતક
બ્રહ્મલોક
૩ કિલ્બિષિક દેવોના સ્થાન
નવ લોકાન્તિક દેવોના સ્થાન
સનત્કુમાર
માહેન્દ્ર
સૌધર્મ
ઈશાન
ઊર્ધ્વલોક-વૈમાનિક દેવલોક
વૈમાનિક દેવલોક
ઊર્ધ્વલોક
પહોળાઈ ૫ રાજ
અલોકાકાશ
લોકની ફરતો બધી
દિશામાં અનંત અલોક છે
મેરુ પર્વત
સૂર્ય
ચંદ્ર
ચર-અચર જ્યોતિષચક્ર
મધ્યલોક-મનુષ્યલોક
તિર્ચ્છાલોકવર્તી અસંખ્ય દ્વીપ-સમુદ્રો
વાણવ્યંતર-વ્યંતર-ભવનપતિ દેવોનાં સ્થાન
૧૪ રાજલોકનું મધ્યબિંદુ
પહોળાઈ ૧ રાજ
૧-રત્નપ્રભા
પહેલી નરક પૃથ્વી-રત્નપ્રભા
આકાશ
૨-શર્કરાપ્રભા
બીજી નરક પૃથ્વી
ત્રસનાડી ૧ રાજ પહોળી
૧૪ રાજ લાંબી
૩-વાલુકાપ્રભા
ત્રીજી નરક પૃથ્વી
ઘનોદધિ
ઘનવાત
તનુવાત
૪-પંકપ્રભા
ચોથી નરક પૃથ્વી
૫-ધૂમપ્રભા
પાંચમી નરક પૃથ્વી
૬-તમઃપ્રભા
છઠ્ઠી નરક પૃથ્વી
૭-તમસ્તમઃપ્રભા
સાતમી નરક પૃથ્વી
અધોલોક
સાત નરક પૃથ્વી
૧ રાજ = અસંખ્ય યોજન
લોકની નીચે અનંત અલોક છે.
અહીં લોકની પહોળાઈ ૭ રાજ પ્રમાણ છે
૧ રાજ
૨ રાજ
૩ રાજ
૪ રાજ
૫ રાજ
૬ રાજ
૭ રાજ
લોકની ઊંચાઈ ૧૪ રાજ પ્રમાણ છે.
માપદંડ